# વિસામો

## (મનને વિસામો આપતા મનનીય લેખો)

**લેખક**
ચંન્દ્રકાન્ત રાવ

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

**હેડ ઓફિસ**
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**શાખા**

૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકાભવન રોડ, ઈન્દિરા કોમ્પ્લેક્ષ, નડિયાદ

૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજરોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

**Visamo**
Articles giving peace to mind
By Chandrakant Rao
C-13, Kasturi Nagar,
Manjalpur Naka,
Lalbaug Rd., Vadodara - 04

© કલાબેન સી. રાવ

**વિસામો**

ચંન્દ્રકાન્ત રાવ

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૯

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૧૧૫/-**

**સજાવટ**
જાગૃતિ ચૌહાણ

**મુદ્રક**
અન્નુ પબ્લિકેશન

**પ્રકાશક**
એમ.એમ.સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

## અર્પણ

સ્વનાં અંશ સમાં

ચિ. હેમંત .................. સૌ. ચેતના

ચિ. કુમાર .................. સૌ કૌશિકા

ચિ. સંજય .................. સૌ. સારિકા

અને

ચિ. સૌ.કલ્પના .................. ચિ. જય પ્રકાશ

તથા

બાળકો..................

ચિ. અવિરત, મીતાલી, જૂડી, કર્મન...ને

## ધર્મપત્ની અને પરિવાર સાથે લેખક



**ઊભેલા (ઉપર-ડાબેથી) ચિ. સંજય, ચિ. હેમંત, ચિ. કુમાર વચ્ચે - લેખક શ્રી ચંદ્રકાન્ત રાવ અને સૌ. કલાબેન નીચે (બેઠેલાં-ડાબેથી) સૌ. સારિકા, સૌ. ચેતના, સૌ. કૌશિકા**



**પુત્રી ચિ. સૌ. કલ્પના અને જયપ્રકાશ**

## સંસાર

કરોળિયાનું જાળું સંસાર, ધોળા નીચે કાળું સંસાર;
ચાવી-ખોટું તાળું સંસાર, કરવત છે બે ધારું સંસાર!

અમાસનું અંધારું સંસાર, દુ:ખ-દરિયાનું બારું સંસાર;
જલ-સૂક્યું ઝરણું સંસાર, છિદ્રાળુ છે ગળણું સંસાર!

સુખનું એક સપનું સંસાર, રળ્યું સ્વયંનું ના ખપનું સંસાર;
ઉનાળાનું મૃગજળ સંસાર, ફૂગ-વળ્યું છે શ્રીફળ સંસાર!

વિષભર્યો સાગર સંસાર, તળિયે કાણી ગાગર સંસાર;
સંસારે ના શોધો સંસાર, જલમંથન એ સદા અસાર!

જુઓ અને જાણો સંસાર, અનુભવથી નાણો સંસાર;
રામનામ સુખ ધામ સંસાર, અંતે પરાયું ગામ સંસાર!

— ચંદ્રકાન્ત રાવ

## પ્રાસ્તાવિક
## જાણીતા ચિંતક, વિવેચક, કવિ ડો. પ્રવિણ દરજીની કલમ-પ્રસાદી ‘વિસામો’નું સુસ્વાદ ને પથ્ય માખણ

ગુજરાતીભાષી વાચકમિત્રો શ્રી ચંદ્રકાંત રાવના નામથી સુવિદિત છે. તેઓ કવિતા-વાર્તા-નવલ વગેરે તો લખે છે જ પણ પ્રબોધક-સંસ્કારી સાહિત્ય ય લખે છે તેન ખ્યાલ ‘વિસામો’ સંગ્રહ આપે છે. લેખકનું અહીં એમ એક ભિન્ન વ્યક્તિત્વ પ્રગટ થયું છે.

ચંદ્રકાંતભાઇ અભિજાત પુરુષ છે, આગળ વધીને કહું તો અજાતશત્રુ છે. ‘વિસામો’માં નો તેમનો જ શબ્દ વાપરીને કહું તો તેઓ ‘માણસ’ છે. આવો ‘માણસ’ જિંદગીને ઉપર-નીચે, આજુ-બાજુ, આગળ પાછળ બધેથી જોતો હોય. તેના મર્મને, અર્થને પકડવા પણ પ્રયત્ન કરતો હોય. તરણા પાછળ ડુંગર હોય છે તે પણ દર્શાવે અને નાની નાની ઘટનાઓમાં માણસ અસહજ રીતે વર્તે ત્યારે કેવી કેવી સમસ્યાઓ સર્જાય તે પણ બતાવે. કહો કે આ શિક્ષક-લેખકે ધીરજથી જીવનને બધી બાજુએથી જોવા પ્રયત્ન કર્યો છે. એમ કરવા જતાં જે કેટલાંક

સત્યો--- બન્યાં, કેટલાક નેતાના ખૂણા સ્પષ્ટ થયા, તેને તેમણે અહીં શબ્દસ્થ કર્યાં છે. લેખક્નું દર્શન-મનન-વિચાર-વિમર્શન ક્હો કે ગાળેલાં વર્ષોનું અનુભવ સંદોહન અહીં પ્રસ્તુત કર્યું છે. એવા વિશિષ્ટ અનુભવોને તમણે દૃષ્ટાંત ક્થાઓથી, વાંચન-અભ્યાસના તેજકણોથી શણગાર્યાં છે. એમ કરવા જતાં તેમના આવા લેખોમાંથી કેટલાંક તો સરસ વિચારોત્તેજક નિબંધો બન્યા છે. કેટલાક ચિંતનમર્મ પ્રકટ કરે છે. ટુચકાથી તેઓ એમ ઘણે દૂર જઇને, જીવનસચીક્ષક તરીકે આ બધું લખે છે. એ તેમની અને 'વિસામો'ની વિશેષતા છે.

'વડનો છાંયો, પરબનું પાણી'માં પ્રામાણિક્તાનું, 'સુખનું રહસ્ય'માં શેઠને મળતી સુખની ચાવી, 'આઝાદીની રક્ષા કરશું'માં જર્મન ક્ર્મચારીનો દેશપ્રેમ, 'હે ભગવાન, મને દુ:ખ આપો!'માં દુ:ખનો ખરો મર્મ, અથવા લિંક્નના જીવનનો પ્રસંગ કે 'સાચું બોલવાની કુટેવ' જેવા અનેક મનનસ્થાનો 'વિસામો'ની વારંવાર વાંચવી ગમે તેવી વિચારસંપત્તિ છે.

આવા લેખોમાં સૌથી વધુ જરૂરી બાબત તેના ભાષાતત્ત્વની છે. લેખક જો અઘરી, ગૂંચવાડાભરી ભાષા વાપરે તો સહજ રીતે પોતાનો મર્મ અન્ય સુધી પહોંચાડી શકે નહીં. તે માટે શ્વાસોચ્છ્વાસ જેવી સહજ-સરળ ભાષા જ કામ આપે. શ્રી ચંદ્રકાન્તભાઇને આવી સહજ, વાતચીતના મરોડવાળી, દૃષ્ટાંત સભર ભાષા હૈયાવગી છે, હાથ વગી છે. તેથી 'વિસામો' ના લેખોની સુવાચ્યતા વધી છે.

માણસને માનવ થવા પ્રેરે, તેનામાં નવી શક્તિ-સ્ફૂર્તિ જગવે, તેને નવી દિશા માટે અગ્રેસર કરે એવું અહીં 'તારવેલું માખણ' છે, જે સુસ્વાદુ તો હોય, સાથે પથ્ય પણ છે. શ્રી ચંદ્રકાન્તભાઇના 'વિસામો'નું સ્વાગત હો, સ્વાગત હો!

**- પ્રવિણ દરજી**

**લુણાવાડા**
**લાભપાંચમ, ૨૦૬૫**
**૩-૧૧-૨૦૦૮**

## 'વિસામો' વાંચતાં પહેલાં...

પ્રખર તાપથી ત્રાસેલા અને તીવ્ર તરસથી વ્યાકુળ વટેમાર્ગુને રસ્તામાં વડનો છાંયો મળી જાય તો? હાશ થાય ને? અને એ વડ નીચે પાણીની પરબ હોય તો? પાણી પીને કેવી શાતા વળે એને?!

જીવન-યાત્રામાં ય આધિ, વ્યાધિ અને ઉપાધિનાં તાપ અને તરસના ત્રાસ આછાં નથી હાતાં. એ સફરમાં થોડે અંશે પણ વડનો છાંયો અને પરબનું પાણી બની શકે એવું સાત્ત્વિક સાહિત્ય રસજ્ઞોને મળે એ હેતુથી લખાયેલા આ લેખો વાંચવામાં સૌને રસ પડશે અને આનંદેય મળશે, તો સાથે સાથે એ મુસાફરી માટે માર્ગદર્શક થોડું ભાથું પણ વાચકોને પ્રાપ્ત થશે એવી મને શ્રદ્ધા છે. આશા છે કે માણસને મૂઠી ઊંચેરો બનવા પ્રેરે તેવા આ લેખો સૌને ગામશે. મુસાફરને માર્ગમાં વિસામો પણ જોઇએ જ. એથી એને નવી ઉર્જા મળે.

આમાંના મોટા ભાગના લેખો તો સદૃષ્ટાંત છે, જેથી વાંચકોની જિજ્ઞાસાવૃત્તિ જાગે ને અજાણતાં જ એમને જીવન માટે ઉપયોગી કોઇ દીશા-સૂચન મળી જાય એ શક્ય છે. ક્યારેક વાંચેલા કે સાંભળેલા દૃષ્ટાંતો અર્થસભર છે. એમાં મેં સુધારો કે વધારો કરી રસપ્રદ બનાવ્યાં છે.

દહીંના મંથનથી છાશ અને માખણ મળે. વિચાર-મંથન દ્વારા મને જે પ્રાપ્ત થયું એમાંથી છાશ છોડી દઇ તારવેલું માખણ ભાવકો સુધી પહોંચાડવાનો આ લેખો દ્વારા મેં નમ્ર પ્રયાસ કર્યો છે. આ પ્રયાસ નિષ્ફળ નહિ જાય એનો મને દૃઢ વિશ્વાસ છે. બાકી તો સુજ્ઞ વાચકો અને વિદ્વાન વિવેચકો પર છોડીએ. એ કહે તે સાચું.

આદરણીય સન્મિત્ર, કવિ, વિવેચક, ચિંતક ડૉ. પ્રવિણભાઇ દરજીનો પ્રાસ્તાવિક લેખ 'વિસામો' માટે મળી શક્યો એને હું મારું સદ્ભાગ્ય સમજું છું. ખૂબ ઓછા સમયમાં એમણે બધા લેખો વાંચી પોતાનો પ્રતિભાવ લખી આપી મને ઉપકૃત કર્યો છે. એમનો હૃદયપૂર્વક આભાર.

આ પુસ્તકના પ્રકાશનનો યશ એમ.એમ.સાહિત્ય પ્રકાશનવાળા શ્રી યાકુબભાઇને ફાળે જાય છે. એમને હૃદયથી ધન્યવાદ.

**સી/૧૩ કસ્તુરી નગર,**
**માંજલપુર નાકા, લાલબાગ રોડ,**
**વડોદરા - ૩૯૦ ૦૦૪**

**-ચંદ્રકાન્ત રાવ**
**૭-૧-૦૮**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | વડનો છાંયો | ૧ |
| ૨. | સુખનું રહસ્ય | ૩ |
| ૩. | સાધુ અને શાંતિલાલ | ૬ |
| ૪. | ધોધનો બોધ | ૧૦ |
| ૫. | મુજ વીતી, તુજ વીતશે | ૧૬ |
| ૬. | આજ આજ ભાઇ અત્યારે | ૨૩ |
| ૭. | આ દુનિયા રંગભૂમિ છે | ૨૭ |
| ૮. | વીર બનીએ... | ૩૧ |
| ૯. | મન મંદિરનાં જાળાં | ૩૫ |
| ૧૦. | કીર્તિ કેરાં કોટડાં | ૪૦ |
| ૧૧. | દુ:ખમાં ન હિંમત હારવી | ૪૨ |
| ૧૨. | હું પાપ વેચું છું. | ૪૫ |
| ૧૩. | લે, આમાં બોળીને ખા | ૫૦ |
| ૧૪. | ઇશ્વરના આરાધક બનીએ | ૫૩ |
| ૧૫. | तदर्थं कर्म कौन्तेय... | ૫૬ |
| ૧૬. | આઝાદીની રક્ષા કરશું | ૫૯ |
| ૧૭. | મને સાચું બોલવાની કુટેવ છે. | ૬૨ |
| ૧૮. | લપસવં એટલે... | ૬૬ |
| ૧૯. | હે ભગવાન મને દુ:ખ આપો! | ૬૮ |
| ૨૦. | મારી આંખ લાલ થઇ? | ૭૧ |
| ૨૧. | તો સંસાર સારી રીતે ચાલે | ૭૫ |
| ૨૨. | પૈસાદારનાં દુ:ખ | ૭૮ |
| ૨૩. | | ૮૨ |
| ૨૪. | 'ઘરડાં ઘર' એટલે... | ૮૫ |
| ૨૫. | અણદીઠું ઓરું એને પાયજી! | ૯૦ |
| ૨૬. | સુખ દુ:ખ એ તો મનનું કારણ | ૯૨ |
| ૨૭. | શ્રદ્ધાનું સિંચન થતાં... | ૯૫ |
| ૨૮. | મને ફરી ગોખી મારો | ૯૯ |
| ૨૯. | તો તા ક્યું તીર મારી શકાય | ૧૦૧ |
| ૩૦. | તમારાં સાધન ચકાસતા રહો | ૧૦૪ |
| ૩૧. | કર ભલા... હોગા ભલા... | ૧૦૬ |
| ૩૨. | જે પોષતું તે મારતું | ૧૦૯ |
| ૩૩. | લગામ હાથમાં રાખો | ૧૧૨ |
| ૩૪. | મીઠી વાણીનો મહિમા | ૧૧૫ |
| ૩૫. | 'હું કોઇને છેતરું નહિં' | ૧૧૮ |
| ૩૬. | સદા પ્રસન્ન રહો | ૧૨૧ |
| ૩૭. | શું ભગવાનનો જન્મ થઇ ગયો છે? | ૧૨૩ |
| ૩૮. | ... એ લાખોમાં એક! | ૧૨૫ |
| ૩૯. | ઝેરનાં પારખાં...! | ૧૨૮ |
| ૪૦. | જો જો, ફેરો ફોગટ ન જાય. | ૧૩૦ |
| ૪૧. | ... સફળતા આપણી રાહ જુએ છે! | ૧૩૨ |
| ૪૨. | શ્રી કૃષ્ણથી કબીર સુધી... | ૧૩૫ |
| ૪૩. | પહેલું સુખ તે... | ૧૪૨ |
| ૪૪. | અહંકાર | ૧૪૬ |
| ૪૫. | ગૌરવ | ૧૪૯ |
| ૪૬. | લોભ | ૧૫૨ |
| ૪૭. | પ્રેમ | ૧૫૨ |

| | | |
|---|---|---|
| ૪૮. | ભક્તિ | ૧૫૫ |
| ૪૯. | ઉદ્યમ | ૧૫૮ |
| ૫૦. | દાન | ૧૬૧ |
| ૫૧. | શાંતિ | ૧૬૪ |
| ૫૨. | રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો | ૧૬૭ |
| ૫૩. | ગરબો એટલે ગુજરાતની અસ્મિતા | ૧૭૧ |
| ૫૪. | જીવન | ૧૭૪ |
| ૫૫. | સત્યનો મહિમા | ૧૭૯ |
| ૫૬. | જ્યાં ધર્મ, ત્યાં જય | ૧૮૧ |
| ૫૭. | પ્રભુને અર્પણ | ૧૮૩ |
| ૫૮. | હે પ્રભુ, સદ્‌બુદ્ધિ આપ | ૧૮૫ |
| ૫૯. | નવરાત્રિનો ગરબા ઉત્સવ | ૧૮૬ |
| ૬૦. | સુખ દુ:ખના સરવાળા | ૧૮૮ |
| ૬૧. | જરા વિચારીએ | ૧૯૭ |
| ૬૨. | નારીની વાણી | ૧૯૯ |
| ૬૩. | દુ:ખમાં ન હિંમત હારવી | ૨૦૧ |
| ૬૪. | નહિ માફ નીચું નિશાન | ૨૦૩ |
| ૬૫. | મારો વૈભવ | ૨૦૫ |
| ૬૬. | મોહનમાંથી મહાત્મા | ૨૦૭ |

# ૧ : વડનો છાંયો, પરબનું પાણી

ચૈત્ર વૈશાખનો દેહ દઝાડતો આકરો તાપ હતો. એવા પ્રખર તાપમાં ‘‘ખરે બપોરે એક વટેમાર્ગુ ગણી ગણીને ડગલાં ભરતો ચાલતો હતો. માથે એકાદ મણ વજનની પોટલી હતી. પગમાં જૂના ઘસાયેલા દેશી જોડા હતા. ઉડતી ધૂળ ઉઘાડા પગ પર પડીને દઝાડતી હતી તો આકાશમાંથી વરસતી લૂ એના અંગે અંગને જાણે શેકતી હતી. મુસાફર થાક્યો હતો પણ હાર્યો નહોતો, એટલે ધીમે ડગલે પણ એ મથી મથીને આગળ વધતો તો હતો જ.

હાશ...! દૂર એક વડનું વૃક્ષ દેખાયું. નવી આશા જન્મી ને વટેમાર્ગુના પગમાં નવું જોર પણ આવ્યું. ધીરે ધીરે એ વડ પાસે પહોંચ્યો. પોટલી નીચે ઉતારી ‘હા...શ’ કરીને એ બેઠો ને ખભે લટકતા જૂના ટુવાલથી મુખ પરનો પરસેવો લુછી સહેજ સ્વસ્થ થયો. વડ નાચે પરબ હતી. ત્રણ ચાર જૂના નવા માટલાં ગોઠવી એક વૃધ્ધા આદિવાસી બાઇ બેઠી હતી. કોઇ સદ્‌કાર્ય કરવાની જાણે રાહ જોતી બેઠી હોય તેમ એ વૃધ્ધા ઠંડા માટલાંમાંથી પાણીનો લોટો ભરી, હાથમાં ચોક્ખું પવાલું લઇ પેલા વટેમાર્ગુ પાસે ગઇ ને મરકતે મોંઢે પવાલું ભરી એની સામે ધર્યું. વટેમાર્ગુએ અહોભાવથી એ લીધું ને ટાઢું પાણી પીધું. એનો જીવ ઠર્યો. સૂરજનો તાપ આથી જાણે ઠંડો પડી ગયો! પડે જ ને? વડની શીતળ છાયા ને વૃધ્ધાનું સહાનુભૂતિભર્યું ઠંડુ પાણી ! ફાઇવ સ્ટાર હોટેલના એરકન્ડીશન્ડ રૂમથી ય વધારે ટાઢક વળે આવા માનવતાભર્યા કુદરતી માહોલમાં! ગીચ વસ્તીના પ્રદૂષિત વાતાવરણમાં જીવતા આપણા શહેરીજનોના નસીબમાં કદાચ આવો સુખદ અનુભવ ન પણ લખ્યો હોય!

થોડીવાર થાક ખાઇ, જતાં પહેલાં પેલા વટેમાર્ગુએ ગજવામાંથી બે રૂપિયાની નોટ કાઢીને પેલી વૃધ્ધા સામે ધરી. એણે એ લેવાનો આદરપૂર્વક ઈન્કાર કર્યો ને પોતાની ગામઠી બોલીમાં એ મતલબનું કહ્યું કે ‘મને આના પૈસા મળે છે!’ આટલી પ્રામાણિકતા આપણા શહેરની મોટી ઓફિસમાં

બિરાજતા મોટા અમલદારોમાં હોય એવું સ્વપ્ન પણ સેવી શકાય કે? અહીં શહેરમાં તો ચોપાસ શોર ને જ્યાં જાવો ત્યાં ચોર! શોર અને ચોરની વચ્ચે ઢોર બનીને જીવવા જ જાણે આપણે સર્જાયા છીએ! નહીં? ઠીક, પરબવાળી પેલી ગરીબ અભણ વૃધ્ધા આપણા ભણેલા ધનિક શહેરી સુબેદારોથી ઘણી ધનવાન ગણાય! પરબવાળા વડ નીચે વિસામો ખાઇ, નવું જીવન પ્રાપ્ત કરી પેલો વટેમાર્ગુ તો હળવો થઇ રસ્તે પડ્યો ને એક સત કાર્ય કર્યાના સંતોષ સાથે પેલી વૃધ્ધાએ પગ લાંબા કરી હાથને ઓશીકે વડ નીચે જરા વામકુક્ષિ કરી. નાનું પણ સારું કામ સંતોષથી સુવા દે છે.!

પરબ નીચે થયેલા આ પુણ્ય-કાર્યની મહત્તા સમજાય છે? વાત નાની લાગે, પણ બહુ મોટી ને મહત્ત્વની છે. વડલએ તપ્યા વટેમાર્ગુને શાતા આપી ને વૃધ્ધાએ શીતલ જળથી એની પ્યાસ છિપાવી. હાર્યા થાક્યા વટેમાર્ગુંને તો આટલાથીજ નવું જીવન મળી ગયું. પછી એ બમણા ઉત્સાહથી પોતાની મંજીલ તરફ આગળ વધ્યો.

સંસારના ત્રિવિધ તાપે બળ્યા ઝળ્યા કોઇને આપણે આટલી નાની રાહત આપીએ તો ય ઘણું મોટું પુણ્ય કાર્ય કર્યું ગણાય. આંગળી ચિંધનારને ય પુણ્ય મળે છે, તો આંગળી ઝાલનારની તો વાત જ શી? આટલું કરીએ તો ઘણું થાય. આપણે થોડું સત્કાર્ય કરીએ તો યે ઘણું. સુખદ સમાજનું નિર્માણ નાના પણ પ્રમાણિક માણસો જ કરી શકે.

હાર્યા થાકેલા લોકોનો વિસામો બનીએ,
તપ્યાં તરસ્યાં જનો માટે પરબ બનીએ.

## ૨ : સુખનું રહસ્ય

એક અંગ્રેજી કવિતા છે : **Miller of the Dee...**એટલે 'ડી નદીનો ઘંટીવાળો'. ડી નામની નદીને કાંઠે એક અનાજ દળવાની ઘંટી હતી. આખો દિવસ લોકો દળાવવા આવે. ને ઘંટી ફરતી જાય. ઘંટી ફરતી જાય ને અનાજ દળતી જાય.ઘંટીની ધીમી ઘરેરાટી વચ્ચે ઘંટીવાળો પણ આખો દિવસ ગાતો જાય ને ઘંટીમાં દળણાં ઓરતો જાય. ઓરતો જાય ને લોટ ઠાલવતો જાય. લોટ ઠાલવતો જાય ને ડબ્બા ભરતો જાય. ડબ્બા ભરતો જાય ને ગીત ગાતો જાય. આમ આખો દિવસ એ ઘંટીવાળો બસ કામ કરે ને ગાયા કરે. કેવું મસ્ત જીવન! આનંદ સાથે પ્રવૃત્તિ ને પ્રવૃત્તિ કરતાં કરતાં ય આનંદ!

એની ઘંટીની આાસપાસ તો મોટા મોટા બંગલાઓ હતા. શેઠીઆઓના બંગલાઓમાં નોકર ચાકરો હતા, નવી નવી મોટરો હતી. લક્ષ્મીજીની પરમ કૃપા હતી એ શેઠિયાઓ પર. તોય કોઇ શેઠિયાને કદી આ ઘંટીવાળાની જેમ હળવા ફૂલ થઇને ગાતાં કે આનંદ કરતાં કોઇએ નહોતાં સાંભળ્યા કે નહોતાં જોયા. હા, એમના ડ્રોઇંગ રૂમોમાં ટી.વી. બરાડ્યા કરતા! કે ટેપ ચીસ્યા કરતી! એમાં કેવું ગીત કે શાનું સંગીત? એથી ઉલટું, આ બધી સમૃધ્ધિ અને સંપત્તિ વચ્ચે એક તદ્દન સામાન્ય ઘંટીવાળો આખો દિવસ પતંગિયા જેવો હલકો થઇ ફરતો ને ભ્રમર જેમ ગૂંજતો રહેતો; જ્યારે જુઓ ત્યારે હસતા ને સદાય ખુશખુશાલ રહેતા એ ઘંટીવાળાને સૌએ સદા ય મસ્તીમાં રહેતો જોયો હતો!

ધનિકોનાં જીવનમાં અને આ સામાન્ય ઘંટીવાળાના જીવનમાં ઘણો ફેર હતો. આ ભેદ ધીરે ધીરે આજુબાજુ રહેતા લોકોના ધ્યાન પર આવ્યો. પોતાના કરતાં આ ઘંટીવાળો ઘણો સુખી છે એમ એ સમૃધ્ધ લોકોએ અનુભવ્યું! એટલે કદી કોઇની પરવા નહિ કરનારા એક પડોશી શેઠિયાએ એક દિવસ પૂછ્યુંઃ 'હે ઘંટીવાળાભાઇ, મારી આટલી સમૃધ્ધિ છતાં હું તારી

જેમ આનંદથી ગાતાં ગાતાં જીવી શકતો નથી ને તું સદાય ખુશમિજાજ રહે છે...તારા આ સુખનું રહસ્ય શું છે ભાઈ? મારો તો આખો દિવસ ચિંતાઓમાં વીતે છે.'

શેઠનો આ પ્રશ્ન સાંભળી ઘંટીવાળાએ ખૂબ નમ્રતાથી કહ્યુંઃ 'શેઠજી, હું તો સામાન્ય માણસ છું. બહુ ભણ્યો પણ નથી, ત્યારે આપને સુખનું રહસ્ય શું સમજાવું?'

'તો પણ ભાઈ, તારા વિશે કાંઈક તો કહે,' શેઠે આગ્રહ કરતાં કહ્યુંઃ 'કદાચ મને એમાંથી કશુંક જાણવા મળશે.'

ત્યારે ઘંટીવાળાએ કહ્યુંઃ 'શેઠજી, જુઓ, પહેલી વાત તો એ છે કે હું જાતે કમાઉં છું, એટલે કે હું પરાવલંબી નથી, સ્વાશ્રયી છું. બીજું, હું કોઈની અદેખાઈ કરતો નથી. એટલે મારી કોઈ અદેખાઈ કરતું નથી. ત્રીજુ, આ 'ડી' નદીનો હું આભાર માનું છું. કારણકે એના વડે મારી ઘંટી ચાલે છે. એના પાણીનું વહેણ મારી ઘંટીને ગતિ આપે છે. અને છેલ્લું એ કે હું આપી ન શકું એવું કશું જ દેવું મારે માથે નથી...એટલે મને કશી ચિંતા નથી.બસ, આ જ મારા સુખનું રહસ્ય છે.'

'સાચી વાત છે ભાઈ', કહી આભાર માની શેઠ ઘેર ગયા. પછી વિચારે ચઢ્યાઃ

'ઘંટીવાળો સ્વાશ્રયી છે...વાત તો ખરી, મહેનતનો રોટલો મીઠો લાગે ને પરાવલંબન જેવું કોઈ દુઃખ નથી...અમારે તો કારખાનામાં મજૂરોનાં મન સાચવવાના. ઘંટીવાળો કોઈની અદેખાઈ કરતો નથી...વાત તો ખરી, આપણાં ઘણાંખરાં દુઃખનું મૂળ દ્વેષ છે...દ્વેષ બુદ્ધિવાળો કદી શાંતિથી જીવી શકતો નથી...ઘંટી ચલાવતી 'ડી' નદીનો એ આભાર માને છે...કૃતજ્ઞ માણસો જ બીજાના ઉપકારને સમજી શકે છે અને એનું ઋણ ફેડી હળવો બની શકે છે...ઘંટીવાળાને માથે કોઈનું કશું દેવું નથી...ખરું છે, દેવાદાર કદી ચેનથી સૂઈ શકતો નથી...' શેઠની વિચાર ધારા આગળ વધી :

'બાકી, બંગલામાં વસનારા ને મોટરોમાં ઘૂમનારા ઘણા લોકો પોતાને માથે દેવાના ઢગ લઈને ફરતા હોય છે; એટલે ટેન્સન...એટલે બ્લડ પ્રેસર...એટલે ડીપ્રેસન...એટલે ચિંતા...આ બધામાં સાચાં સુખ ચેન ક્યાંથી મળે? વાહ ભાઈ ઘંટીવાળા, ઘણો સુખી છે તું અમારા કરતાં! પરાધીનતાં, કૃતઘ્નતા, દેવું, દ્વેષ એ બધાં દુઃખનાં મૂળ છે.'



આ શેઠને આજે સુખની સાચી ચાવી મળી. સ્વાશ્રયી બનો...કૃતજ્ઞ બની બીજાના ઉપકારને જાણો...કોઈની અદેખાઈ ન કરો, એથી વળતું કાંઈ નથી ને આપણાં સુખ ચેન હણાય છે...દેવું ન કરો. દેવાદાર માણસ સ્વમાનપૂર્વક, શાંતિથી કેવી રીતે જીવી શકે?

પ્રામાણિકતાથી, મહેનતથી કમાયેલું થોડું હશે તોય સાચું સુખ આપશે.દેવાના ડુંગર માથે લઈ મોટરોમાં ઘૂમનારા અને ત્રણ માળની હવેલીમાં સુનારા લોકોને રાત્રે શાંતિથી ઓશીકે હાથ મૂકી ઉંઘવાના આનંદની શી ખબર? કરોડપતિઓ આપઘાત નથી કરતા? એરોપ્લેને ઉડનારા જેલનાં સળિયા પાછળ નથી ધકેલાઈ જતા? સુખ પૈસામાં નથી. પ્રમાણિકતાથી કમાઈને સારા માર્ગે પૈસો વાપરવામાં સુખ છે. બાકી, ધનતો આપણા સુખ કરતાં દુઃખમાં વધારો કરે છે. !

તો પછી શા માટે આ બધી ધમાચકડી? સુખનું સાચું રહસ્ય સમજીએ તો દુઃખ અનિવાર્ય નથી. **Simple living and High thinking** (સાદુ જીવન અને ઊંચા વિચાર) નું સૂત્ર ચિંતકોએ આપ્યું જ છે. ગીતામાં શ્રી કૃષ્ણ તો કહે છેઃ

विदाय कामान्यः सर्वान्यः सर्वानुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शांतिमधि गच्छति ।

અર્થાત્, જે મનુષ્ય સર્વ કામનાઓને ફેંકી દઈને કશી સ્પૃહા વિના, મમતા રહિત અને અહંકાર વિનાનો થઈ વિચરે છે એ જ શાંતિ પામે છે.

આવી શાંતિને પામવા માટે આપણે થોડો પણ પ્રયત્ન કરીએ તો ઘણું પામીએ, ખરું ને?

લોકોના જીવનનું અવલોકન કરતાં જો ભીતરની વાતો જાણતાં હોઈે તો ખરેખર એમ લાગે કે આકાશમાં ઉડનારા કરતાં મોટરમાં ફરનારા ઓછા દુઃખી હશે, મોટરે ઘૂમનારા કરતાં સ્કુટર પર દોડનારા વધારે સુખી હશે...સ્કુટર-ચાલક કરતાં સાયકલ પર ફરનારા વધારે શાંતિ ભોગવતા હશે અને સાયકલ કરતાં પગે ચાલનારા વધુ તંદુરસ્તી અને શાંતિથી જીવતા હશે. હા, મનનું કારણ જરૂર છે. પણ આપણને સુખ શાંતિ શોધી લેતાં જ નથી આવડતું ને!

# ૩ : સાધુ અને શાંતિલાલ

આજે લોકો એમને શાંતિલાલ શેઠના માનભર્યા નામે ઓળખે છે. પણ વીસેક વર્ષ પહેલાં લોકો એને 'શાંતિયો' કહેતાં, પંદરેક વર્ષ પહેલાં 'શાંતિ' કહેતા થયા. દસેક વર્ષ પહેલાં 'શાંતિભાઇ' કહેવા લાગ્યા ને હવે બે પાંદડે થયાં છે ત્યારે બધા એમને 'શાંતિલાલ શેઠ' અથવા 'શેઠ' કહે છે, કારણ કે દુનિયાના લોકોનું તો એવું છે કે—

'પૈસા વગરનો પશલો ને પૈસે પશાલાલ!' ગામમાં સામાન્ય માણસની જેમ રખડતો શાંતિયો હવે દુકાન કરી ઠરી ઠામ થયો હતો ને ધમધોકાર ચાલતા ધંધામાંથી ખાસ્સું કમાયો હતો ને હજી કમાતો હતો. ત્રણ માળની તો શાંતિલાલ શેઠે હવેલી બનાવી હતી ગામમાં. ધીરધારના ધંધાને કારણે તો લોકોને શાંતિલાલની બહુ ગરજ પડતી, એટલે 'શેઠ' જ કહેને? થોડી ખેતીની જમીન પણ હવે શાંતિલાલે ખરીદી હતી, ખરેખર તો જમીન વ્યાજમાં પડાવી લીધી હતી, એટલે દૂકાન, ધીરધાર અને ખેતીની ત્રિવિધ આવક ધરાવતો આ માણસ હવે વીસ વર્ષ પહેલાંનો 'શાંતિયો' મટી 'શાંતિલાલ શેઠ' બની ગયો હતો. માણસ બુદ્ધિપૂર્વક થોડો પ્રયત્ન કરે અને કિસ્મત યારી આપે તો નસીબ પલટાઇ જતાં વાર નથી લાગતી.

પણ શેઠ શાંતિલાલ મહા કંજૂસ— 'ચમડી તૂટે તો તૂટે, પણ દમડી ન તૂટે' એવા કંજૂસ શેઠ એક દિવસ બપોરે દુકાને બેઠા હતા ત્યારે એક સાધુ ભિક્ષુક આવ્યો. શેઠે માથું ખંજવાળ્યું : 'આ બલા ક્યાંથી આવી' એમ વિચાર્યું, પણ દુકાનમાં વાણોતર નહોતા, એટલે એમને બહાનું મળ્યું. પેલા ભિક્ષુકને શેઠે કહ્યું :

'ભાઇ, હમણાં કોઇ માણસ નથી.' ભિક્ષુક બુદ્ધિવાળો હતો. એ કહેઃ 'તો શેઠ, તમે જ માણસ બની જાવને..!'



ભિક્ષુકના સૂચનથી શેઠ તો કાપે તો લોહી ના નીકળે એવા થઇ ગયા. એમના કાનમાં શબ્દો પડઘી રહ્યા : 'શેઠ તમે જ માણસ બની જાવને.' એક નાના વાક્યમાં આ ભિક્ષુકે કેટલી મોટી વાત કહી દીધી ?! હા, માણસ બની જવાની વાત. કેવું સૂચક સૂચન છે!? ખરી વાત છે. આપણે બધા માણસ બની જઇએ તો ?

— ઝગડો કરનારજ જો માણસ બની જાય તો એના મોંઢામાંથી કટુ વચન નહિ નીકળે!

— મારામારી કરનાર માણસ બની જાય તો કોઇને મારવા ઉગામેલ ડાંગ અધ્ધર જ અટકતી જશે!

— વેપારી જો માણસ બની જાય તો મરચાંમાં લાકડાનો વ્હેર નહિ ભેળવે કે ચોખ્ખા ઘીમાં ડાલડાનું મિશ્રણ નહિ કરે!

— રાજકારણી જો માણસ બની જાય તો ખુરશી માટે ખેલાતાં કારસ્તાન બંધ થઇ જાય, ભ્રષ્ટાચાર મટી જાય અને અનાચાર અટકી જાય!

— સરકારી કર્મચારી જો માણસ બની જાય તો લાંચ રુશ્વત બંધ થઇ જાય અને પ્રજાના કામ સહેલાઇથી પતી જાય!

— શિક્ષક જો માણસ બની જાય તો ટ્યુશનની બદી બંધ થાય અને શાળામાં સારું શિક્ષણ અપાય!

— સત્તાંધો જો માણસ બની જાય તો દેશ દેશ વચ્ચેના ખૂનખાર યુગ્ધ્ધોનો અંત આવે અને 'વિશ્વશાંતિ' સ્થપાઇ જાય! (તમે આ યાદી ને ઘણી લાંબી બનાવી શકો) અને 'વિશ્વશાંતિ' સ્થપાય તો પછી શું જોઇએ? આ ધરતી જ સ્વર્ગ બની જાય ને? તો...તો મર્યા વિના સ્વર્ગમાં જીવાય!

પણ આપણાં એવા નસીબ ક્યાંથી કે આપણે બધા માણસ બનીને સ્વર્ગમાં જઇએ?

પેલા ભિક્ષુક સાધુની વાત પર પાછા આવીએ તો તે દિવસે તો શેઠની તકલીફ સમજીને એ જતો રહ્યો, પણ બીજે દિવસે સવારે પાછો આવીને ઊભો રહ્યો. એને જોઇને જ શેઠને માગસર માસની સવારમાં ય પરસેવો થઇ

ગયો! અત્યારે તો શેઠની આસપાસ દુકાનમાં ઘણા વાણોતર હતા. હવે શેઠ શું કહે? કયું બહાનું કાઢે?

પણ શેઠની મુંઝવણ સમજી ગયેલા સાધુએ કહ્યું :

'શેઠ કાંઈ ન આપી શકો તો વાંધો નહિ, પણ એક ચપટી ધૂળ તો મને આપો જ આપો. આજે હું ખાલી હાથે પાછો નહિં જાઉં.'

ગાદી પર બેઠેલા શેઠની આસપાસ ધૂળ જ ક્યાં હતી? પણ શું થાય? સાધુ હઠ લઈને ઊભો હતો!

ગાદી પરથી ઊભા થઈ શેઠ ચોકમાં ઉતર્યા અને નીચા નમી છેવટે એક ચપટી ધૂળ લઈ પેલા સાધુના પાત્રમાં નાખી! સાધુએ એથી ખુશ થઈને ચાલવા માડ્યું. ત્યારે શાંતિલાલ શેઠને ઉલટી અશાંતિ થઈ! ''આ સાધુ ચપટી ધૂળ લેવા મારી પાસે આવ્યો! અને ખરેખર ધૂળ લઈને એ ખુશ થઈ રસ્તે પડ્યો! કેવું રહસ્યમય આશ્ચર્ય!'' શેઠને સાધુનું આગમન ગમ્યું ન હોતું. હવે ધુળ લઈને જતા એ સાધુનું ગમન એમનાથી ન સહેવાયું! એમણે કહ્યું:

'મહારાજ, ઊભા રહો'.

'બોલો શેઠ,' અચકાઈને ઊભા રહેતાં સાધુ બોલ્યા.

'મહારાજ', શેઠે નમ્રતાથી સંકોચ સાથે પૂછ્યું : 'તમે ચપટી ધૂળમાં રાજી થઈ ગયા એનું શું કારણ?'

સાધુએ કહ્યું : 'શેઠ એથી બે લાભ થયા.'

'કયા કયા મહારાજ?' આશ્ચર્યથી શેઠે પૂછ્યું.

સાધુએ વિવેકપૂર્વક કહ્યું :

'શેઠ, એક તો તમે ધૂળ લેવા નીચે નમ્યા. આથી નમ્ર થવાની ભાવના તમારામાં જાગી એ લાભ!'

'અને બીજો લાભ એ કે આજે ભલે તમે મને ચપટી ધૂળ આપી, પણ એથી તમારામાં આપવાની ભાવનાનું બીજ રોપાયું,' સાધુએ પ્રેમથી



સમજાવતાં કહ્યું : 'એનાથી તમે ભવિષ્યમાં કશુંક વધારે કિંમતી ને ઉપયોગી આપતા થશો એ બીજો લાભ.'

આ સાંભળી શાંતિલાલને પોતાની અલ્પતા અને સાધુની મપાનતા સમજાઈ. પાણી પાણી થઈ ગયા એ! શેઠ શાંતિલાલ સાધુના પગમાં પડી ગયા! આંખમાં અશ્રુ સાથે બે હાથ જોડી બોલ્યા :

'મહારાજ મને માફ કરો, આજે આપે મને જીવન જીવવાની સાચી દીક્ષા આપી. આજથી હવે હું માણસ બનવા પ્રયત્ન કરીશ. આપ કોઈ પણ સદ્કાર્ય માટે મારી પાસે આજથી જ ગમે તે લઈ જઈ શકશો...'

સાધુએ પ્રેમથી શેઠને માથે હાથ મૂકી આશિષ આપી ને સંતોષ સાથે વિદાય લીધી.

શેઠ શાંતિલાલે માણસ બનવાની દીક્ષા લીધી. માણસ બનવું સહેલું નથી, છતાં એ અશક્ય પણ નથી.

ચાલો, આપણે પણ 'માણસ' બનવા પ્રયત્નશીલ થઈએ.

# ૪ : ધોધનો બોધ

એક સરસ દ્રષ્ટાંત છેઃ

એક જ્ઞાની સંત પાસે એક યુવાને જઇને કહ્યું : 'આપ ખૂબ ખ્યાતિ પ્રાપ્ત સંત છો...આપનું બહુ મોટું નામ છે...એટલે હું શિષ્યભાવે આપની પાસે જ્ઞાન માટે આવ્યો છું...કૃપા કરી મારો શિષ્ય તરીકે સ્વીકાર કરો...'

સંતે કહ્યુંઃ 'ભલે, આશ્રમમાં રહે.' સંતનો આશ્રમ એક નાના જંગલમાં હતો, નવો નવો શિષ્ય થયેલો યુવાન ત્યાં ગુરુ સાથે રહ્યો. ગુરુ એને ગાયો ચારવા મોકલે... એની પાસે આશ્રમમાં કચરો વળાવે... લાકડાં લેવા જંગલમાં મોકલે... ગાયોને દોહરાવે... આશ્રમની જમીનમાં વાવેલી બાજરીના ખેતરમાં નીંદણ કામ કરાવે... ગાયો માટે ઘાસચારો મંગાવે..! ટૂંકમાં, જરૂરી બધું જ કામ એ શિષ્ય પાસે કરાવે. ગુરુપત્ની રાંધે અને બધાં જમે.

થોડા દિવસ આમ ચાલ્યું.ગુરુએ હજી શિષ્યને કશો બોધ-ઉપદેશ આપ્યો ન હતો, એટલે શિષ્યને મનમાં થયુંઃ 'આ ગુરુજી તો ખરા છે! બસ, રોજ નવાં નવાં કામ મારી પાસે કરાવે છે, પણ કશો ઉપદેશ, કશું જ્ઞાન તો આપતા જ નથી! હું તો અહીં જ્ઞાન મેળવવા આવ્યો છું...કાંઇ કામ કરી રોટલા ખાવા થોડો જ આવ્યો છું!'

શિષ્ય મનમાં આમ વિચારે ખરો, પણ ગુરુને કાંઇ કહી શકે નહીં. થોડી શરમ, થોડી મર્યાદા, થોડો ડર એને લાગે એ સ્વાભાવિક છે. છતાં શિષ્યને મનમાં થોડી આશા તો હતી જ કે ગુરુએ રાખ્યો છે તો જ્ઞાન તો આપશે જ. એ પછી બીજા થોડા દિવસ પણ આમ નિત્યક્રમમાં વહી ગયા, છતાં ગુરુએ કશોય બોધ ન આપ્યો કે ન કશી જ્ઞાનની વાત કરી! હવે શિષ્યની ધીરજ ખુટી, એટલે એણે એક દિવસ હિંમત કરી, થોડા સંકોચ સાથે, બીતાં બીતાં, નમ્રતાપૂર્વક કહ્યુ :





'ગુરુજી, મારે આપને કાંઇક કહેવું છે...'

'બોલ, બેસ, શું કહેવું છે?' ગુરુએ પ્રેમથી પૂછ્યુંઃ 'કાંઇ તકલીફ છે આશ્રમમાં?'

ખરેખર તો ગુરુજી શિષ્યનું દુઃખ જાણતા જ હતા. એક દિવસ આવો આવશે જ એની એમને ખબર હતી!

'ના ગુરુજી', શિષ્યે વિનયથી કહ્યું : 'મને અહીં કશી તકલીફ તો નથી, પણ...'

'તો શું છે બેટા?' ગુરુએ મમતાથી કહ્યું : 'જે કહેવું હોય તે ગભરાયા વિના કહે.'

શિષ્યની હિંમત વધી. છતાં એને ખબર હતી કે સંત સાધુ સહજમાં ગુસ્સે થઇ જતા હોય છે; અને ગુસ્સે થાય ત્યારે એ ગમે તેવો શ્રાપ આપતાં પણ ખચકાતા નથી. એટલે એણે ફરીથી વિનયપૂર્વક કહ્યુંઃ

'પણ હું કાંઇ કહું તો આપને...'

'બેસ,' વચ્ચે જ ગુરુ બોલ્યાંઃ 'મને કશું માઠુ પણ નહીં લાગે કે હું જરાય ગુસ્સે પણ નહીં થાઉં. તું નિર્ભયતાથી જે કહેવું હોય તે કહે.'

ત્યારે બધી જ હિંમત ભેગી કરી શિષ્યે સંકોચાતાં સંકોચાતાં કહ્યુંઃ

'અવિનય લાગે તો માફ કરજો ગુરુજી, પણ...પણ...હું અહીં આપની પાસે જ્ઞાન લેવા માટે આવ્યો છું...આપે મને હજી સુધી તો કશું જ્ઞાન આપ્યું નથી.'

'અરે વત્સ', ગુરુ ખડખડાટ હસતાં બોલ્યાઃ 'ખરેખર મેં તને કશું જ જ્ઞાન નથી આપ્યું?'

'ગુ...રુ...દે...વ' આશ્ચર્યસ્તબ્ધ થઇ શિષ્ય ગુરુ સામે જોઇ જ રહ્યો. એને મનમાં થયું હશે કે ગુરુ કેવો પ્રશ્ન પૂછે છે?

'હાં બેટા', ગુરુજી બોલ્યાંઃ 'મેં તો ધાર્યું હતું કે અત્યાર સુધીમાં તને ઘણું જ્ઞાન મળી ગયું હશે...ઠીક છે, કાંઇ વાંધો નહિં. હજી કાંઇ નાસી ગયું નથી...'

પછી ગુરુજીએ શિષ્યને તાંબાનો એક મોટો લોટો આપતાં કહ્યું:'જો, સામે પાણીનો પેલો ધોધ પડે છે ને એમાંથી આ લોટો ભરીને પાણી લઇ આવ.'

'જી ગુરુજી' કહેતો શિષ્ય તો ઉત્સાહથી લોટો લઇ ચાલવા માંડ્યો. એને થયું કે ગુરુજી હવે જ્ઞાન આપશે જ! પણ એને ઊભો રાખી ગુરુજીએ કહ્યુંઃ

'પણ જો, ધોધ પડે છે એનું પાણી ઝીલીને જ લોટો ભરી લાવવાનો છે, નીચે વહેતું પાણી નહિ લાવવાનું, નહિ તો બધી મહેનત વ્યર્થ જશે.'

'જી ગુરુજી', શિષ્યે ઉત્સાહથી કહ્યુંઃ 'ધોધનું પડતું પાણી જ ઝીલીને લોટો ભરી લાવીશ.'

અને શિષ્ય લોટો લઇને ધોધના પાણીથી એ ભરવા ગયો. ગુરુજી મર્મપૂર્વક હસતા હસતા એને જોઇ રહ્યા. સંતોની નાની લાગતી વાતોમાં ય મોટાં રહસ્યો છૂપાયેલાં હોય છે!

ઠીક, જોઇએ પેલાં શિષ્યની શી ગતિ થઇ...શિષ્ય તો ધોધ નીચે લોટો ધરે ને જૂએ, પણ લોટો ભરાય જ નહિ! જુસ્સાથી પડતાં પાણીને કારણે બધું પાણી લોટાની બહાર નીકળી જાય! ભાગ્યે જ થોડું પાણી લોટામાં રહે! લગભગ અડધો પોણો કલાક એ મથ્યો, પણ ધોધનાં પાણીથી લોટો ભરાયો નહિ, ત્યારે નિરાશ થઇ એ ધીમે પગલે ગુરુ પાસે આવ્યો.

'બેટા, ભરી લાવ્યો લોટો?' ગુરુજીએ સહાનભૂતિપુર્વક પૂછ્યુંઃ

'ના, ગુરુજી લોટો તો ન ભરાયો!' શિષ્યે નિષ્ફળ ખેલાડીની હતાશાથી કહ્યું.



'કેમ બેટા?' ગુરુજી એ પૂછ્યું : 'ધોધનું પાણી તો પડે છે ને?'

'હા, ગુરુજી, એ માત્ર પડતું જ નથી, પણ જુસ્સાભેર ત્રાટકે છે, એટલે લોટામાંનું બધું પાણી ભરાતા પહેલાં જ બહાર પડી જાયછે!'

ગુરુજીએ સમભાવથી કહ્યુંઃ 'ઠીક બેટા, વાંધો નહિ, હવે તારા આવાસમાં જઇ, નિત્યકર્મ પરવારી શાંતિથી સૂઇ જજે. પણ આજના આ પ્રસંગ પર થોડો વિચાર જરૂર કરજે. આપણે કાલે સવારે ફરી મળીશું.'

આમ કહી શિષ્યને વિદાય કર્યો. રાત્રે પથારીમાં સૂતાં સૂતાં શિષ્યે આજના લોટો ભરવાના ગુરુજીએ ચિંધેલા કામ પર ઘણો વિચાર કર્યો ત્યારે એને એવું કાંઇક સમજાયું કે—'ગુરુજી જ્ઞાનના મોટા ધોધ જેવા છે...એમની પાસેથી જ્ઞાન ગ્રહણ કરવાની કોઇ ખાસ રીત હશે...જથી આ ધોધમાંથી લોટો ભરવાની કોઇ રીત હશે તેમ...'

સવારે પ્રાતઃ વિધિ પતાવી શિષ્ય ગુરુજીનાં દર્શન કરવા ગયો ત્યારે પ્રેમથી એમણે કહ્યુંઃ 'બેસ બેટા.'

શિષ્યે આસન લઇ ગુરુજી કાંઇ પૂછે એ પહેલાં જ કહ્યુંઃ 'ગુરુદેવ, કાલની વાતમાં મને વિશેષ તો કાંઇ સમજાયું નહિ, પણ એક વાતની ખાતરી તો મને થઇ જ કે આપ મહાજ્ઞાની છો અને આપને સમજવાની મારી તાકાત નથી...!'

શિષ્યની વાત સાંભળી ગુરુજી મંદ મંદ હસ્યા. થોડી વાર પછી એ બોલ્યા : 'જો બેટા, અનુભવ જ મોટો ગુરુ છે, તને જેમ જેમ દુન્યવી વ્યવહારનો અનુભવ થતો જશે તેમ તેમ તું વધારે જાણતો અને સમજતો થઇશ. જે જોઇએ ને અનુભવીએ તે પર વિચાર કરવો, એમાંથી ઘણું જાણવાનું મળશે. હવે મેં તને અહીં રાખ્યો એની વાત કરું. જો તને કામ કરવા અહીં નહોતો રાખ્યો, પણ તારે જ્ઞાન પ્રાપ્ત કરવું હતું ને?'

'જી ગુરુજી,' શિષ્યે વિનયથી કહ્યું.

'તો પુસ્તકો કરતાં આપણા અનુભવોમાં વિશેષ જ્ઞાન ભર્યું છે.'

'એ કાંઇ સમજાયું નહિ ગુરુજી.' શિષ્યે સાશંક ભાવે કહ્યું.

'સાંભળ', ગુરુજીએ આત્મીયભાવે કહ્યું: 'મેં તારી પાસે આશ્રમ માટે લાકડાં મંગાવ્યાં.......એ લાવનારા અહીં બીજા ઘણા છે, પણ મારે તને શ્રમનું મહત્ત્વ સમજાવવું હતું માટે તને લાકડાં લેવા મોકલેલો. આપણી જરૂરિયાતના કોઇપણ કામને નાનું ગણવું નહિં કે એવું કામ કરતાં શરમાવું પણ નહિ.'

શિષ્યે હકારમાં માથું હલાવતાં ગુરુની વાત સ્વીકારી, ત્યારે એ આગળ બોલ્યાઃ

'મેં તને ગાયો ચારવા માટે મોકલ્યો હતો તે એટલા માટે કે તને એ સમજાય કે જે આપણને દૂધ આપે છે એનું પેટ ભરવાની આપણી પણ ફરજ છે...આપવા અને લેવાની પારસ્પરિક પ્રથાથી જ દુનિયાનો વ્યવહાર ચાલે છે...માત્ર લેવું અને આપવું કાંઇ નહી એ તો સ્વાર્થી વૃત્તિ છે.'

'બરાબર ગુરુજી', શિષ્યે આદરપૂર્વક કહ્યું.

'બાજરીના ખેતરમાંથી મેં તારી પાસે ઘાસ નિંદાવ્યું હતું ને?' ગુરુજીએ હેતપૂર્વક પૂછ્યું.

'જી હાં', શિષ્યે ઉત્તર આપ્યો.

'તે એ સમજાવવા કે આપણા મનરૂપી ખેતરમાંથી નકામા ઘાસની જેમ નકામા વિચારો ને દૂર કરવા જોઇએ, તો જ સારા વિચારો પુષ્ટ થઇને જીવનને સમૃદ્ધ કરશે જેમ બાજરીથી કોઠીઓ ભરાશે તેમ!'

'વાત સાવ સાચી ગુરુજી', શિષ્યે અહોભાવથી કહ્યું.

'ગાય દોહરાવી તે તને એ સમજાવવા કે ગાયને લીલું ઘાસ ચરાવ્યું તો એણે મીઠું દૂધ આપ્યું...અર્થાત્ સારાં કાર્યો સારું ફળ આપે જ છે એ જાણવું.' ગુરુજીએ સ્પષ્ટતાં કરતાં કહ્યું.

'ખરું કહો છો ગુરુદેવ,'શિષ્યે આશ્ચર્યથી આંખો પહોળી કરતાં સ્વીકાર્યું.

'અને છેલ્લે લોટાની ને ધોધની વાત...' ગુરુજીએ રહસ્યોદ્‌ઘાટન કરવાની શરૂઆત કરી.



'હાં ગુરુજી, એ કહોને', આતુરતાથી શિષ્યે કહ્યું: 'કાંઇ સમજ ન પડી એમાં!'

'બેટા, ધોધ નીચે તો ભરેલો લોટો લઇને ઊભો હોત તોય એ ખાલી થઇ જાત! હા, વહેતી નદી એ ધોધનું જ સર્જન છે,એમાંથી જોઇએ તેટલું જળ ભરી લો, છૂટ છે.'

'પણ...' ગુંચવાતા શિષ્યે માથું ખંજવાળ્યું. તેની ગુંચવણ દૂર કરવા ગુરુજી બોલ્યાં:

'મહાપુરુષો કશું આપતા પહેલાં આપણને ખાલી કરી નાખે છે, આપણો બધો ગર્વ, બધો અહમ્ દૂર કરે છે, પછી જ એની કૃપા રૂપી સરિતા આપણે માટે વહાવે છે, માટે સંતની સેવા કરીએ તો ધીરજ રાખી એને સહી લેવો જોઇએ, કારણ સાચો સંત કદી કોઇનું અહિત કરે જ નહિ.'

શિષ્ય ગુરુના પગમાં પડી ગયો. આંખમાં અશ્રુ સાથે તે બોલ્યો:

'ગુરુદેવ, આજે આપે મારી ઘણી ભ્રમણાઓ દૂર કરી નાખી. લાગે છે હવે મારી ગાડી પાટે ચઢશે.'

'જરૂર બેટા', ગુરુજીએ આશિષ આપતાં કહ્યું: 'તારામાં જિજ્ઞાસાવૃત્તિ છે, એટલે તું જરૂર કાંઇક બનીશ. મારા આશીર્વાદ છે તને બેટા'

ગુરુ શિષ્યની આ વાત અહીં પુરી કરીએ. પણ આજના 'ગોરસ'નું નવનીત એ છે કે–

સમજપૂર્વકનો શ્રમ ફળદાયી બને છે...શ્રમ, સ્વાશ્રય અનેસેવાભાવ સાથે વિવેક અને નમ્રતા ભળે તો જીવનનો ખાલીપો જરૂર દૂર થાય, બાકી તો ધોધ નીચેના લોટા જેવો ઘાટ થાય-ધોધમાર જળ પડે, તોય પાત્ર ખાલીનું ખાલી!

## ૫ : મુજ વીતી, તુજ વીતશે

એક વાર્તા વાંચી હતી, થોડાં રૂપાંતર સાથે એ હમણાં જોઇ પણ ખરી. એને થોડી શણગારીને હું આજે જરા જુદી રીતે કહું છું:

એક વિધવા માતા. યુવાન વયે વૈધવ્ય આવતાં પેટે પાટા બાંધીને એકના એક દીકરાને ઉછેર્યો. માતા ગરીબ તો હતી જ, પણ ગરીબીનો અહેસાસ એણે દીકરાને થવા ન દીધો બીચારાને ઓછું આવે એથી. એને ભણાવ્યો, ગણાવ્યો ને પરણાવ્યો ય ખરો. એક નાનું સગવડ ભર્યું ઘર પણ વિધવાએ શહેરમાં બનાવડાવી લીધું. દીકરાને કશી જ તકલીફ ન પડે, કશાની ખોટ ન લાગે એવી બનતી બધી કાળજી ગરીબ માતાએ રાખી. સાચું છે હોંઃ જનનીની જોડ સખી નહી જ જડે! દીકરાને શહેરમાં નોકરી પણ મળી ગઇ.

દીકરો પરણ્યો ને એકાદ વર્ષમાં તો એને ઘેર પારણું બંધાયું. સૌ સારા વાનાં થયાં. વૃદ્ધ દાદીમાએ  સંતોષનો શ્વાસ લીધો. ઘસાયેલી જાતને એમણે હવે પૌત્રના ઉછેર, કાળજી અને ચિંતામાં ખર્ચવા માંડી. મૂડીનું વ્યાજ હવે વિશેષ વહાલું કર્યું. એમ કરતાં કરતાં પૌત્ર પણ છ-સાત વર્ષનો થયો. સુંદર, શાણા સમજૂ પૌત્ર શ્યામને જોઇ દાદીમાનું કાળજું ઠરતું. પૌત્રનું નામ શ્યામ રાખ્યું એમાંય દાદીમાનો પ્રભુ પ્રેમ કારણભૂત હતો. એ બહાને વારે ઘડીએ ભગવાનનું નામ તો લેવાય. શ્યામ એટલે કૃપણ કનૈયો!

પણ દીકરાની વહુ જ્યારથી આવી ત્યારથી સાસુને સમા હાથ નહોતી કરતી. સાસુ તો બિચારી એટલી બધી સારી  હતી કે વહુના વર્તન વિષે અનેકવાર ફરિયાદ કરવા જેવું હતું, પણ દીકરાને દુઃખ થાય એટલે માતાએ





બધું સહન કર્યું, પણ વહુનું ગેરવર્તન ક્યારેય પુત્રને કળાવા દીધુ નહિ. પોતાના નાના દીકરાને દાદીમા લાડ પ્રેમથી ઉછેરતાં અને એની કાળજી રાખતાં એથી તો માતા તરીકે એની અડધી જવાબદારી ને ચિંતા ઓછાં થઇ ગયાં હતાં. સાજા માંદા થવું એ બાળક માટે સહજ છે. ત્યારે માતા-પિતાને કેટલી ચિંતા થાય છે અને દવાખાનાના ધક્કા ખાવા પડે છે! પણ દાદીમાએ જાણે પૌત્રને ઉછેરવાનો બધો ભાર ઉપાડી લીધો હતો, એટલે છોકરો સહજ રીતે છ સાત વર્ષનો થઇ ગયો. છોકરાની માને તો ખબરેય ન પડી કે નાના છોકરાં કેમ મોટાં કરાય છે. સાસુએ કેવું મોટું કામ પોતાના વતી કર્યું હતું એનો વહુને જરાય ખ્યાલ ન હતો. જે વસ્તુ વગર મહેનતે મળે કે સહજમાં મળી જાય એની કિંમત નથી થતી. દાદીમાનું વ્હાલ એવું હતું કે નાના છોકરાનેય એમના વિના ઘડી ન ચાલતું. ક્યારેક દાદીમાને ઉદાસ જુવે તો નાનો છોકરો કેટલાય પ્રશ્નો પૂછી દાદીની તકલીફ જાણવા પ્રયત્ન કરતો. દાદી ખુશ તો દીકરો ખુશ. મનની વ્યથા મનમાં રાખી દાદીમા દીકરાને વ્હાલથી નવરાવી દેતાં ને એમ પોતાની ઉદાસીનતા દૂર કરતાં. માતા એટલે જ વ્હાલનો દરિયો !

વહુ ઘણીવાર સાસુ સાથે અપમાનજનક વ્યવહાર કરતી. નાનો દીકરો શ્યામ આવું કાંઇક જોતો ત્યારે એને ઘણું દુઃખ થતું. પોતાની માતાને એ ઘણીવાર કહેતોય ખરો : 'મમ્મી તું બા સાથે કેમ આવી રીતે વાત કરે છે? એમને ખરાબ ન લાગે?' ત્યારે મમ્મી એને ધમકાવીને બહાર કાઢી મૂકતી. પોતાની ભૂલ બતાવનાર કોને ગમે?

છેલ્લા એકાદ વર્ષથી તો વહુ સાસુ માટે અનેક ખોટી ખોટી ફરિયાદો પતિ આગળ પણ કરવા લાગી હતી. એને હવે સાસુનો સહવાસ અસહ્ય લાગતો હતો. એ પતિને એવું ઠસાવવા પ્રયત્ન કરતી હતી કે ''માજીને 'ઘરડાં ઘર' માં મૂકી આવીએ તો એમનેય બીજા ઘરડાંની કંપની મળશે ને ઘર કરતાં વધારે નિશ્ચિંત રીતે ત્યાં રહી પ્રભુ ભજન કરી શકશે... આપણે થોડા થોડા દિવસે એમની ખબર કાઢતાં રહીશું...''

પહેલાં તો પુત્રને આ વાત અસહ્ય લાગી; ''માં ઘરડા ઘરમાં રહેશે?'' પણ સાસુ વહુ વચ્ચેનો ખટરાગ ધ્યાનમાં આવતાં ધીરે ધીરે દીકરાનેય લાગ્યું કે 'મા બિચારી અહીં કરતાં 'ઘરડાં ઘર'માં વધારે શાંતિથી રહી શકશે.' પણ માને આવી વાત કહેતાં એની જીભ કેમ ઉપડે? ''જે માતાએ પેટે પાટા બાંધી, પ્રેમનો ધોધ વહાવી પોતાને ઉછેર્યો, ભણાવ્યો-ગણાવ્યો ને પરણાવ્યો, અને એમ કરતાં કરતાં પોતાની જાત ઘસી નાખી,એને હવે એના જીવનની સંધ્યાએ 'ઘરડાં ઘર' માં મૂકી આવવાની!'' એનું હૃદય વલોવાઇ જતું હતું, માતાને કેમ અળગી કરાય? પણ ''આ બૈરી એને શાંતિથી રહેવાય દેતી નથી...!' એ આખી રાત દીકરાએ રડીને આંસુથી ઓશિકું ભિંજવી દીધું!

ધીરે ધીરે વાત માને કાને પહોંચી. વહુ પોતાને 'ઘરડાં ઘર' માં મુકવા ચાહે છે એ એણે જાણ્યું. દીકરો એનો વિરોધ કરે છે અને એ કારણે પતિ-પત્ની વચ્ચે ટપાટપી થાય છે એય માતાએ જાણ્યું. બહુ દુઃખ થયું વૃદ્ધ માતાને. વૈધવ્ય જાણે આજે જ આવ્યું હોય એવું દુઃખ એમણે આજે અનુભવ્યું. પણ ધીરે ધીરે એ સ્વસ્થ થયાં... દીકરાના સુખ માટે જીવનભર ઝઝૂમ્યાં, તો હવે એના સુખના માર્ગમાં શા માટે ઊભા રહેવું? મરતાં મરતાંય દીકરાના સુખ શાંતિમાં વધારો કરવાનો માતાએ ભારે હૈયે નિર્ણય કર્યો. એમણે મનોમન નક્કી કરી નાખ્યું. બીજા દિવસે દીકરાને બોલાવી માતાએ જાતે જ કહ્યું: 'બેટા, હવે,આ સંસારથી કંટાળો આવ્યો છે... ઘણું સહ્યું સંસારમાં... હવે શાંતિથી થોડું પ્રભુ સ્મરણ કરવું છે. તું સુખી છે...શ્યામ પણ હવે મોટો થઇ ગયો છે...' બોલતાં માનુ હૃદય ભરાઇ આવ્યું.

'બા, તું શું કહેવા માંગે છે?' દીકરાએ વ્યથાથી પૂછ્યું.

'એટલે બેટા, મારી ઇચ્છા છે કે 'ઘરડાં ઘર' માં જઇને રહું તો મારા જેવાં 'ભજ ગોવિંદમ્' કરનારાઓની જોડે આનંદમાં મારા દા'ડા જશે.' માતાએ આંખના ખૂણા સાફ કરતાં કહ્યું.



'બા...' આંખમાં ઝળઝળિયાં સાથે દીકરો બીજું બોલી ન શક્યો. માતા કેમ આમ કહે છે તે એ સમજતો હતો.

'બેટા, તું જરાય દુઃખી થયા વિના મારી ઇચ્છા પુરી કર.' માએ ઇરાદાપૂર્વક આગ્રહ કર્યો. જો કે એમ કરતાં એનું હૈયું પણ દળાઇ જતું હતું. છતાં દીકરાના સુખ માટે...!

છેવટે માતાને 'ઘરડાં ઘર' માં જવાનું નક્કી થયું. નાનો શ્યામ તો આ જાણી જાણે અવાક્ બની ગયો, 'બા આપણાથી જુદાં જાય...? બા વિના રહેવાનું?!'

બધાં દુઃખી હતાં. મનથી ખુશખુશાલ હતી તો એક માત્ર વહુ. 'સાસુમા જશે એટલે હા...શ થશે.' સૌને પોતપોતાની ગણતરી હોય છે! દીકરાનું અંતર વલોવાતું હતું, પૌત્રનું હૈયું હીઝરાતું હતું ને દાદીમાએ તો હૃદય પર પથ્થર મૂક્યો હતો. બાકી, જિંદગીની મૂડી છોડી ઘરની બહાર ડગ પણ દઇ શકે કે એ? પણ ક્યારેક ઝેરને ય અમૃત માનીને પી જવું પડે છે! અને માવતર વિના બીજું કોણ આમ કરી શકે?

બે દિવસથી માતાએ કોળિયો મોંમાં મૂક્યો નથી-ગળે ઉતરે જ શાનો? તોય એણે દીકરાને જણાવા દીધું નથી!...દીકરોય ભાણે બેસે ને ઊભો થઇ જાય...! ''કાલે આ ઘરમાં 'બા' નહિ હોય?! '' આ વિચારથી જ એની આંખો છલકાઇ જતી! અને શ્યામ તો ખોવાયો ખોવાયો પાગલ શો ફરે છે...! 'બા વિના શું કરીશું?' એવો વિચાર જ એને ઘેલો કરી મૂકે છે! પણ મનમાં હરખાતી વહુ આ બધું જોવા છતાં વિચારે છે: 'એ તો બે ચાર દા'ડા લાગે, ધીરે ધીરે બધું ઠીક થઇ જશે...' નફ્ફટો નઠારાં કામથી જ ખુશ થાય છે!

રોજ સવારે આરતી કરીને આજુબાજુના બધાં છોકરાંને નિત નવો પ્રસાદ વહેંચતાં આ રાધાબા ફળિયામાં ખૂબ લોકપ્રિય હતાં, એટલે એમના જવાની વાત જાણી ત્યારથી ફળિયાના છોકરાંય જાણે અનાથતા અનુભવતાં

હતાં! આજે એમના જવાના સમયે તો એ સૌ ભારે હૈયે ચોકમાં ભેગાં થયાં હતાં. - બિચારાં લાચાર બાળકો - ભગવાનનાં એ સાચાં પ્રતિનિધિઓય ઓશિયાળાં બની આંગણામાં ઊભાં હતાં!

માજીએ એક વર્ષો જૂની બેગમાં પોતાનાં થોડાં કપડાં મૂક્યાં.દીકરો બા માટે કાલે બે નવી ચાદરો લાવ્યો હતો. ભારે હૈયે એણે પત્નીને કહ્યુંઃ

'બાને નવી ચાદરો મૂકી આપ.' વહુ ઘરમાંથી જૂની સાંધેલી બે ચાદરો લાવી-નાનો શ્યામ નવી ચાદરો લાવતો હતો તે એણે વચ્ચે જ ઝૂંટવી ધીરેથી એ બદલી લીધી હતી. એને બદલે જૂની ચાદરો લાવી માજીની પેટીમાં પધરાવી! પછી જાણે સાસુની બહુ કાળજી લેતી હોય તેમ અંદરથી કડી તૂટેલાં બે જોડ કાચના જૂના કપ-રકાબી લાવી સાસુની પેટી પાસે મૂક્યાંઃ 'ચા માટે જોઇશે ને?' ધીરેથી એ બોલી.

નાના શ્યામથી હવે ન રહેવાયું. એના દુઃખમાં હવે ગુસ્સો ભળ્યો. પોતાની મમ્મીનું 'બા' પ્રત્યેનું વર્તન એને માટે અસહ્ય થઇ પડ્યું. એ એકદમ ઊઠ્યો ને બે જૂની ચાદરોમાંથી એક જૂની સાંધેલી ચાદર તથા તૂટેલાં કપ-રકાબીની બે જોડમાંથી એક જોડ કપ-રકાબી એણે લઇ લીધાં ને ઘરમાં મૂકવા ચાલ્યો. 'શ્યામ, શું કરે છે બેટા? બાને જોઇશે એ!'' મમ્મી બોલીઃ 'લઇ જવા દે એમને!'

'ના મમ્મી,' ગુસ્સાપૂર્વક શ્યામ બોલ્યોઃ'આ એક જૂની ચાદર અને એક જૂનાં કપ-રકાબી મારે રાખી મૂકવાં છે.'

'પણ કેમ બેટા?' મમ્મીએ સહજ આતુરતાથી પૂછ્યું.

'મારા માટે...મારા જ માટે.' શ્યામે ગુસ્સાથી કહ્યું.

'કેમ બેટા? તારે શું કરવા છે?' મમ્મીએ પૂછ્યું.

'તું ઘરડી થઇશ અને તને હું 'ઘરડાં ઘર' માં મૂકવા જઇશ ત્યારે મારે



તને આપવા આવી જૂની વસ્તુઓ જોઇશે ને?!' શ્યામે બધી હિંમત ભેગી કરી જાણે એટમ બોંબ ફોડ્યો!

શ્યામની વાતથી થોડીવાર તો સન્નાટો છવાઇ ગયો! વહુ, સાસુ,દીકરો-બધાં જ શ્યામની વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયાં! નાના શ્યામની આટલી બધી મોટી વાતનો મર્મ સૌ પોતપોતાની રીતે સમજવા મથી રહ્યાં. દાદીમા તો ઉઠીને શ્યામને ભેટી પડ્યાં. એના મસ્તક પર એ અશ્રુનો અભિષેક કરી રહ્યાંઃ 'દીકરા મારા...!'

પુત્રના માર્મિક ટોણાથી પિતાને તો એક રીતે સંતોષ થયો. 'દાકરાએ એની માની છાતીમાં વાગે એવી સચોટ વાત કહી!'અને આખી કરુણિકાની નાયિકી જેવી વહુ તો પોતાના દીકરાની વાત સાંભળી કાપે તો લોહી ના નીકળે એવી થઇ ગઇ! ઘડીવારમાં તો એની આંખ આગળ એક ધુંધળું ચિત્ર આવી ગયુંઃ જાણે એ પોતે વૃદ્ધ થઇ છે ને શ્યામ અને એની વહુ પોતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવવા પેટી તૈયાર કરી આપે છે...એમાં પેલી જૂની ચાદર...પેલાં જૂના કપ-રકાબી ય હતાં...! એની આંખે અંધારા આવી ગયાંઃ 'ના...ના' કરતી એ નીચે પડી. સાસુએ દોડી એને સંભાળી લીધી. 'શું થયું બેટા? શું થયું તને?' કરતાં સાસુએ વહુનું માથું પોતાના ખોળામાં લઇ લીધું. દીકરા પાસે પાણી મંગાવ્યું...વહુની આંખો પર સહેજ છાંટી એનું મોં લૂંછતાં સાસુ બોલ્યાંઃ 'લે બેટા, પાણી પી...'

ત્યારે વહુએ આંખ ઉઘાડી...ને...ને ચોધાર આંસુએ રડતી વહુ સાસુને ગળે વળગી પડતાં બોલીઃ 'બા, મને માફ કરો...ના બા ના...તમે આ ઘર છોડી ક્યાંય નહી જાવ...આ ઘર તો તમારું જ છે બા...અમે તો તમારી વડે છીએ બા...આપણે બધાં સાથે જ અહીં રહીશું...'

ત્યારે સાસુની આંખો વહુના શિરે પ્રેમ ધારા વહાવી રહી હતી...! બાજુમાં હર્ષાશ્રુ લૂંછતા શ્યામ અને એના પિતા માતાના ખોળા પાસે બેસી

સંતોષનો શ્વાસ લેતા હતા...હાશ...અંતે જનનીના પ્રેમની જીત થઈ...! એક કુટુંબ પિંખાઈ જતું બચી ગયું! બાળકો ક્યારેક ચમત્કાર કરતાં હોય છે. મોટાઓનાં પાનાં ભરેલા ઉપદેશ અસર ન કરે તેથી વધુ સચોટ અસર નાના બાળકોનાં વ્યવહાર કે વચન કરી જાય છે. શ્યામે ભાખેલું ભવિષ્ય બધાં જુવાન વહુ દીકરાઓએ સમજી લેવા જેવું છે. પાનખર એ તો દરેક વસંતનું ભવિષ્ય છે. વસંતે ખીલેલાં ફૂલોએ જાણવું જોઇએ કે આજની શોભા કાલે કરમાઇ જશે ને સુગંધ ઉડી જશે. ત્યારે ના કોયલ ટહુકશે, ના પતંગિયાં આવશે. માટે જ કવિએ કહ્યું છે:

પીપર પાન ખરંતાં, હસતી કુપળિયાં,
મુજ વીતી, તુંજ વીતશે, ધીમી બાપુડીયાં.

## ૬ : આજ આજ ભાઈ અત્યારે!

મહારાજા યુધિષ્ઠિર રાજકાજના ખુબ અગત્યના કામમાં તલ્લીન હતા. ઊંચું જોવાની ય એમને ફુરસદ નહોતી. એવામાં એક બ્રાહ્મણ એમની પાસે ભિક્ષા માગવા જઇ પહોંચ્યો. એ દિવસોમાં કોઇપણ નાગરિક રાજા પાસે પોતાની વાત લઇને સીધો જ પહોંચી શકતો. આજની જેમ એક સામાન્ય ઓફિસરને મળવા માટે પણ જે સમય અને શક્તિનો વ્યય કરવો પડે છે તેવો કશો અટપટો વ્યવહાર ત્યારે નહોતો. આજે એક સામાન્ય અમલદારમાં જે મિથ્યાભિમાન, ઘમંડ અને સત્તાનો કેફ હોય છે એમાંનું કશું ત્યારે રાજા-મહારાજાઓ પણ નહોતા રાખતા; પછી અમલદારો તો રાખી જ ક્યાંથી શકે? સરકારી કર્મચારીઓની ફરજ પ્રત્યેની સંપૂર્ણ બેદરકારી અને કામચોર વૃત્તિને કારણે પ્રજાજનોને જે ત્રાસ અને હેરાનગતિ આજે થાય છે એમાંનું કશું મહારાજ યુધિષ્ઠિરના રાજમાં ક્યાંથી હોય? આજના અસત્યવાદી સત્તાંધોની સાથે એ સત્યવાદી સેવકની તુલના કરવાનો વિચારેય ન કરાયને? આજના ચૂંટાયેલા સેવકો(!)ની અણઆવડત કે એમનો ભ્રષ્ટાચાર જ અમલદારશાહીને પોષે છે ને પ્રજા દુઃખી થાય છે.

તો બ્રાહ્મણ મહારાજ યુધિષ્ઠિર પાસે દાન માગવા આરામથી પહોંચી ગયો. ત્યારે યુધિષ્ઠિર ખૂબ જરૂરી કામમાં વ્યસ્ત હતા, એટલે બ્રાહ્મણને એમણે વિનયપૂર્વક કહ્યું: 'ભૂદેવ, અત્યારે સમય નથી...મહેરબાની કરી બે દિવસ પછી આવજો...યોગ્ય તે જરૂર આપીશું.' મહારાજાનો નાનો ભાઇ ભીમ મોટાભાઇની આ વાત સાંભળી ગયો. ભીમ જેનું નામ. વાતનું વતેસર કરવું એ તો એનું કામ જ હતું. એ તો ગળામાં ઢોલ લટકાવીને નગરમાં ઢંઢેરો

પીટવા જાતે જ નીકળી પડ્યો. ઠેર ઠેર ઢોલ પીટે અને પછી જાહેરાત કરેઃ ''નગરજનો આનંદો, આપણા મહારાજા યુધિષ્ઠિરે કાળને જીતી લીધો છે...હવે કાળ એમના કહેવા પ્રમાણે કરશે...આપણું તો હવે કામ થઇ ગયું...આપણા મહારાજની આજ્ઞા વિના કાળ કોઇનું કશું બગાડી શકે નહિ...! મૃત્યુ જીતાઇ ગયું.''

નગરજનોને આશ્ચર્ય અને આનંદ થયાંઃ ''મહારાજાએ કાળનેય જીતી લીધો...બહુ મોટી વાત કહેવાય...હવે આપણા રાજ્યમાં તો અકાળે કોઇ જ મરે નહી...'' નગરજનોમાં આવી ગુસપુસ થવા માંડી...વાત વાયરે ચાલી...'ભીમે જાતે જાહેરાત કરી એટલે ખોટું તો ન જ હોય ને?' રાજાના દૂતો ય નવાઇ પામ્યા. એમણે રાજાને કાને વાત નાખી. યુધિષ્ઠિરને આશ્ચર્ય થયુંઃ 'આવી ખોટી વાત કોણે વહેતી કરી?' રાજદૂતો કહેઃ 'મહારાજ, ખુદ ભીમસેને જાતે જ નગરમાં ઢંઢેરો પીટી આ વાત કહી છે! '-મહારાજનું આશ્ચર્ય ઓર વધ્યું. તાબડતોબ ભીમસેનને દરબારમાં હાજર કરવાનું ફરમાન છૂટ્યું. ભીમસેન હાજર થયાં.

'ભીમસેન', મહારાજા યુધિષ્ઠિરે કડકાઇથી પૂછ્યુંઃ 'મેં કાળને જીત્યો છે એવો ઢંઢેરો તમે જાતે નગરમાં પીટ્યો છે એ વાત શું સાચી છે?' 'હા મહારાજ', ભીમસેને મક્કમતાથી જવાબ આપતાં કહ્યુંઃ 'આપ કહો છો એ વાત સંપૂર્ણ સાચી છે...આપે કાળને જીત્યો છે એ વાતની જાહેરાત નગરમાં મેં પોતે કરી છે.'

'શા માટે એવી ખોટી જાહેરાત કરી?' મહારાજ યુધિષ્ઠિર ગુસ્સે થઇ ને બોલ્યાઃ 'હવે એ માટે તમારે સજા સહન કરવી પડશે એ જાણો છો?'

'પણ મેં ક્યાં કશું ખોટું કહ્યું છે તે મારે સજા ભોગવવી પડે મહારાજ? મેં તો સાચું જ કહ્યું છે કે આપે કાળને જીતી લીધો છે.' ભીમસેને ફરી શાંતિથી પણ દ્રઢતાથી કહ્યું.



'તમારી વાત કેવી રીતે સાચી છે?' મહારાજાએ પૂછ્યુંઃ 'મેં ક્યાં કાળને જીત્યો છે?' ''મહારાજ, દાન લેવા આવેલા બ્રાહ્મણને આપે આજે સવારે નહોતું કહ્યું કે 'બે દિવસ પછી આવજો...યોગ્ય તે જરૂર આપીશું?' ભીમસેને પૂછ્યું.

'હા, એમ તો કહ્યું હતું,' યુધિષ્ઠિરને સવારનો પ્રસંગ યાદ આવતાં કહ્યું.

'તો મહારાજ, એનો અર્થ એવો તો ખરો જ કે ઓછામાં ઓછા બે દિવસ તો તમે અને પેલો બ્રાહ્મણ ચોક્કસ જીવવાના જ છો?' ભીમસેને સૂચક રીતે કહીને ઉમેર્યુંઃ 'એટલે કાળ ઇચ્છે તોય તમને બંનેને બે દિવસ તો કાંઇ જ નહિ કરી શકેને?' યુધિષ્ઠિર આ ભેદભરી વાત સાંભળી વિચારમાં પડી ગયા. આખી સભા પણ ભીમસેનની આ માર્મિક વાત સાંભળી સ્તબ્ધ બની ગઇ! અને પછી ધીમો ગણગણાટ શરૂ થયોઃ 'ભીમસેને...વા..તો...મુદ્દાની કહી...હોં...! મહારાજે બે દિવસ માટે તો એમના અને બ્રાહ્મણના જીવનની ગેરંટી આપી જ દીધી કહેવાય...!' ત્યારે ભીમે ઉમેર્યુંઃ 'મહારાજા, જો બે દિવસ પહેલાં આપને કે પેલા બ્રાહ્મણને કાળ કાંઇ કરે તો આપના સત્યવાદીપણાને આંચ આવે...નહિં કે? એટલે બે દિવસ તો આપે કાળને જીતી લીધો જ કહેવાય ને? અને જે કામ બે દિવસ માટે થઇ શકે તે કાયમ માટે કેમ ના થઇ શકે?'

યુધિષ્ઠિર અને સમગ્ર સભાજનો ભીમસેનની વાતનો તાગ પામી ગયા. ખૂબ નમ્રતા અને પ્રેમથી મહારાજા યુધિષ્ઠિર બોલ્યાઃ 'ભીમસેન, તમારી વાત સાચી છે...મેં દાન આપવા જેવા એક સારા કામ માટે બ્રાહ્મણને બે દિવસનો વાયદો કર્યો એ ખોટું કહેવાય...સારું કામ સત્વરે કરવું જોઇએ...એમાં ઘડીનો ય વિલંબ ન ચાલે... शुभस्य शिघ्रम...કાળ કોઇને ય વશ નથી...કાલનો શું ભરોસો? હવે હું આ વાત ધ્યાનમાં રાખીશ...તમે મને યોગ્ય બોધપાઠ આપ્યો' એમ કહી મહારાજા યુધિષ્ઠિરે ભીમસેનનો ખભો થાબડ્યો.

વાત તો ખરી છેઃ કાલનો શું ભરોસો? માટે જ કબીરજીએ પણ કહ્યું છેઃ

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;
પલમેં પરલય હોયગી, બહુરી કરેગા કબ?

કાલનું કામ આજે કરો, આજનું કામ અત્યારે જ કરો...ઘડીમાં વિનાશ થાય! ૨૬મી જાન્યુઆરીના ગુજરાતના ભયાનક ભૂકંપે આ વાત અક્ષરસઃ સાચી પાડી! સારાં કામ જલદી કરો...ક્યાં..,ક્યારે...શું થશે, કોને ખબર? નાનપણમાં અમે એક સરસ કવિતા ભણેલાં. એની પ્રથમ ચાર પંક્તિ આ પ્રમાણે હતીઃ

'હસતે ફૂલ રસ્તામાં વેર્યાં, ફૂલ નસીબે ગુલાબ કેરાં;
નીંચા નમી વિણીશું ક્યારે? આજ આજ ભાઇ અત્યારે.

નસીબે ફૂલ વેર્યાં છે તો આજે, અરે,અત્યારે જ વીણી લો...કાલનો શું ભરોસો? હા, ખરાબ કામ માટે કાલનો વાયદો જરૂર કરોઃ 'કાલ કાલ ભાઇ કાલે', એમ કહો. કવિએ ગાયું જ છે.

આજનો લ્હાવો લીજીયે રે,
કાલ કોણે દીઠી છે!'

## ૭ : આ દુનિયા રંગભૂમિ છે...!

કેવી ભાતીગળ દુનિયા ભગવાને બનાવી છે? કરોડો માણસો છે દુનિયામાં. પણ માણસે માણસે જુદા વિચારો, દરેકની જુદી માન્યતાઓ, સૌના પોત-પોતાના જુદા જુદા શોખ, સુખ દુઃખના સૌના પોત પોતાના ખ્યાલ! માણસે માણસે જોવા મળતી સ્વભાવની આ અલગતા જ આ જગતને કુતૂહલભર્યું અને આનદપ્રદ બનાવે છે.

આજે માત્ર એવાં બે જ પાત્રોની વિશેષતાની વાત કરીએઃ

અજબસિંહ આધેડ વયના, મધ્યમ વર્ગના ગૃહસ્થ હતા. આમ તો સીધા સાદા, પણ એમને ઘોડેસ્વારીનો ગજબનો શોખ હતો. પોતે એક ઊંચો, જાતવાન ઘોડો રાખતા, એની ખૂબ સારી માવજત કરી એને સાફ-સુથરો ને તંદુરસ્ત રાખતા. એની ઉપર સ્વારી કરે ત્યારે એને એવો શણગારતા કે કોઈની નજર લાગી જાય! એને માથે તોરણિયાં લટકાવે. એના ગળે લાલ દુપટ્ટો લટકાવે તે ઠેઠ ઘોડાના પાછળ પૂંછડા સુધી પહોંચે, એની પીઠ પર સરસ સાદ નાખી ઉપર સુંવાળીગાદી અને એની ઉપર ભરત ભરેલું કવર. ઘોડાને માથે કલગી ફરફરતી હોય-આવા જાતવાન ઘોડા પર માથે ફેંટો બાંધેલા અને સુરવાલમાં સજ્જ અજબસિંહ સવારી કરે ત્યારે એમની કાળી મૂંછોનો આંકડોય વળ ચઢાવેલો હોય! એવા અજબસિંહ જાણે કોઇ ગામના ઠાકોર હોય એમ નીકળે ત્યારે લોકો ઘડીબર આશ્ચર્યભરી આંખે ને માનભરી નજરે એમને જોઇ રહે! ખન ખન ખન વાગતીઘોડાની ઘૂઘરીનો દૂરથી સંભળાતો મધુર અવાજ અજબસિંહના આગમનનો સંકેત આપતો! એવા રંગીલા હતા અજબસિંહ!

એમના જ ગામના બીજા સદ્‌ગૃહસ્થ ગજબસિંહને વળી બીજો અજબનો શોખ હતો. એમને ગાદી તકિયે બેસવાનો બહુ શોખ, જ્યાં જાય ત્યાં બેસવા માટે એમને ગાદી તકિયો જ જોઇએ. ભરચક રૂ ભરેલી, એક વેંત ઊંચી પોચી ગાદી, પાછળ એક ચોરસ તકિયો ને આજુબાજુ બે નાના લાંબા તકીયા-બધા પર બગલાની પાંખ જેવાં સફેદ કવર-એની પર સો જણની વચ્ચે બેઠેલા ગજબસિંહ કોઇ દરબારનો દબદબો રાખતા. ઠાઠથી બેસે ને સામે બેઠેલા સૌ સાથે ખડખડાટ હસતા વાતો કરે. એમાં જ એમનું સુખ સમાયું હતું. સૌ સૌના શોખની વાત છે ભાઇ, ભગવાનની એજ તો ખૂબી છે કે માણસે માણસે મગજ જુદાં ને મગજે મગજે વિચારો ન્યારા! પણ જ્યાં જાય ત્યાં આવા ગાદી તકિયા બેસવા ક્યાંથી મળે? એટલે ગજબસિંહે ગાદી - તકીયાનો એક એવો નાનો સેટ રાખેલો કે જેથી જ્યાં જાય ત્યાં પોતે એને ઊચકીને સહેલાઇથી લઇ જઇ શકે. પછી ભલે જંગલમાં જવાનું હોય, ગજબસિંહનાં ગાદી-તકીયા એમની સાથે જ હોય!

એકવાર એવું બન્યું કે કોઇ ગામમાંથી ગજબસિંહ ગાદી-તકિયાનું પોટલું ઊંચકી પસાર થતા હતા, ત્યારે પાછળથી ઘોડેસ્વાર અજબસિંહ આવીને પસાર થયા. અજાણ્યા લોકોએ અજબસિંહને મોટા ઠાકોર ધાર્યા ને ગજબસિંહને એમના સેવક માન્યા! લોકો તો બાહ્ય દેખાવ જોઇને જ અનુમાન કરેને?

થોડે આગળ જતાં ગામની ભાગોળ આવી. ઘટાદાર વડલાની છાયા હતી, બાજુમાં કૂવો હતો ને કૂવાની પાસે ઢોરને પાણી પીવાનો મોટો હોજ હતો. અજબસિંહ ત્યાં ઘોડાને પાણી પાતા ઊભા હતા, ત્યાં આવી વડ નીચે ગજબસિંહે પોતાના ગાદી-તકીયા બીછાવી સરસ બેઠક બનાવી અને તકિયે અઢેલીને બેઠા. ત્યારે ત્યાંથી પસાર થતાં લોકોએ આ બંનેને જોયા. તેમણે ધાર્યું કે ગાદી તકિયે બેઠેલા ગૃહસ્થ (ગજબસિંહ) કોઇ મોટા રઇસ છે અને ઘોડાને પાણી પાનાર (અજબસિંહ) એમનો કોચવાન (ઘોડાની સંભાળ



રાખનાર નોકર) છે! લોકોને શું ભાઇ? દેખે તેવું કહે? કશો વિચાર થોડો જ કરે એ? ગાદી-તકિયે બેઠેલો શેઠ અને ઘોડાની બાજુમાં ઊભા રહી એને પાણી પાતાં પાતાં થાબડનાર તે શેઠનો નોકર હશે. એમ બધા ધારે એમાં શી નવાઇ?

તો થોડીવાર પહેલાં બજારમાંથી લોકોની નજરે ઘોડેસવારી કરી પસાર થતા અજબસિંહ કોઇ ઠાકોર હતા ને પોટલું ઊંચકી ચાલતા ગજબસિંહ એમના સેવક હતા. પણ થોડીવાર પછી પાદરે વડ પાસે ગાદી પર બેઠેલા એ જ ગજબસિંહ લોકોને ઠાકોર લાગ્યા ને ઘોડાને પાણી પાતા અજબસિંહ એમના સેવક લાગ્યા...!

અજબસિંહ અને ગજબસિંહ તો એના એજ હતા-માત્ર એમનો રોલ જુદો હતો, માટે જ શેઠ-સેવક કે સેવક શેઠનાં બિરુદ એમને માટે અદલાતાં બદલાતાં રહ્યાં.

આ વાતને જરા ગંભીરતાથી વિચારતાં શેક્સપીયર યાદ આવે છે. કારણ એણે કહ્યું છે:

**This world is a stage, and we all are Actors and Actreesses-** આ દુનિયા એક રંગભૂમિ છે અને આપણે બધાં(રંગભૂમિ પર ભજવાતા) નાટકનાં પાત્રો છીએ-નાયક કે નાયિકાઓ છીએ. માટે **Act well your Part, there all the success lies** તમારું પાત્ર બરાબર ભજવો એમાં જ સાચી સફળતા છે.

નાટકમાં તમે રામનું પાત્ર ભજવતા હો તો પૂર્ણ પુરુષોતમ શ્રી રામ જેવા નિર્મળ, નિષ્ઠાવાન, માનવતાથી ભર્યા ભર્યા, પ્રજા પ્રેમી, કુટુંબવત્સલ રાજાની જેમ વર્તી એ પાત્રને પુરો ન્યાય આપો એમાં જ તમારી સફળતા છે. તમારે રાવણનું પાત્ર ભજવવાનું નસીબમાં આવ્યું હોય તો રાવણ જેવા જ શક્તિશાળી, મહાકાય, ક્રૂર, અભિમાની, સત્તાંધ દેખાવાનો પ્રયત્ન કરો કે જેથી સીતાનું હરણ કરનાર એ મદભર્યા રાવણ પ્રત્યે લોકોને તિરસ્કાર થાય. આવા રાક્ષસીપણાના પ્રદર્શનમાં જ તમારી સફળતા છે. **Act well**

**your Part.** સંસારના આ નાટકમાં તમારા પાત્રને પુરો ન્યાય આપો. તમે હીરો કે વીલન હો, હીરોઈન હો કે વેમ્પ હો,**Act well your Part.** રંગભૂમિના પડદાની પાછળ તો રામ રામ નથી અને રાવણ રાવણ નથી. આ તો માત્ર અભિનય છે. પોતાને સોંપેલા પાત્રને ન્યાય આપવો એજ અદાકારનું કાર્ય છે.

પણ એક વાત છે. સંસારના આ નાટકમાં આપણો રોલ આપણે પોતે નક્કી કરી શકીએ ખરા. સંસારના રંગમંચ પર આપણા પાત્રને આપણે કેવું ઢાળવું છે એ વિચારી એ પ્રમાણે વર્તવાનું આપણા હાથમાં જરૂર છે. આપણે સારો નહિ, સરસ રોલ પસંદ કરીએ અને એને ઉત્તમ રીતે ભજવીએ, એમાં જ આપણા જીવનની સાર્થકતા છે. આપણે રાવણ કે કંસ નહિ, રામ કે કૃષ્ણ બનવા મથીએ. જીવનનો સાચો આનંદ એમાં જ છે. જીવનમાં ઉત્તમ પાત્ર પસંદ કરી ઉત્કૃષ્ટ અભિનય કરો.

**Act well your Part.** તમારા પાત્રને ન્યાય મળે એવો ઉત્તમ અભિનય કરો. પણ હા, સારું પાત્ર પસંદ કરો. જીવન સંતોષથી ભર્યું ભર્યું થઇ રહેશે.

## ૮ : વીર બનીએ, ક્ષમાશીલ બનીએ

ત્યારે બગદાદના બાદશાહો ન્યાયપ્રિય હતા, બુધ્ધિશાળી હતા, ઉદાર દિલ હતા.

એકવાર બાદશાહનો શાહજાદો (કુંવર) દરબારમાં દોડી આવ્યો. ખૂબ ગુસ્સામાં હતો એ શાહજાદો. એના પિતાને એ હાંફતો હાંફતો કહેવા લાગ્યોઃ

'જહાંપનાહ, રસુલ નામનો આપનો એક સિપાહી છે...

'હાં છે,'' બાદશાહે શાંતિથી કહ્યુંઃ 'શું છે તેનું?'

'એનો એક યુવાન પુત્ર છે.' શાહજાદાએ ગુસ્સાથી આગળ કહ્યું.

'હા, જરા ઝગડાખોર છે એમ રસુલ કહેતો હતો અને 'જહાંપનાહ, આપ એને જરા સમજાવોને' એવી મને વિનંતી કરતો હતો.' બાદશાહે કહ્યું અને સ્વસ્થતાથી પૂછ્યુંઃ 'પણ તારે શું છે એ વાતનું?'

'મને એ નાલાયકે ગાળો દીધી, જહાંપનાહ', આંખથી અંગારા વર્ષાવતાં શાહજાદો બાલ્યોઃ

'ગુસ્સો તો મને એવો આવ્યો હતો કે ત્યાં જ એનું ગળું દબાવી દઉં પણ...'

'પણ...? પણ શું બટા?'

'પણ એમ ન કરતાં આપની પાસે ફરિયાદ કરવાનું ઉચિત લાગ્યું, જેથી એને કશું જ કર્યા વિના હું અહીં આવ્યો.' શાહજાદાએ જરા શાંત થતાં કહ્યુંઃ 'હવે આપ જ એને સજા કરો.'

'એક સામાન્ય સિપાહીના છોકરાએ શાહજાદાને ગાળો દીધી?' એક દરબારી આંખોથી અગ્નિ વરસાવતો બોલ્યોઃ 'પરવરદિગાર, એને ગોળીથી ઉડાવી દેવડાવો.'

'એને બજાર વચ્ચે ફાંસીએ લટકાવો જહાંપનાહ', બીજા દરબારીએ સૂચવ્યુંઃ 'જેથી ભવિષ્યમાં કોઇ આવી નાલાયક હરકત શાહજાદા સાથે ન કરે.'

'અરે એને પથ્થર મારી મારીને, રિબાવી રિબાવીને મારી નંખાવીએ,' ત્રીજા દરબારીએ ક્રોધાવેશમાં કહ્યુંઃ 'આપણા શાહજાદાનું આવું અપમાન એક સામાન્ય સિપાહીનો છોકરો કરી જાય!'

દરબારીઓ તો બધા ખુસામતખોર હોય, એટલે બાદશાહને ખુશ કરવા એમને રુચે એવું બોલે. ખુશામત એ જ એમની લાયકાત હોય છે.

પણ બાદશાહ સ્વસ્થ હતા. યોગ્ય અયોગ્યનો નિર્ણય એ વિવેકબુદ્ધિથી કરી શકતા. ખુશામતખોરોની વાતોથી ભરમાય એવા એ અપરિપક્વ ન હતા. એટલે એમણે પોતાના શાહજાદાને શાંત પાડતાં કહ્યુંઃ

'બેટા, તને ગાળો દીધી, એ તો પેલા યુવાને ઘણું ખોટું કર્યું...તને તો શું, પણ કોઇપણ નાગરિકને એનાથી ગાળ ન દેવાય.'

'બરાબર જહાંપનાહ, પણ હવે શું?' શાહજાદાએ કહ્યુંઃ 'હવે એને કડક શિક્ષા થવી જોઇએ ને?'

'હવે મને બે રસ્તા દેખાય છે', બાદશાહે ડહાપણપૂર્વક કહ્યું.

બધા દરબારીઓએ કાન સરવા કર્યા-બાદશાહ કઇ કડક સજા પેલા દુષ્ટને કરે છે એ જાણવા માટે.

પણ સ્વસ્થતાથી બાદશાહે કહ્યુંઃ 'બેટા તું બાદશાહનો નબીરો છે. મોટાનું દિલ પણ મોટું હોવું ઘટે, એટલે મન મોટું કરી એને ઉદાર દિલે માફ કરી દે એ તારી મોટાઇને વધારનાર સુકૃત્ય હશે. ક્ષમા વીરોનું ઘરેણું છે, બેટા.'



'એટલે એને કશું જ કર્યા વિના જવા દેવો એમ?' શાહજાદાએ આશ્ચર્યથી કહ્યુંઃ 'એ તો નિર્માલ્યતા કહેવાય જહાંપનાહ.'

'ના બેટા', બાદશાહે ગંભીર અવાજે કહ્યુંઃ 'એને સજા કરવાની તારી શક્તિ ન હોય અને તું એ દોષિતને જતો કરે તો એ જરૂર નિર્માલ્યતા કહેવાય. પણ એને સજા કરવાની તારી પુરી તાકાત છે...તું બાદશાહનો દીકરો છે...એને જરૂર સજા કરાવી શકે. તોય તું એને માફ કરી દે તો એ નિર્માલ્યતા કે કાયરતા નહિ, પણ વીરતા છે. ક્ષમા વીરને શોભા આપે છે, કાયરને નહિ, અને તું એને શિક્ષા કરી શકે એવો વીર અને શક્તિશાળી છે એની મને ખાત્રી છે.'

થોડીવાર સભામાં સન્નાટો છવાઇ ગયો. પછી બાદશાહ બોલ્યાઃ

'બેટા, બીજો સહેલો પણ હલકો માર્ગ એ છે કે તું પણ બદલામાં એ દુષ્ટને ગાળો દે...એથી તારો પ્રતિશોધ પુરો થશે...પણ એ માર્ગ બાદશાહના શાહજાદાને શોભે એવો નહિ હોય એમ હું માનું છું. છતાં તારે જે કરવું હોય તે કરવાની છૂટ છે. મારું કશું દબાણ નથી, તારી ઇચ્છા હોય તે કર.'

'એટલે...કે...' શાહજાદો પૂછવા જતો હતો ત્યાં બાદશાહે કહ્યુંઃ

'એટલે કે એને માફ કર કે એને ગાળો દઇને સજા કર...તારી ઇચ્છા હોય તો એથીય વધારે આકરી સજા હું એને કરું.' બાદશાહે સ્પષ્ટતા કરતાં કહ્યું : 'તું બાદશાહનો દીકરો છે. તને શોભે એવી શિક્ષા એને કર.'

બધો દરબાર તદ્દન શાંત હતો...બાદશાહના કહેવાનો મર્મ સમજવા સૌ પ્રયત્નપૂર્વક વિચારતા હતા.

થોડીવારે...શાહજાદાએ કહ્યુંઃ 'જહાંપનાહ, મને ગાળો બોલનાર સિપાહી - બચ્ચાને મારે કશી શિક્ષા કરવી નથી કે કરાવવી પણ નથી. એને હું ક્ષમા કરવા ચાહુ છું. આપની સલાહ સાચી છે. ક્ષમા આપનાર મોટો છે, જો એ શક્તિશાળી હોય છતાં ક્ષમા આપે તો. હું એને ક્ષમા આપવા ચાહું છું.'

'શાબાશ બેટા', બાદશાહે પુત્રની પીઠ થાબડતાં કહ્યુંઃ 'તારી પાસેથી મને આવી જ અપેક્ષા હતી... તારું શાહજાદાપણું આજે મૂંઠી ઊંચેરું થઇ ગયું. હવે તને ગાળો બોલનાર એની જાતે પસ્તાશે ને કદાચ પોતાની ભૂલ સમજાતાં તારી માફી માગશે.'

સૌ દરબારીઓ પણ શાહજાદાને અભિનંદવા લાગ્યા. 'શાબાશ શાહજાદા, ભવિષ્યમાં આપ બાદશાહ સલામતની કીર્તિને ચાર ચાંદ લગાવી દેશો એ નિઃશંક છે...!'

જોયું ને? દરબારીઓએ પવન પ્રમાણે ધારવવા માંડ્યું!

તો સાચી મોટાઈની માપ જુદાં હોય છે. મન મોટું કરવું, માફ કરવું એ હંમેશાં નિર્બળતાની નિશાની નથી હોતી...સાગર બધી નદીઓનાં નીર પોતાનામાં સમાવે છે...એ ચોખ્ખાં પાણી ભેગાં મેલાં પાણી પણ હોય. પણ સાગરનું દિલ એટલે સાગરનું દિલ! સાગરપેટા થવું કાંઇ સહેલું છે? જો કે એનો અર્થ એવો પણ નહિ કે દરેક ગુનેગારને ક્ષમા આપવી. જરૂર પડે ગુનેગારને કડકમાં કડક શિક્ષા પણ થવી જોઇએ. માફ કરવા જેવું જ માફ થાય.

આ વાતનો સાર એટલો જ કે–

ક્ષમા વીરસ્ય ભુષણમ્. ક્ષમા વીરનું ઘરેણું છે. આપણે વીર બનીએ અને તોય ક્ષમાશીલ બનીએ.

## ૯ : મનમંદિરનાં જાળાં!

એક સંત હતા. વસ્તીથી થોડે દૂર જંગલ વિસ્તારમાં રહે ને સ્વાધ્યાય, ધ્યાન, યોગ, તપ વગેરે કરે. વસ્તીના લોકો સાથે ખાસ કશો સંપર્ક ન રાખે. પણ હા, કોઇ માણસ એમની પાસે જાય અને પોતાની તકલીફની વાત કરે તો એને યોગ્ય માર્ગદર્શન જરૂર આપે. પોતે ઓછામાં ઓછી જરૂરિયાતથી જીવે ને વધુમાં વધુ ધ્યાન-યોગ કરે. એ ક્યાંના હતા, કોણ હતા એ વિષે કોઇને કશી માહિતી નહોતી. એવી કશી જરૂર પણ કોઇને નહોતી. છતાં આજુબાજુના ઘણા ગામના લોકો એમનાથી પરિચિત હતા. સો એમને માન આપતાં અને પૂજ્ય ભાવથી જોતાં ને ક્યારેક પોતાની સાંસારિક ઉપાધી એમની આગળ રજુ કરી એ માટે માર્ગ બતાવવા એમને વિનંતી કરતાં. સંત યોગ્ય માગદર્શન દ્વારા સંસારીને શાતા ને હિંમત આપી જીવન જીવવાનો માર્ગ બતાવતા. છતાં શક્ય હોય ત્યાં સુધી સંત બને તેટલી ઝંઝટથી દૂર રહેવા પ્રયાસ કરતા, માટે લોકોનો સંપર્ક પણ એ શક્ય એટલો ઓછો રાખતા.

એકવાર આવા જ એક પરિચિત માણસે સંત પાસે જઇ પોતાની મુંઝવણ કહીઃ 'સ્વામીજી, હું ઘણીવાર ભગવાનની ભક્તિમાં મન સ્થિર કરી પ્રભુ પ્રાપ્તિને માર્ગે આગળ વધવા પ્રયત્ન કરું છું, પણ મન ભગવાનમાં લાગતું જ નથી, એ ચોફેર ભટકતું જ રહે છે...નજર ભગવાનની મૂર્તિ સામે હોય પણ ચિત્ત તો બીજે ક્યાંય ચકરાવા લેતું હોય છે...આમ થવાનું કારણ શું? કૃપા કરી, મને ભગવાનની નજીક જવાનો માર્ગ બતાવો.'

પેલા માણસની વિનંતી સાંભળી સંત થોડીવાર શાંત રહ્યા. પછી સહેજ વિચાર કરીને કહ્યુંઃ 'કાલે સવારે આવજો, આપણે તમારી તકલીફનો ઉપાય શોધી કાઢીશું.'

'ભલે સ્વામીજી,' કહી પેલો ભક્ત પગે લાગી ઘેર ગયો.

બીજે દિવસે નક્કી કરેલા સમયે પેલો માણસ સંત પાસે પહોંચી ગયો. સંત તૈયાર જ બેઠા હતા, એટલે તરત જ કહ્યુંઃ 'ચાલો આપણે બહાર જવું પડશે.'

બંને જણ નીકળ્યા. સંતે પેલા માણસને કહ્યુંઃ 'આપણે આ નાના ડુંગર પર ચઢવું છે. ચાલો'.

સંત અને પેલો માણસ ડુંગર ચઢવા લાગ્યા. થોડે આગળ ગયા એટલે સંતે ભક્તને છ મોટા પથ્થર હાથમાં આપ્યા અને કહ્યુંઃ 'હવે આ પથ્થર ઉંચકીને મારી પાછળ આવો.'

સંત તો સહેલાઈથી ડુંગર ચઢવા લાગ્યા. પણ ભક્તના હાથમાં તો છ મોટા પથ્થરનું વજન હતું, એટલે ધીરે ધીરે ચઢે, પરસેવો લૂંછે અને હાંફે. થોડે આગળ જઈ સંતે કહ્યુંઃ 'વજન વધારે લાગે છે, નહિ?'

'હા જી', ભક્ત બોલ્યો.

'ઠીક છે, એક પથ્થર ફેંકી દો.' કહી સંતે પોતે જ એક પથ્થર લઈને ફેંકી દીધો. ભક્તને જરી હળવાસ થઈ. ફરી બંને જણ ડુંગર ચઢવા લાગ્યા, પણ પાંચ પથ્થરના વજન સાથે ભક્તની દશા તો થોડીવાર પછી, પહેલાં જેવી જ થઈ-થાક, પરસેવો ને હાંફ!

વળી સંતે દયા કરી એક પથ્થર ઓછો કરાવ્યો. બીજો પથ્થર ફેંક્યો, પછી ચાર પથ્થર રહ્યા. થોડી રાહત સાથે ભક્તે સંતની પાછળ ચઢવા માંડ્યું. થોડું આગળ વધાયું. પણ ચાર પથ્થરનું વજનેય કમ થોડું હતું? વળી પાછી પૂર્વવત્ દશા-થાક, પરસેવો ને હાંફ! સંતે વળી એક પથ્થર ફેંકી દેવાડાવ્યો. ફરી પાછો એ જ સિલસિલો. થોડું ચાલ્યા પછી થાક, પરસેવો ને હાંફ! આમ કરતાં કરતાં, ધીરે ધીરે ઉપર ચઢતાં ચઢતાં સંતે એક એક કરી બધા પથ્થર ફેંકી દેવાડ્યા ત્યારે ભક્તને સંપૂર્ણ રાહત થઈ. તે હરખભેર બોલ્યોઃ



'હાશ બાપજી, હવે આરામથી આપ જેટલું કહેશો એટલું સરળતાથી ચઢી શકીશ. બધો બોજો ખલાસ થઈ ગયો, એટલે હવે ચઢવામાં ઘણી રાહત છે!'

થોડે આગળ જતાં એક વિશાળ વડલો આવ્યો. ત્યાં સંત અને ભક્ત બેઠા. ત્યાં હતી તે પરબનું ઠંડુ પાણી પીધું. પછી ભક્તને શાતા વળી એટલે સંતે પૂછ્યુંઃ

'ભાઈ, કાંઈ સમજ પડી?'

'બાપજી, મને શું સમજ પડે?' માનપૂર્વક પેલા ભાઈએ કહ્યુંઃ 'હું તો આપે કહ્યું એમ કરતો કરતો આપની પાછળ અહીં સુધી આવ્યો.'

'એથી કશો ખ્યાલ આવ્યો?' સંતે પૂછ્યું.

'ખાસ તો કાંઈ ખ્યાલ ન આવ્યો બાપજી', ભક્તે સંકોચાતાં કહ્યુંઃ 'પણ એક વાત નક્કી કે આપે છેલ્લો પથ્થર પણ ફેંકી દેવડાવ્યો પછીની મુસાફરી ખૂબ સરળ રહી, આ ચઢાણ ચઢવામાં પછી પહેલાં જેવો થાક કે હાંફ ન રહ્યાં!'

'ભાઈ, એ જ રહસ્ય છે આપણી આ સફરનું ', સંતે દયાપૂર્વક કહ્યુંઃ 'જેમ છ પથ્થરનો બોજો લઈને ચઢવાનું બહુ જ કઠિન હતું, તેમ આપણે પણ આપણી જીવનરૂપી મુસાફીરમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરના બોજા લઈને ચાલીએ છીએ.'

ભક્તને મુંઝવણભરી નજરે તાકી રહેલો જોઈ સંતે વિગતે સમજાવતાં કહ્યુંઃ

'કામ એટલે ઈચ્છા. આપણી અનંત ઈચ્છાઓને સંતોષતાં જ આપણે થાકી જઈએ છીએ. વળી, વાસનાનો કીડો પણ આપણને સતત કોતરી ખાતો હોય છે...ક્રોધથી રાતા પીળા થઈ આપણે 'વિવાહની વરસી' કરી મૂકીએ છીએ. આથી બ્લડ પ્રેસર પણ વધી જાય છે... લોભઃ પાપસ્ય

કારણમ્. આપણો લોભી સ્વભાવ આપણી પાસે ન કરવાનાં કામ કરાવી આપણને પાપમાં નાખે છે...મોહ અથવા આસક્તિથી આંધળા બની આપણે કાવાદાવામાં રચ્યા પચ્યા રહી આપણા મનને પણ ગંદુ કરી નાખીએ છીએ...મદ એટલે ગર્વ અથવા કેફની ખુમારીથી આપણા મિથ્યાભિમાનથી આપણે એવા ક્રુર બની જઇએ છીએ કે અમાનુષી કાર્ય કરતાંય અચકાતા નથી. મત્સર અર્થાત્ કોઇની ઈર્ષા અથવા અદેખાઇથી બળીને આપણે આપણું પોતાનું સુખ ગુમાવી સદાય કારણ વિનાની બેચેની અનુભવી દુઃખી દુઃખી થઇ જઇએ છીએ...!' સંત જરા થોભ્યા. એમણે જોયું તો ભક્ત તો અહોભાવથી આશ્ચર્યચકિત નજરે એમની સામે તાકી રહ્યો હતો. એ મનોભાવનો લાભ લેવા સંતે પૂછ્યુંઃ

'મુસાફરીમાં તમે જેમ જેમ પથ્થર ફેંકતા ગયા તેમ તેમ આગળ વધવામાં રાહત થઇ ને?'

'જી બાપજી, આપની વાત સાચી છે.' ભક્તે આદરપૂર્વક ઉત્તર દીધો.

'તો આ સંસારની મુસાફરીમાં પણ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર રૂપી બોજા ઉંચકીને ચાલવાનું સરળ નથી...અરે લગભગ ગતિ જ મુશ્કેલ છે ત્યાં પ્રભુ તરફ પ્રગતિ કરવાની વાત જ શી? આ છ આપણા શત્રુ છે. એને જેમ જેમ છોડતા જઇએ તેમ તેમ પ્રભુની વધારે નજીક જઇ શકાય.' સંતે મર્મ સમજાવ્યો.

'જી બાપજી.' ભક્ત અહોભાવથી બોલ્યો.

'પણ એ બોજા છોડવાનું સહેલું નથી,' સંતે કહ્યુંઃ 'ઘણું અઘરું છે. છતાં એ છેક અશક્ય નથી, પ્રયત્ન કરીએ તો ધીરે ધીરે આ શત્રુઓને હટાવી આગળ વધી શકીએ. ડગલે પગલે સાવધાન રહીને સંસારમાં ચાલીએ તો ક્યારેક પ્રભુની ઝાંખી થાય. હા, હું સમજું છું કે મહાસાગર તરવા જેવું આ કામ છે. પણ જન્માંતરના પ્રયત્ન પછી તરનારા તર્યા છે પણ



ખરા...નરસિંહ, મીરાં,ધ્રુવ, પ્રહલાદ...જેવા કેટલાય પુણ્યાત્માઓ આ સાગરને તરી શક્યા છે... માટે સતત સાવધાન રહી આગળ વધો...પ્રભુ આપણી પ્રતીક્ષા કરી રહ્યો છે...ચાલો, ભવસાગર તરી આપણે એને મળીએ...'

સંત આગળ કાંઇ કહે એ પહેલાં પેલો ભક્ત એમના પગમાં પડી ગયો ને બોલ્યોઃ 'સમજી ગયો બાપજી, આપે મારો ભ્રમ ભાંગી નાખ્યો. હવે આપના બતાવેલાં માર્ગે ચાલી આ સંસારને પાર કરવાનો, પ્રભુને પામવાનો નમ્ર પ્રયાસ કરીશ.'

'મારા આશીર્વાદ છે બેટા,' કહી સંતે એને ઊભો કર્યો ને બંને ઘર તરફ પાછા વળ્યા. પાછા વળતાં ભક્ત હળવો ફૂલ હતો, સંત સંતોષથી પ્રફુલ્લ હતા. એકને કાંઇ મળ્યું હતું, બીજાએ કાંઇક આપ્યું હતું. લેનાર અને આપનાર બંને ખુશ હતા. જો કે આપનારને સંતોષ હતો. આપવામાં જે સુખ અને સંતોષ છે એ લેવામાં ક્યાં હોય? સજ્જનોની સંપત્તિ પારકાના ભલા માટે જ હોય છે. મનના મંદિરને સ્વચ્છ રાખીએ. એક વાક્યમાં મેં લખ્યું હતું.

કામ ક્રોધ મદ મોહ છે, મન-મંદિરનાં જાળાં;
દૂર થતાં એ શિઘ્ર ત્યાં પથરાશે અજવાળાં...

# ૧૦ : કીર્તિ કેરાં કોટડાં...!

વિશ્વના મહાન રાજાઓમાં શહેનશાહ સિકંદરનું નામ ગણનાપાત્ર છે. અનેક વિજયો પ્રાપ્ત કરનાર સિકંદર કલાપ્રેમી પણ હતો. પોતાના રાજ્યમાં એક સુંદર બગીચામાં એણે વિશ્વના અનેક સમ્રાટો કે મહાપુરુષોનાં બાવલાં મૂક્યાં હતાં. એમાં નહોતું તો એક એનું પોતાનું પૂતળું! આશ્ચર્ય!!

એકવાર એક રાજા આ સિકંદરનો આ બગીચો જોવા આવ્યો. સિકંદર એને એક પછી એક બધાં પૂતળાંનો પરિચય કરાવતો ગયો. અંતે એ રાજાએ પૂછ્યુંઃ

‘‘સમ્રાટ, આપના આ બગીચામાં દેશ-વિદેશના અનેક મહાન પ્રતાપી રાજાઓનાં પૂતળાં છે, પણ આપનું પૂતળું જ નથી! આમ કેમ?’’

મરક-મરક હસતાં સિકંદરે કહ્યુંઃ ‘રાજાજી, હમણાં જ મેં આપને આ બધાં પૂતળાંનો પરિચય કરાવ્યો.’

‘હા, બરાબર.’

‘દરેક વખતે આપને પૂછવું પડ્યુંને કે ‘આ પૂતળું કોનું?’

‘જી હા, સાચું.’ રાજા એ ઉત્તર આપ્યો.

‘‘તો ભવિષ્યમાં કોઇ બીજા માણસો પણ આવશે ને પૂતળે પૂતળે ફરીને પૂછશે કે ‘આ કોનું પૂતળું છે?’ એમ પૂછનાર મારા પૂતળા વિષે પણ આમ જ પૂછશેને કે ‘આ કોનું પૂતળું છે?’’

‘હા, એ તો ખરું જ ને?’ પેલા રાજાએ સંમત થતાં કહ્યું.



સિકંદરે કહ્યુંઃ ‘પરિચય કરાવનાર ત્યારે એમ કહેશે કે આ સિકંદરનું પૂતળું છે.’

‘બરાબર.’

ત્યારે સિકંદરે કહ્યુંઃ ‘એ રીતે મારો પરિચય કોઇને થાય એના કરતાં હું એમ ઇચ્છુ છું કે બધાંના પરિચયને અંતે કોઇ એમ પૂછે કે ‘સિકંદરનું પૂતળું ક્યાં છે?’

પેલો રાજા મહાનતાના સિકંદરના ખ્યાલથી ખુશ થઇ ગયો. આપણી ગેરહાજરીમાં લોકો આપણને યાદ કરે એ જ સાચી કીર્તિ.

વાત સમજવા જેવી છેઃ તમારા પૂતળાને જોઇને કોઇ તમને યાદ કરે એના કરતાં કશાય સ્મૃતિ-ચિહ્ન વિના કોઇ તમને યાદ કરે એ સાચી અમરતા છે. અને સારાં કામ કર્યાં હોય તો લોકો યાદ નથી કરતા એમ પણ નહિ. પણ ફૂલ દેખાય ના તો પણ એની સુગંધ તો અનુભવાય જ.

અમરત્વ એટલે શું? લોકોના દિલમાં સ્થાન હોય એ જ અમરત્વ. અને લોકોના હૃદયમાં સ્થાન પામવા માણસે ઘણો ભોગ આપવો પડે છે. ઘણો ત્યાગ કરવો પડે છે.

ઇતિહાસ સાક્ષી પુરે છે કે માણસની મોટાઇને લોકો સહેલાઇથી ભૂલતા નથી. વર્ષો સુધી, સદીઓ સુધી કે કદાચ યુગો સુધી માણસની મોટાઇનો વ્યાપ હોઇ શકે છે. માટે જ, નામ કે કીર્તિની ખેવના વિના સેવાભાવે સદ્‌કાર્યો કરતા કહીએ એ જ સાચા માનવીનો ધર્મ છે.

કવિએ સાચું જ કહ્યું છે :

નામ રહંતાં ઠક્કરો, નાણાં નહિ રહંત;
કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નહિ પડંત!

## ૧૧ : ...દુઃખમાં ન હિંમત હારવી

એક હતો રાજા. (તમે એમ વિચારશો કે હવે હું એમ કહીશ કે ‘એને સાત રાણી હતી.’ આ તો નાનાં છોકરાંને કહેવાની વાત થઈ! પણ ના, તમને નાનાં છોકરાંની વાર્તા નહિ કહું. સાંભળો ત્યારે મોટા માણસને રુચે ને પચે એવી એક નાની છતાં ઘણી મોટી વાત.) એક રાજા હતો.

એ રાજાએ પોતાના દીવાનને કહ્યું: ‘દીવાનજી, કોઇ એવું સૂત્ર આપો જે સુખ અને દુઃખ બંનેને લાગુ પડે અને જે કોઇ પણ સંજોગોમાં આપણને ખુબ મદદરૂપ બને.’

દીવાન ડાહ્યા હતા, શાણા હતા, બુદ્ધિશાળી હતા. આમેય મુખ્ય માણસ કરતાં એનો કારભારી જ વધારે ચતુર અને હોંશિયાર હોય!

ડાહ્યા દીવાને, રાજાને તાત્કાલિક જવાબ નહિ આપતાં એટલું જ કહ્યું: ‘મહારાજા, આનો જવાબ હું આપને કાલે આપીશ.’ શાણો માણસ વિચારીને બોલે.

રાજાએ કહ્યું: ‘ભલે, તમને અનૂકુળ હોય તેમ કરો.’

બીજે દિવસે રાજાએ પૂછ્યું: ‘દીવાનજી, ગઇકાલની વાતનો આજે કોઇ જવાબ...’

પણ જવાબ મૌખિક રીતે કહેવાને બદલે દીવાને રાજા સામે એક સુવર્ણપત્ર ધર્યું !

રાજાએ પૂછ્યું: ‘આ શું છે દીવાનજી?’

દીવાને કહ્યું: ‘એમાં આપની ગઇકાલની મુંઝવણનો જવાબ કોતરેલો છે મહારાજ.’

રાજાએ જોયું તો સુવર્ણ-પત્ર પર કોતરેલું હતું: ‘આ પણ વીતી જશે. **This will also Pass away.’**



સૂત્ર વાંચી રાજાને આશ્ચર્ય થયું. એના પર એમણે થોડો વિચાર કર્યો, પણ બહુ સમજ ન પડતાં કહ્યું: ‘દીવાનજી, તમારા સૂત્રનું રહસ્ય પ્રગટ કરશો? એનાથી મને જ નહિ, પુરી પ્રજાને લાભ થશે.’

દીવાને ગંભીરતાપૂર્વક કહ્યું: ‘મહારાજ, આ સૂત્ર સુખ અને દુઃખ બંનેને લાગુ પડે છે...આ પણ વીતી જશે, એટલ કે સુખનો આ સમય વીતી જશે...(પછી દુઃખ આવશે) અને દુઃખનો આ સમય પણ વીતી જશે (પછી સુખ આવશે.)’

દીવાનના કહેવાનો અર્થ રાજા બરાબર સમજ્યા. તે વિચાર કરી ધીરેથી બોલ્યા: ‘એટલે કે સુખ પછી દુઃખ આવશે...અને...અને દુઃખ પછી સુખ આવશે...એમ જ ને દીવાનજી?’

‘જી હજુર,’ દીવાન નમ્રતાપૂર્વક બોલ્યા: ‘આપ બરાબર સમજ્યા. સુખ અને દુઃખ...કશુંય સ્થાઇ નથી. એક જાય અને બીજું આવે...પછી બીજું જાય ને પહેલું આવે. સમયના વારા ફેરા ચાલ્યા જ કરે છે, મહારાજ.’

રાજા ઘણા ખુશ થયા. જીવનનું કેટલું મોટું વાસ્તવિક સત્ય દીવાનજીએ એક નાના સૂત્રમાં જણાવી દીધું-‘આ પણ વીતી જશે!’

વાત સાવ સાચી. અયોધ્યામાં કેટલો બધો આનંદ હતો...આખી નગરી આનંદથી ઝૂમતી નાચતી-ગાતી હતી; કારણ કાલે એમના પ્રાણપ્રિય પાટવી કુંવર શ્રીરામનો રાજ્યાભિષેક થવાનો હતો. રાજમહેલમાં કેવો આનંદ-સાગર લહેરાતો હતો! રાજા દશરથે પોતાના અને સૌના-પ્રિય રામને ગાદી આપી નિવૃત્તિ લેવાનું જાહેર કર્યું હતું. સર્વત્ર આનંદ અને સુખ જ સુખ પ્રવર્તતું હતું.

પણ ત્યાં જ ચિત્રમાં મંથરા આવી...એણે રાણી કૈકીયીને ભરમાવી...અને પછીનો દુઃખદ ઇતિહાસ આપણે સૌ જાણીએ છીએ. રાજગાદીને બદલે રામને વનવાસ મળ્યો! સુખનો સમય જલદી વીતી ગયો. પછી તો રામ સીતા અને લક્ષ્મણ વનની વાટે...અયોધ્યા નગરી શોકગ્રસ્ત...દશરથ રાજાનું અવસાન...સીતાનું હરણ...રામ-રાવણ યુદ્ધ...અને રામનું પુનઃ અયોધ્યા આગમન...! અને ફરી પાછી આનંદ વિભોર અયોધ્યા નગરી...રામનો રાજ્યાભિષેક...! દુઃખનો સમય વીતી ગયો ને સુખનો સૂરજ પુનઃ ઉગ્યો...!

પાંડવોનું ય એમ જ થયું ને? સુખથી રાજ્ય કરવાનું હતું ત્યાં એ સમય વીતી જવાનું નિમીત્ત બન્યું યુધિષ્ઠિર અને દુર્યોધનનું જુગટું રમવું. પછી તો જુગારમાં રાજપાટ, ભાઇઓ, પોતાની જાત...અરે, ખુદ પોતાની પ્રિય પત્ની

દ્રૌપદીને પણ યુધિષ્ઠિર જેવા ધર્મરાજા હારી ગયા...! પાંડવોના સુખનો સમય વીતી ગયો ને પામ્યા વનવાસ...અનેક સંકટો...લાક્ષાગૃહમાં બળવું ને બચવું...પછી ગુપ્તવાસ અને અંતે મહાભારતનું ભીષણ યુદ્ધ...! આવાં તો અનેક દ્રષ્ટાંતો આપણા દૈનિક જીવનમાં જોવા, જાણવા, અનુભવવા મળે છે.

આમ સમયનું ચક્ર સદા અને સતત ફરતું જ રહે છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યા જ કરે છે. માટે જ તો લગભગ એક સદી પહેલાં કવિએ કહ્યું છેઃ

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડીયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં!

પાંસઠ વરસ પહેલાં આવી સરસ કવિતા હું ભણેલો. પણ એ સમયે જ બીજા કવિએ હૃદયમાં સાચવી રાખવા જેવા કાવ્ય દ્વારા ચેતવણી અને આશ્વાસન આપતાં કહેલુંઃ

'સુખ સમયમાં છકી નવ જવું દુઃખમાં ન હિંમત હારવી,
સુખ દુઃખ સદા ટકતાં નથી એ નીતિ ઉર ઉતારવી!'

સરસ રીતે ગાઈ શકાય એવું આ બોધપ્રદ કાવ્ય પણ અમે છ દસકા પહેલા ભણેલા. (પહેલાંનાં કાવ્યો પણ કેવાં જીવનોપયોગી હતાં. નહિ?)

તો સાર એટલો કે ઊગતો સૂરજ ક્યારેક તો ડૂબે છે...ને ડૂબતો સૂરજ ક્યારેક તો ઊગે છે પણ ખરો. માટે સુખને નિરાભિમાની થઈ ભોગવો ને દુઃખનો હિંમતથી સામનો કરી એ સમયને ધીરજપૂર્વક પસાર થઈ જવા દો... **यह भी बीत जायेगा** ના મંત્રમાં વિશ્વાસ રાખો. અંધારી રાત વીતી જશે ને પૂર્વ દિશા ઝળહળતી થઈ જશે. વાવાઝોડામાં સાવચેતી પૂર્વક ટકી રહો.**This will also Pass away** એવી શ્રદ્ધા રાખશો તો આવતી કાલ તમારી હશે અને તે સુખ શાંતિ ભરી હશે.

દીવાનની વાતથી ખુશ થઈ રાજાએ એમને પોતાના ગળામાંનો સોનાનો હાર પહેરાવી દીધો! દીવાને વાત જ કરોડ ડોલરની કરી હતી ને!

આજની સંધ્યામાં આવતી કાલની ઉષા નિહાળો...એથી દુઃખ ઘણું હળવું બની જશે. આશાવાદી બનો ને સુખદ ભાવિમાં શ્રદ્ધા રાખો. દુઃખ પછી સુખ આવવાનું જ છે.

## ૧૨ : ''હું પાપ વેચું છું...!''

ચમકી ગયાને શીર્ષક વાંચીને? ચમકશો નહિ. શાંતિથી આ દ્રષ્ટાંતકથા વાંચોઃ

સંસ્કૃતના મહાન કવિ કાલીદાસનું નામ તો આપણે બધાંએ સાંભળ્યું છે. પણ આજે એમની વિદ્વતાની વાત નથી કરવી. એમના એક અનુભવનું બયાન કરવું છે. મોટા માણસોના અનુભવોમાંથી આપણને ઘણું શીખવાનું મળે છે. માટે જ તો મોટા માણસોના ચરિત્ર વાંચવા-સાંભળવાં જોઈએ.

ઠીક, તો એ કવિ કાલીદાસ એક દિવસ સાંજે બજારમાં આંટો મારવા નીકળ્યા-કદાચ 'શાકુંતલ' લખતાં લખતાં થાક્યા હશે એટલે જરા ફ્રેશ થવા, પ્રફુલ્લિત થવા નીકળ્યા હશે. બજારમાં ભાતભાતની વસ્તુઓ વેચનારા જાતજાતના વેપારીઓ પોતાનો માલ લોકોને આકર્ષે એ રીતે જમાવીને, ગોઠવીને બેઠા હતા. આ જમાનામાં પેકીંગ વગર કેરી પણ ના ખપે, ને આકર્ષક પેકીંગમાં હોય તો કાંદા ય વેચાઈ જાય! અંદરના માલ કરતાં ઉપરના આવરણને લોકો વધારે મહત્ત્વ આપે છે, - માટે જ તો મોટે ભાગે એ છેતરાય છે. ઘરની ગુણસુંદરીઓ કરતાં બહારની મેક-અપ કરેલી કુરૂપજીવિનીઓ જુવાનીયાઓને વધારે આકર્ષે છે! પતનનો માર્ગ આકર્ષક હોય તો જ લોકો લલચાય.

તો આ ભભકાભર્યા બજારમાં અનેક આકર્ષણો વચ્ચે કાલીદાસે જોયું કે એક આધેડ વયની બાઈ ગલીના વળાંક પર આકર્ષણના કશા ય ઠઠેરા કર્યા વિના બે-ત્રણ માટલાં અને માટીનાં પાંચ છ કોડિયાં લઈને બેઠી હતી. કાલીદાસને આ જોઈ કૌતુક થયું. કવિ ખરાને? 'કૌતુક થવું' એ જ તો કવિની

વિશેષતા છે. સામાન્ય માણસના મનમાંથી તો આજે ‘કૌતુક’ કે ‘અચરજ’ના ભાવ પણ જતા રહ્યા છે. એ યંત્રવત્ એવી રીતે ફરે છે કે ગંદી ગટર અને ખળખળ વહેતા નિર્મળ ઝરણા વચ્ચે એને કશો તફાવત જ નથી લાગતો! બાકી, એક કવિએ તો કહ્યું છે.... **I find Books in running Brooks** (વહેતાં ઝરણાં મારાં પુસ્તકો છે.) તમે વહેતાં ઝરણાંને વાંચી શકો છો?

એટલે જ તો કાલીદાસ જેવા મહાન કવિને આંખ આંજતા ભભકા વચ્ચે તદ્દન સામાન્યની જેમ બેઠેલી વેપારી બાઈ અને એનાં માટીનાં વાસણો જોઈ અચરજ થયું. એ બાઈની પાસે જઈ એમણે ધીરેથી પૂછ્યું :

‘બેન, તમે શું વેચો છો? આ બધાં માટલાંમાં શું ભર્યું છે?’

‘પાપ વેચું છું ભાઈ,હું પાપ વેચું છું પાપ. આ બધાં માટલાંમાં પાપ ભર્યું છે.’ જમાનાની ખાધેલ બાઈએ અર્થસભર ઉત્તર આપતાં કહ્યું : ‘તમે તો આ પાપ ખરીદો એવા લાગતા નથી.’

‘ના બેન,’ કાલીદાસે ગળાનો ખેસ સરખો કરતાં કહ્યું : ‘મારે તો પાપ કે પુણ્ય કશું ય આ બજારમાંથી નથી ખરીદવું. પણ કૃપા કરી તમે વેચો છો એ પાપનો થોડો પરિચય આપશો?’

‘હે ભલા માણસ,’ પેલી બાઈએ આદરપૂર્વક કાલીદાસને કહ્યું : ‘મારાં આ બધાં માટલાંમાં દારૂ ભરેલો છે. હું દારૂ વેચું છું!’

‘દારૂ? એટલે કે શરાબ?!’ આશ્ચર્યથી કાલીદાસે પૂછ્યું.

‘હા જી,’ બાઈએ ઠાવકાઈથી કહ્યું : ‘શરાબ.’

‘પણ એના કોઈ ઘરાક તો અહીં દેખાતા નથી!’ કાલીદાસે બીજું આશ્ચર્ય વ્યક્ત કર્યું.

‘અરે, હમણાં જરા અંધારું પડવા દોને,’ પેલી અનુભવી બાઈએ કહ્યું : ‘પછી ધીરે ધીરે અહીં ઘરાકોની લાઈન લાગી જશે ને જોતજોતામાં તો આ બધું પાપ વેચાઈ જશે. પછી ગાંડા થઈ એ મુઆ ભટકશે આખા ગામમાં.’



‘પણ બહેન,’ કાલીદાસે વિવેકથી પૂછ્યું : ‘તમારા માલને તમે ‘પાપ’ કેમ કહો છો? તમે જાતે જ એની ટીકા કરો છો!’

‘શું કરું ભાઈ? મારા બાળકોનું પેટ ભરવા આ ધંધો કરવો પડે છે. બાકી હું જાણું છું કે...’ બાઈ સહેજ અટકી.

‘કે...?’ કાલીદાસે આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

‘કે આ પીનારની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે...’ બાઈએ વિસ્તારથી કહેવા માંડ્યું : ‘એ બુદ્ધિભ્રષ્ટ માણસ પછી જરૂર પડે ચોરી કરે છે... એ વગર સંકોચ ‘જૂઠું’ બોલે છે... ‘છેતરપિંડી’ કરતાં એને સંકોચ થતો નથી... પોતાનું ‘સ્વમાન’ એ ગુમાવે છે... એ ‘ઝગડાખોર’ બની જાય છે... એ ‘વિવેકહીન’ થઈ જાય છે... એના બધા સદ્‌ગુણોનો નાશ થાય છે અને ‘આર્થિક રીતે એ ખુંવાર થઈ એ પોતાના કુટુંબને દુઃખની ગર્તામાં ધકેલી અંતે ‘રોગગ્રસ્ત’ બને છે...!’

કાલીદાસ તો પેલી બાઈની વાત સાંભળી સ્તબ્ધ બની ગયા! બોલ્યા : ‘બેન, તમે આટલું બધું સમજો છો તોય આવાં પાપ કેમ વેચો છો?’

‘શું કરું ભાઈ?’ દુઃખપૂર્વક બાઈ બોલી : ‘પાપી પેટને ખાતર કશો ધંધો તો કરવો પડે ને? અને લોકો શરાબ ખરીદવા જાતે અહીં આવે છે, હું સાદ પાડી ગલીએ ગલીએ થોડી જ ફરૂં છું?’

કાલીદાસ વિચારમાં પડ્યા : બાઈની વાત તો સાચી છે એ ઘરાકો શોધતી નથી, ઘરાકો એને શોધતા આવે છે!

એટલામાં એક ઘરાક આવ્યું, એટલે પેલી બાઈએ કાલીદાસને નમ્રતાથી કહ્યું : ‘પંડિતજી, તમે હવે જાવ... અહીં તમારું કામ નહિ...’

કાલીદાસ વિચાર કરતા રસ્તે પડ્યા. પણ સહેજ ત્રાંસી નજરે પાછળ જોયું તો પેલો મવાલી કોડિયું ગટગટાવતો હતો! પાપ...પીતો...હતો!

આજે તો સમાજની એવી અધોગતિ દેખાય છે સમજુ, સારા કે ડાહ્યા માણસોએ પાછળ ફરીને બહુ જોવા જેવું નથી. નહિ તો અનિષ્ટો જ ચોતરફ દેખાશે. એમાં જીવનમાર્ગમાં ક્યાંક કોઈ સજ્જન, સંત, મહંત, ઓલિયો નજરે પડે તો બે ઘડી વાત કરી શાંતિ પામવાની. બાકી તો બધે જ ભ્રષ્ટાચાર. એક દોહરો કંઈક આવો છે :

અવગુણ ગ્રાહક સભીજન, ગુણકે ગ્રાહક ન કોઈ;
મદિરા ઢૂંઢત લોગ સ્વયમ્, ગોરસ ઘર ઘર બિકોય.

ખરાબ વસ્તુના ગ્રાહક ઘણા હોય છે, સારી-ગણાતી ચીજ જલદી વેચાતી નથી!

'દુથ લો રે...દૂધ' કહેતી ગોવાલણી ગલીએ ગલીએ ઘૂમે છે, પણ એના ખરીદનારા ઓછા હોય છે, જ્યારે ' દારૂ લ્યો રે દારૂ,' નો સાદ પાડી વેચાણ ફરવું પડતું નથી; ગામને છેવાડે કોઈ જૂના ખોરડામાં પીઠું હોય ત્યાં પણ છાનામાના જઈને લોકો ઢીચી આવે છે! (પીઠું એટલે પૈસા ખરચી ગાંડા બનવાની દુકાન.)

ગીતાના કર્મયોગમાં  ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

धूमेना व्रियते वह्निर्यथादशो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥

જેમ ધુમાડાથી અગ્નિ અને મેલથી દર્પણ ઢંકાઈ જાય છે તથા જેમ ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે, એ જ રીતે (કામ,ક્રોધ અને ભોગ વડે) આ જ્ઞાન ઢંકાયેલું રહે છે.

આપણા અજ્ઞાન પરનું આવરણ દૂર કરીએ તો (સ્વચ્છ દર્પણમાં આપણા મુખની જેમ) આપણને આપણો સાચો ધર્મ, સાચી ફરજ દેખાશે. એક અભણ બાઈને પોતાના વેચવાના માલના અવગુણની ખબર છે, તો



પછી આપણા જેવાને-ભણેલા-ગણેલાઓને-આપણા અવુણની ખબર ન હોય? હોય જ. જરૂર છે માત્ર એ અવગુણ દૂર કરવાના મક્કમ નિર્ધારથી. મન થોડું મજબૂત કરી નિર્ણય કરીએ તો કામ અઘરું નથી. આપણા દુર્ગુણોને શોધી શોધીને દેશવટો દઈએ તો આત્મોન્નતિનાં સોપાનો ચઢવાં સરળ છે. 'ભક્તિયોગ' (અધ્યાય-૧૨)માં શ્રીકૃષ્ણ ભગવાન તો એમ કહે છે :

सर्व कर्मफल त्यागं ततः कुरु यतात्मवान् ।

'સર્વ કર્મોના ફલનો ત્યાગ કરીને મને અર્પણ કર.' પણ જે કર્મ ભગવાનને અર્પણ કરવાનાં હોય એ તો શુદ્ધ અને પવિત્ર જોઈએ ને? માટે જ માત્ર દેહશુદ્ધિ નહિ, કર્મશુદ્ધિ પણ સતત કરતા રહીએ. દારૂ ત્યાગી દૂધ પીએ તો રોગ છોડી આરોગ્ય ખરીદ્યું ગણાય.

## ૧૩ : લે, આમાં બોળીને ખા!

સામાન્ય રીતે ભિખારીને આપણે અવગણીએ છીએ, ક્યારેક એને તુચ્છકારીએ છીએ કે અપમાનિત કરીએ છીએ. જેવી આપણી વિચારધારા કે સંજોગ હોય એ પ્રમાણે સામા પ્રત્યે આપણું વર્તન હોય છે. ભિખારીને સામાન્યતઃ કોઇ આવકારે તો નહિ જ. છતાં આજે અહીં એક ભિખારીની વાત કરવાની છે. ક્યાંક વાંચેલું ટચુકડું દૃષ્ટાંત એક મોટી વાત કહે છે. મેં એ મારા શબ્દોમાં કહી છે. જો સાંભળવાને કાન અને જોવાને આંખ હોય તો સામાન્ય લાગતી વાતો ઘણાં અસામાન્ય સત્યો પ્રગટ કરે છે.

મોતીભાઇના ઘરમાં એક નાનો પ્રસંગ હતો. બધાં કુટુંબીઓ ભેગાં થયાં હતાં. વિધિને અંતે નિયમ પ્રમાણે જમણ થયું, ત્યારે એક ચિંથરેહાલ ભિખારણ આંગણે આવી ઊભી રહી અને કાંઇ વધ્યું ઘટ્યું ખાવાનું આપવા કરગરવા લાગી. આપણા ઉત્સાહમાં આપણે બીજાની લાગણી કે સંજોગનો ભાગ્યે જ વિચાર કરીએ છીએ, એજ રીતે દોઢું ખાઇને પેટે હાથ ફેરવતાં ઘણાંએ તો એ ભિખારણને સલાહ, ગાળો કે તિરસ્કાર દઈ જતા રહેવા કહ્યું. ધરાયેલાં ભૂખ્યાંની પીડા ભાગ્યે જ સમજે છે. પેલી બિચારી ભિખારણ સૌથી અપમાનિત થઈ નિરાશ વદને જવા લાગી. થોડે દૂર ગઇ ત્યાં કોઇ બેન રાતની પડેલી બે-ત્રણ ભાખરી લઈ ઓટલે આવ્યાં, અને પેલી ભિખારણને બૂમ મારી : 'અલી એય, લે.' જાણે પાણીમાં ડૂબતા માણસનો કોઇએ હાથ પકડ્યો હોય તેમ નિરાશાની ગર્તામાંથી પેલી ભિખારણ બહાર આવી અને મુખ પર આશા, ઉત્સાહ એન આભારના ભાવો સાથે લાંબે ડગલે પાછી ફરી. મિષ્ટાન્ન મળવાનો તો સવાલ જ ન હતો. પણ બે દિવસની ભૂખી ભિખારણ માટે તો રાતની ટાઢી એ ભાખરીઓ મિષ્ટાન્ન કરતાંય વધુ મીઠી હતી.





ભાખરી લઈ થોડે દૂર એક ઝાડની છાયામાં એ બેઠી ને ભાખરીનો સૂકો ટૂકડો ખાવાની શરૂઆત કરે એ પહેલાં જોયું કે જ્યાંથી પોતાને ''ભાખરી દાન'' મળ્યું હતું એ જ ઘેરથી બીજા એક ભિક્ષુક હડધૂત થઈ શિથિલ પગલે એ વૃક્ષના છાંયે ઘડી બેસવા આવી રહ્યો હતો. ચાલીસેક વર્ષનો એ ભિખારી દુઃખના ભારથી દબાઇને પચાસેક વર્ષનો તો સહેજે લાગતો હતો. જૂનાં કપડાંમાં ઢાંક્યા દેહને વેંઢારતો એ એકથી બીજી જગાએ આખો દિવસ રઝળપાટ કરી પેટ ભરતો હશે એમ પ્રથમ નજરે જ લાગતું હતું. પેલી ભીખની ભાખરીમાંથી દોઢ ભાખરી એની તરફ ધરતાં પેલી ભિખારણે કહ્યું : 'લે, ખા.'

પેલા ભિખારીને સંકોચ થયો. એ પોતે જ માગીને લાવી છે ત્યાં એનામાં ભાગ કેવી રીતે પડાવાય એવા વિચારે એને સ્વાભાવિક જ સંકોચ થયો. માણસાઇ ભિખારીમાંય હોય છે; ઘણીવાર તો વધારે!

પણ એનો સંકોચ દૂર કરવા પેલી ભિખારણે ભાવથી કહ્યું : 'લે, ખા, બહુ ભૂખ્યો થયો હોઇશ...' બપોર થવા આયો છે' અને છેલ્લે ઉમેર્યું : 'આ ખાવાનું ય ત્યાંનું જ છે!' 'ત્યાંનું જ' એટલે 'તું જે ઘેર માગવા ગયો હતો અને જ્યાંથી અપમાન સિવાય તને કાંઇ ન મળ્યું એ ઘરનું જ છે,' એમ એ કહેવા માગતી હતી.

અજાણી ભિખારણનો સમભાવ જોઇ ભિક્ષુક ભાવ અને આદરપૂર્વક એની પાસે બેઠો. એણે જોયું કે ભિખારણ પાસે કોરી લૂખી ભાખરી જ છે - ન શાક, ન દાળ કે કઢી. એટલે એણે પોતાની મેલી ઘેલી ઝોળીમાંથી એક એલ્યુમિનિયમનું ડબલું કાઢ્યું. એમાં દાળ હતી. પોતાની પાસેના વાટકામાં અડધી દાળ રેડી પેલા ભિખારીએ પોતાની સહદુઃખીયારીને આપતાં કહ્યું : 'લે, આમાં બોળીને ખા.' ભિખારીની આ દાળ પણ ભીખની જ હતી.

અને ત્યારે એ બળબળતી બપોરે, વૃક્ષની છાયામાં દૃષ્ટિ હોય તેને માટે

એક અનુપમ દશ્ય સર્જાયું : બે અજાણ્યાં ભિક્ષુકો એક બે મિનીટમાં જ એવાં પરિચિત થઈ ગયાં કે ભિખની મળેલી એકની ભાખરી ને બીજાની દાળ સાથે આરોગતાં એ ભિક્ષુકો કોઈ પંચતારક હોટલમાં બેસી મોંઘો દાટ નાસ્તો કરતાં કો આધુનિક યુવક-યુવતીના જોડા કરતાંય વધારે આકર્ષક લાગતાં હતાં! કારણ કે અહીં આ ઝાડ નીચે જે માનવતા, લાગણી, સ્નેહ, વિવેક અને સજ્જનતાનું નિર્મલ દશ્ય જોનારની આંખને પવિત્ર અને હૃદયને ધન્ય કરતું હતું એનો અંશ માત્ર પણ પેલી પંચ-તારક, હોટેલોમાં બેસી આછકલાઈ કરી પૈસાનું પ્રદર્શન કરતાં કહેવાતાં મોટાં માણસોમાં ક્યાં હતો? ત્યાં તો હતાં માત્ર ભપકો, કૃત્રિમતા, બનાવટ, છેતરપિંડી અને ઉદ્ધતાઈ. ત્યાં માણસાઈનાં નહિ, પશુતાનાં દર્શન થાતાં હતાં. જ્યારે અહીં, પ્રકૃતિની ગોદમાં પશુ જેવાં લાગતાં માનવો વચ્ચે પ્રગટતા માણસાઈના દીવાનાં દર્શનની તો એ ઝાકમઝાળ રોશનીમાં ઝલક પણ ક્યાંથી દેખાય? અજવાળે અંધારું હતું ત્યાં તો!

જરા વિચાર તો કરોઃ એક ભૂખી ભિખારણ ભીખમાં મળેલી ભાખરી કોઈ બીજા અજાણ્યા ભિખારીને સામેથી બોલાવી સમભાવથી આપે અને કહે કે ‘લે, ખા, ઘણો ભૂખ્યો થયો છે તું.’ આવી ઉદારતા, આટલી માણસાઈ અને આવો સમભાવ આપણા કહેવાતા સભ્ય સમાજમાં, આપણા સાધન સંપન્ન સુખી લોકોમાં છે ખરાં? જો તમારો જવાબ ‘હા’માં હોય તો તમે તમારી જાતને ધન્ય માનજો. પણ બહુધા તો જવાબ ‘ના’માં જ હશે. એ ‘ના’ જવાબ પર વિચાર કરી એનું કારણ શોધવા પ્રયત્ન કરજો. આટલી માનસિક કસરત કરશો તો દિવાળીના આ દિવસોમાં હૃદયમાં જરૂર દીવો પ્રગટશે અને એક પ્રગટ દીવો બીજા દીવાને પ્રગટાવે છે... બીજો ત્રીજાને... ત્રીજો ચોથાને...! અને એમ દીવાની અનંત હારમાળા સરજાય. એમ થાય તો તો દીપોત્સવીનો આનંદ જ આનંદ! ખરૂંને? એમ થાય એ જ સાચી રોશની!

હૃદયની ઉદારતા એ સાધન સંપન્ન લોકોનો ઈજારો નથી. વળી ભિખારીઓ હંમેશા માણસાઈ વિનાના હોતાં નથી !

## ૧૪ : ઈશ્વરના આરાધક બનીએ.

સુધાંશુજી મહારાજે એક સરસ દ્રષ્ટાંત કહ્યું હતું. હું એને મારી રીતે કહુંઃ

અકબરના દરબારમાં નવ રત્નો હતાં, એમાંનું એક રત્ન એટલે મહાન સંગીતકાર-ગાયક તાનસેન. એના ગાનથી બધા જ મંત્ર મુગ્ધ થઈ જતા. અકબર બાદશાહના એના પર ચારેય હાથ હતા.

એક દિવસ અકબરે તાનસેનને કહ્યુંઃ ‘તાનસેન, તું આવું સરસ ગાય છે જેથી મારે તારા ગુરુને સાંભળવા છે. જેણે આવો સુંદર ગાયક જગતને આપ્યો એ ગુરુ કેવું ગાતા હશે!’

તાનસેને કહ્યુંઃ ‘જહાંપનાહ, મારા ગુરુ કાંઈ જ્યારે કહીએ ત્યારે ગાવા ના માંડે...એ તો મનમોજી કલાકાર છે...ફાવે તો આખો દિવસ ગાય, નહિ તો દિવસો સુધી મૌન રહે. વળી એ તો ભગવાન માટે જ ગાય છે...એટલે એમને સાંભળવા હોય તો આપે એક ઝાડીમાં છૂપાઈ રહેવું પડશે. કદાચ ગુરુની મોજ થઈ જાય તો આપને અલભ્ય, લાભ મળી પણ જાય.’

અકબર બાદશાહે તાનસેનની વાત સ્વીકારી. પછી બંને જણ પહોંચ્યા ગુરુ હરિદાસના આશ્રમે. આશ્રમથી થોડે દૂર અકબર બાદશાહ ઝાડીમાં ધ્યાનથી બેઠા. તાનસેનને ખબર હતી કે ‘હું જઈને કહીશ તેથી કાંઈ ગુરુ ગાવા માંડશે એમ તો માની ન શકાય.’ એટલે તાનસેને યુક્તિ કરી. તાનપુરો હાથમાં લઈ તાનસેને એક રાગ છેડયો, પણ જાણી જોઈને ભૂલ ભરેલો! ગુરુ હરિદાસે આ ખોટો રાગ સાંભળ્યો ને એમનાથી ન રહેવાયું. એમના જેવા મહાન કલાકાર ભૂલભરેલું સંગીત કેમ સહન કરી શકે? એમણે પોતાનો

તાનપુરો હાથમાં લીધો ને તાનસેને છેડેલો રાગ વગાડવો શરૂ કર્યો. તાનસેનની યુક્તિ સફળ થઇ. ગુરુએ તાનસેનની ભૂલ સુધારી અદ્‌ભૂત ગાયું- વગાડ્યું! ગુરુ હરિદાસે જે ગાયું વગાડ્યું એવું દિવ્ય સંગીત કોઇ મહા ભાગ્યશાળીના નસીબમાં જ સાંભળવાનું હોય! ઝાડીમાં બેઠેલા અકબર બાદશાહ પણ આ દિવ્ય સંગીતની અસરમાં એવા તો ખોવાઇ ગયા કે સ્થળ કાળનું ભાન વિસરી અલૌકિક દુનિયામાં ઘૂમી રહ્યા! અંતે રાગ પુરો થયો. સ્વામી હરિદાસે તાનસેનને કહ્યુંઃ 'બેટા, આમ વગાડાય અને આવું ગવાય. તારી સાધના આજે ઉણી ઉતરી!' તાનસેન ગુરુના ચરણે પડી ગયો ને ક્ષમા યાચી રહ્યોઃ 'ગુરુજી, આજે અમે ધન્ય થઇ ગયા!'

પછી તાનસેન અકબર પાસે પહોંચ્યા ત્યારે મંત્રમુગ્ધ બાદશાહે કહ્યુંઃ 'તાનસેન, આજ સુધી હું એમ માનતો હતો કે તારા જેવો કલાકાર દુનિયામાં બીજો કોઇ નથી, પણ આજે કહી શકું છું કે તારા ગુરુ જેવા મહાન કલાકાર દુનિયામાં કોઇ નથી. ધન્ય છે એમની સંગીતવિદ્યાને... કેવી રીતે નિપજતું હશે આવું દિવ્ય સંગીત?!' તાનસેને ધન્યતા અનુભવતાં કહ્યુંઃ 'જહાંપનાહ, હું તો આપના દરબારનો ગાયક છું, પણ મારા ગુરુજી તો સમગ્ર સૃષ્ટિના રચયિતા એવા ઈશ્વરના દરબારના ગાયક છે... એ ગાય તોય ભગવાન માટે જ. જગતના લોકો એમની કલાથી ખુશ કે નાખુશ થાય એની એમને કશી જ દરકાર નથી. કારણ, ભગવાન સિવાય એ કોઇની ખુશામત કરતા નથી...

અકબરે એ મહાન કલાકારની કુટિરને વંદન કર્યાં ને બંને વિદાય થયા.

સાચા કલાકારની કલાનું પ્રાગટ્ય માત્ર ઈશ્વર માટે જ થાય છે. એ લખે છે તો ઈશ્વર માટે, ચીતરે છે તો ઈશ્વર માટે અને ગાય છે તોય ઈશ્વર સિવાય એ કોઇને આરાધતો નથી કે કોઇની ખુશામત કરતો નથી. દુન્યવી લાભ એને માટે વર્જ્ય છે. આવા મહાન સાધકો જ કલાના શિખર પર પહોંચી શકે છે. ગુરુ હરિદાસની જેમ માત્ર ઈશ્વરના દરબારના કલાકાર જ બની રહેવું સહેલું નથી; છતાં એ અશક્ય પણ નથી. સમયાંતરે જગતમાં આવા મહાપુરુષો પાક્યા જ કરે છે.



આના અનુસંધાનમાં એક બીજું દૃષ્ટાંત પણ યાદ આવે છે. ટૂંકમાં કહું:

એક ગામની ભાગોળે કોશિયો કોશ ફેરવતો હતો. કોશના 'કિચૂડ કિચૂડ' અવાજ વચ્ચે કોશ ફરતો જાય ને પાણીની ડોલો ઠલવાતી જાય...એટલામાં એક ઘોડેસ્વાર રાજા પોતાના ઘોડાને પાણી પાવા ત્યાં થોભ્યો...ઘોડો નિર્મળ જળ પીવા તો લાગ્યો, પણ કોશના કિચૂડ...કિચૂડ અવાજથી એ થોડું ચમકતો ને રોકાતો હતો...બે કાન ઊંચા કરી એ આસપાસ જોતો. રાજાએ કોશિયાને કહ્યુંઃ 'અવાજ બંધ કરો.' કોશિયાએ કોશ બંધ કર્યો. અવાજ બંધ થયો, પણ એથી પાણી આવતું ય બંધ થયું. રાજાએ કહ્યુંઃ 'અવાજ બંધ રાખી પાણી આવવા દો.' કોશિયો બોલ્યોઃ 'પાણી જોઇતું હતું હશે તો અવાજ તો થશે ભાઇ સાહેબ, તમારા ઘોડાને પુચકારીને અવાજની ટક ટક વચ્ચે પાણી પીવાની ટેવ પાડો.' રાજાએ એમ કર્યું ને ઘોડાએ પાણી પીધું.

અભણ કોશિયાની વાત આપણેય સમજવા જેવી છે. કોઇ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સંસાર છોડી વનમાં જવાની જરૂર નથી. સંસારમાં ટક...ટક, માથાકુટ, સુખ-દુઃખ અને અનેક પ્રકારની ગરબડ વચ્ચે જ આપણે આપણા આત્મારૂપી ઘોડાને આપણા લક્ષ્ય પ્રત્યેનું પ્રગતિરૂપી જલ પાવાનું છે. મહાન પુરુષો સંસારમાં રહીને જ, સાંસારિક ફરજ નિભાવતાં નિભાવતાં જ મોટી સિદ્ધિઓ હાંસલ કરી શક્યા છે. સંસારી નરસિંહ મહેતા સદેહે સ્વર્ગમાં જઇ આવ્યા હતા...સાંસારિક ઝેર જાણીને પીતાં પીતાં જ મીરાંએ શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કર્યો હતો. ભગવાન તો એમ કહે છેઃ 'સંસારમાં સરખો રહે ને મન મારી પાસ.' મહાન લેખકો, કવિઓ, વૈજ્ઞાનિકો, કલાકારો આ સંસારમાં રહેવા છતાં મહાનતા પ્રાપ્ત કરી શક્યા. 'અવાજ વચ્ચે ઘોડાને પાણી પીવાની ટેવ પાડો.' સંસારની ફરજો નિભાવતાં નિભાવતાં જ પ્રભુને પામવાનું લક્ષ રાખો. મહાન સંગીતકાર તાનસેન અને એના એથીય મહાન ગુરુ હરિદાસ આ સંસારની જ નિપજ છે.

સમજવા જેવી વાત એ છે કે – જગત આખું ઈશ્વરનો દરબાર છે, અહીં ઈશ્વરને પ્રત્યક્ષ રાખી બધી પ્રવૃત્તિઓ કરો, ઈશ્વરના આરાધક બનો, એ વાલીયાનેય વાલ્મિકી બનાવી શકે છે!

## ૧૯ : તદર્થં કર્મ કૌન્તેય...

શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસુ હોય પણ એ બ્રાહ્મણ રોજ વહેલી સવારે નદીના ઠંડા પાણીમાં અચૂક નાહવા જાય. એવું જ સાંજે પણ નાહી આવે. શિયાળાની કડકડતી ઠંડીમાં નદીમાં ઠંડા પાણીમાં સ્નાન કરવું કાંઈ સહેલું નથી. અરે, ક્યારેક તો એ અશક્ય લાગે એવું કપરું કામ છે. એ જ રીતે ચોમાસાની હેલીમાં ય વરસાદમાં નહાવાને બદલે એ બ્રાહ્મણ નદીમાંજ ઠુંઠવાતા ઠુંઠવાતા નાહી આવે ને પછી ‘હરિ ૐ, હરિ ૐ’ કરતો કરતો, અર્ધું ચાલતો, અર્ધું દોડતો, ધ્રૂજતો ધ્રૂજતો ઘરમાં પેસી જાય! કેવી આકરી તપશ્ચર્યા કહેવાય આ ભૂદેવની! ગામ લોકો આ દ્રષ્યથી ટેવાઈ ગયેલા, એટલે બ્રાહ્મણની ભક્તિને માનપૂર્વક સન્માનતા. તેથી દિવસે ભિક્ષા લેવા આવે ત્યારે એ મહારાજનને સૌ આદરપૂર્વક મૂઠી ચોખા કે વાટકી લોટ આપતાં.

એક દિવસ એક શ્રમજીવી બાઈ નદી કિનારેથી પસાર થતી હતી. માગસર માસની દેહ-ધ્રૂજાવતી ટાઢ હતી, ત્યારે પેલો બ્રાહ્મણ ‘હૂ...હૂ...હૂ’ કરી નદીમાં ડૂબકી દઈ બહાર આવતો હતો. પેલી બાઈએ આ જોયું. બીજાની જેમ એણે જોયું ન જોયું ન કર્યું. એણે તો બ્રાહ્મણને ટોક્યોઃ

‘મહારાજ, આવી ઠંડીમાં નદીના ટાઢા પાણીએ શા માટે નાહો છો? તમારા જીવને કેટલું બધું દુઃખ પહોંચાડો છો તમે?’

પેલા બ્રાહ્મણનું મગજ ગયું. એ બરાડી ઉઠ્યોઃ ‘જીવ મારો છે કે તારો? એને દુઃખ પહોંચાડું એમાં તારું શું જાય છે?’

‘માફ કરજો મહારાજ’, પેલી શ્રમજીવી બાઈ પણ અજ્ઞાની નહોતી, એટલે એણે બ્રાહ્મણને કહ્યુંઃ ‘તમારો કે મારો જીવ એ આપણી માલિકીના



નથી, ભગવાનની દીધેલી ભેટ છે એ. માટે એ બહું મોંઘા છે, એટલે એ જીવોનું જતન કરી જાળવવાની આપણી ફરજ છે.’

‘બહુ ડાહી બોન તું’, બ્રાહ્મણે જરા ચીડાઈને કહ્યુંઃ ‘તને ખબર છે? આ પવિત્ર નદીમાં નહાવાથી આપણાં પાપ ધોવાઈ જાય.’

જરા વિચારમાં પડેલી બાઈએ કહ્યુંઃ ‘મહારાજ, આ પાણીમાં નહાતાં પાપ ધોવાઈ જાય તો એની સાથે પુણ્ય પણ ના ધોવાઈ જાય?’

આ શ્રમજીવીબાઈનો પ્રશ્ન સાંભળી બ્રાહ્મણ ગુંચવાયો. ઘડીવાર માટે એને ય થયુંઃ ‘બાઈ કહે છે તો સાચું...પાપ સાથે પુણ્ય પણ ના ધોવાઈ જાય? તો...તો...’

પણ ટાઢે ધ્રૂજતા બ્રાહ્મણે મુંઝવણ દૂર કરવા ચીડાઈને કહ્યું : ‘તું છાનીમાની જા તારે કામે, તને આમાં હમજણ ના પડે. તેં કોઈ શાસ્ત્ર વાંચ્યાં છે તે ડા’પણ કરે છે?’

‘મને આમાં હમજણ ના પડે એ તમારી વાત તો હાચી મહારાજ’, બાઈએ નમ્રતાથી કહ્યું : ‘મેં કોઈ શાસ્તર વાંચ્યાં નથી એ ય હાચું; એટલે હું તો એટલું જાણું મા’રાજ કે બાવળ વાવીએ તો ડંખીલા કાંટા ખાવા પડે ને ગોટલો વાવીએ તો મીઠી કેરી ખાવા મળે.’ સહેજ અટકી, જતાં જતાં છેલ્લે એ બાઈએ ઉમેર્યું : ‘કરમ કોઈનેય છોડતું નથી.’

એ બાઈ તો રસ્તે પડી, પણ પેલા ધ્રૂજતા બ્રાહ્મણને ગુંચવણમાં નાખતી ગઈ. ‘કરમની ગતિના વમળમાં હજી ય એ બ્રાહ્મણ ગુંચવાયેલો ભમ્યા કરે છે! તમને ક્યારેક, ક્યાંક એ મળી પણ જાય! આ શ્રમજીવી, શાસ્ત્રો નહિ વાંચેલી અભણ બાઈ તો પોતાને શાસ્ત્રી માનતા બ્રાહ્મણને ય જાણે ગીતાના કર્મયોગનો પેલો ગુરુમંત્ર શીખવી ગઈ :

**तदर्थं कर्म कौन्तेय मुक्त संगः समाचर**

(હે અર્જુન, તું આસક્તિથી છૂટીને પ્રભુપ્રીત્યર્થે જ કર્મ કરવા માંડ.)

એક શ્રમજીવી બાઈની આ સાદી ફિલોસોફીને વધારે વિગતે સમજાવવાની જરૂર છે? એણે તો સદ્રષ્ટાંત કહ્યું કે 'બાવળ વાવો તો કાંટા મળે ને ગોટલો વાવો તો કેરી મળે.'આટલામાં જ કર્મનો સિદ્ધાંત સમાઈ ગયો. એણે તો એની ગામઠી ભાષામાં કહી જ દીધું : 'કરમ કોઈને ય છોડતું નથી...!'

પણ આ નિયમમાં શ્રદ્ધા રાખ્યા વિના આપણે આડેધડ કર્મો કરી કાંટા વાવીએ છીએ, કારણ કે કર્મનો બદલો ક્યારે ને કેવી રીતે મળે એની આપણને ખબર નથી. એમ ન હોય તો આતંકવાદીઓ હજારો નિર્દોષોને અકારણ વધેરી નાખે ખરા? પણ બાવળ વાવતામાંજ કાંટા વાગતા નથી ને ગોટલો વાવતામાં જ કેરી ખાવા મળતી નથી. જે વાવીશું તે સમય આવે લણવું તો પડશે જ.આ તો ભાઈ, 'ઋતુ આવે ફલ હોય' એના જેવું છે. સમય આવે ત્યારે જ અને ત્યારે જ ફળની પ્રાપ્તિ થાય છે. એ માટે ધીરજ જોઈએ...ભગવાનની રચનામાં વિશ્વાસ જોઈએ. એ ધીરજ, એવો ને એટલો વિશ્વાસ નરસિંહ મહેતામાં હતો. 'મોસાળું કરશે શ્રી હરિ' એવું ખાખી બાવા જેવા નરસિંહ મહેતાએ પુત્રીને કહેલું. એવો વિશ્વાસ મીરાંને હતો. ઝેરને અમૃત જાણીને  મીરાં પી ગયાં હતાં- એમ કહીને કે 'જેને સહાય શ્રી વિશ્વનો નાથ!'

આ શ્રદ્ધા, આવો વિશ્વાસ પ્રાપ્ત કરવા આપણે સાધના કરવી પડે. સાધના વિના સિદ્ધિ ક્યાં છે? વળી તત્કાલ લાભને જોનારા આપણે સાચા સુખને ય ક્યાં ઓળખીએ છીએ? હવેલી મળે તો ગુજરાત ગુમાવી દેનારા આપણે પાપ-પુણ્યની ભેદ રેખાને ય સમજી શકતાં નથી!

માટે યાદ રાખવું જોઈએ કે –

પાપ ધોતાં આપણું પુણ્ય ના ધોવાઈ જાય એની કાળજી રાખવી જોઈએ. એ માટે પાપ અને પુણ્યની ભેદ-રેખા જાણવી પણ જરૂરી છે.

## ૧૬ : આઝાદીની રક્ષા કરશું

એક પ્રસંગ વાંચ્યો હતો. આજના સમયમાં એ બહુ ઉપયુક્ત છે.

પ્રથમ વિશ્વયુદ્ધ પછીની વાત છે. જર્મની હારીને બેહાલ થઈ ગયું હતું. દેશ આખો ખુવાર થઈ ગયો હતો. ધંધા ઉદ્યોગ પડી ભાંગ્યા હતા. લોકોને રોજગારીની ય મુશ્કેલી હતી. પ્રજાનું જીવન યાતનામય હતું.

એવા કપરા સમયમાં જર્મનીની એક સ્ટીમર આફ્રિકાના દારેસલામ બંદરે પહોંચી. ધંધાની ગતિવિધિમાં એ ત્યાં ગઈ હતી. ત્યારે સ્ટીમરના એક કર્મચારીને કોઈએ પૂછ્યું : 'તમને શું પગાર મળે છે?'

કર્મચારી સહેજ વિચારમાં પડ્યો. પછી બોલ્યો : ''જુઓ ભાઈ, મારો દેશ અત્યારે બહુ કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે.યુદ્ધને કારણે સ્વાભાવિક રીતે જ ધંધા ઉદ્યોગ ભાંગી પડેલા છે, એટલે સરકાર માટે લોકોને પગાર આપવાની ઘણી મુશ્કેલી છે. એટલે આમ જોઈએ તો મને કશો જ પગાર મળતો નથી...પણ ભાઈ'', પેલા કર્મચારીએ સહેજ અટકીને કહ્યું : ''મને ખાવા પીવાનું સ્ટીમર કંપનીમાંથી મળે છે, અરે, મારાં કપડાં ય કંપની આપે છે, મારાં બાળકોને ભણાવવાની અને એમના ભરણ પોષણની જવાબદારી સરકાર ઉપાડે છે. પછી મારે પગારની જરૂર પણ શી છે? દેશ ફરી બેઠો થશે ત્યારે ફરીથી પહેલાંની જેમ બધું જ મળતું થઈ જશે! એટલે અત્યારે પગાર મને કશો જ મળતો નથી...પણ એની મારે જરૂર પણ નથી. પહેલાં મારા દેશને બેઠો કરવાની અમારી ફરજ છે.'' અને પછી દૂર ક્ષિતિજમાં નજર નાખતાં જાણે ભવિષ્ય ભાખતો હોય તેમ એ જર્મન કર્મચારી આંખમાં ચમક સાથે જાણે સ્વગત કહેતો હોય એમ ધીરેથી બોલ્યો : ''મને ખાત્રી છે...મારો દેશ બહુ જલદી...ફરી બેઠો થઈ જશે...!''

અને સાચી વાત છે, આવા દેશ પ્રેમીઓ જ્યાં વસતા હોય એવો દેશ ગમે તેવી કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈને પણ ફરી ઊભો થઈ જાય એમાં શી નવાઈ? વગર પગારે નોકરી કરી દેશના કામમાં લાગી જનારા નાગરિકો જ્યાં સમર્પણની ભાવનાથી કામ કરતા હોય એ દેશને દુનિયાના નકશામાં ઊંચું સ્થાન મળતાં વાર લાગતી નથી. આવા દેશદાઝવાળા નાગરિકો જ દેશનો ઉદ્ધાર કરી શકે.

ક્યાં એક જર્મન સ્ટીમરનો સામાન્ય પણ દેશભક્તિથી છલોછલ હૃદયવાળો કર્મચારી અને ક્યાં હજારો નહિ, લાખો નહિ, હવે તો કરોડોનાં કૌભાંડો કરતા ઊંચા હોદ્દાવાળા આપણા દેશના કર્મચારીઓ! આજે તો દેશમાં ભ્રષ્ટાચારની ગંગોતરી ઉપરથી ઉતરીને વહેતી વહેતી ઠેઠ સાગરના તટ સુધી પહોંચી છે. અપવાદરૂપ હોય તેવા સારા ને પ્રામણિક નાગરિકો કે કર્મચારીઓને આપણી લાખ સલામ! બાકી, બધા જ નાના મોટા કર્મચારીઓ, અધિકારીઓ, વેપારીઓ- સૌને જ્યાંથી જે અને જેટલું મળે તે લૂંટવામાં જ પડ્યા છે. કરોડોથી નાનું કૌભાંડ થતું નથી ને લાખોથી નાના કડદા નથી થતા! અપ્રામાણિક માણસો જોતજોતામાં ધનમાં આળોટતા થઈ જાય છે અને અનીતિના પૈસામાંથી અનેક પ્રકારના ભ્રષ્ટાચાર, દુરાચાર, શરાબ અને સુંદરીની મહેફિલો જામે છે. અરે, દેશદ્રોહની પ્રવૃતિઓ પાંગરે છે ને સામાન્ય જનતા તથા પ્રામાણિક માણસો અસહ્ય યાતના સહે છે. દેશ આખો ભ્રષ્ટાચારીઓથી ખદબદે છે ને અનાચારીઓથી પિસાય છે! અનીતિ આચરવાની જાણે હરીફાઈ ચાલી છે!

પેલા જર્મન સ્ટીમરના સામાન્ય કર્મચારીમાં હતી એવી દેશદાઝ આજે પ્રત્યેક ભારતીયમાં જાગવી જરૂરી છે. દેશ અત્યારે કપરા કાળમાંથી પસાર થઈ રહ્યો છે. નાપાક પડોશી અતિ નાપાક પ્રવૃતિઓ આપણા દેશમાં અહર્નિશ આચરે છે ને દુનિયાના મૂડીવાદી દેશો પોતાનું સ્વાર્થી રાજકારણ ખેલી, દૂધ અને દહીંમાં પગ રાખી ભારતને ભીસમાં લેવાના પેંતરા કરી,



એની પ્રગતિને સતત અવરોધવા દ્વેષભાવયુક્ત કરતુતો કરે છે, કરાવે છે, ત્યારે પ્રત્યેક ભારતીયની ફરજ છે કે બીજુ કાંઈ નહિ તો એ પ્રમાણિક બને,જ્યાં હોય ત્યાં પોતાની ફરજ પ્રમાણિકપણે અને નિષ્ઠાથી બજાવે. પોતાનો દેશ સલામત હશે તો જ પોતે પણ ટકશે એ વાત એણે સદા સ્મરણમાં રાખવી જોઈએ. દરેક નાગરિકનું નાનું સરખું સદ્કાર્ય અને થોડીસી ત્યાગવૃત્તિ દેશને આબાદીને શિખરે લઈ જઈ શકશે. સુભાષ અને ભગતસિંહનો દેશ, સરદાર અને ગાંધીજીની ભૂમિ, લાલ-પાલ અને બાલની ધરતીનાં સંતાનો પોતાના દેશનો અને પોતાના સમાજનો દ્રોહ કેવી રીતે કરી શકે?આવો, આજે આપણે સૌ મનોમન પ્રતિજ્ઞા કરીએ કે-

એક થઈને કામ કરીશું દેશની આબાદી માટે,
આઝાદીની રક્ષા કરશું, અમ સૌ શિરને સાટે!

## ૧૭ : 'મને સાચું બોલવાની કુટેવ છે...!'

ઘણાં વર્ષો પહેલાં કહેલું એક દ્રષ્ટાંત આજના વાતાવરણમાં પુનઃ કહેવાનું મન થાય છે.

એક ધનાઢ્ય પિતાનો એકનો એક પુત્ર પરણાવવા લાયક બન્યો હતો. પિતાની પ્રતિષ્ઠા અને પૈસાના જોરે ઘણા ગેરલાયક દીકરાઓ પણ પરણી જાય છે. પછી જે થાય તે ખરી! આ દીકરો ય ક્યાનોય પરણી ગયો હોત પણ...

પણ એના પિતા ડાહ્યા માણસ હતા. પુત્રનાં લક્ષણ એ સારી રીતે જાણતા હતા. કોઇને છેતરવામાં એ માનતા નહોતા. આવા પ્રમાણિક માણસો બહુ ઓછા જોવા મળતા હોય છે.

એમના પુત્ર માટે એકવાર કન્યાવાળા ચાર-પાંચ જણ પૂછવા ગયા. ઔપચારિક સ્વાગત બાદ શેઠે આગંતુકોને આવવાનું કારણ પૂછ્યું : 'આપ સૌએ આવવાની કૃપા કરી એનો આનંદ છે...હું આપની શું સેવા કરી શકું?'

આવનારામાંના એક મૂખ્ય પ્રવક્તાએ કહ્યું : ''એમ છે કે શેઠ, અમે આપના પુત્ર સાથે અમારા આ નાનાભાઈ-જ્યોતીષભાઈની દીકરીનો વિવાહ કરવાની વિનંતી કરવા આવ્યા છીએ. આપના જેવા સજ્જન સગા મળે તો અમારી દીકરી ધન્ય થઇ જાય.''

શેઠ મરમમાં થોડું હસ્યા. પછી બોલ્યા : 'જુઓ ભાઈ, તમે મારા દીકરાનુ માગું નાખીને મને ગૌરવ અપાવ્યું છે. એ માટે હું આપનો આભારી છું. આપના જેવા સગા મળે એ મારા માટે પણ ઘણા આનંદની વાત છે. પણ...'



'પણ શું શેઠ?' અધિરાઈથી કન્યાપક્ષવાળાએ પૂછ્યું. એમને થયું કે રખેને એક સારો સંબંધ હાથમાંથી જતો ન રહે.

'પણ...જુઓ ભાઈઓ...' સહેજ અટકી શેઠ બોલ્યા : 'પણ મારા દીકરામાં એક કુટેવ છે...'

'કુટેવ?...કેવી કુટેવ...? આપના દીકરામાં વળી કુટેવ કેવી?' કન્યા પક્ષવાળઆઓએ જુદા જુદા પ્રત્યાઘાતોથી પૂછ્યું.

'બહુ મોટી વાત નથી,' શેઠે શાંતિથી કહ્યું : 'પણ મારા દીકરાને ડુંગળી ખાવાની કુટેવ છે.'

'ઓહો,' શ્વાસ નીચો મૂકતાં કન્યાપક્ષવાળા બોલ્યા : 'ડુંગળી ખાય છે એમાં શું થઇ ગયું? એ કાંઇ કુટેવ ન કહેવાય.'

'ડુંગળી તો અમે બધાય ખાઈએ છીએ,' એમાંના એક જણે કહ્યું.

'અને મારો દીકરો ડુંગરી કાંઇ રોજ નથી ખાતો હોં,' પિતાએ ઠાવકાઈથી કહ્યું : 'એ તો ક્યારેક શરાબ પીધો હોય તો જ ડુંગળી ખાય છે!'

'હેં...એં...એં...!' કન્યાપક્ષવાળાનું મોં આશ્ચર્યથી ખુલ્લું રહી ગયું : 'તમારો દીકરો શરાબ પીએ છે?!'

'અરે ભાઇ,'પિતાએ વાતને હળવી બનાવતા કહ્યું : 'મારો દીકરો બિચારો કાંઇ રોજ થોડો જ શરાબ પીએ છે? એ તો કોઇ વાર જુગારીઓ સાથે રમવા બેસી ગયો હોય ત્યારે સ્વાભાવિક છે કે રમતાં રમતાં થોડો શરાબ પી લે.'

'હેં...એં...એં...?' આગંતુકોનાં મોં ફરી ખુલ્લા રહી ગયાં : 'તમારો દીકરો જુગાર પણ...!'

'જુઓ ભાઈઓ,' શેઠે ઠાવકાઈથી કહ્યું : 'તમે દરેક વાતે આશ્ચર્યમાં પડી જાવ તે ન ચાલે. કારણ કે મારો દીકરો કાંઇ કાયમ જુગાર રમતો નથી.'

'તો...?' એક મહેમાને હિંમતથી પૂછી નાખ્યું.

'એ તો એવું કે એને પૈસાની જરૂર હોય અને ઘરમાંથી ચોરી કરવાનો ઘાટ ન બેઠો હોય ત્યારે કોઇ જગાએ હાથ અજમાવવા પ્રયત્ન કરે પણ ખરો. કદાચ જુગાર પણ રમી નાખે.'

'અરે રામ રામ...!' બીજા એક જણે નિઃશ્વાસ નાખતાં કહ્યું : 'તમારો દીકરો ચોરી પણ કરે છે?'

'એમાં રામ રામ શું વળી?' પિતાએ પુત્રના એક વધુ લક્ષણ પર પ્રકાશ નાખતાં કહ્યું : 'આજકાલની આધુનિક ગણિકાઓના ભાવ તો કેવા ભારે હોય છે...'

'એટલે...?' અધવચ્ચે જ એક અધિરાએ પૂછ્યું.

'એટલે એમ કે કોઇ રાત્રે ગણિકા પાસે જવું હોય અને પૈસા ન હોય તો ચોરી સિવાય કોઇ ઉપાય ખરો?' પિતાએ પ્રશ્નના રૂપમાં જવાબ આપ્યો.

ત્યારે આગંતુકોમાંના મૂખ્ય માણસે બીજા બધાંને ઊભા થવા હાથનો ઈશારો કર્યો ને શેઠને કહ્યું : 'શેઠ, બેસો ત્યારે, અમે રજા લઈએ.'

'કેમ?!' કૃત્રિમ આશ્ચર્ય પ્રગટ કરતાં શેઠ બોલ્યા : 'બેસોને, એકદમ કેમ ચાલ્યા? હજી તો આપણે આપણા સંતાનોના વિવાહ અંગે વાત કરવાની છે...'

'એ માટે ફરી ક્યારેક આવીશું શેઠ, હમણાં તો રજા આપો,' વિવેક દાખવતાં મહેમાન બોલ્યા.

'ભલે, તમારી મરજી,' શેઠે જરાય તમા વગર કહ્યું : 'મને પણ એક કુટેવ છે.'

'કુટેવ?!'

'આપને કુટેવ છે?!'

'શાની?!'...'કેવી? કેવી કુટેવ છે આપને?'

એક સાથે અનેક જણ આશ્ચર્યથી પૂછી રહ્યા.

'મને ય સાચું બોલવાની કુટેવ છે.' શેઠે હસતાં હસતાં કહ્યું : 'હું દુનિયાના વ્યવહાર-ડાહ્યા લોકોમાંનો એક નથી.'



'શેઠ, સાચું કહું?' કન્યાના પિતાએ કહ્યું : 'તમે તો કળિયુગના હરિશ્ચંદ્ર છો. તમારા પ્રતાપે આજે મારી દીકરી કૂવામાં પડતાં બચી ગઇ...ભગવાન તમારું ભલું જ કરશે.'

અને ધીરે ડગલે દાદરનાં પગથીયાં ઉતરતા મહેમાનોને જોતા શેઠ મરક મરક સ્મિત વેરી રહ્યા! યુક્તિપૂર્વક પુત્રનાં અપલક્ષણો પર પ્રકાશ પાડનાર એ સાચે જ હરિશ્ચંદ્રના વંશ જ હશે. નહિ તો આજનો કોઇ પણ ડાહ્યો બાપ તો આથી ઉલટું જ કરે. એ તો પોતાના કથીરને ય કંચન ગણાવે.

આપણા મનમાં છૂપાયેલા અવગુણ આવા ડુંગળીના પડ જેવા છે. ડુંગળી ખાવાના અવગુણની વાતથી શરૂ કર્યું તો શેઠના દીકરામાં ડુંગળીના એક પછી એક પડ ઉકલે તેમ કેટલા બધા અવગુણ પ્રકાશમાં આવ્યા. ડુંગળી ખાવી...દારૂ પીવો...જુગાર રમવો...ચોરી કરવી...ગણિકા ગૃહે જવું...! એક એકથી ચઢે તેવા અવગુણ!

ડુંગળીનાં પડને જેમ જેમ ઉકેલો તેમ તેમ તે વધારે તીખી નીકળે...ઉપરના પડ કરતાં અંદરનું પડ વધારે તીખું હોય !

બહારથી સજ્જન દેખાતા કેટલા માણસોને પણ જેમ જેમ તપાસતા જઈએ તેમ તેમ તેમના અવગુણ સવાયા થતા જાય! ક્યારેક આમ ન થતું હોય તો એ સુખદ અપવાદ કહેવાય. બાકી, કોઇ એક નગરપાલિકાના પ્રમુખ અને અન્ય નગરસેવકો ભ્રષ્ટાચારના આરોપો નીચે પોલીસ હીરાસતમાં હોય!? આવું બધું જોઇને જ પ્રદીપજીનું કવિ હૃદય પોકારી ઊઠ્યું હશે : 'દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગઇ ભગવાન,...કિતના બદલ ગયા ઈન્સાન...!'

હવે કશીય ટીકા ટીપ્પણ વિના કબીરજીના શબ્દોમાં કહું તો –

'બુરા દેખન મૈં ગયો, બુરા ન મિલીયા કોઇ,
જો દેખું દિલ ખોજ કે, મુઝસે બુરા ન કોઈ!'

## ૧૮ : 'લપસવું એટલે પડવું' એમ નહિ, હોં!

અમેરિકાના સ્વ.પ્રમુખ અબ્રાહમ લિંકન સાચા અર્થમાં ઘણા મોટા માણસ હતા. તેમના જીવનના અનેક પ્રસંગો આપણને નોંધપાત્ર પાઠ શીખવાડવા અતિ ઉપયોગી છે. પણ આજે એમના અનુભવનું એક જ નાનું દ્રષ્ટાંત કહીશ. ઘણીવાર થોડા શબ્દોમાં ઘણું કહી શકાય છે – શબ્દોનો યોગ્ય ઉપયોગ કરતાં આવડે તો. હા, સમજનાર પણ તેજસ્વી હોવો ઘટે, તો જ કહેનારનું ધાર્યું નિશાન લાગે.

તો એક દિવસ અમેરિકાના પ્રેસીડેન્ટ અબ્રાહમ લિંકન એક ઉબડ-ખાબડ માર્ગ પરથી પસાર થતા હતા. રસ્તો થોડો ભીનો ને લપસણો હતો.

પ્રેસીડેન્ટ લિંકન એવા માર્ગ પર ચાલતા હતા ત્યાં જ એમનો પગ લપસ્યો, પણ પડ્યા નહિ. ધીરેથી ફરી એ આગળ ચાલ્યા ને બોલ્યા : **'It was just a slip, not a fall.'** (એ તો માત્ર લપસ્યો હતો, પડ્યો ન હતો.)

લપસવામાંને પડવામાં મોટો તફાવત છે એ પ્રેસીડેન્ટ લિંકન બરાબર જાણતા હતા. લપસનાર સાવધાન હોય તો પોતાની જાતને સંભાળી શકે ને પડતાં બચી શકે. એથી કપડાં પર કાદવ કીચ્ચડના છાંટા ન ઉડે ને ડાઘ ન પડે. પડવાથી તો કપડાં કાદવમાં ખરડાય, કદાચ વાગે ય ખરું...ઊભા થવામાં ય તકલીફ પડે...આજુબાજુના લોકોય જાણે ને મશ્કરી કરે...આવું ઘણું બધું થાય.

એટલે કે લપસવામાં ને પડવામાં ઘણો ફેર છે. ડાહ્યો, ચાલાક માણસ રસ્તો જોઇને ચાલે, છતાં કદાચ લપસી જવાય તો પડવાથી બચી જ જાય.



આમ એ પોતાનું પતન અટકાવી શકે, નિવારી શકે. શૂળીનો ઘા આ રીતે સહેજમાં સરી જાય.

ગુજરાતમાં ટ્રેન બળવાના કે બાળવાના કાંડને લપસવાની ક્રિયા સમજી આપણે સૌ શાણા ગુજરાતીઓ પોતાની જાતને સંભાળી લઈએ તો ગુજરાત એક મોટી આફતમાંથી બચી જશે. **Consider this a slip and not a fall** (આ આફતને એક લપસવાની ક્રિયા સમજો, પડતી ન માનો) અને લપસવામાંથી આગળ વધી પડતીની ગર્તામાં ધકેલાઈ જતા આપણા વ્હાલા વતનને બચાવી લો.

સૌએ વિચાર કરવા જેવો છે. સૌ પોતપોતાની રીતે આ કસોટીના કાળમાં ગુજરાતને અને દેશને મદદરૂપ બનવાનો પ્રયત્ન કરીશું તો ગુજરાત આબાદ બચી જશે. ઘણીવાર આમ લપસ્યા હતા (બધાં ય લપસે) પણ ત્યારે થોડા ડાહ્યા જણ પણ આપણી વચ્ચે હતા. એમણે આપણને પરિસ્થિતિને સંભાળી લેવા સલાહ ને દોરવાણી આપ્યાં ને આપણે જાતને સંભાળી બચી ગયા હતા. આજે ય શું છે તે ન બચીએ? મનને શાંત કરી દો...ગઈકાલને ભૂલી જાવ અને આવતી કાલને ઉજ્જવળ કરવા સૌ સાથે મળીને મંડી પડો...તો ગુજરાત આ લપસણીમાંથી ફરી ખડું થઈ દોડવા લાગશે. સ્વાર્થાંધ રાજકારણીઓની કપટી માયાજાળમાં ફસાયા વિના આપણે સૌ આપણી બુદ્ધિનો પરચો આપી એમના વિષચક્રને ભેદીને બહાર નીકળીએ અને સૌ સાથે મળી ફરીથી દેશ અને દુનિયામાં નારો ગજવીએ :

જય જય ગરવી ગુજરાત

ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી, પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતી સૌને પ્રેમ ભક્તિની રીત;
ઊંચી તુજ સુંદર જા, જય જય ગરવી ગુજરાતત.

## ૧૯ : હે ભગવાન, મને દુઃખ આપો!

મહાભારતનું ભયંકર, યુદ્ધ સમાપ્ત થયું. પાંડવો જીત્યા ને કૌરવો હાર્યા. સત્ય જીત્યું, અસત્ય હાર્યું. પાંડવોને એમનું રાજ્ય પાછું મળ્યું.

પછી શ્રીકૃષ્ણ ભગવાન દ્વારિકા જવા તૈયાર થયા. કારણ કે એમનું અહીંનું કાર્ય પુરું થયું હતું. સત્યની પડખે રહી એમણે પાંડવોને વિજય અપાવ્યો હતો.

જતી વેળા એમણે કુંતાજીને કહ્યું : ‘ફોઇ, હવે હું જઇશ. રજા આપો.’

શ્રીકૃષ્ણ જાય તે તો કોઇનેય કેમ ગમે? છતાં એમને એમના રાજ્યમાં જવા તો દેવા જ પડે ને? સૌ દુઃખી દિલે સંમત થયાં. ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું :

‘ફોઇ, કાંઇક માંગો, તમે જે માગશો તે હું આપીશ.’

‘મારે શું જોઇએ પ્રભુ?’ વિનયપૂર્વક કુંતાજી બોલ્યાં : ‘છતાં તમારે આપવું જ હોય તો મને દુઃખ આપો!’

‘અરે ફોઇ’, શ્રીકૃષ્ણે દુઃખદ આશ્ચર્યથી કહ્યું : ‘આ શું માગ્યું તમે? હજી ધરાયાં નથી દુઃખથી? પતિ ગુમાવ્યો...રાજપાટ ગુમાવ્યું...પુત્રો શક્તિશાળી અને સત્યને માર્ગે ચાલનારા હતા, તોય એ બધા બિચારા વર્ષો સુધી વનમાં ભટક્યા...એમની સાથે તમે ય અનેક વર્ષ વનમાં કષ્ટો સહ્યાં... લાક્ષાગૃહમાં બળતાં બળતાં બચ્યાં...લોકોને ત્યાં દાસીપણું કર્યું...અપમાનો સહ્યાં...અરે ફોઇબા, તમે દુઃખો વિના બીજું શું ભોગવ્યું છે તે હજીય દુઃખ માગો છો? કાંઇક બીજું માગો ફોઇ’, શ્રીકૃષ્ણે બહુ વિનવ્યાં.



ત્યારે કુંતાજીએ કહ્યું : ‘તમારી વાત સાચી છે...અમે ઘણાં વર્ષ અનેક દુઃખો સહ્યાં એ ખરું છે, પણ ત્યારેય અમારું મોટામાં મોટું સુખ એ હતું કે અમારી સાથે ભગવાન શ્રીકૃષ્ણ હતા. એમના સાથ અને હૂંફ વિના અમે આટલાં દુઃખો સહન કરી ને કેવી રીતે પાર પડત?...’

‘પણ ફોઇ,...’

‘જુઓને, દુઃખમાં ભગવાન અમારી સાથે રહ્યા... હવે સુખ આવ્યું તો ભગવાન રજા માગે છે. માટે જ હું દુઃખ માગું છું. દુઃખ હોય તો જ ભગવાનની સાથે રહેવાય, દુઃખ હોય તો જ ભગવાનનું સ્મરણ થાય, દુઃખથી ભગવાનની પાસે રહેવાતું હોય તો એ દુઃખ પણ અમારા માટે સુખરૂપ છે.’

કુંતાજીની વાત સાંભળી શ્રી કૃષ્ણે પ્રેમભર્યું સ્મિત કર્યું ને કૃપાભરી દ્રષ્ટિથી સૌની વિદાય લીધી.

ખરી વાત છે. સામાન્ય રીતે સુખથી માણસ છકી જાય છે. સુખ પચાવવું સહેલું નથી. એવું બહુ ઓછુ બન્યું છે કે સુખ સમૃદ્ધિ પામવા છતાં માણસ નિરાભિમાની, નમ્ર, દયાવાન, નીતિવાન કે સમદ્રષ્ટિવાળો રહે. સાચું કહ્યું છે :

દુઃખમાં સુમીરન સબ કરે, સુખમેં કરે ન કોઇ,
જો સુખમેં સુમીરન કરે તો દુઃખ કાહો કો હોય?

કુદરતનો નિયમ તો એમ કહે છે કે સમૃદ્ધિ આવે ત્યારે નમ્ર બનો : **भवन्ति नम्रः तरवः फलागमैः!** ફળ આવવાથી વૃક્ષો નીચાં નમે છે. જ્યારે બેન્ક બેલેન્સ વધવાથી માણસ અક્કડ અભિમાની બને છે! માણસ કાંઇ વૃક્ષ થોડો છે કે સુખમાં નમ્ર રહે? પાણી ભરેલાં વાદળ નીચાં ઉતરે છે. પણ સમૃદ્ધિ પામેલો માણસ અધ્ધર ચાલે છે! પાણી વધે તો નદી પર્વત પરથી નીચે ઉતરી ચોતરફ ફેલાઇ, પોતાના નિર્મલ જલનો સૌ જીવોને લાભ આપે છે. જ્યારે સુખની વૃદ્ધિ થતાં સામાન્યજનો વચ્ચે બેસતો માણસ આલીશાન

ઈમારતોમાં કેદ થઈ જાય છે! આ તો સામાન્ય નિયમ છે! એમાં સુખદ આપવાદ જરૂર હશે. સુખને ય પચાવી વિનમ્ર રહેતા મહાનુભાવોને વંદન ઘટે. જ્ઞાનીઓ તો કહે છે :

'સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી...' આપણે તો બંને કરીએ છીએ : સુખમાં છલકાઈ જઈએ ને દુઃખમાં ગભરાઈ જઈએ. પણ જીવન તો તડકા-છાયાના ખેલ જેવું છે. એમાં ક્યારેક તાપ આવે તો ક્યારેક છાંયડો ય મળે. આટલી સાદી સમજ રાખીએ તો સુખ દુઃખમાં બહુ ફેર ન પડે.

બાકી, માણસ બનીને રહેવું હોય તો સુખ કરતાં દુઃખ જ પસંદ કરવા યોગ્ય ગણાય. કુંતાજી કાંઈ સામાન્ય સ્ત્રી હતાં? એમણે દુઃખ માગ્યું તે કાંઈ અમસ્તું? દુઃખમાં ભગવાન સાથે રહેવાય. અને ભગવાન સાથે હોય તો મહાભારતમાંય વિજયી થવાય.

ટૂંકમાં સમજવાની વાત એ છે કે –

સુખમાં એ યાદ રાખો કે સવારે ઉગતો સૂર્ય સાંજે આથમીને અંધારું મૂકતો જાય છે; અને દુઃખમાં એ યાદ રાખો કે સંધ્યા સમયે ડૂબતો સૂર્ય સવારે ઊગી આકાશને પ્રકાશના પૂંજથી ભરી દે છે!

## ૨૦ : 'મારી આંખ લાલ થઈ?'

એક સ્વજન બહુ હસમુખા છે. થોડા દિવસ પહેલાં એમણે એક મજાનો ટૂચકો કહ્યો. સાંપ્રત પરિસ્થિતિને અનુલક્ષીને કહેવાયેલો એ ટૂચકો મને બહુ ગમ્યો. તમને ય ગમે એવો છે. સાંભળો :

એક જંગલમાં એક સિંહ રહે. સિંહ શક્તિશાળી તો હોય જ, પણ આળસુ બહુ. શિકાર કરવામાં ય આળસ કરે. પણ પેટનો ખાડો પુરવા શિકાર કરવો તો પડે જ ને? આ માટે ઓછી મહેનત પડે એવી એણે એક યુક્તિ અજમાવી.

નિતની જેમ પોતાની ઝાડીમાં સિંહ બેઠો હતો ત્યારે ત્યાંથી એક શિયાળ પસાર થયું. સિંહે શિયાળને બોલાવ્યું અને કહ્યું : 'અલ્યા શિયાળ, તારે નોકરી કરવી છે?'

આ જમાનામાં અનેક અરજીઓ છતાં નોકરી નથી મળતી, ત્યાં આ તો સામેથી નોકરી આવી! શિયાળ તો રાજીના રેડ થઈ બોલ્યું : 'કરીએ નોકરી, બોલો મારે શું કામ કરવાનું સિંહદાદા?'

'બહુ લાંબું નથી'; સિંહે મોં પરથી માંખ ઉડાડતાં કહ્યું : 'જો, રોજ સવારે સામેથી હાથીનાં ઝૂંડ આવે છે અને અહીંથી પસાર થાય છે.'

'જી દાદા,', વિવેકી શિયાળે કહ્યું :

'તારે એક જ કામ કરવાનું', સિંહ બોલ્યો : 'હાથીનાં ઝૂંડ નજીક આવે એટલે તારે મને ખબર આપવાની.'

'બરાબર દાદા, પછી?'

'પછીની બાજી હું સંભાળી લઇશ, એની તારે ચિંતા નહિ કરવાની.' સિંહે ગૌરવપૂર્વક કહ્યું.

'ભલે દાદા', કહી શિયાળે ચોકી શરૂ કરી દીધી. બીજે દિવસે સવારે અગિયારેક વાગે હાથીનું ઝૂંડ દેખાયું. શિયાળ સતર્ક થયું અને સિંહને સતર્ક કરતાં કહ્યું : 'દાદા, હાથીનું ઝૂંડ દેખાય છે.'

'ભલે,' કહેતો સિંહ ઉઠ્યો ને પાછલા પગ સહેજ આગળ રાખી, ડોકું ગર્વથી ઊંચું કરી, શરીરને જરાક વળાંક આપી, કૂદવાની તૈયારી કરીને શિયાળને પૂછ્યું : 'અલ્યા, જો જોઇએ, મારી આંખ લાલ થઇ છે?'

શિયાળે સિંહની આંખ સામે જોઇ કહ્યું : 'ના દાદા, આંખ તો લાલ નથી થઇ.'

'ઠીક,' સિંહ બોલ્યો : 'હજી હાથીનું ઝૂંડ કેટલું દૂર છે?'

'થોડુંક દૂર છે દાદા.'

સિંહે ફરી જોર કરી શિકાર પર કૂદવાની તૈયારી કરતાં શિયાળને પૂછ્યુંઃ 'હવે જો તો લ્યા, મારી આંખ લાલ થઇ છે?'

શિયાળે ફરીથી અવલોકીને કહ્યું : 'જી ના, હજી લાલ નથી થઇ આપની આંખ!'

સિંહે વળી જોરદાર તૈયારી કરીને પૂછ્યું : 'હવે હાથી કેટલા દૂર છે?'

'બહુ નજીક આવ્યા છે દાદા, આપની ગૂંફા પાસે હમણાં જ આવી પહોંચશે,' શિયાળે કહ્યું.

સિંહે વળી શરીરની કમાન વાળતાં ગુસ્સે થઇને પૂછ્યું : 'હવે મારી આંખ લાલ થઇ છે કે નહિ?'

અને શિયાળે સિંહની આંખને અવલોકીને કહ્યું : 'હા જી, આપની આંખ હવે ખરેખર લાલ થઇ છે!'



દરમિયાન હાથીનું ટોળું સિંહની ગૂંફા પાસેથી પસાર થતું જ હતું. ત્યાં શિયાળનો જવાબ સાંભળી લાલ આંખવાળા સિંહે તરત જ ગર્જના કરી કૂદકો માર્યો ને એક હાથીને પાડી નાખ્યો. પછી પોતાને ખાવું હતું એટલું માસ ખાઇ શિયાળને કહ્યું : 'લે હવે, તારે ખાવું હોય એટલું ખાઇને પેટ ભરી લે ને મજા કર.'

શિયાળ બિચારું કેટલું માંસ ખાય? થોડી વારમાં ધરાઇ ગયું. પછી વધ્યું તે ધર્માદા ખાતે છોડી દીધું!

આ તો નિત્યનો ક્રમ થયો. સિંહની લાલ આંખ થાય એટલે શિકાર અચૂક મરણને શરણ થાય ને સિંહ તથા શિયાળ જયાફત ઉડાવે. શિયાળને તો મઝા પડી ગઇ. ભૂખે મરવું મટ્યું. ખાઇ ખાઇને એ તો તગડું થયું.

પણ ભૂખ્યો ધરાય ત્યારે એને ઉટાંગ સૂઝે છે. ધરાયેલા શિયાળે ય એક દિવસ સિંહને કહ્યું : ''દાદા, કાલથી હું નોકરીમાંથી રાજીનામું આપું છું.''

'કેમ? કાંઇ તકલીફ છે?' સિંહે પૂછ્યું :

'ના રે દાદા, મઝા છે અહીં તો', શિયાળે કહ્યું : 'પણ હવે મારે મારો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવો છે.'

'ભલે, તારી મરજી,' કહી સિંહે સંમતિ આપી ને દાદાને પગે લાગી શિયાળ આગળના માર્ગે ચાલ્યું.

પછી શિયાળે પણ એક ગૂંફામાં બેસીને રાહ જોવી શરૂ કરી. ત્યારે ત્યાંથી એક સસલું જતું હતું. એને બોલાવી, પૂછી શિયાળે એને નોકરીએ રાખ્યું ને હાથીનાં ઝૂંડ આવે ત્યારે ધ્યાન રાખી કહેવાની ફરજ સોંપી. સસલાએ તો નવી નોકરી શરૂ કરી.

બીજે દિવસે હાથીનાં ઝૂંડ દૂરથી દેખાણાં ત્યારે સસલાએ કહ્યું : 'શિયાળબાઇ, હાથીઓ આવે છે.'

શિયાળે તો સિંહની જેમ ઊભા થઈ, પાછલા બે પગ સહેજ આગળ કરી, શરીરની કમાનવાળી સસલાને પૂછ્યું : 'મારી આંખ લાલ થઈ?'

'ના જી, જરાય લાલ નથી થઈ,' સસલાએ ઉદાસીનતાથી કહ્યું :

વળી શિયાળે ગુસ્સો કર્યો, શરીર સંકોચ્યું ને છલાંગ મારવાની તૈયારી કરતાં પૂછ્યું : 'હવે મારી આંખ લાલ થઈ ?'

'જી ના, બીલકુલ નહિ,' કહેતા સસલાએ ઉમેર્યું : 'આ હાથી તો લગોલગ આવ્યા! પછી આંખ ક્યારે લાલ થશે?'

ત્યારે શિયાળે હાથી પર છલાંગ મારી, પણ છેલ્લા હાથીની પૂઠ પર અફળાઈને એ નીચે પડ્યું. છતાં ધૂળ ખંખેરી એ ઊભું થઈ ગયું ત્યારે સસલાએ કહ્યું : 'હા શિયાળબાઈ, હવે તમારી આંખ લાલ થઈ છે હોં!'

પણ ત્યારે હાથી તો બધા જતા રહ્યા હતા! લાલ આંખની તાકાત પછી કોને બતાવવાની?

આવી જ સ્થિતિ કાંઈક અંશે આપણા વિચક્ષણ રાજપુરુષોની નથી લાગતી? સરહદ પર પાકિસ્તાન વર્ષોથી અડપલાં કરી આપણા લોકોને મારે છે, મરાવે છે. અરે, હવે તો બોંબ ફોડી અનેક લોકોને મોતને ઘાટ ઉતારે છે, મોટર હૂમલા વડે સરહદી લોકોના જાન લે છે અને ગમે ત્યારે યુદ્ધ થઈ જાય એવો તંગદીલીભર્યો માહોલ સરહદની બંને બાજુએ છે. પાકિસ્તાનના નેતાઓ વારંવાર અણુયુદ્ધની ધમકી આપ્યા કરે છે. પણ કહે છે કે 'યહ સંકટ કોઈ ભી રૂપ લે શકતા હૈ!' નેતાઓ પણ વારંવાર કહે છે કે 'હમારી ધીરજ કી ભી મર્યાદા હોતી હૈ!' શું ખરેખર એક નેતા બીજા નાના નેતાને પૂછતા હશે : 'મેરી આંખ લાલ હૂઈ કે નહિં?' અને ત્યારે નાના નેતા કહેતા હશે : 'ના, અભી લાલ નહીં હૂઈ હૈ તો પછી નેતાજીની આંખ ક્યારે લાલ થશે? પાકિસ્તાન હૂમલો કરશે પછી?'



જો કે આ તો હળવા હૈયે કરાતો મજાકી તર્ક છે. યુદ્ધમાં 'યા હોમ' કરતા પહેલાં વડાપ્રધાન જેવી જવાબદાર વ્યક્તિએ અનેક બાજુનો વિચાર કરવો પડે. સો કરોડનું નેતૃત્વ કરનારો માણસ આંધળુકિયાં ન જ કરી શકે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહો પણ ધ્યાનમાં રાખવા ઘટે. એટલે યુદ્ધ ટળતું હોય તો ટાળવું એ ડાહ્યા માણસનું લક્ષણ છે. આપણા વડાપ્રધાન સરમુખત્યાર નથી કે બેજવાબદારી ભરી વાતો ને અઘટીત કાર્યો કરી દેશ અને દુનિયાને તબાહીના માર્ગે લઈ જાય. છતાં જરૂર પડશે તો અને ત્યારે નેતાજીની લાલ થશે જ એમાં શંકા નથી.

પ્રજાએ આવા સંજોગોમાં કોઈ પણ પરિસ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ. સરહદે સૈનિકો લડતા હોય ત્યારે દેશમાં આંતરિક શાંતિ અને સલામતી જાળવવી એ પ્રજાની ફરજ છે. માટે આપણે ફરી એકવાર દુનિયાને આપણું ખમીર બતાવી આપવા તૈયાર રહીએ.

આજના જેવી પરિસ્થિતિને કારણે જ કવિએ કહ્યું છે :

''નથી ખબર અમારે શિર શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે!''

## ૨૧ : તો સંસાર સારી રીતે ચાલે

એક નાનો ટૂચકો વાંચેલો. જરા વિસ્તારથી અહીં લખું છું.

દાદાજી પેપર વાંચતા હતા. દશેક વર્ષની ઉંમરનો પૌત્ર-જેને સૌ વ્હાલથી ચકો કહેતાં હતાં તે બાજુમાં રમતો હતો. થોડી થોડી વારે તે દાદાજી પાસે જઇ તેમને વાંચવામાં દખલ કર્યા કરતો હતો. દાદાજીને પૌત્રની મસ્તી આમ તો ગમતી હોય છે, કદાચ એમાં એ પોતાનું બાળપણ જોતા હોય છે...પુત્ર કરતાંય દાદાજીને પૌત્ર વધારે વહાલો હોય એમ ક્યારેક લોકોને લાગતું હોય છે (માટે જ તેઓ કહે છે : મૂડી કરતાં વ્યાજ વધારે વ્હાલું લાગે) જે હોય તે, પણ આપણા આ દાદાજી વાંચવામાં એટલા તલ્લીન હતા કે પૌત્રની વારંવારની દખલ એમને રસભંગ કરતી હતી. પણ શું થાય? દાદાજી હતા. ચકાને મારી તો શું, લડી પણ ન શકે. એટલે એમણે બુદ્ધિપૂર્વક રસ્તો કાઢ્યો. પૌત્રને કોઇક રસ પડે એવા કામમાં પરોવી દેવો જોઇએ. એમની બાજુમાં એક મોટા કાગળ પર દુનિયાનો નકશો (છાપેલો) પડ્યો હતો. દાદાજીએ એ નકશાના સાત આઠ ટૂકડા કર્યા. પછી ચકાને કહેઃ 'બેટા, જો આ દુનિયાના નકશાના ટૂકડા છે. એમને જોડીને ફરી દુનિયાનો નકશો તૈયાર કરી દે ત્યારે તું ખરો.'

ચકાએ કાગળના ટૂકડા લીધા ને દાદાજીની બાજુમાં છાનોમાનો બેસી એનું નિરીક્ષણ કરવા લાગ્યો. દાદાજીએ મનમાં વિચાર્યું : 'હવે દીકરો અડધો કલાક સુધી તો ઊંચો જ નહિ આવે...ત્યાં સુધી તો હું વાંચી રહીશ.'

પણ ચકો ચાલાક હતો. ટૂકડાઓને પલટાવીને જોતાં એને ખ્યાલ આવી ગયો કે આ નકશાની પાછળ માણસનું ચિત્ર દોરેલું હતું. ચકાએ બધા જ ટૂકડા ઊંધા કરી એક પછી એક માણસના આકારમાં ગોઠવવા માંડ્યા. સહેલું છે, માથું...હાથ...પગ...ધડ...શરીરના જુદા જુદા ભાગો એની જગાએ



ગોઠવવાનું બહુ અઘરું નહોતું. એટલે ચકાએ બધા ટૂકડા યોગ્ય રીતે ગોઠવી માણસનું ચિત્ર બનાવી દીધું. પછી એ પલટાવી નાખ્યું, તો દુનિયાનો નકશો તૈયાર હતો!

હરખાતા પૌત્રે કહ્યું : 'જુઓ દાદાજી, મેં દુનિયાનો નકશો ગોઠવી દીધો!'

દાદાજીએ જોયું તો ખરે જ બહુ જલદી ચકાએ ટૂકડા ભેગા કરી દુનિયાનો નકશો બરાબર ગોઠવી દીધો હતો. એમને બહુ નવાઇ લાગી. એ બોલ્યાઃ 'શાબાશ દીકરા, તેં અદ્‌ભુત ઝડપથી આ કામ કર્યું! પણ આમ તું કેવી રીતે કરી શક્યો? ભલભલા મોટા માણસો પણ આ કામ-આટલું જલદી ન કરી શકે!'

'દાદાજી,' ચકો બોલ્યો : 'મને આ કામ બહું અઘરું ન લાગ્યું, કારણ કે મેં પાછળ રહેલા માણસને શોધી કાઢ્યો, ને પછી એ માણસને ગોઠવી દીધો, તો બધુ બરાબર ગોઠવાઇ ગયું.'

ચકાએ તો સ્વાભાવિક પણે કહ્યું. પણ દાદજીને ચકાના કથનમાંથી મોટું સત્ય મળ્યું : 'માણસને ગોઠવી દો તો બધું બરાબર ગોઠવાઇ જાય!' કેવી સાચી વાત? 'માણસ ગોઠવાય જાય તો બધું આપેઆપ બરાબર ગોઠવાઇ જાય!' વાત બુદ્ધિપૂર્વકની છે ને?

ખરી વાત-દુનિયાનું તંત્ર સારી રીતે ને સાચી રીતે ચલાવવું હોય તો માણસે બરાબર ગોઠવાઇ જવું જોઇએ. દરેક જણ પોતાના યોગ્ય સ્થાને ગોઠવાઇ જઇને કામ કરે તો સંસાર શાંતિપૂર્વક, સારી રીતે ચાલે. આજે તો ખેડૂત કારખાનામાં મજૂરી કરતો હોય છે ને સુથાર ખેતી કરતો હોય છે, વિદ્વાન વ્યક્તિ કારકુની કરે છે તો અભણ અંગૂઠા છાપ વ્યક્તિ ગાદીપતિ બની રાજ કરે છે! (મેં જાતે એક એમ.એ., બી.એડ્. થયેલા યુવાન પાસે એના હેર કટીંગ સલુનમાં વાળ કપાવ્યા છે! સમાજની કેવી ગોઠવણ!) આજે તો મોટાભાગની વ્યક્તિઓ **Mis- Placed** (ખોટી જગ્યાએ ગોઠવાયેલી) હોય છે. પછી એ દિલ દઇને કામ કેવી રીતે કરે? એના કામમાં શું ભલેવાર હોય? સમય જ પુરો કરવાનો ને? જેમ તેમ દા'ડા જ કાઢવાનાને? પછી સમાજ અને દેશ પ્રગતી કેવી રીતે કરે? **Misplacement is a curse.**

## ૨૨ : પૈસાદારનાં દુ:ખ

સ્મૃતિને સહારે એક વાતને ફેરફાર સાથે, નવા સ્વરૂપે, જરૂરી વધઘટ સાથે કહું :

લલ્લુરામ માસ્તરને આમ તો કશું દુ:ખ નહિ. ગામઠી નિશાળમાં શાંતિની નોકરી અને થોડો પણ નિયમિત મળતો પગાર. છોકરાં આખો દિવસ ‘સાહેબ’ ની સેવામાં હાજર. ક્યારેક ‘સાહેબને’ કોઈ કારણસર વિદ્યાર્થી આગ્રહપૂર્વક જમવા યે ઘેર લઈ જાય. લીલાં શાકભાજી તો ‘સાહેબ’ ના ઘરમાં ખૂટે જ નહિ. લોકો સીઝનમાં વગર માગે ટોપલો ભરીને અનાજ પણ ‘સાહેબ’ ને આપી જતા. પતિ-પત્ની ને મજા હતી. પણ લલ્લુરામને થતું: ‘પરણે સાત વરસનાં વહાણાં વાયાં પણ ઘેર ઘોડિયું બંધાયું નથી. ‘પેલા પાંચ દીકરાવાળા ઘાસીરામ કેવા સુખી છે! એ...ય...તે...!’ લલ્લુરામે આમ વિચારતાં વિચારતાં એક દિવસ ઘાસીરામને ઘેર પહોંચી એમના ‘પાંચ પુત્તર’ ના સુખની વાત કહી જ નાખી. ‘કેટલા બધા સુખી છો ઘાસીરામ તમે! પાંચ દીકરા આંગણે આવ જા કર્યા જ કરે છે!’

‘શું મારું કરમ હું સુખી છું યાર’, ઘાસીરામ અકળાતા બોલ્યા : ‘તમે જાણો છો માસ્તર? આ પાંચ્ય જણા પાંચ દિશામાં જાય એવા છે...અને મા-બાપનું તો સાંભળે છે જ કોણ? વઢી મરશે મોટા થઈને! એમ નિ:શ્વાસ નાખતા ઘાસીરામે કહ્યું : ‘સુખી તો પોચા પટેલ છે. એક દીકરો ને એક દીકરી...લાંબી લપછપ જ નહિ ને!’

લલ્લુરામ તો પહોંચ્યા પોચા પટેલ પાસે. એમના સુખની વધામણી ખાવા, પણ એમણે તો માથે હાથ દઈને કહ્યું : ‘સુખ કેવું ને વાત કેવી? આ



એક દીકરી પરણીને સાસરે ગઈ. અને દીકરો તો ક્યારે કોની સાથે ઝપાઝપી કરી ને આવે તે કહેવાય નહિ એવો રખડેલ છે. કોણ જાણે અમારા ઘડપણમાં પવાલું પાણી ય કોણ પાશે? સુખી તો પેલા ધનંજય શેઠ. પૈસો જ પૈસો છે એમને ઘેર.’ લલ્લુરામ ત્યાં પહોંચ્યા.

પણ લલ્લુરામના પ્રશ્નના જવાબમાં ધનંજય શેઠે કહ્યું : ‘પૈસા જેવું કોઈ દુ:ખ નથી. સગાં વહાલાં તો ઠીક, રસ્તે જનારા ય આશા રાખીને લેવા આવે છે. એમને આપો તો ગયા ખાતે આપવાનું. અને ન આપો તો નિંદા ને કુથલીનો પાર નહિં...જાણે એમનો બાપ મારે ઘેર મૂકી ના ગયો હોય! અરે, ખરા સુખી તો પેલા દેશ સેવક દયાલદાસ છે. સત્તા, પૈસા ને માન બધું જ મળે છે એમને.’

પણ દયાલદાસ સાથે ચર્ચા કરતાં એમણે લલ્લુરામને કહ્યું: ‘ભાઈ તમને અમારી પીડાની શી ખબર? સમાજસેવા કરવી એ કાંઈ નાના છોકરાના ખેલ નથી...રસ્તા...પાણી...વરસાદ...ભૂખમરો...દુકાળ...છત... અછત....લાઈટ...આરોગ્ય...તોફાન....આ અને આવું ઘણું બધું થાય કે ન થાય ત્યારે એની જવાબદારી સરકારની, એટલે કે સમાજ સેવકની. અને ગમે એટલું કરે તોય જશને બદલે જુતિયાં જ મળે...જવા દો સેવાની વાત...સુખ અને સેવાને સો ગાઉંનું છેટું છે...અલા ભાઈ, તમને ખબર નથી. સુખી માણસ જોવો હોય તો પેલા લલ્લુરામ માસ્તરને જુઓ...આપણે તો ઓળખતા નથી એમને, પણ લોકો કહે છે કે ‘બાળકોને દેવ માની એમને ભણાવતા એ માસ્તરને ક્યારેય દુ:ખી જાણ્યા નથી. સંતોષી છે ને સૌનો માનીતો છે.’

લલ્લુરામ માસ્તર તો એક અજાણ્યા ઈન્સાનના પોતાના વિષેના અભિપ્રાયથી છક થઈ ગયા. પછી પોતાની ઓળખાણ ન આપી એમણે.

‘વાહ રે લલ્લુરામ, તમારી ગણના તો સુખી માણસમાં થાય છે,’ એ વિચારી રહ્યા : ‘ત્યારે તમે તો દુનિયામાં સુખી લોકોને શોધતાં દુ:ખી થાવ છો... જાવ, છાનામાના ઘેર જઈને છોકરાં ભણાવો ને પત્નિ સાથે સુખે રહો...’

આમ લલ્લુરામે લલ્લુરામને કહ્યું ને લલ્લુરામ શાંતિથી ઘેર જઇ સુખે રહેવા લાગ્યા!

તો લલ્લુંરામની આ વાત પછી આપણે મારી ને તમારી વાત કરીએ : ‘શું માનો છો તમારા પોતાના વિષે? સુખી છો ને તમે? કે દુઃખી છો? સુખની શોધમાં અહીં તહીં ભટકતાં તો નથી ને તમે? અલા ભઇ, પેલા કસ્તુરી મૃગની વાત જાણો છો?’

કવિએ એને માટે તો કહ્યું છેઃ

કસ્તુરી કુંડલ બસે, મૃગ ઢુંઢે વન માંહી,
ઐસે ઘટ મેં રામ હૈ, ફિરભી દેખત નાહીં.

પોતાની નાભિમાં કસ્તુરી છે, અને તોય મૃગને કસ્તુરી દેખાતી નથી ને કસ્તુરી માટે દોડધામ આખી દુનિયામાં કરે છે. ભક્ત તો કહે છે કે ‘ભગવાન પણ આપણા હૃદયમાં જ છે. પછી કાશી, મથુરાં, અમરનાથ કે બદરીનાથ જવાની શી જરૂર?’ હા, ફરવા કે જોવા જવું હોય તો જરૂર જાવ, બાકી, કવિ તો કહે છે : ‘અણુંએ નથી ખાલી રે, વહાલો મારો અભર ભરીયો.’ ભગવાન વિના વિશ્વની તો તલભાર જગા ય ખાલી નથી, ત્યારે તમે કસ્તુરીમૃગ જેવી વૃથા દોડધામ શા માટે કરો છો?’

તમે જ ખરા સુખી છો એમ માનો. તમારી પાસે રહેલા સુખ અને સંતોષની મિલકતને ઓળખો. દા.ત. બે હાથ, બે પગ, બે આંખો, નાક, કાન, દાંત, હૃદય બધું જ તમને સ્વસ્થ ને સારું મળે એ કાંઇ નાની સુની મિલકત છે કે? લાખો રૂપિયા ખર્ચો તો પણ આમાંની એક પણ ઇન્દ્રિય તમે વેચાતી મેળવી શકો કે? લાખોની કિંમતનાં તમારા શરીરનાં પ્રત્યેક અંગ છે અને કરોડોની કિંમતનું તમારું મગજ છે એ જાણો છો? ન જાણતા હો તો જાણો, એની કિંમત સમજો ને પૈસાના ક્ષણિક સુખની વ્યર્થતા સ્વીકારી ભગવાને મફતમાં દીધેલી કરોડોની શરીર સંપત્તિનો સદઉપયોગ કરી સુખે જીવો.



બાકી, સાચી રીતે વિચારો તો પૈસાવાળાનાં દુઃખ ઓછાં નથી, ને ગરીબના સુખની સીમા નથી.

એ મસ્ત ઘટા મેરી ચાદર હૈ,
એ ધરતી મેરા બિસ્તર હૈ,
મૈં રાત મેં દિન કા ઉજાલા હું.
કોઇ ક્યા જાને મતવાલા હૂં!

આવા મતવાલાની મસ્તીને જો સમજી શકશો તો જીવનમાં કશી જ ઉણપ નહિ લાગે. આટલું સમજીશું તો સુખમાં આળોટીશું. બાકી, શોધીને દુઃખી થવું હોય તો દુઃખનાં બહાનાં ઓછાં નથી. મેં એક કાવ્યને અંતે લખ્યું હતું તે આજના નવનીત રૂપે રજુ કરું છું –

સુખ દુઃખ એ તો મનનું કારણ,
ઝૂંપડે શાતા ને મહેલે ભારણ!

## ૨૩ : સંભવામિ યુગે યુગે

શ્રાવણ વદ આઠમની રાતે રાજા કંસની જેલમાં એક બાળકનો જન્મ થયો. જન્મતાની સાથે જ એના ચમત્કાર દેખાવા માડ્યા. ઝબકારો થયો. પછી મથુરાંની જેલમાંથી ગોકુળના નંદ મહેલમાં એને લઇ જવામાં આવ્યો એ કથા ખૂબ જાણીતી છે. વરસતા વરસાદમાં અંધારી રાતે માથે છાબમાં એક તાજા જન્મેલાં બાળકને લઇ જતા વસુદેવને બે કાંઠે વહેતી યમુનાએ પણ માર્ગ આપી દીધો ! વરસાદથી બચાવવા નાગરાજે બાળક પર પોતાની ફેણનું છત્ર ધર્યું ! આ બધી કસોટીઓમાંથી પસાર થઇ, છેવટે કંસ જેવા ક્રૂર રાજાના સકંજામાંથી છટકીને એક નવજાત શીશુ નંદરાજાના ગામમાં ગોકુલમાં પહોંચ્યું. પણ પછી તો –

'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી' ના ગગનભેદી આનંદ પોકારથી ગોકુલની ગલી ગલીમાં ને ઘર ઘરમાં આનંદ સાગર ઉમટ્યો.

અને પછી તો શ્રીકૃષ્ણલીલાની વણથંભી વણજાર : પૂતના વધ...માખણની ચોરી, મટકીની તોડફોડ, યમુન નદીમાં નહાતી ગોપીનાં વસ્ત્રહરણ...કદંબના વૃક્ષ પરથી બંસરી વાદન...વૃંદાવનમાં ગોપબાળો સાથે ગાયો ચરાવવી...નાગદમન...ગોપ, ગોપીઓ સાથે રાસલીલા...બંસીના જાદુ...સાંદીપનિ ઋષિના આશ્રમનું વિદ્યાર્થી જીવન...યશોદાનો પુત્રપ્રેમ...બાળકૃષ્ણનાં તોફાનો...સુદામાની મૈત્રી...સૌને પ્યારા, સૌને વ્હાલો કનૈયો...રંગે રૂડો રૂપે પૂરો દીસંતો કોડીલો કોડામણો એવો ચિત્તચોર નટવર નંદકિશોર...અને બધાયનો શિરમોર એવો રાધા કૃષ્ણનો અદ્વિતીય પ્રેમ...ગોવર્ધન પર્વતને આંગળી પર ધારણ કરવો...કંસ વધ...દ્વારિકાના



રાજા શ્રીકૃષ્ણ...પાંડવોના સલાહકાર ને અર્જુનના સારથી...અને ભર રણમાં ગીતાના ગાયક ભગવાન શ્રીકૃષ્ણ! કેવું ભાતીગળ અને ભવ્ય શ્રીકૃષ્ણજીવન! દુનિયાનો શ્રેષ્ઠ જ્ઞાન ગ્રન્થ એટલે ગીતા! આત્માનો પરમાત્માની ગૂઢ વાતો...यदा यदा ही धर्मस्य નું શ્રીકૃષ્ણનું પુનર્જન્મનું અભય વચન...!

આ બધી વાત લખી એ તો મહાસાગરના એક બુંદ સમાન છે. શ્રીકૃષ્ણના ભાતીગળ જીવનની મહાનતા વિષે તો જેમ જેમ વિચારીએ તેમ તેમ નવી જ દીશાઓ ઉઘડે છે. એમના જીવનનો કયો પ્રસંગ છોડીએ? કયા દિવસે શ્રીકૃષ્ણે કોઇ અદ્‌ભૂત ઉપયોગી કામ નથી કર્યું? જીવનના કોઇ પણ સારા-માઠા પ્રસંગ માટે શ્રીકૃષ્ણે માર્ગદર્શક જીવન જીવી બતાવ્યું છે. એ માખણચોર હતા તોય જેનું ચોરતા એને વ્હાલા હતા ! એ ગોવાળ હતા, તોય મિત્રોને પ્રાણથી અધિક પ્યારા હતા! એ બંસી વગાડી ગોપીઓને ઘેલી કરતા, એક વાંસના ટૂકડા ને (બંસીરૂપે) કેવું માહાત્મ્ય મળ્યું! મોટા માણસના સંગથી કથીર પણ કુંદન બની જાય છે! એ બલરામના આજ્ઞાંકિત નાના ભાઇ હતા, તોય મોટાભાઇ નાનાભાઇનું ધાર્યું થવા દેતા! એ ગોકુળ છોડી મથુરા ગયા ત્યારે ગોકુળના લોકોનાં જ નહિ, આપણાં હૈયાં પણ આજે ય એ સાંભળતાં જાણતાં દ્રવી જાય છે. કાના વિનાનું ગોકુળ તો એકડા વગરનાં મિંડા જેવું. એ ભલે સોનાની દ્વારકાના રાજા બની 'કનક કોટ ઝબકારા કરે' જેવા મહેલમાં પટરાણીઓથી વિંટળાઇને બેઠા હોય, પણ ગોપીઓને મન તો એ એમનો નટખટ કનૈયો જ હતા. માટે તો ગોપીઓને જ્ઞાન આપવા ગયેલા ઓધવજી ગોપીઓને મળ્યા પછી સાવ બદલાઇ ગયા. 'પ્રેમલક્ષણા ભકિત' કેવી હોય એનો પાઠ ઓધવજીને ગોપીઓ પાસેથી શીખવા મળ્યો! ઓધવજી ગોપીઓને સમજાવવા આવ્યા હતા તે ઉલટા પોતે સમજીને ગયા! 'ઓધવજી સંદેશો કે'જો શ્યામને' કહી ગોપીઓએ સાચી ભક્તિમાં પ્રત્યક્ષ દર્શનની તાલાવેલી કેવી હોય તે ઓધવજીને સમજાવી દીધુ. અને રાણીઓથી વિંટળાઇ સોનાના હિંડોળે ઝૂલતા શ્રીકૃષ્ણે 'સુદામા આવ્યા છે' એમ જાણ્યું ત્યારે?! ત્યારે એ દરિદ્ર, ગરીબ બ્રાહ્મણને ભેટવા એ એવા તો

દોડ્યા કે ઠોકરો વાગતાં પડી ય જતા! એ મોઘેરા મહેમાનની માવજત એવા તો દિલથી એમણે કરી કે સુદામાના ઘરની દુર્બળતા ને ગરીબાઇ એના ઘેર પહોંચતા પહેલાં જ નષ્ટ થઇ ગયાં ! ઘેર પાછો ફરેલો બિચારો દરિદ્ર સુદામો તો વિમાસવા લાગ્યો ને કહી રહ્યો : 'તૂંટી સરખી ઝૂંપડી ને લૂંટી સરખી નાર, સડ્યાં સરખાં છોકરાં, ન મળ્યાં બીજી વાર!' પણ જ્યારે બધાને ઓળખ્યાં ત્યારે તો બાલ સખાના પ્રેમનો અદ્‌ભૂત મહિમા એણે જાણ્યો, ને પોતાના 'અજાચક વ્રત' ની લાજ મિત્રે કેવી અદ્‌ભૂત રીતે રાખી એ જાણી કૃષ્ણની મહાનતાને એ વંદી રહ્યા.

કૃષ્ણના પ્રેમને કારણે જ તો ગોકુલની ગોપીઓએ કહી દીધું : 'વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહિ આવું.' કનૈયાને લીધે ગોપીઓને વ્રજ વ્હાલું હતું ને વૈકુંઠ ત્યાજ્ય હતું! નરસૈયાએ પણ એટલે જ તો ભક્તિનો મહિમા ગાતાં કહ્યું: 'ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહિં રે... નિત ભજન નિત કિર્તન ઓચ્છવ, નિરખવા નંદ કુમાર રે...!'એટલે જ તો : 'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમ જનમ અવતાર રે!' પ્રભુ પ્રેમનો આ મહિમા જન્માષ્ટમીના દિવસે પ્રત્યક્ષ થાય છે. ને સંભવામિ યુગે યુગે નો કૃષ્ણ-કોલ યાદ આવે છે.

આજે એ યોગેશ્વરને પ્રાર્થના કરી કહેવાનું મન થાય કે 'હે પ્રભુ, ધર્મનો આટલો બધો ક્ષય, નીતિનો આટલો બધો લય, અનીતિની આટલી બધી બોલબાલા અને માનવતાનો આટલો બધો વિલય થયો હોવા છતાં હવે જન્મ લેવા માટે શાની રાહ જુઓ છો? એ ગીતા દત્ત વચન પાળીને હેં પ્રભુ, હવે તો અ...વ...ત...રો! આપના અવતરણથી જ હવે આ પૃથ્વીનો ઉદ્ધાર થશે.'

કે પછી હે કેશવ, આપનું અવતરણ આ ભૂમિ પર થઇ ચૂક્યું છે કે શું? હે અચ્યુત, મંદિર મંદિર, ઘેર ઘેર આજે રાતના બાર વાગે સંભળાતા આ ઘંટનાદની વચ્ચેથી ઉઠતો ધ્વનિ ''નંદઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'' સાંભળીને તો લાગે છે કે હે ગોવિંદ, આપ જગતના ઉદ્ધાર માટે આ ભારત ભૂમિને પવિત્ર કરવા અવતરી જ ચૂક્યા છો! તો તો હે મધુસુદન, અમે સૌ આજે એટલું જ પ્રાર્થી ધન્ય બનીશું : कृष्णं वंन्दे जगद्‌गुरु।

## ૨૪ : ઘરડાં ઘર એટલે યૌવનની ગરીબી

મહાભારતમાં યક્ષ યુધિષ્ઠિરને પૂછે છે કે 'જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થાય?' યુધિષ્ઠિર યક્ષને જવાબ આપે છે કે, 'વૃદ્ધોની સેવાથી.' આમ વૃદ્ધોનું માહાત્મ્ય મહાભારતકારે પણ સ્વીકાર્યું છે. અહીં વૃદ્ધ એટલે માત્ર વયોવૃદ્ધ એવો જ શબ્દાર્થ આપણે નહિ કરીએ. વૃદ્ધ એટલે વયોવૃદ્ધ તો ખરા જ, પણ માણસ જ્ઞાન-વૃદ્ધ પણ હોઇ શકે, અનુભવ-વૃદ્ધ પણ હોઇ શકે. અને જ્ઞાન-વૃદ્ધ કે અનુભવ-વૃદ્ધ માણસ વયોવૃદ્ધ હોવો જોઇએ એવું કાંઇ નહિ, એ આધેડ ઉંમરનો કે યુવાન પણ હોઇ શકે. આમ પણ આપણામાં કહેવત છે કે 'ઘરડાં વગર ગાડાં ન વળે.' અહીં પણ ઘરડાના અનુભવોના પાસાને ધ્યાનમાં લેવામાં આવ્યું છે. અને અનુભવ એ મોટો ગુરુ છે. વૃદ્ધો પાસે અનુભવનું મોટું ભાથું હોય છે. માટે જ કહ્યું છે કે : 'જ્યાં ના પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ.' અને 'જ્યાં ના પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી.' કવિની કલ્પના કરતાં ય અનુભવીનું વાસ્તવિક દર્શન વધારે ઊંચું હોય.

આ બધાનો સાર એ કે આપણા યુવાનોએ પોતાની આગળની પેઢીના વૃદ્ધોની અવગણના ન કરવી જોઇએ. આજે તો વૈજ્ઞાનિક પ્રગતિ (કે અધોગતિ?) ને કારણે પ્રત્યેક ઘર (ટી.વી.ના પ્રતાપે)સીનેમા હાઉસ બની ગયાં છે. બહુ જ પ્રમાણિકપણે કહું તો વિજ્ઞાને માણસને પ્રગતિ કરાવી છે એમ ભલે ગણાતું હોય, પણ વિજ્ઞાને માનવતાની અધોગતિ કરી છે એમ હું માનું છું. યંત્રવાદે માણસને યંત્ર બનાવી દીધો છે. એના શરીરમાંથી 'હૃદય' જેવા અતિ ઉપયોગી અંગને વિજ્ઞાને કાઢી લીધું છે. અને એના સ્થાને બુદ્ધિરૂપી યંત્ર ગોઠવી દીઝું છે પણ હૃદય વગરના માણસને 'માણસ'

કહેવાય કે? આ જરા આડ વાત થઈ. પણ મૂળ મુદ્દો એ છે કે યુવાનોએ અતિ આધુનિક શોધખોળોને ચાળે બહુ ચઢવા જેવું નથી. પોતાના ઘરમાં વડીલોનું મન અને માન એમણે સાચવવું જોઈએ. એમની વાત અને એમના વિચારોને લક્ષમાં લેવાં જોઈએ. નિર્ણય ભલે પોતે કરે, પણ વડીલની સલાહને સમજી એનું મૂલ્યાંકન કરી આગળ વધવું જોઈએ. માટે જ યુધિષ્ઠિરે 'વૃદ્ધોની સેવાથી જ્ઞાન મળે' એમ કહ્યું.

રામાયણમાં તુલસીદાસે લક્ષ્મણ અને પરશુરામના લાંબા સંવાદને ઘણો રસપ્રદ બનાવ્યો છે. શિવ ધનુષ્ય તૂટવાથી ધુંવાપુવાં થયેલા પરશુરામને લક્ષ્મણ મજાકમાં કહે છે કે 'આવાં ધનુષ્ય તો અમે નાનપણમાં રમતાં રમતાં તોડી નાખતા હતા.' ''બહુ ધનુ હીં તોરીં લરિકાંઈ'' એમ કહીં લક્ષ્મણ પૂછે કે, 'એહી ધનુ પર મમતા કેહિ હેતુ?' ('આ ધનુષ પર આપની આટલી બધી મમતા કયા કારણથી છે? બાલકાંડ')આમ અનેક રીતે લક્ષ્મણજી પરશુરામને ગુસ્સે કરે છે ત્યારે શરુમાં તો શ્રીરામ ઊભા ઊભા, મરક મરક હસતા હસતા બધો તાલ જોયા કરે છે. (યૌવનના જુસ્સાને પણ થોડો માર્ગ આપવો ઘટે.) પરશુરામ તો છેવટે એટલા બધા ગુસ્સે થાય છે કે લક્ષ્મણને મારવા માટે કુહાડી હાથમાં લીધી (પરશુ ધારી ધરેઉ કર ધોરા). ત્યારે વિશ્વામિત્રે એમને શાંત પાડ્યા. તુલસીદાસજી લખે છે : 'કૌસિક કહા છમિઅ અપરાધુ ; બાલદોષ ગુન ગુનહિ ન સાધુ.' (વિશ્વામિત્રે કહ્યું : 'અપરાધ ક્ષમા કરો, બાળકોના દોષ તથા ગુણોને સજ્જનો ગણતા નથી') તો ય ન લક્ષ્મણજી ચૂપ રહ્યા, ન પરશુરામ શાંત થયા. છેવટે લક્ષ્મણે તો કહી નાખ્યું : 'મિલે ન કબહું સુભટ્ટ રણ ગાઢે' ('તમને કદી કોઈ રણવીર બળવાન હજી સુધી મળ્યો નથી.') ત્યારે ક્રોધાવેશમાં પરશુરામ લક્ષ્મણને મારવા ધસી ગયા. ત્યારે શ્રી રામ શાંતિ આપે એવાં વચન બોલ્યાં : 'નાથ કરહુ બાલક પર છોહૂ ; સુધ દુધ મુખ કરિઅ ન કહૂ.' ('બાલક પર કૃપા કરો, આ ધાવણાં બચ્ચા જેવા પર ક્રોધ ન કરો.')



આ પ્રસંગ ઘણો લાંબો છે. અહીં આટલો વિસ્તાર પણ એ સમજાવવા કર્યો કે લક્ષ્મણજી યુવા પેઢીનું પ્રતિક છે, જેમણે પોતાનાં કટાક્ષ બાણોથી પરશુરામને વધુ ને વધુ ગુસ્સે કર્યા. પણ વિશ્વામિત્ર વૃદ્ધ પેઢીનું અને શ્રીરામ અનુભવી મહાનુભાવનું પ્રતિક છે. યુવા પેઢીના જુસ્સાથી વાત આગળવધી બગડી જાય એ પહેલાં આ બંને ધીર પુરૂષોએ વાત વાળી લીધી ને કશું પણ અનિષ્ટ થતું અટકાવ્યું. જો કે એ વખતે ય પરશુરામ તો શ્રીરામ પર પણ આક્ષેપ કરતાં એમને કહે છે :

'બંધુ કહઈ કટુ સંમત તોરે; તું છલ બિનય કરસિ કર જોરે' ('તારી સંમતિથી તારો ભાઈ કડવાં વચન કહે છે અને તું છળથી હાથ જોડી વિનય કરે છે?')

પણ અંતે પરશુરામને શ્રીરામના પ્રભાવનો પરચો મળ્યો (એથી પરશુરામનું અવતારી તેજ પણ જતું રહ્યું.) અને અંતે એ બોલ્યા : 'જય રઘુબંસ બનજ બન ભાનુ.'

લક્ષ્મણની જેમ યુવાનોમાં 'જોશ' એટલે ગુસ્સો કે જુસ્સો હોય છે જ્યારે વૃદ્ધોમાં 'હોશ' એટલે ભાન (બુદ્ધિ) હોય છે. યુવાનની શક્તિનું ભાન કરાવવા એક કવિ એના મુખમાં શબ્દો મૂકે છે :

'હું ભસ્મ કરું બ્રહ્માંડને, ડોલાવું દુનિયા લાતથી,
તાબે કરું ત્રણ લોકને, આકાશ તોડું હાથથી.'

અહીં યુવાનની શક્તિનો પંક્તિએ પંક્તિએ પરિચય થાય છે. પણ બ્રહ્માંડને ભસ્મ કરનારની શક્તિને નિયમનમાં ન રખાય તો મહા અનિષ્ટ થાય. એટલે એને કાબુમાં રાખનાર વૃદ્ધોની જરૂર રહે જ. 'જોશ' એને 'હોશ' નો સમન્વય જ જગતમાં મહાન રચનાત્મક કામો કરાવી શકે. માટે જ આ લેખની શરુઆતમાં યુધિષ્ઠિરે યક્ષને કહ્યું છે તેમ 'વદ્ધોની સેવાથી જ જ્ઞાન પ્રાપ્તિ થાય છે.'

આજે તો વૃદ્ધાશ્રમ સ્થપાયા છે અને એની સંખ્યા વધી રહી છે! દીકરાઓ વૃદ્ધ મા બાપને વારા ફરતી રાખે છે. દા.ત. ચાર દીકરા હોય તો દરેક જણ વૃદ્ધ મા-બાપને ત્રણ ત્રણ માસ રાખે.એય ના છૂટકે. ક્યારેક ત્રણ માસ પુરા થાય અને આ ઘરડાંથી છૂટાય એમ વિચારે. કદાચ દીકરા કરતાં ય એમની વહુઓનું વર્તન વધુ ખરાબ હોય. (સારી વહુના સુખદ્ અપવાદ ન જ હોય એવું નથી.) એક વિદ્વાન જૈન મુનીએ કહ્યું છે તેમ 'જે માતાએ નવ નવ માસ સુધી પોતાના પેટમાં સાચવી રાખ્યો, એના જનમ પછી પણ અનેક યાતનાઓ સહી જેને મોટો કર્યો એ દીકરો માતાના (કે પિતાના) વૃદ્ધત્વને સાચવી શકતો નથી!' એવું પણ બને કે દીકરા મા-બાપને વહેંચી લે છે. એટલે કે બે દીકરા હોય તો બાપ મોટા દીકરા સાથે (સુરતમાં) રહેતાં હોય એને મા નાના દીકરા સાથે (અમદાવાદમાં) રહેતાં હોય. બિચારાં મા-બાપ ! જ્યારે પરસ્પરના સહારાની, સહવાસની, હૂંફની અને વૃદ્ધાવસ્થામાં એક બીજાની સેવાની ખરી જરૂર હોય ત્યારે, એક વ્યક્તિ એક સ્થળે ને બીજી વ્યક્તિ અન્ય સ્થળે. સપૂતોએ વૃદ્ધ મા-બાપને વિયોગ કરાવ્યો! વર્તન તો એવું કે જાણે એ કોઇ દિવસ વૃદ્ધ થવાના જ ન હોય! આપણને ખબર ભલે ન હોય, પણ કેટલાક દડા 'બુમરેંગ' થાય છે એ નક્કી. દરેક કર્મનો માનવીને બદલો મળે છે. યાદ રહે : બાવળ વાવનારને કેરી નથી મળતી. દુષ્ટો સુખી ને સજ્જનો દુઃખી લાગે એ તો કામચલાઉ દ્રશ્ય છે. વળી 'લાગવું' અને 'હોવું' એમાંય ઘણો ફેર છે. **All that glitters is not gold.** (પીળું એટલું બધું જ સોનું હોતું નથી.) બધા સુખી દેખાતા માણસો વાસ્તવમાં સુખી હોતા નથી!

વૃદ્ધાશ્રમો તો આપણા યુવાન સંતાનોની શરમ છે. પોતાના તન અને મન નીચોવી નાખી ઉછેરનાર મા-બાપની મિલકત પણ વહેંચી લઈ, વૃદ્ધ માતા પિતાને 'ઘરડા ઘર' માં મૂકી આવવાં એના જેવું અમાનુષી કાર્ય બીજું કયું હોઇ શકે? ઘરડાં ઘર એટલે યૌવનની ગરીબી! અરે, ઘણાં વર્ષ કામ



આપી કમાણી કરાવી આપનાર જૂના યંત્રને ય કૃતજ્ઞી લોકો માનપૂર્વક સાચવી રાખીને પૂજે છે. તો પાલનહાર મા-બાપ પેલા યંત્રથી ય ગયાં!

આખી વાતનું નવનીત એ જ કે 'વૃદ્ધો (વડીલો) યુવાનોની શક્તિને યોગ્ય માર્ગે વહેવડાવે ને યુવાનો વૃદ્ધો (વડીલો) ના અનુભવનો લાભ લે. વિરોધ નહિ, પણ સમન્વય જ સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે. વડલાને સાચવો. એની છાયા સુખ ને શાતા આપશે. વડીલોનું માર્ગદર્શન એટલે 'માસ્ટર માઇન્ડ' ની સોનેરી સલાહ.

નૂતન વર્ષના શુભ દિને યુવાનો વડીલોને માન આપવાનો શુભ સંકલ્પ કરે તો સૌ સાચા અભિનંદનના અધિકારી બનશે.

## ૨૫ : અણદીઠું ઓરું એને પાય જી!

લિયો ટોલ્સટોયનું નામ તો જગવિખ્યાત છે. રશિયાના આ મહાન લેખકને એક વાર કોઇ મદદનીશની જરૂર પડી. ઘણા લોકોએ એ માટે ઉમેદવારી કરી. ઘણા તો ભલામણ ચિઠ્ઠીઓ અને પ્રમાણપત્રોનો ઢગલો લાવ્યા હતા. ટોલ્સટોયે ઇન્ટરવ્યું પછી જે યુવાનની પસંદગી કરી તેની પાસે તો નહોતું કોઇ ભલામણપત્ર, કે નહોતું કોઇ પ્રમાણપત્ર. છતાં આ મહાન લેખકે એની પસંદગી કરી!

એક મિત્રએ આનું કારણ પૂછતાં કહ્યું : 'મેં લખી આપેલા ભલામણપત્રવાળા ઉમેદવારને ય તમે પસંદ ન કર્યો અને આવા પ્રમાણપત્ર કે ભલામણપત્ર વિનાના ઉમેદવારને કેમ પસંદ કર્યો?'

ટોલ્સટોયે કહ્યું : 'જુઓ, જેને મેં પસંદ કર્યો એ ઉમેદવારના લક્ષણ જાણો. પહેલાં તો બારણું ખોલી એણે પૂછ્યું : 'સાહેબ, અંદર આવું ?' આ એના વિનયનું પ્રમાણપત્ર હતું. પછી લૂંછણીએ પગ લૂંછ્યા પછી એ આગળ વધ્યો. આ એની સ્વચ્છતાનું પ્રમાણપત્ર હતું. મારા ટેબલ પાસે આવતા પહેલાં રસ્તામાં એણે એક પીન જોઇ. તે તેણે ઉપાડી લીધી ને મારા ટેબલ પર પડેલા પીન કુશનમાં ખોસી દીધી. આ એની ચીવટનું પ્રમાણપત્ર. પીન જેવી નાની વસ્તુની પણ એણે અવગણના ન કરી...! પછી મેં એને જે પ્રશ્નો પૂછ્યા તેના એણે નિર્ભયતાથી અને આત્મવિશ્વાસપૂર્વક ઉત્તર આપ્યા. આ નિર્ભયતા અને આત્મવિશ્વાસ સામાન્ય ગુણો નથી. ઇન્ટરવ્યું પૂરો થયો એટલે એણે વિવેકપૂર્વક જવાની રજા માંગી. વડીલો તરફ સન્માનની ભાવનાનો ગુણ બધામાં હોતો નથી. વળી કોઇની ભલામણ ચિઠ્ઠી લાવી મારા પર છાપ





પાડવાનો તેણે કૃત્રિમ પ્રયાસ કર્યો નહોતો. આમ, મારી દ્રષ્ટિએ તેની સુંદર રીતભાત, વિવેક, વિનય, આત્મવિશ્વાસ, ચીવટ, નિર્ભયતા જેવા અનેક પ્રમાણપત્રો તેની પાસે હતાં. માટે મેં એને પસંદ કર્યો.'

ટોલ્સટોય જેવા મહાન ચિંતકના આ દ્રષ્ટિકોણમાંથી કેટલું બધું જાણવા શીખવાનું મળે છે?

માણસમાં જો વિનય અને વિવેક હોય તો કહેવત છે કે 'વનો વેરીને વશ કરે' યુવાનોમાં જો નિર્ભયતા અને આત્મવિશ્વાસ હોય તો **Come what may** ના પડકારથી જ તે અડધું યુદ્ધ જીતી જાય છે. સારી રીતભાતવાળો માણસ પારકાનેય પોતાના કરી લે છે. એ રીતે મોટાં કામ પણ સહેલાં થઇ પડે છે. ખાસ કરીને આજનો યુવાન જો આટલા ગુણ સાથે સંસારમાં પ્રવેશ કરે તો 'અણદીઠું ઓરું એને પાય જી.' પછી ભોમિયા વિના ય ડુંગરાઓમાં ભમી શકાય. **Nothing is impossible** કહેનારે આવા સદ્‌ગુણો કેળવવા પડે છે. આલ્પ્સની પણ અવગણના કરવાની જિગરવાળા માણસને પાવાગઢ તો નાનો ટેકરો લાગે. હિમાલયના માઉન્ટ એવરેસ્ટને એજ માણસ સર કરી શકે, જેનામાં અખૂટ ધૈર્ય, અસીમ હિંમત અને અમર આશા હોય.

મોજશોખમાં યૌવનને વેડફી નાખનાર યુવાનો કશું હાંસલ કરી શકતા નથી. ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાઓએ સમજી લેવું જોઇએ કે સદ્‌ગુણો જ સફળતાની ચાવી છે, દુર્ગુણો તો પડતીની નિશાની છે.

સદ્‌ગુણો વિકસાવી જીવનને સાર્થક કરીએ તો જીવ્યું ધન્ય થાશે.

## ૨૬ : સુખ દુઃખ એ તો મનનું કારણ

ખરેખર તો સુખ કે દુઃખની વ્યાખ્યા સહેલી નથી. એકનું સુખ એ બીજાનું દુઃખ પણ હોઇ શકે. વળી શું મળે, કેટલું મળે કે શું ન હોય તો આપણે સુખી કહેવાય એ પણ દરેક માણસ માટે ભિન્ન ભિન્ન હોય છે. કોને સુખ અને કોને દુઃખ કહેવું એ પણ માણસના મન પર આધાર રાખે છે. માટે જ કહી શકાય કે-

સુખ દુઃખ એ તો મનનું કારણ,
ઝૂપડે શાંતિ ને મહેલે ભારણ!

વળી એવો પણ દરેકને અનુભવ હશે જ કે સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યા કરે છે. સુખ સ્થાયી નથી ને દુઃખ પણ અસ્થાયી છે. **चक्रवत् परिवर्तन्ते दुःखानि च सुखानि च।** ચક્રના આરાની જેમ સુખ અને દુઃખ સતત ફરતાં રહે છે. માટે જ કવિએ કહ્યું છે :

સુખ દઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.

એક બીજી નવાઈની વાત એ છે કે ઘણીવાર ઉપરથી દુઃખદ લાગતા પ્રસંગમાં ખરેખર સુખનો સંદેશ છૂપાયો હોય છે. દા.ત. નદીમાથી પાણીનો ઘડો શ્રવણ ભરતો હતો, ત્યારે જે ‘ઘુ બુ બુ બુ’ અવાજ થયો એ અવાજને કોઇ જંગલી પશુનો અવાજ માની રાજા દશરથે શબ્દવેધી બાણ માર્યું, જેથી શ્રવણ ઘવાયો ને દુઃખની ચીસ પાડી. દોડતા ગયેલા દશરથ રાજાએ એની માફી માગી ને પોતાની ભૂલ સમજાવી, ત્યારે શ્રવણે કહ્યું કે ‘સામે ઝાડ નીચે મારાં અંધ માતા પિતા તરસ્યાં છે, તેમને આ પાણી લઇ જઇને પાવ.’ શ્રવણ એટલું કહીને



જ સ્વધામ ગયો. દશરથ રાજા ભારે દુઃખી હૃદયે પાણીનો ઘડો લઈ પેલાં વૃદ્ધ દંપતી પાસે ગયા, ત્યારે એમણે પાણી તો ન પીધું પણ કલ્પાંત કરી દીકરાને સંભાળતા સંભાળતાં સ્વધામ જતા પહેલાં રાજાને શાપ આપ્યો કે ‘જે રીતે અમે પુત્ર વિયોગથી મરીએ છીએ એમ તું પણ પુત્ર વિયોગના દુઃખથી મરજો.’

શાપ સાંભળી દશરથ રાજા સ્વાભાવિક જ બહુ દુઃખી થયા. પણ એમણે એક વાતે આશ્વાસન લીધું કે ‘આ વૃદ્ધોના શાપથી એક વાત નક્કી થઈ કે મારે ઘેર પુત્ર તો જન્મશે જ!’ (ત્યારે દશરથ રાજાને કોઇ સંતાન નહોતું અને એમને એનું ભારે દુઃખ હતું.) આમ દશરથ રાજાને મળેલો શાપ ખરેખર તો એક વરદાન રૂપ હતો! આમ દુઃખની ઓથે સુખ છુપાયું હોય છે, અથવા ક્યારેક દુઃખ, સુખનો સંદેશ લઈને આવે છે! આનાથી વિરુદ્ધ પણ બને છે. ફરી રામાયણ પર આવીએ. ‘આવતી કાલે રામનો રાજ્યાભિષેક થવાનો છે’ એ વાત જાણી અયોધ્યાવાસીઓના આનંદની સીમા નહોતી! નાચ ગાન ને ગીતોની રમઝટમાં અયોધ્યા તલ્લીન બની ગયું હતું. ત્યારે એક અદેખી દાસી મંથરાએ રાણી કૈકેયીને ભરમાવીને અશક્યને શક્ય કરી બતાવ્યું. આપણે જાણીએ છીએ તેમ રામને રાજગાદીને બદલે વનવાસ મળ્યો ! ‘ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે !’ એક જ દિવસમાં અયોધ્યામાં કેવી ઉથલ પાથલ મચી ગઇ ! ગાદીને બદલે વનવાસ ! શ્રીરામ જેવી મહાન વિભૂતિ જ આવા મોટા આઘાતને જીરવી શકે એટલું જ નહિ, રાજગાદીને તણખલાની જેમ ત્યાગી પિતાનું વચન પાળવા વનને માર્ગે રામ જ વિચરી શકે !

અહીં આપણે જોયું કે સુખ દુઃખનો આધાર માણસના મન પર છે.

એક બીજી વાત પણ છે.માણસની એવી તાકાત નથી કે પોતાના દુઃખને સુખમાં પલટાવી શકે કે બીજાના સુખમાં હાનિ પહોંચાડી શકે. (જો કે આવું માનવા આપણે તૈયાર નથી!) એટલે જે દુઃખ હોય તેને ઈશ્વરની દેન સમજી સ્વીકારવું અને જે સુખ હોય તે પણ ભગવાનની કૃપા માની માણવું એ જ આપણું કર્તવ્ય હોવું ઘટે.

પણ સુખમાં અભિમાનથી છકી જવું ને દુઃખમાં ગભરાઈ જઈ હતાશ થઈ જવું એ પણ ઠીક નથી. શક્ય એટલી સમતા રાખી જીરવવું ને જીવવું. ગીતા - ભાખી 'સ્થિતપ્રજ્ઞતા' પામમવાનું તો દુષ્કર છે, પણ થોડા સમત્વનો ભાવ હોય, અકર્તાપણાનો ભાવ હોય તો સુખ દુઃખ બંને સહી શકાય. બાકી કવિએ તો સ્પસ્ટ કહ્યું છે :

સુખ સમયમાં છકી નવ જવું દુઃમાં ન હિંમત હારવી.
સુખ દુઃખ સદા ટકતાં નથી એ નીતિ ઉર ઉતારવી.

સમજુ સંસારીઓને આથી વિશેષ શું કહેવાનું?

## ૨૭ : શ્રદ્ધાનું સિંચન થતાં...

એક પ્રસંગ વાંચેલો. બીજું બધું બહુ યાદ નથી.પણ હકીકત સાચી છે. હું એને મારી રીતે, કલ્પિત નામો સાથે કહું છું :

શામળભાઈ એક હાઈસ્કુલમાં શિક્ષક હતા. આદર્શ શિક્ષક હતા. ટ્યુશન ન કરે, કોઈનો વગ વસીલો ન જ કરે. પ્રમાણિકપણે, નિષ્ઠાથી ભણાવે. આદર્શ વિદ્યાર્થીઓ તૈયાર કરવાની ભાવનાવાળા શામળભાઈ કહેતા કે 'આ વિધ્યાર્થીઓ જો સારા નાગરિકો બની સમાજમાં જશે તો દેશનું ભાવિ ઘણું ઉજ્જવળ છે. બાકી, તો ધૂળ ઉપરના લિંપણ જેવું જ જાણો...કાદવથી ચણેલા ઊંચા મીનારા પડવાના જ, જેટલા ઊંચા હશે એટલા વહેલાં પડશે. માટે જ શિક્ષકોની સમાજ પ્રત્યે બહુ મોટી જવાબદારી છે...એક ચિંતકે સાચું જ કહ્યું છે કે દેશનું ભાવિ શાળાની ચાર દિવાલો વચ્ચે ઘડાય છે...!'

શામળભાઈની આવી વાતોને મોટા ભાગના લોકો, અરે ખુદ શિક્ષકો પણ વેદિયાવેડામાં ગણાવી હસી કાઢતા. પણ શામળભાઈ તો એમના આદર્શ પ્રમાણે જ ફરજ બજાવતા અને બીજા શિક્ષકોની સરખામણીમાં પોતે સામાન્ય આવકમાં જ જીવન જીવતા. પણ શામળભાઈને પોતાના જીવન વ્યવહારથી સંતોષ હતો. એ કહેતા : 'કોઈને જે કરવું હોય તે કરે...આપણે આપણી ફરજ પ્રમાણિકપણે બજાવવી. સરકાર પગાર આપે છે...નિષ્ઠાથી કામ ન કરીએ તો નમકહરામ ગણાઈએ...!'

વ્યવહારડાહ્યા લોકો, શામળભાઈની વાત સાચી છે એમ કહે ય ખરા કે? પણ આત્મસંતોષથી જીવતા શામળભાઈ કોઈની સાથે કશો ય વાદવિવાદ કર્યા વિના 'એકલો જાને રે'ની લગનથી પોતાનું કર્તવ્ય નિભાવતા. આઝાદી

આવ્યા છતાં આ ધરતીમાંથી હજી ઘણા 'શામળભાઈઓ' પેદા થયા નહોતા. શામળભાઈ કહેતા : 'ફૂલછોડ વાવીએ તો ફૂલ તો મળે ત્યારે ખરાં, પહેલાં કાંટા તો મળે જ.'

એકવાર પોતાના જૂના ખખડધજ સ્કુટરને શામળભાઈ કીક મારતા હતા, ત્યાં જ બાજુમાં એક મોટર આવીને ઊભી રહી, અને એમાંથી એક છેલબટાઉ જુવાનીયો સીગારેટના ધૂમાડા કાઢતો શામળભાઈની નજીક ગયો ને બોલ્યો : 'કેમ છો માસ્તર સાહેબ?'

'કોણ ભાઈ?' શમળભાઈએ સામે જોઈ પૂછ્યું.

'હજીય તમે આ ખખડધજ સ્કુટર જ ફેરવો છો કે?' પેલા યુવાને અકળાઈને કહ્યું : 'જુઓ હું તમારો જૂનો વિદ્યાર્થી આ મોટરમાં ફરું છું. આ માસ્તરગીરી છોડી મારા ઘેર નામું લખવા આવો તોય આનાથી ઘણું વધારે કમાશો. બાંધકામનો ધંધો છે મારો. મારું નામ બિલ્વમંગલ.'

શામળભાઈ વિનયપૂર્વક બોલ્યા : 'ભાઈ, તમે કમાઈને આટલા સુખી થયા એનો મને ઘણો આનંદ છે...પણ મારે માટે તો મારી આ જીવનરીતિ જ વધારે સારી છે...મારું આ જૂનું સ્કુટર મને આ શહેરમાં ધીરે ધીરે ફેરવે છે, એટલે મારે મન તો એ એરોપ્લેન જેવું છે...મને સંતોષ છે ભાઈ, આભાર તમારો.'

શામળભાઈની વાત સાંભળી પેલા નફફરાએ ગુસ્સામાં સીગારેટ ફેંકી પગ નીચે કચડી ને બોલ્યો : 'હં, માસ્તર તે માસ્તર જ રહ્યા!'

રસ્તે સ્કુટર પાછળ બેઠેલા શામળભાઈના માંદા પત્ની રડતાં રડતાં કહેઃ 'હજી ય તમે ન સુધર્યા, આટલું દુઃખ પડે છે તોય એના એ રહ્યા તમે. આ માણસ શું ખોટું કહેતો હતો? એની પેઢી પર નોકરી ગયા હોત તો આ દળદર તો ફીટત.' શામળભાઈ માંદી પત્નીને દવાખાને લઈ જતા હતા.

પણ શામળભાઈએ શાંતિથી કહ્યું : 'તેં મેં વાવેલા છોડના કાંટા



જોયા...મેં ય ઘણા જોયા છે...પણ શ્રદ્ધા રાખ, ક્યારેક એ છોડ પર ફૂલ પણ આવશે જ.'

બીમાર પત્નીને લઈ શામળભાઈ દવાખાનામાં દાખલ થયા. દર્દીઓની ઘણી ભીડ હતી. શામળભાઈએ કેસ કઢાવ્યો ને 'કલાકો પછી વારો આવશે' ની ધારણા રાખી, ધ્રૂજતી પત્નીને જૂની શાલ ઓઢાડી બાંકડા પર બેસાડી ને બાજુમાં પોતે બેઠા.

ડોક્ટર આવ્યા, ઝડપથી પસાર થતાં દર્દીઓ પર એમની એક નજર ફરી ગઈ. અંદર જતાં પહેલાં એ એક સ્થળે એકદમ અટકી ગયા. પછી અંદર જઈ, માણસ મોકલી એમણે શામળભાઈને અંદર બોલાવ્યા. શામળભાઈ અંદર ગયા, ત્યાં તો ડોક્ટર એમને પગે લાગી બોલ્યા : 'નમસ્તે સાહેબ'.

'ડોક્ટર સાહેબ ?! શામળભાઈ આશ્ચર્યથી તાકી રહ્યા ! 'આપ મને પગે લાગો છો!'

'ના, ડોક્ટર નહિ, શ્રેયાંસ જૈન, આપનો વિદ્યાર્થી', નમ્રતાથી એ મોટા ડોક્ટર બોલ્યા.

પછી તો થોડી વાતો થઈ ને શામળભાઈને વર્ષો પહેલાંના આ વિદ્યાર્થીના સ્મરણો તાજાં થયાં.

'બોલો સાહેબ, કોને માટે આવ્યા?' ડોક્ટરે વિવેકથી પૂછ્યું.

બાજુમાં બેઠેલા શામળભાઈનાં પત્ની તાવથી ધ્રૂજતાં હતાં. શામળભાઈએ વાત વિગત કહી. તે પછી ડોક્ટર સાહેબે સાહેબનાં પત્નીને તપાસ્યાં ને કહ્યું : 'સાહેબ, એમને આજે અહીં દાખલ કરી દઈએ છીએ. જરા કાળજી રાખવી પડશે, પણ અઠવાડિયામાં સારાં થઈ જશે. ચિંતા ન કરશો.' પછી ડોક્ટરે વી.આઈ.પી. વોર્ડમાં એમને દાખલ કર્યા ને દવાનો એક પણ પૈસો કે કશી ય ફી લીધા સિવાય ગુરુ પત્નીની સેવા કરી છ સાત

દિવસમાં સારાં થતાં રજા આપી. આભારવશ શામળભાઈની આંખમાં આસું આવ્યાં ત્યારે ડોક્ટરે કહ્યું : 'સાહેબ, આ બધું આપના આશીર્વાદનું ફળ છે, બાકી હું તો સામાન્ય ઘરનો વિદ્યાર્થી હતો.'

ત્યારે પત્નીએ શામળભાઈ તરફ જોઈ માનપૂર્વક કહ્યું : 'તમારા વાવેલા છોડ પરના ફૂલ આજે જોયાં...ખરેખર તમે ધન્ય છો.' ને એમની આંખમાં ય હર્ષના આંસુ આવ્યાં!

બીજે દિવસે વહેલી સવારે પેપરમાં મોટા અક્ષરે સમાચાર આવ્યા : 'શહેરના નામીચા યુવાન બિલ્ડર બિલ્વમંગલની ગુંડાઓ દ્વારા ઘાતકી હત્યા...!'

શામળભાઈએ આ સમાચાર પત્નીને વંચાવ્યા ને બંને જણે દુઃખનો ઊંડો નિઃસાસો નાખ્યો. બોલ્યાં : 'બહુ ખોટું થયું !'

જોયું ને ? આનું નામ જ જીવન. વાવીએ તેમાંથી ફૂલ ફળ મળે ત્યારે ખરાં, પણ એ માટે કાંટા ખાવાની તૈયારી રાખવી પડે. ગુલાબના છોડને પહેલાં ફૂલ નહિ, કાંટા આવે છે. હા, સારું ઉપયોગી બી વાવવું જોઈએ ને શ્રદ્ધાપૂર્વક માવજત કરવી જોઈએ. વિશ્વાસ ને શ્રદ્ધા હોય તો સત્કર્મ ફળે જ છે. કદાચ તમે રોપેલા આંબાની કેરીઓ તમારાં સંતાન ખાશે. જીવનચક્ર તો આમ જ ચાલે.

માટે સારાં બી વાવતા રહીએ, ઉપયોગી છોડ ઉછેરતા રહીએ અને શ્રદ્ધાપૂર્વક એનું સંવર્ધન કરતા રહીએ. આપણે માથે સમાજનું પણ ઋણ છે. આ રીતે એ ઋણ અદા કરી જીવન સાર્થક કરીએ. આપણા કામની સફળતા માટે શ્રદ્ધાનું ઘણું મહત્ત્વ છે. માટે જ મેં શ્રદ્ધામાં શ્રદ્ધા રાખી ક્યારેક લખ્યું હતું :

''શ્રદ્ધાનું સિંચન થતાં પાષાણે પણ પ્રભુ વસે,
ચેતનભર્યા મનુષ્યમાં ના શું બેઠો દેવ હશે?''

## ૨૮ : 'મને ફરી ગોળી મારો...'

ઘણી જૂની વાત છે. બગદાદના રાજાની વાત છે. રાજાનું કાલ્પનિક નામ આપણે સગવડ ખાતર બાદશાહ હુસેન રાખીશું.

બાદશાહ બહુ પરાક્રમી હતા. પોતાના બાહુબળથી એમણે રાજ્યનો ઘણો વિસ્તાર કર્યો હતો. આવા આબાદ રાજ્યના બાદશાહ હોવા છતાં એ પોતે બહુ પ્રમાણિક, ન્યાયપ્રિય અને પ્રજાના સાચા સેવક હતા. એટલે રાજ્યની તિજોરીમાંથી બાદશાહ પોતે એક પૈસો પણ લેતા નહિ ! પોતે જાતે કાંઈક ઉદ્યોગ કરીને કમાતા અને એમાંથી પોતાનો નિર્વાહ કરતા ! એટલે કે ઘણી કરકસરથી એમને અને એમના કુટુંબને જીવવું પડતું. તેથી બાદશાહ પોતે કપડાં પર થીંગડાં મારીને ય પહેરતા ! પોતાના દીકરાને પણ આવાં જૂનાં કપડાં પહેરાવવાં પડતાં. પણ એવા થીંગળાંવાળાં કપડાંને કારણે મિત્રો બાદશાહના દીકરાની મશ્કરી કરતા. આથી દીકરો બાપ પાસે જઈ રડવા લાગ્યો અને નવાં કપડાં માટે હઠ કરી. બાદશાહ લાચાર હતા. છેવટે એમણે પોતાના કોષાધ્યક્ષને બોલાવીને કહ્યું : 'મને થોડા રૂપિયા ખજાનામાંથી આપો. આને કપડાં સીવડાવી આપું. પછી હું કમાઈને પાછા આપી દઈશ.'

પણ કોશધ્યાક્ષ પણ બાદશાહનો જ ચેલો હતો. કહે : 'ના જહાપનાહ, માફ કરો...પણ એ પ્રજાના પૈસા આપણાથી ના લેવાય...આપ થોડા દિવસ માટે પણ કેવી રીતે લઈ શકો? સતત યુદ્ધમાં રહેતા આપને કાંઈ થઈ જાય તો આપ પ્રજાનું દેવું માથે લઈને જાવ ને? આપનું એવા દેવાદાર સંજોગામાં મૃત્યુ થાય એ મને મંજુર નથી...!'

બાદશાહને પોતાની ભૂલ સમજાઇ. પ્રજાના પૈસા કોઇ પણ સંજોગોમાં રાજાથી, થોડા વખત માટે પણ ન જ વપરાય એ એમણે સ્વીકાર્યું ને કુંવરને જેમ તેમ કરી સમજાવી દીધો. પોતાને ભૂલ કરતો રોકવા બદલ બાદશાહે પોતાના કોષાધ્યક્ષને ધન્યવાદ આપ્યા!

આ વાત માન્યામાં ન આવે એવી છે ને? હકીકતમાં વાત સાચી છે, પણ આજે આવું કોણ માને? જ્યાં પ્રજાના સેવકો કે નાના મોટા હોદ્દા પર બેઠેલા પ્રજાજનો કરોડોના ગોટાળા કરતા હોય અને લાખોનાં કૌભાંડો કરી સાત પેઢી ખાય એથી ય વધુ ભેગુ કરતાં હોય ત્યાં આવા પ્રમાણિક રાજાની વાત સ્વપ્ન સરખી કાલ્પનિક કે અવાસ્તવિક જ લાગે ને ? આજે તો લાંચ રુશ્વત કે ગોટાળો કરનારને કશી શરમ પણ નથી આવતી ! પ્રજાનું જે થવાનું હોય તે થાય, એ ભૂખે મરે કે તરસે મરે, એ દુઃખી હોય કે દરિદ્ર હોય,પણ એના લેવા કરવા એના મતથી ખુરશી પર બેઠેલા અને મોટા મોટાપદ પર એના સેવકો તો અબજોમાં આળોટે છે! ભગવાન કરે ને ગાંધીજી પાછા આ દેશમાં આવીને આઝાદીનાં ફળનું માત્ર સિંહાવલોકન કરે તોય એ પોકારી ઊઠે : ‘કોઇ આવો...આવો...મને ફરી ગોળી મારો...મારાથી આ દેશની- આઝાદ ભારતની પ્રજાની આવી કરુણતા નથી જોવાતી...!’ કદાચ હવે તો છેલ્લે એ ‘હે રામ’ પણ ના બોલી શકે!

હવે તો સૌની સદ્‌બુદ્ધિ માટે ભગવાનની પ્રાર્થના કરવી રહી. બીજું શું કરી શકીએ આપણે?

## ૨૯ : તો તાક્યું તીર મારી શકાય

ઓપરેશન થિયેટરમાં ડોક્ટર ઓપરેશન માટેની તૈયારી કરી રહ્યા હતા. એમનો એસીસ્ટન્ટ મદદ કરતો હતો. ત્યાં જ એકાએક અણધાર્યું બન્યું. ઓપરેશન કરાવનાર વ્યક્તિના મગજનો પારો છટક્યો! કોણ જાણે કેમ પણ એ ઓચિંતો ડોક્ટર પર ગુસ્સે થઇ ગયો અને ડોક્ટરને એ ગમે તેમ બોલવા લાગ્યો. ડોક્ટર તો પોતાના કામમાં મશગુલ હતા. એટલે એમણે તો દર્દીના બખાડા તરફ ધ્યાન ન આપ્યું, પણ પેલા મદદનીશને ગુસ્સો થયો. એ પેલા દર્દી સામે આંખો કાઢતો જોતો હતો, ત્યાં જ ડોક્ટરે ઈશારો કરી એને અટકાવ્યો ને શાંત રહેવા કહ્યું. થોડીવારમાં દર્દીને ટેબલ પર સુવડાવ્યો ને ડોક્ટરે એસીસ્ટન્ટની મદદથી ઓપરેશન પુરું કર્યું. છેલ્લે પાટા પિંડી કરી દર્દીને બહાર લઇ જઇ એના સંબંધીઓને સોંપ્યો. ઓપરેશન સફળતાપૂર્વક પુરું થયું. પણ ડોક્ટરના મદદનીશથી ન રહેવાયું. એણે ડૉક્ટરને કહ્યું : ‘સાહેબ, પેલા માણસે આપનું આટલું બધું અપમાન કર્યું, આપને ન કહેવાના શબ્દો વગર કારણે કહ્યા તો ય તમે કેવી રીતે શાંત રહી શક્યા? અને શા માટે શાંત રહ્યા આપ? મારું તો મગજ બગડ્યું હતું. એને ખબર પાડી દેત હું તો. અરે કાઢી જ મુકત, પણ આપે મને અટકાવ્યો...’

ડૉક્ટરે કહ્યું : ‘ભાઇ, આપણા આ નાના ઓપરેશન થિયેટરમાં એક મૂરખ તો હતો જ. પછી બીજા મૂરખની ત્યાં શી જરૂર હતી? એમ કરતાં બખેડો વધત અને એ મૂરખનું ઓપરેશન રખડી જાત; એના કરતાં આપણે શાંતિ રાખી તો કામ સારી રીતે પાર પડ્યું.’

આ મોટા ગજાના ડૉક્ટરનું નામ હતું ચાર્લ્સ મેયો. મોટા માણસોના મન ખરેખર મોટાં ન હોય છે. માણસની મોટાઈની આ જ પારાશીશી છે. મોટાઇ વેચાતી મળતી નથી. મોટાઇ સંસ્કારમાં વણાઇ જાય છે.

ગુસ્સો થાય એવા સંજોગોમાં ય મનની સ્વસ્થતા ગુમાવ્યા વિના ડૉક્ટર મેયોએ પોતાનું કામ શાંતિથી કર્યું એવું બધાં માટે શક્ય નથી. અરે, આપણામાંના ગામના મોટા ભાગના એમ ન કરી શકે. સાચી રીતે સમજવું અને સ્વસ્થ ચિત્તે પોતાનું કામ કરવું એ મોટા ગજાના માણસોનું કામ છે. કોઈ આપણા પર ગુસ્સો કરે તોય શાંત રહેવું ને આપણું કામ પાર પાડવું એ અસામાન્ય માણસનું લક્ષણ છે. ગુસ્સો કરવો એ સામાન્ય છે, ગુસ્સો ન કરવામાં જ અસામાન્યતા રહેલી છે. ગુસ્સાથી આપણું કામ બગડી જાય છે. ગુસ્સાથી બ્લડ પ્રેશર વધી જાય છે, ગુસ્સામાં ન બોલવાનું બોલી જવાય છે. ગીતાના સોળમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે કહ્યું છે :

त्रिविधं नरकस्येदं द्धारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथालोभस्तस्मायोकत्रयं त्यजेत् ।।

‘કામ, ક્રોધ અને લોભ એ ત્રણે પ્રકારનાં નરકનાં દ્વાર છે...માટે એ ત્રણને ત્યજવાં જોઇએ.’

કામ,ક્રોધ, લાભ, મોહ એ બધા એક બીજામાંથી જન્મતા આપણા શત્રુઓ છે. છતાં એમનો ત્યાગ એટલો સહેલો તો નથી જ. પણ મુશ્કેલ હોય એ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન તો જરૂર થઇ શકે. ક્રોધને જીતવો જરૂરી છે.ડૉ.મેયોએ ક્રોધ પર કાબુ રાખી પોતાના સ્થિર મન અને વિકસિત બુદ્ધિનો પરિચય આપ્યો, તેમ આપણે પણ જીવનમાં અનેક પ્રસંગોએ, અરે વારે ઘડીએ ઊભા થતા ક્રોધજન્ય સંયોગો વચ્ચે પણ સ્વસ્થ રહીએ તો ઘણીવાર ઘણી જફાઓમાંથી ઉગરી જઇએ.



એક લેખમાં મેં લખ્યું હતું : ‘કામ ક્રોધ મદ મોહ છે, મન મંદિરનાં જાળાં.’

આપણા મન-મંદિરમાંથી આ જાળાંને સાફ કરી એને સ્વચ્છ બનાવીએ તો પ્રભુને પણ એમાં બિરાજવવાનું મન થશે, અને જ્યાં પ્રભુનો વાસ હશે ત્યાં આનંદ મંગલ જ હશે.

માટે જ શક્ય હોય ત્યાં સુધી શત્રુથી બચો. મારે, તમારે ને દરેકે આ માટે સતત જાગૃત રહી પ્રયત્ન કરવો ઘટે.

અનેક પીડાઓના જન્મદાતા એવા ક્રોધ પર જો કાબુ આવી જાય તો માણસ તાક્યું તીર મારી શકે ને વિરોધીને સહેલાઇથી એના જ ક્રોધ વડે મહાત કરી શકે. ફક્ત ક્રોધને જીતો, ઘણાં વિરોધીઓને હરાવી શકશો.

## ૩૦ : તમારાં સાધન ચકાસતા રહો

જંગલમાં લાકડાં કપાવવાનો રામપાલ શેઠનો કોન્ટ્રેક્ટ હતો. ધંધો સારો ચાલતો હતો. કઠિયારા રોજ જેટલાં ઝાડ કાપે એ પ્રમાણે એ પૈસા આપતા. માધો અને જેઠો પણ આવા ઝાડ કાપવાની મજૂરી કરતા. પણ જેઠો જોતો કે પોતે ગમે એટલી મજૂરી કરે કે મોડા સુધી કામ કરે તો ય માધા જેટલાં ઝાડ તે કાપી શકતો નહિ. આથી પોતાને માધા કરતાં કાયમ ઓછા પૈસા મળતા. આ ઓછપનો જેઠાને કાયમ વસવસો રહેતો.

એક દિવસ એણે પોતાનું દુઃખ રામપાલ શેઠને કહી નાખ્યું : 'હેં શેઠ, હું માધાથી વધારે મહેનત કરું છું, તોય એના કરતાં મારું કામ કેમ ઓછું થાય છે? મને હંમેશાં એના કરતાં ઓછા પૈસા મળે છે! આનું શું કારણ?'

શેઠ રામપાલ મરમમાં થોડું હસ્યા. પછી બોલ્યા : 'અલ્યા જેઠાભાઈ, આ વાત તું સીધી માધાભાઈને જ પૂછી લેને. જો પે...લા બેઠા લાકડાને ટેકે. કેવા નિરાંતે ધૂમાડાના ગોટા કાઢે છે!'

જેઠાને આજે આ વાતનો ભેદ ઉકેલી જ નાખવો હતો, એટલે સીધો પહોંચ્યો માધાભાઈની પાસે. 'રામ રામ માધાભાઈ' કહી સામે પલાંઠી જમાવી જેઠાએ કહ્યું : 'માધાભાઈ, આજ તો તમને મારા દુઃખની વાત કહી જ દેવી છે હોં.'

'અરે જેઠાભાઈ, એવું કાં બોલો? તમારું દુઃખ એ મારુ દુઃખ, બોલો, શું વાત છે?' માધાભાઈએ નિખાલસતાથી કહ્યું. પણ જેઠાભાઈએ પોતાની રામકહાણી કહીને અંતે ઉમેર્યું : 'તમારા કરતાં ઘણી વધારે મહેનત કર્યા



છતાં મારું કામ ઓછું કેમ થાય છે માધાભાઈ?' ચતુર માધાભાઈ વાત પામી ગયા. એક વેધક નજર જેઠાભાઈ પર નાખી બોલ્યા : 'જેઠાભાઈ, એક વાતનો જવાબ આપો...તમે તમારી કૂહાડીને છેલ્લે ક્યારે ધાર કાઢેલી?'

જેઠાભાઈ વિચારમાં પડ્યા : 'મારો દીયોર, વાત તો ખરી, મારી કૂહાડીને ધાર કાઢે તો પંદરેક દી' થવા આયા!'

'તો સાંભળો જેઠાભાઈ', માધાભાઈ સમભાવપૂર્વક બોલ્યા : 'હું દરેક ઝાડ કાપી બે ચાર મિનિટ વિસામો લઉં છું અને મારી કૂહાડીની ધાર ઘસી લઉં છું... એટલે એ મને ઓછી મહેનતે વધારે સારું કામ આપે છે. સારું કામ કરવા માટે તમારી કૂહાડીની ધાર તેજ કરતા રહો.'

જેઠાભાઈને જવાબ મળી ગયો. અને ત્યારથી એમનું દુઃખ પણ દૂર થઈ ગયું. એક જ ગુરૂમંત્ર એમણે ગાંઠે બાંધ્યો : 'સારું કામ કરવા તમારી કૂહાડીને ઘસતા રહો; સારાં સાધન વધારે સારાં પરિણામ આપે છે.'

આપણે પણ જેઠાભાઈની જેમ જીવનમાં આપણી મહેનતનું વધારે સારું પરિણામ જોઈતું હોય, આપણા શ્રમનો વધારે સારો બદલો જોઈતો હોય તો આપણી બુદ્ધિની ધારને સતત તેજ કરતા રહેવું જોઈએ. ઊંધુ ઘાલીને મજૂરી કર્યા કરવા કરતાં, શાંત ચિત્તે વિચારી વખતો વખત આપણા શ્રમની સાર્થકતાને ચકાસતા રહેવું જોઈએ. કદાચ આપણા કામની દિશાને સહેજ મરોડ આપવાની જરૂર હોય પણ ખરી. એમ કરવાથી વધારે સારું પરિણામ મળે એમ પણ હોય. જે કામ કરીએ એને ચકાસતા રહેવું જોઈએ. સફળતાનો એ સલામતીભર્યો માર્ગ છે. **Sharen you axe. It is a way to Letter Result.**

# ૩૧ : કર ભલા... હોગા ભલા

આલ્ફ્રેડ નોબેલનું નામ તો જગપ્રસિદ્ધ છે. યુવાનો, અધડો, વૃદ્ધો, સ્ત્રીઓ કે પુરૂષો સૌ માનપૂર્વક એ નામ લે છે અને જેની સાથે એ નામ જોડાય એ તો ધન્ય બની જાય છે. હા, 'નોબેલ ઈનામ' ની વાત કરું છું. દુનિયાના કોઈપણ દેશના મહાપુરુષો-જેણે પોતાનાં જ્ઞાન અને શક્તિ વિશ્વશાંતિ માટે, જગતના કલ્યાણ અર્થે વાપરી હોય તેને નોબેલ પારિતોષિક મળે છે. દર વર્ષે સાહિત્ય, વૈદક શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર કે પદાર્થ વિજ્ઞાન-કોઈપણ ક્ષેત્રમાં વિશ્વશાંતિ માટે મોટું પ્રદાન કરનાર પાંચ વ્યક્તિને દર વર્ષે 'નોબેલ પ્રાઈઝ' મળે છે. જેને નોબેલ પ્રાઈઝ મળે એ વ્યક્તિ આર્થિક રીતે માતબર તો થઈ જ જાય, પણ એ તો ગૌણ લાભ ગણાય. મુખ્ય લાભ તો એ કે એ દુનિયામાં જાણીતો થઈ જાય અને અમર બની જાય! એની મહાનતાને ચાર ચાંદ લાગી જાય અને દેશ-કાળથી પર એ મહાપુરુષ ચિરંજીવ થઈ જાય!

કોણ છે આ મહાપુરુષ આલ્ફ્રેડ નોબેલ જેના નામે આટલાં મોટાં ઈનામ, આવી માનભરી કીર્તિ પમાય છે?

સ્વીડનનો ઉમરાવ આલ્ફ્રેડ નોબેલ સવારના પહોરમાં છાપું વાંચતો હતો ત્યારે આશ્ચર્યકારક રીતે એણે પોતાના (આલ્ફ્રેડ નોબેલના) મૃત્યુ-સમાચાર વાંચ્યા! કેવું આશ્ચર્યકારક અને આઘાતજનક લાગે પોતાના જ મૃત્યુના સમાચાર જાતે વાંચવાનું?! અને તેમાંય એ સમાચાર દુયિા માટે રાહતના ને આનંદના સમાચાર હોય એ રીતે છપાય ત્યારે? ત્યારે તો 'જીવ્યા કરતાં મરવું ભલું' એમ જ થાય ને?





વર્તમાનપત્રોએ આલ્ફ્રેડના મૃત્યુના સમાચારનાં હેડીંગ પણ રાહતસૂચક કે આનંદદાયક જ બનાવેલાં. 'માનવજાતના વિનાશકનો થયલો વિનાશ.' 'મૃત્યુનો વેપારી મોતને શરણ થયો' જેવા શુભ સમાચાર સૂચક શીર્ષકોથી આલ્ફ્રેડ નોબેલના મૃત્યુના સમાચાર વર્તમાનપત્રોએ છાપ્યા હતા! હકીકતમાં એક પ્રતિષ્ઠિત પેપરમાં આ સમાચાર છપાયા એટલે એને સાચા માનીને બીજાં વર્તમાનપત્રોએ પણ એ સમાચાર (સાચા માનીને) છાપ્યા. પણ છાંપાંના આ છબરડાએ તો નોબેલની આંખ ઉઘાડી નાખી. એ વિચારવા લાગ્યો : 'શું લોકો મને આમ તિરસ્કારની નજરે જુએ છે... શું જગત મને માનવજાતનો સંહારક ગણે છે?... શું મારા મૃત્યુથી કોઈને દુઃખ નથી થતું? ... અરે, શું મારા મોતથી લોકો ખુશ થાય છે?... હા, એમ જ છે... તો તો બળ્યું આ જીવન અને બળ્યા મારા અઢળક પૈસા... લોકો જીવનભર, અરે પેઢી દર પેઢી મને રાક્ષસ માનશે ને ગાળો ભાંડશે... વ્યર્થ ગયું મારું જીવન...!'

આવા આઘાતભર્યા વિચારોમાંથી કળ વળી ત્યારે આલ્ફ્રેડ નોબેલે શાંત મનથી વિચાર્યું : 'તો હવે શું કરું તો મારાં પાપ ધોવાય અને દુનિયાની નજરમાં હું ઊંચો આવું?'

હકીકતમાં આલ્ફ્રેડ નોબેલ ખૂબ સારો વૈજ્ઞાનિક હતો અને એણે જલદી સળગી ઉઠે એવા સ્ફોટક દ્રવ્યોનું સંશોધન કર્યું હતું. ખૂબ મહેનતથી એણે 'નોબેલ્સ ઓઈલ' શોધી કાઢ્યું હતું, જે યુદ્ધમાં મોટી ખુવારી કરવા ખૂબ કામ લાગતું હતું એટલે બહુ ખપતું હતું, જેથી નોબેલ ધનાઢ્ય બન્યો હતો. આમ માનવજાતના સંહારક એવા દ્રવ્યના શોધકને જગતના લોકો મનથી ધિક્કારતા હતા એ સ્વાભાવિક છે. અને એ ધિક્કાર એના મૃત્યના સમાચાર જાણી જાહેરમાં પ્રગટ પણ થયા. (જો કે મૃત્યુના સમાચાર ખોટા હતા, પણ લોકોનો તિરસ્કાર તો સાચો જ હતો.) આનાથી આઘાત પામેલા આલ્ફ્રેડ નોબેલે પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવાનું નક્કી કર્યું.

આલ્ફ્રેડે પોતાના પૈસાનું એક ટ્રસ્ટ કર્યું. અને એના જ વ્યાજમાંથી દર વર્ષે વિશ્વકલ્યાણ અર્થે પોતાની શક્તિ વાપરનાર પાંચ જણને ઈનામ આપવાની શરત મૂકી. એ શરત પ્રમાણે આજે ય વિશ્વના કોઈ પણ દેશના આવા મહાન નાગરિકને આ મહાન પારિતોષિક આપી એનું બહુમાન કરાય છે. (આપણે ત્યાં બોઝ અને ટાગોરને વિજ્ઞાન અને સાહિત્ય ક્ષેત્રના પ્રદાન માટે આ ઈનામ મળેલાં.)

આમ એક સમયનો સંહારક માણસ મહાનતાનો પોષક, સર્જક અને શોધક બન્યો. દૃષ્ટિ ફેર થઈ અને બુદ્ધિનો સદુપયોગ કર્યો તો એને બદનામીને બદલે ઈતિહાસમાં અમર રહે એવી સુકીર્તિ મળી ! આપણાં સાધનો અને સંપત્તિનો સદુપયોગ કરીએ તો જગતનું ભલું થાય અને તેથી આપણું તો ભલું જ નહિ, ઐતિહાસિક અમરતા બક્ષે એવું કલ્યાણ થાય !

'કર ભલા, હોગા ભલા'નું કવિ-કથન એ તો ગાગરમાં સાગર જેવો જ્ઞાન-ભંડાર છે. આટલી વાત તો સમજ પડે એવી સહેલી છે. નહિ ને? કે સહેલી વાતો જ સમજવી અઘરી છે?

## ૩૨ : જે પોષતું તે મારતું...

'મહેનતનું ફળ હંમેશાં મળે છે' એ કથનનું જીવતું જાગતું દ્રષ્ટાંત એટલે શ્રી ભગવાનભાઈ. ગામડા ગામના એ સૌથી નાના ખેડૂત. પણ પ્રમાણિક, મહેનતુ અને પોતાના ગજા પ્રમાણે શાંતિ અને સંતોષથી જીવતા ભગવાનભાઈ કદાચ ગામમાં સૌથી વધુ સુખી હતા એમ કહીએ તો ખોટા ન કહેવાઈએ. પૈસો કે સંપત્તિ જ સુખ આપી શકે એ વાત ભગવાનભાઈએ ખોટી પાડેલી. કારણ, ગામના ઘણા ખરા સુખી સંપન્ન લોકો હંમેશા કાંઈને કાંઈ દુ:ખની ફરિયાદ સાથે જ જીવતા હતા અને પોતાના ભાગ્યને કે ભગવાનને દોષ દેતા હતા, ત્યારે ભગવાનભાઈએ કોઈની આગળ કશી ફરિયાદ કે અસંતોષ વ્યક્ત કર્યાનું કોઈએ જાણ્યું નહોતું. સદ્‌ભાગ્યે પત્ની પણ ઘરરખુ ગૃહિણીના ઉદાહરણ રૂપ હતી. સંતાનો ઓછા હતાં, એટલે મર્યાદિત ખર્ચમાં જીવવા છતાં કશાનો અભાવ કે કશો અસંતોષ એમને જીવનમાં નહોતો. એટલે ધીરે ધીરે ભગવાનભાઈ બે પાંદડે થયા. એમનાં વૃદ્ધ માતાએ ત્યારે સંતોષનો શ્વાસ લીધો અને સાત્વિક સંતોષમાં જીવતાં જીવતાં થોડા સમયમાં એમણે અંતિમ શ્વાસ પણ લીધા. પોતાની પણ ઉત્તરાવસ્થા હતી. છતાં માતાના સ્વર્ગવાસે ભગવાનભાઈ જેવા શાણા સજ્જનને ય હચમચાવ્યા. જેના ખોળાને ખૂંદી પા પા પગલી પાડતાં શિખ્યા હતા અને જેણે પોતાના અંતરને ઉલેચી પુત્રને પોષ્યો હતો એવી માતાનો વિયોગ કોઈ મહર્ષિને ય કઠે, તો ભગવાનભાઈ તે કોણ માત્ર?

છતાં ધીરે ધીરે સ્વસ્થ થતાં ભગવાનભાઈએ ગામ લોકોને ભેગા કરી એક નવો પ્રસ્તાવ મૂક્યો. માતાની ઉત્તરક્રિયામાં લોકોને લાડુ ખવડાવી સારી

એવી રકમ ખર્ચી નાખવાને બદલે એમણે પોતાના નાના ગામડામાં પ્રાથમિક શાળા શરૂ કરવાની અને એ માટે પોતાની માતાને નામે રૂપિયા દસ હજાર આપવાની વાત કહી. ભગવાનભાઇ જેવો ગામનો છેલ્લો ગણાય એવો માણસ એક સાથે દસ હજાર રૂપિયા દાન આપવાનું કહે છે એનું જ પહેલાં તો ગામનાં શ્રેષ્ઠીઓને આશ્ચર્ય થયું ! એ આશ્ચર્યની કળ વળી ત્યારે એમણે શરૂમાં તો બારમું નહિ કરવાના નિર્ણયનો વિરોધ કર્યો, પણ ભગવાનભાઇ અને ગામના બીજા એક ભાઇએ બે જણે ભણતરની કિંમત સમજાવી સૌને આ વાત સ્વીકારી લેવા સમજાવ્યા ત્યારે મામલો થાળે પડ્યો અને સૌના સહકારથી ગામમાં જોતજોતામાં 'પાર્વતીબહેન પ્રાથમિક શાળા' શરૂ થઇ ગઇ!

એ પછી તો નર્મદામાં ઘણા પાણી વહી ગયાં ને આજે તો વૃદ્ધ ભગવાનભાઇના ગામના યુવાનો જેઓ ક્યારેક પોતાના ગામની ગામઠી શાળા 'પાર્વતીબેન પ્રાથમિક શાળા'માં ભણતા હતા તે આજે અમેરિકા જેવા દેશમાં સ્થાયી થયા છે અને પોતાના ગામની જરૂરિયાત માટે સારા એવા પૈસા મોકલે છે, જેમાંથી ગામમાં વોટર વર્ક્સ, દવાખાનું અને સ્ટ્રીટ લાઇટો જેવી સુવિધા એ નાના ગામમાં થઇ છે. બધા લોકો આને ભગવાનભાઇની દીર્ઘદ્રષ્ટિ અને સદ્‌વૃતિનો પ્રતાપ ગણાવે છે. પણ વૃદ્ધ ભગવાનભાઇ તો કહે છે :

'ભાઇ, એક વાર એક સંત મારે ઘેર રાત રોકાયેલા. ત્યારે એમણે મને કબીરજીનો એક દોહો કહેલો...'

'કયો દોહો?' કોઇકે વચ્ચે જ પૂછ્યું, ત્યારે ભગવાનભાઇ બોલ્યાઃ

'પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ;
દોનો હાથ ઉલેચીયે, યહી સજ્જન કો કામ.'
(નાવમાં પાણી વધે અને ઘરમાં ધન વધે તો એને કાઢતા રહો.)

આ વાતનો સાર મારા મનમાં વસી ગયેલો, જેથી મેં કસર કરીને બચાવેલા રૂપિયા દસ હજાર માતાની પાછળ શાળા કરવા આપી દીધા...અને



એથી આપણા ગામનાં છોરાં બે અક્ષર ભણીને આગળ વધ્યાં. પાણી ઉલેચ્યું તો નાવ કિનારે પહોંચી.

સૌ મૌન સેવી ભગવાનભાઇની વાતને આદરપૂર્વક સાંભળી ને સ્વીકારી રહ્યા.

વાત તો ભગવાનભાઇની (કે કબીરજીની) સાચી છે : નદીમાં નાવ લઇ સફરે નીકળ્યા હોઇએ અને ભર નદીએ નાવમાં પાણી વધવા લાગે તો સમજુ માણસે બને એટલું એ પાણીને ઉલેચી નાખવું જોઇએ, નહિ તો નાવ ડૂબે ને એમાં બેસનારને ય ડૂબાડી દે. એ જ રીતે ઘરમાં ભગવાનની દયા થતાં આપણી જરૂરિયાત કરતાં વધુ પૈસા ભેગા થાય ત્યારે માણસે સચેત થઇ જવું જોઇએ. લક્ષ્મીજી પધારે એને આનંદથી આવકારી એ, પણ સાવધાન થઇ સમજી લઇએ કે લક્ષ્મીજીને તાળાબંધીમાં મૂકયાનો લોભ કરીએ તો અનિષ્ટોની વણઝાર પાછળ આવી જ જાણો! માણસ સાવધ ન રહે તો પૈસાથી મદ આવે છે, પૈસાથી પ્રમાદ વધે છે. આળસ અને પ્રમાદ અધોગતિની નિશાની છે. પૈસાથી નીતિ નેવે મૂકી અનીતિથી જીવવાની ટેવ પડે છે. પૈસો વિલાસને પોષે છે ને વિલાસ શરાબ અને સુંદરીના મોહપાશમાં જકડી માણસને અમાનવીય કૃત્યો કરવા પ્રેરે છે. હા, સાચી વાત છે, અભિમાન ભગવાનનો ખોરાક છે. માટે પ્રભુના પ્રસાદરૂપ લક્ષ્મીજી પધારે તો એનો પરોપકારાર્થે સદુપયોગ પણ કરતાં રહીએ તો 'વહેતાં પાણી નિર્મળા' ની જેમ લક્ષ્મીજી પણ આપણા ઘરમાં શુદ્ધ અને પવિત્ર વાતાવરણમાં રહે ને આપણને સાચા સુખનો આસ્વાદ માણવા મળે. બાકી તો કવિ કલાપીએ કહ્યું છે તેમ-

'જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી.'
જે પૈસો જીવાડે તે પૈસો મારે પણ ખરો!

## ૩૩ : લગામ હાથમાં રાખો

ગામડાના એક ખેડૂતને એક મુસાફરે પૂછ્યું : 'ભાઈ, આજે હવામાન કેવું લાગે છે?'

'બહુ મઝાનું હવામાન છે આજે તો' પેલા ખેડૂતે જવાબ આપ્યો : 'આવું સારું હવામાન છે પછી...'

'તમે કેવી રીતે કહી શકો છો કે આખો દિવસ તમને ગમે એવું જ હવામાન હશે કે રહેશે?' ખેડૂતને વચ્ચે જ રોકતાં પેલા મુસાફરે પૂછ્યું.

પોતાના હળને ઊભું રાખી ખેડૂત બોલ્યો : 'જુઓ ભાઈ, હું તો ગામડાનો ખેડૂત છું, એટલે તાપ, ટાઢ કે વરસાદ ગમે તે હોય, ગમે તેવું વાતાવરણ હોય તો ય મને તો એ ગમે જ. પણ માનો કે કોઈને આજનું આ હવામાન ન ગમતું હોય તો એને એ બદલી શકશે ખરો?'

'ના, બદલી તો ના જ શકેને !'

'ધારો કે એ માણસ આ દેશના વડાપ્રધાન હોય તો એ આ વાતાવરણને બદલાવી શકશે ખરા?'

ખેડૂતે માર્મિક પ્રશ્ન પૂછ્યો. ખેડૂતો કાંઇ ગમાર નથી હોતા હોં! એ તો સાચા ધરતીપુત્રો છે.

'ના ભાઈ, ગમે તેવો મોટો માણસ પણ આ હવામાનને બદલી શકે નહીં,' મુસાફરે જવાબ આપ્યો.



'તો ભાઈ,' ખેડૂત વિનયપૂર્વક બોલ્યો : 'જે આપણા હાથમાં નથી તેના વિષે અણગમો રાખી દુઃખી થવાથી કશો લાભ ખરો? એના કરતાં જે હોય એને જ સારું માની એનો આનંદ કેમ ના લઈએ? વાદળનો ય આનંદ ને વરસાદનો ય આનંદ...તાપમાં ય સુખ ને ટાઢમાં સુખ...આવું મન રાખીએ તો બારે મહિના સુખ જ સુખ!'

એક ખેડૂતના આ તત્વજ્ઞાનથી મુગ્ધ થયેલો પેલો મુસાફર એને પગે લાગી રસ્તે પડ્યો.

પણ તમે ઊભા રહો જરા વાર. આજે જ સંકલ્પ કરો : જે છે એને ઉત્તમ ગણીશ...જે નથી એની લાલસા રાખી દુઃખી નહિ થાઉં...જે પણ મનગમતું હશે તે મેળવવા મથીશ, જે અશક્ય છે એને પામવાની આકાંક્ષા રાખી, વ્યર્થ મહેનત કરી તડપું નહિ.'

બસ આટલું કરશો તો સુખની ચાવી તમારા હાથમાં જ હશે. એના વડે પેલું દુઃખનું તાળું ખોલી નાખો...ઇચ્છાઓનું જાળું તોડી નાખો...પછી સુખ જ સુખ છે!

આપણને સુખ શોધતાં આવડવું જોઈએ. મળ્યું છે તે માણો. મૃગજળથી તરસ છિપાતી નથી. એ મેળવવા જેમ દોડશો તેમ તરસ ઉલટી તીવ્ર બનશે ને પામશો કશું નહિ.' કવિએ કહ્યું છેઃ

**I find cermons in stones, and Books in running Brooks.**

પથ્થરમાંથી જેને ઉપદેશ મળે અને દોડતાં ઝરણાં જેને માટે પુસ્તકોનાં પાનાં ઉકેલે તેને કશાયનો અભાવ ક્યાંથી સાલે? કવિ બધાંથી ન બનાય, પણ કવિહૃદયી તો સૌથી બની શકાય.

હાં, તો તમારી દ્રષ્ટિને થોડો વળાંક આપો. જોવાની, સમજવાની દ્રષ્ટિ જરાક જ બદલશો તો અત્યાર સુધી દુઃખદ લાગતી વસ્તુ કે વ્યક્તિ સુખદ લાગશે. ગમો અણગમો એ પણ મહદ્ અંશે મનનું કારણ છે. મનને એવું કેળવો કે એ દરેકમાં, દરેક પળે સુખ જ પામે. હા, આ સહેલું નથી, પણ અસંભવિત પણ નથી જ. માટે જ મેં ક્યારેક લખ્યું હતું : 'મનના અશ્વની લગામ તમારા હાથમાં રાખો તો એ ઘેરબેઠાં તમને માન સરોવરની યાત્રા કરાવશે, નહિ તો પછી એ બેફામ દોડી તમને ભવરણમાં ભૂલા પાડશે.'

સુખ દુઃખ એ તો મનનું કારણ,
ઝુંપડે સુખ ને મહેલે ભારણ!

## ૩૪ : મીઠી વાણીનો મહિમા

ઘણા લોકોની વાણી બહુ મધુર હોય છે. એવું મીઠું બોલે, એવું કહે કે સાંભળ્યાં જ કરીએ. એવા લોકો જ્યાં હોય ત્યાં આસપાસનું વાતાવરણ આનંદમય બની જાય. મીઠી વાણીનો બહુ મોટો મહિમા છે.

એથી વિરુદ્ધ ઘણા લોકોની ભાષા કઠોર હોય છે. એવા લોકો ક્યારેય શાંતિથી બોલે નહિ, ક્યારેય સારું બોલે નહિ. એવા લોકો જ્યાં બેઠા હોય ત્યાંનું વાતાવરણ કલુષિત થઈ જાય. સાંભળનારના મન અને મગજને બગાડી નાખે. એવા લોકોથી બચતા રહો, દૂર રહો એમનાથી. તમારા મનની શાંતિ માટે એવા લોકોનો સહવાસ ટાળો.

કબીરજીએ કહ્યું છેઃ

ઐસી બાની બોલીએ, મનકા આપા ખોઈ,
ઔરનકો શિતલ કરે, આપહુ શિતલ હોઈ.

અર્થાત્ અભિમાન ત્યાગીને મીઠી વાણી બોલો. એવી વાણી તમને પોતાને તો શાંતિ આપશે જ પણ બીજાને પણ શાંતિ આપશે.

મીઠાશથી બોલવામાં ખર્ચવાનું તો કશું જ નથી, ઉલટું મેળવવાનું ઘણું છે. સારી ભાષા દુશ્મનને મિત્ર બનાવી દે છે, કર્કશ ભાષા મિત્રને ય દુષ્મન બનાવી દે છે. માટે જ કવિએ કહ્યું છે :

કોયલ નવ દે કોઈને, હરે ન કોનું કાગ;
પણ મીઠાં વચને કોયલ, સૌનો પામે અનુરાગ.

કોયલ કોઈને કશું આપતી નથી અને કાગડો કોઈનું કશું લઈ લેતો નથી. પણ કોયલની વાણી મીઠી છે, એના ટહુકા મનને આનંદિત કરે છે, જ્યારે કાગડાની કર્કશ વાણીને કારણે, લોકો એને તુચ્છકારે છે. 'કા...કા...' કરતા કાગડાને ઘણા લોકો પથરો મારી ઉડાડી મૂકે છે, માટે કોયલ જેવા મીઠા બનો.

'સાગર' નામા એક માસિકમાં મારું નીચેનું મુક્તક પ્રગટ થયું હતું:

કાળી તોયે પ્રિય બની ગઈ
કોયલ કંઠની મીઠાશથી,
કંટક છતાં પ્રભુને કંઠે
ગુલાબ શોભે સુવાસથી!
મધુર વાણીએ સુગંધ પ્રસારે
માન પ્રેમ તે પામશે;
કટુ વચનથી અપ્રિય થનારા
કંટક મારગ વાવશે.

ગુલાબને કાંટા છે તોય પોતાની સુવાસને કારણે તે ભગવાનના ગળે હાર બનીને શોભે છે, તેમ વાણીની મીઠાશથી પણ લોકો ઊંચા પદ પર પહોંચતા હોય છે. કડવી ભાષાનો ઉપયોગ કરનારા પોતાના માર્ગમાં કાંટા જ વાવે છે. અને વાવેલું ક્યારેક તો નડે જ છે.

બહુ પહેલાં સાંભળેલી એક પંક્તિ યાદ આવે છેઃ ''શબ્દોનાં બાણ વાગ્યાં, આરપાર દિલમાં''. શબ્દો બાણ જેવા બની કોઈના હૃદયને ચીરી શકે છે. મહેલમાં પાણીને જમીન સમજી ચાલનારા ને એમાં પડનારા દુર્યોધનને દ્રૌપદીએ કટાક્ષમાં કહ્યું : 'આંધળાના આંધળા જ હોય.' આ ભયાનક શબ્દબાણ દુર્યોધનના હૈયામાં એવું ખૂંપી ગયું કે એમાંથી જ દ્રૌપદીનાં ચિર-હરણનો દુઃખદ પ્રસંગ બન્યો ને અંતે એ કારણે જ મહાભારતનો ઘોર સંગ્રામ થયો. દેશના મહાનમાં મહાન યોદ્ધાઓને મહાભારતનું યુદ્ધ ભરખી



ગયું. કેટલી બધી માનવ-શક્તિનો અપવ્યય અને વિનાશ થયો એ ભયાનક યુદ્ધથી! વિચાર કરો : દ્રૌપદીનાં એક કટાક્ષ-બાણને પરિણામે સર્જાયો મહા સંગ્રામ...પરિણામે થયો મહા વિનાશ...એવો ભયાનક વિનાશ કે જેણે યુદ્ધ જીતી રાજ્ય પ્રાપ્ત કરનાર પાંડવોનો પણ જીવનમાંથી રસ ઊડાવી દીધો!

વાણીનો આવો મહિમા છે. મીઠી વાણી બોલનારો સાંભળનારને કશું આપી દેતો નથી, છતાં ઘણું આપે છે. કોઈને સુખ, ચેન કે સંતોષ આપવો એ ઓછું મહત્ત્વનું કામ નથી. બદલામાં મીઠાશથી પ્રેમ પ્રાપ્ત છે. તો પછી કડવી વાણી બોલી આપણા પોતાને માટે જ કાંટા શા માટે વાવવા? કોઈને પ્રેમભર્યા બે શબ્દો કહેવાથી એનું અર્ધું દુઃખ ઓછું થઈ જાય છે. દુઃખીને તમારી મીઠી વાણી, તમારું અશ્વાસન રાહત આપશે. સુખીને તમારી કટુ વાણી દુઃખી કરી કટુતા ફેલાવશે. શું કરવું તે દરેકે પોતાની સમજ પ્રમાણે નક્કી કરવાનું છે. બાકી યાદ રાખવું હોય તો એટલું જ યાદ રાખીએ –

ઔરનકો શિતલ કરે, આપહુ શિતલ હોઈ...

મધુર વાણી બોલી બીજાને સુખી કરીએ ને સુખી થઈએ.

# ૩૫ : હું કોઈને છેતરું નહિં

ભક્ત તુકારામનું નામ મહાન સંતોની યાદીમાં મૂકી શકાય. એવા તુકારામ સાવ ભાંગી તૂટી ઝૂંપડીમાં રહેતા હતા. રાત દિવસ જેનું દિલ ભગવાનમાં જ લીન હોય એને બાહ્ય સુખ સગવડ કે દુઃખ અગવડથી શું ફેર પડે? એ સંતને ઘેર એક ભેંસ હતી. એ ભેંસ સારું અને ઘણું દૂધ આપતી. ગરીબ તુકારામ માટે એ બહુ ઉપયોગી હતી. પણ એક ચોરની આંખે એ ભેંસ ચઢી ગઈ. એણે વિચાર્યું : 'આ ભેંસ જો ચોરીને મારે ઘેર લઈ જાઉં તો દૂધ ઘીની મઝા પડી જાય અને રોજની આવક થાય. વળી ખાવા પીવાની અગવડ છે. એમાંય ખૂબ રાહત થાય!' આવો દુષ્ટ પાપી વિચાર ચોરે કર્યો.' દુષ્ટો દુષ્કૃત્યો કરવામાં કદી વિલંબ કરતા નથી. એટલે ચોરે તો પોતાની યોજના અમલમાં મૂકી. કારણ, તુકારામની ઝૂંપડીમાંથી ભેંસ ચોરી જવી એ કોઈ રીતે મુશ્કેલ ન હોતું. તૂટી ફૂટી નિર્જન જેવી ઝૂંપડી. એમાં હોય તો ભક્તો જ હોય. એટલે એક રાત્રે ભજન મંડળી સાથે ભજનમાં તુકારામ લીન હતા ને ભજનોની એક પછી એક રમઝટ જામી હતી ત્યારે પેલા ચોરે આસ્તેથી ભેંસ છોડી. અને ધીરેથી દોરીને એ રસ્તે પડ્યો. ન તુકારામે કશું જાણ્યું કે ન ભક્તોને કશી ખબર પડી. સંતની ભેંસ ગઈ. સૌ ભક્તો ભજન કરતા રહ્યા ને એક અકિંચન સાધુ લૂંટાઈ ગયો! નિર્દોષો અને સજ્જનો જ સહેલાઈથી લૂંટાય છે આજના યુગમાં! છતાં બધા માણસો ભલે છેતરાયા કે અંધારામાં રહ્યા, પણ ભગવાન તો બધું જાણે ને? ભક્તની ચિંતા ભગવાન



તો કરે જ. ભગવાન કાંઈ ભક્તને ચોરને ભરોંસે થોડા જ છોડી દે? એટલે પેલો ચોર પોતાની ઝૂંપડીએ પહોંચે એ પહેલાં ભગવાન વિકરાળ રૂપે એની સમક્ષ પ્રગટ થયા. ચોર તો ખૂબ ગભરાયો. કાલાવાલા કરવા લાગ્યો ને પોતાને છોડવા વિનંતી કરી. ત્યારે ભગવાનને કહ્યું કે 'ભેંસ જ્યાંથી લાવ્યો છું ત્યાં પાછી મૂકી આવ અને એ ભક્તની માફી માગી લે.'

'જી હા, આપ કહો છો તેવું જ કરીશ,' કહી ચોર ભેંસ લઈ પાછો ફર્યો. નબળા લોકો ચમત્કારને જ નમસ્કાર કરે છે. સંત તુકારામની ઝૂંપડીએ જઈ ચોરે ભેંસને એને ખીલે બાંધી દીધી. હજી ભજન તો પુરજોશમાં ચાલુ જ હતું. ચોર એ ભજનમાં બેસી ગયો. એને બેસવું જ પડ્યું, કારણ હજી તુકારામની માફી માગવાનું કામ બાકી હતું. છેવટે ભજન પુરું થયું ને બધા વિખરાયા ત્યારે તુકારામના પગે પડી કરગરતા ચોરે પોતે કરેલી ચોરીની વાત કબૂલી ને માફી માગી. પણ ત્યારે તુકારામે એને શું કહ્યું જાણો છો?

તુકારામે કહ્યું : 'અરે ભાઈ, તારે ભેંસની વધારે જરૂર હોય તો લઈ જા ને. મારે શું કામ છે એનું? પણ એ માટે તેં રાતને પહોર ચોરી કરવાની તકલીફ શા માટે લીધી? મને કહ્યું હોત તો હું ધોળે દહાડે તને ભેંસ દોરીને આપી દેત!'

પણ ચોરે આગ્રહપૂર્વક 'ના' કહી ને ફરી સંતની માફી માગી : 'મને માફ કરો. આપ જેવા ભક્તની ભેંસ ચોરીને મારે હવે વધારે પાપ નથી કરવાં.'

પણ બીજા દિવસથી તુકારામ ભેંસનું દૂધ જોઈતું વાપરી બાકીનું લોકોમાં વહેંચી દેવા લાગ્યા. ''સંગ્રહ હોય ત્યારે કોઈને કશું લઈ જવાનું મન થાય ને? અને વળી એ દૂધનો વધારે લોકોને લાભ મળે.'' આમ વિચારી એમણે સાચા સમાજવાદનો માર્ગ અપનાવ્યો.

સંત સિવાય આટલું કોણ વિચારે? 'મારું મારા બાપનું ને તારામાં મારો ભાગ' એ સિદ્ધાંત પ્રમાણે વર્તતા આ જમાનાના હોંશિયાર (!) લોકો કદી

પોતાનું કશું પણ બીજાને આપે એવું સ્વપ્ને પણ વિચારી શકાય કે? સમાજવાદની અને એવી બધી ફિલસુફીની વાતો તો રાજકારણની ભૂલભૂલામણી છે. લોકોની આંખે પાટા બાંધી એમને ધોળે દહાડે ઊંડા કળણમાં ધકેલી, પોતાનો રોટલો શેકી, આવા ગોરખધંધા કરનારાઓની જમાતો જ્યાં સક્રિય હોય ત્યાં સંત (તુકારામ) કે કોઇ સજ્જન માણસ સુખ શાંતિથી કેવી રીતે જીવી શકે? કરોડોના કૌભાંડકારો દેશ સેવાની વાતો કરે છે અથવા એમ કહેવાય કે કરોડોનાં કૌભાંડ કરવા જ દેશ સેવાનો મંત્ર જપી લોકોને ઉલ્લુ બનાવાય છે!

માટે જ આજના શુભ દિવસે એક સંકલ્પ કરીએ : 'હું કોઇને છેતરું નહિ - અને હું કોઇથી છેતરાઉં પણ નહિ.' આ સંકલ્પમાં કોઇને ન છેતરવાનું તો આપણા હાથમાં છે, પણ કોઇથી ન છેતરાવાનું કદાચ આપણા હાથમાં નથી એમ કોઇ કહે. છતાં એ પણ શક્ય છે. જો લોભ અને મોહની માયામાં ન ફસાઇએ તો બહુધા આપણને કોઇ છેતરી ન શકે. કોઇથી છેતરાવું એટલા માટે ખરાબ છે કે તે આપણને સીધું નુકશાન તો કરે જ છે, પણ આડકતરી રીતે તે એવા છેતરપીંડી કરનારાઓની જમાતમાં પણ વધારો કરે છે. ઠીક છે, આપણા હિત માટે તો આપણે બધું કરીએ જ, પણ સમાજના સુખ માટે પણ શક્ય તે કરીએ તો એનો આનંદ જરા અદકેરો હોય છે. બાકી તો -

પુનરપિ રજની પુનરપિ દિવસ :<br>
પુનરપિ પક્ષઃ પુનરપિ માસઃ ।<br>
સમયનું ચક્ર તો અવિરત ફરતું જ રહે છે.

## ૩૯ : સદા પ્રસન્ન રહો...

આપણે મોટી મહત્ત્વાકાંક્ષા ન રાખીએ, છતાં આપણા ક્ષેત્રમાં કે આપણી રસવૃત્તિવાળા કામમાં ખંતથી કામ કરતા રહીએ તો અનાયાસ આપણે ધીરે ધીરે આપણા ક્ષેત્રમાં કુશળતા પ્રાપ્ત કરીએ અને કદાચ એથી મોટાઇ અને મહત્તા પણ પામીએ. મુનશી પ્રેમચંદજી હિન્દી નવલકથાકાર હતા. કોઇકે એમને મહત્તા પ્રાપ્ત કરવાનો સ્રોત પૂછ્યો તો એમણે કહ્યું :... હું ક્યારેય મોટો લેખક થવાની મહેચ્છા રાખતો નહોતો... લખતો ગયો તેમ તેમ કલમ સુધરતી ગઇ અને સારું લખાતું ગયું. બાકી, ક્યારેક મારા ઘરમાં એક ટંક ખાવાનું ય ન હોય એવા દિવસ મેં જોયા છે. પણ ત્યારેય મેં મારા મનની પ્રસન્નતા ખોઇ નથી...'

મુન્શી પ્રેમચંદજીના કહેવાનો સાર એટલો જ કે હંમેશાં પ્રયત્ન કરતા રહો. માણસ પ્રયત્નથી જ સફળતા પામે છે. 'લખતાં લહિયો થાય,' એવી કહેવત છે. જન્મથી જ કોઇ શેક્સપિયર કે કાલીદાસ નથી હોતું. કાલીદાસ તો સાવ ઠોઠ માણસ હતો! પણ પ્રયત્ન માણસને સફળ બનાવી કીર્તિ બક્ષે છે. તેનસિંગ કાંઇ પ્રથમ પ્રયત્ને જ માઉન્ટ એવરેસ્ટ પર નહોતો પહોંચી ગયો. પણ **Failures are the pillars of success.** નિષ્ફળતાથી હતાશ થઇ પ્રયત્ન છોડી દેનાર ક્યારેય દેશનો વડો પ્રધાન કે રાષ્ટ્રપતિ ન બની શકે. આપણા કર્મનું શું ફળ મળશે એ તો આપણે ક્યારેય ખાત્રીપૂર્વક કહી શકતા નથી, માટે તો શ્રી કૃષ્ણે ગીતામાં સુવર્ણ સૂત્ર આપતાં કહ્યું : **कर्मण्ये वाधिकारेषु, मा फलेषु कदाचना** ફળની પરવા કર્યા સિવાય કર્મ કરનાર વ્યક્તિ જ મોહનમાંથી 'મહાત્મા ગાંધી' બની શકે.

બીજી એક વાત — નિરાશા કે દુઃખની છાયાને આપણી નજીક પણ ન ફરકવા દેવી જોઇએ. જીવનમાં દુઃખ, નિષ્ફળતા, નાની મોટી મુશ્કેલીઓ, ક્યારેક તો કટોકટીભરી પરિસ્થિતિ - આ બધું તો આવ્યા જ કરવાનું. એવી કોઇ નદી નથી કે જેના માર્ગમાં રોડાં, પથ્થર, ખડક કે મોટા નાના અવરોધો ન આવ્યા હોય. પણ નદી એથી ક્યારેય અટકતી નથી. એ અટકે તો ખાબોચિયું બની જાય અને ગંધાઇ ઉઠે. એ તો રોડાંને ઓગાળતી, પથ્થરને ખસેડતી, ખડકને તોડતી સતત આગળ વધે છે. પોતાનાં આગળ વધવાના સ્વભાવને કારણે જ ઝરણું નદી બને છે અને નદી મહાનદી બને છે ને સાગરને મળી શકે છે. કેટલાક લોકોને હસતા જોઇએ તો નવાઇ લાગે એવા દિવેલ પીધા જેવું મુખ લઇને ચોવીસ કલાક ફરનારા હોય છે. સ્મિત એમના હોઠ પર ફરકે જ નહિ ને! આવા લોકોથી બીજા દૂર ભાગે છે. બારે માસ આપણાં સાતેય વહાણ ડૂબી ગયાં હોય તેવા નિરાશ બની શા માટે ફર્યા કરવાનું? પણ કેટલાક લોક આવા જરૂર હોય છે. એનાથી વિરૂદ્ધ કેટલાક લોકો સદાય હસતા હોય, ખુશ હોય, પ્રફુલ્લ હોય. એમની પાસે થોડો સમય બેસીએ તો આપણે ય આનંદ પામીએ. યાદ રહે : મુરઝાયેલા ફૂલ પાસે ભમરા ય જતા નથી!

માટે સદાય ખીલતા રહો, હસતા રહો. હળવા બની જીવનનો આનંદ લૂંટો. આખી દુનિયાનો ભાર લઇને ફરશો નહિ. આવતા જન્મની વાત તો ભગવાન જાણે, આ જન્મનો લહાવો તો સાચી રીતે ને સારી રીતે લો. જાણો છો ને - શ્રીરામ વનમાં ય સુખી હતા અને રાવણ સોનાની નગરીમાંય દુઃખી દુઃખી હતો. એટલે જ તો અંતે શ્રીરામ અયોધ્યાને પામ્યા ને રાવણે લંકા ગુમાવી!

માટે સદા પ્રસન્ન રહો, ખુશ રહો ને બીજાને ખુશ કરો, સુખી કરો. જીવતાં અવાડે તો જીવનની મજા જુદી જ છે, એનો આનંદ અનેરો છે.

## ૩૭ : શું ભગવાનનો જન્મ થઇ ગયો છે?

કબીરજીનો એક જાણીતો દુહો છે :

‘‘બુરા દેખન મૈં ગયો, બુરા ન મિલીયા કોઇ,
જો દેખું દિલ ખોજકે, મુઝસે બુરા ન કોઇ.’’

કબીરજી કહે છે કે ‘‘હું આ સમાજમાં ખરાબ માણસોને શોધવા નીકળ્યો.’’ કોણ ખરાબ છે તે જાણવા કબીરજી ફર્યા અને એમના કહેવા પ્રમાણે એમને તો પોતાની આજુબાજુ અથવા જ્યાં જ્યાં ફર્યા ત્યાં ત્યાં કોઇ ખરાબ માણસ જ દેખાયો નહિ! કેવું આશ્ચર્ય કહેવાય? સારા માણસોની શોધ અઘરી છે, એટલે એ ન મળે એમ તો બને, પણ કોઇ ખરાબ માણસ ન મળ્યો! અને તે ય શોધવા છતાં ન મળ્યો! આપણે હળવાશથી આ વાતને લઇએ તો એમ કહેવાય કે કબીરજી સતયુગમાં જીવ્યા હશે. (જો કે હકીકતમાં એમ નહોતું - એ સતયુગ નહોતો.) બાકી, આજે આપણી આસપાસ, ચારે બાજુ, જ્યાં જાવ ત્યાં ખરાબ માણસોની ક્યાં ખોટ છે? ‘જ્યાં જ્યાં નજર મારી પડે, ત્યાં ત્યાં નિશાની આપની’ - એ કલાપીની પંક્તિને ટાંકવી હોય તો કહેવું પડે કે અહીં ‘આપની’ એટલે ખરાબ માણસની એવો અર્થ અભિપ્રેત છે. આપણી નજર જ્યાં જ્યાં પડે છે ત્યાં ત્યાં તો ખરાબ માણસોની જ ભરમાર છે. સરકારી દફતરોમાં, રેલવે કે એસ.ટી.ની મુસાફરીમાં, નેશનલ હાઇવે પર આપણી ગાડીમાં જતાં હોઇએ તોય રસ્તામાં, સહકારી બેંકોમાં, શૈક્ષણિક ક્ષેત્રમાં, અરે, સેવાનાં ક્ષેત્રોમાં કે ખુદ ભગવાનના નિવાનસ્થાન સમા દેવાલયોમાં - જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર, છેતરપિંડી, મારકાપ, લાંચ રિશ્વત, દગા ફટકા - બાપરે બાપ, અક્કલ કહ્યું ન કરે એવા અનાચાર અને માન્યામાં ય ન આવે એવી જગ્યાઓએ દુષ્ટાચાર...! ખરાબ માણસોની ક્યાં

ખોટ છે? બોલાવો કબીરજીને, ને કરાવો આજનાં સમાજનું દર્શન. પછી જુઓ કબીરજી કેવો દુહો લખે છે તે!

ઠીક છે, આપણે કબીરજીની વાતને સાચી માનીને આગળ ચાલીએ. બીજી પંક્તિમાં કબીરજી કે છે કે, ‘‘મેં મારા હૃદયને તપાસ્યું તો માલુમ પડ્યું કે મારાથી ખરાબ માણસ દુનિયામાં બીજો કોઇ નથી! અર્થાત્ હું સૌથી ખરાબ માણસ છું.’’ કબીરજી જેવો નિર્મોહી ભક્ત પોતાને ખરાબ માણસ કહે છે – દુનિયામાં સૌથી ખરાબ માણસ પોતાને કહે છે એનું શું રહસ્ય?

એનો અર્થ એ કે કબીરજી જેવા સાત્ત્વિક ભક્તે સ્વહૃદયપરીક્ષા કરી. પોતાની જાતને એમણે કસોટીએ ચઢાવીને પોતાના કાર્યો તરફ નજર કરી. જો કે એમ કરતાંય કબીરજીને પોતાના જીવનમાં કશી જ બુરાઇ નહિ દેખાઇ હોય. છતાં એક મહાન ભક્તની જેમ પોતાના રાઇ જેવા અવગુણને ય પહાડ જેવા ગણાવી કબીરજીએ જોયા અને બીજાના રાઇ જેવા ગુણને પર્વત જેવા મોટા ગણ્યા. આમ સ્વહૃદય પરીક્ષા (Introspection) દ્વારા આત્મશુદ્ધિના માર્ગે આગળ વધી એ પ્રભુની વિશેષ નજીક પહોંચતા ગયા. કબીરજી હતા એ તો!

પણ સ્વહૃદયપરીક્ષા કરી સત્ય પામવું અને પોતાની જાત વિષે એ સત્ય સ્વીકારવું એ સામાન્ય કામ નથી. સામાન્ય માણસના ગજા બહારની એ વાત છે. આપણે તો એથી ઉલટું ખોટા મુખવટા પહેરી ફરવા માટે ટેવાયેલા છે. આજે તો શઠ સજ્જન લાગે છે, શેતાન સંત દેખાય છે ને ચોર ચેરમેન બની મહાલે છે! આમાં સારા અપવાદ નથી હોતા એવું નહિ, પણ એ તો કાંકરાંમાંથી ઘઉં વીણવા જેવું દુષ્કર કામ છે. એવા સાચા સજ્જનો, સંતો કે સદ્‌ગૃહસ્થોને વંદન છે. આ ચર્ચા તો બહુધા દેખાતા સામાજિક ચિત્રની છે. બધે જ બુરાઇ!

જો કે હજી સમાજ સુધારણાને અવકાશ હશે જ. માટે જ તો ભગવાનને એમનું ગીતા વચન : ‘યદા યદા હી ધર્મસ્ય...’ યાદ આવતું નથી. નહિ તો ધર્મના ઉધ્ધાર માટે અને અનિષ્ટોનો નાશ માટે એ જન્મ ન લે? કે પછી ભગવાનનો જન્મ ક્યાંક ગોવાળો વચ્ચે થઇ ગયો છે કે શું? ભગવાન જાણે!

## ૩૮ : ... એ લાખોમાં એક!

મોટા સંત હતા રહીમજી. ઘણાજ્ઞાનસભર દુહા છે એમના. જેમ જેમ વિચારીએ તેમ તેમ એનો સાચો મર્મ સમજાય એવું હોય છે દુહાનું તત્ત્વજ્ઞાન. એક દુહામાં રહીમજી કહે છે :

રહીમન નીચન સંગ બસી, લગે કલંક ન કાહી?
દૂધ કલારી કર ગ્રહે, મદ્ય હી સમજે સબ તાહી;

અર્થાત્ - નીચની સોબત કરવાથી કોને કલંક લાગતું નથી? મતલબ કે નીચની સંગત કરવાથી નિર્દોષને પણ દોષ લાગે છે. ‘સંગ તેવો રંગ’ એ તો બહુ જાણીતી કહેવત છે. ‘સોબત તેવી અસર’ ઉક્તિ પણ પુરાણી છે. તમારા મિત્રો દુષ્ટ હોય તો તમે પણ એવા જ હશો એમ લોકો કહે જ. કદાચ ખરાબ મિત્રો હોવા છતાં તમે સારા હો તો પણ એમ માનવા કોઇ સહેલાઇથી તૈયાર ન થાય તો તેમાં લોકોનો વાંક નહિ. A Man is Known by the company he keeps. સોબતની અસર કેવી હોય છે એ સમજવું હોય તો રામાયણમાં મહારાણી કૈકયીને જુઓ. જે પોતાના (સાવકા) પુત્ર શ્રી રામને પ્રાણથી પણ અધિક ચાહતી હતી એ રાણી કૈકેયીને એની દાસી મંથરાએ એવી તો ભરમાવી કે રાણી કૈકૈયીએ રામનો રાજ્યાભિષેક અટકાવી એમને ચૌદ વરસનો વનવાસ મળે એવું વચન પતિ દશરથ રાજા પાસે માગ્યું! આ અસર તે મંથરાના સંગનો રંગ! મંથરાએ ભરમાવી ન હોત તો કૈકેયી કદી રામના વનવાસનો સ્વપ્રેય વિચાર ન કરી શકે. પણ એક કથીરની સોબતે કંચનને પણ કોડીનું કરી નાખ્યું!

રહીમજી પોતે જ સંગના રંગનું દૃષ્ટાંત આપતાં દોહાની બીજી પંક્તિમાં કહે છે કે - કલાલ (દારૂનો વહેપારી) પોતાના હાથમાં દૂધનું વાસણ લઈને જતો હોય તો ય લોકો તો એમ જ માનવાના કે એના વાસણમાં દારૂ છે! માટે જ સંગ સારો રાખવો, સોબત સારા માણસોની જ કરવી. મિત્રો બનાવતાં સો વાર વિચાર કરવો. બાકી, ખરાબ સોબત હશે તો તમે ખરાબ થતાં પહેલાં જ લોકો તમને ખરાબ માનવા લાગશે. વળી, તમને કોઈની ખરાબ સોબતની કશી અસર થાય જ નહિ, એવી ખુમારી પણ ન રાખશો. ખરાબ સોબતે ભલભલા સારા માણસોને રવાડે ચઢાવી દીધા છે ને એમનાં જીવન બરબાદ કરી નાખ્યાં છે. એક ખરાબ કેરી આખા ટોપલાની સારી કેરીઓને ખરાબ કરી નાખે છે. એથી ઊલટું, ટોપલો ભરેલી સારી કેરી પણ એક ખરાબ કેરીને સુધારી શકતી નથી! મિત્રો વિશે કવિ કહે છે :

શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક;<br>
સંકટ સમે સાથ રહે એ લાખોમાં એક!

તમારા સુખમાં તો સો જણ સોબત કરવા આવશે, પણ દુઃખમાં તો કોઈક સન્મિત્ર જ સાથ આપશે. માટે જ બીજા હિન્દી કવિ કહે છે :

બિપતી કસોટી જો કસે, સોઈ સાચેં મીત.

મુશ્કેલીના કસોટી-પથ્થર પર સાચો સાબિત થાય એ જ સાચો મિત્ર ગણાય.

કહેવાનું તાત્પર્ય એ કે આપણા સાથી, સોબતી કે મિત્રોની પસંદગી સાવધાનીથી કરવી. સારા મિત્રોથી લાભ પણ થાય જ. તમને સાચી સલાહ, અને સદા સાથ આપનાર મિત્રો હશે તો તમે પ્રગતિના પંથ પર સહેલાઈથી પ્રયાણ કરી શકશો. ક્યારેક મિત્રનું એકાદ સારું સૂચન કે સાચું માર્ગદર્શન આપણા જીવનનો રાહ બદલી નાખે છે. માટે કલાલના હાથમાંનું દૂધ પણ દારૂ કહેવાય એવા કછાપ પાડનારા તમારા મિત્રો નથી જ એવી ખાત્રી કરી



લેજો, કારણકે પીળું બધું સોનું નથી હોતું! આધુનિક સમયનું જીવન એટલે પગલે પગલે સાવધાની રાખી ચાલવું. એક ખોટું ડગ અને જીવનભરનો પસ્તાવો.

પણ રહીમજીએ સોબત વિષે આથી ઉલટી જ વાત બીજા દોહામાં કહી છે. પણ એની વાત ભવિષ્યમાં કરીશું. આજે તો અંગ્રેજ કવિના શબ્દોમાં એટલું જ યાદ અપાવી કહેવાનું કે -

"Oh God, Save me from my friends!"

## ૩૯ : ઝેરનાં પારખાં...!

'દૂધ કલારી કર ગ્રહે મદ્ય હી સમજે સબ તાહી' એમાં રહીમજી કહે છે કે - 'કલાલ (દારૂનો વેપારી) પોતાના હાથમાં દૂધનું વાસણ લઈને જતો હોય તોય લોકો એના પાત્રમાં દારૂ જ છે એમ માનવાના!' કારણ કે કલાલની કાયમની સોબત દારૂ સાથે હોય છે. આમ કહી રહીમજી સિદ્ધ કરે છે કે 'નીચની સોબતની ખરાબ અસર આપણી ઉપર જરૂર થાય જ છે.'

પણ બીજા એક દુહામાં રહીમજી આનાથી તદ્દન ઉલટી વાત કરતાં કહે છે :

રહીમન ઉત્તમ પ્રકૃતિ, કા કરી સકત કુસંગ?
ચંદન વિષ વ્યાપત નહીં, લિપટ રહત ભુજંગ!

અર્થાત્ - જેનો સ્વભાવ (પ્રકૃતિ) ઉત્તમ છે તેને ખરાબ સોબત પણ શું અસર કરી શકે? (કશી જ અસર ન કરી શકે.) દાખલો આપતાં કવિ બીજી પંક્તિમાં કહે છે કે - ચંદનના ઝાડને મોટા સાપ વિંટાયેલા રહે તો પણ એનું ઝેર ચંદનના વૃક્ષને કશી અસર કરતું નથી! અર્થાત્ અહીં રહીમજી એમ સિદ્ધ કરે છે કે - આપણે પોતે જો સારા, તંદુરસ્ત અને મનદુરસ્ત હોઈએ તો ખરાબ સોબતની કશી જ અસર આપણને થતી નથી!

જો કે બીજા એક દોહામાં કહેલી વાતથી તદ્દન વિરૂદ્ધ હકીકત છે આ. પણ, સંતો અને ચિંતકો અનેક રીતે વિચારતા હોય છે. એમના ચિંતનના ફલ સ્વરૂપ મળેલા બોધ વિરોધાભાસી પણ હોઈ શકે છે, કારણ કે એક વિચારને જાણવા સમજવાના અનેક દૃષ્ટિકોણ હોય છે.



પણ આપણે સામાન્ય વ્યવહારના માણસોએ આવા વિતંડાવાદમાં પડવાની જરૂર નથી. આપણે તો અનેક લોકોના સંપર્કમાં ઘણીવાર આવવું પડે, એટલે વ્યવહારુ, સરળ અને સલામત વિચારસરણી રાખી સુખે જીવવું અને બીજાને સુખે જીવવા દેવું. આપણે બહુ ઉત્તમ ગુણોવાળા હોઈએ તો ખરાબ સંગ કદાચ આપણને અસર ન પણ કરે - જો કે મોડી મોડી પણ અસર તો કરે જ એમ દુનિયાના અનુભવીઓ કહે છે. છતાં સ્વીકારી લઈએ કે ઉત્તમ પ્રકૃતિને ખરાબ સોબતની અસર ન થાય, પણ એવાં 'ઝેરનાં પારખાં' કરવાની આપણે શી જરૂર? સીધી સાદી વાત - ખરાબની અસર ખરાબ જ હોય - એમ સ્વીકારીને આપણે કેમ ન ચાલીએ? મેનકા નામની સ્વર્ગલોકની સુંદરી વિશ્વામિત્ર જેવા અડગ તપસ્વી ઋષિને પણ જો ચલિત કરી શકતી હોય તો પછી દુનિયામાં શું અશક્ય છે? સીતા સરખી શાણી, પતિવ્રતા નારી પણ જો કપટી સોનાના મૃગથી મોહિત થઈ શકતી હોય તો આપણે તે કોણ માત્ર?

એટલે ડહાપણની વાત તો એ છે કે કશીય મોહ માયાની ઝંઝટમાં પડ્યા વિના, ઊંડા તત્ત્વજ્ઞાનને સમજવાની મથામણમાં મગજ બગાડ્યા વિના, સીધી સાદી એક જ સમજ રાખવી - બુરાથી દર રહેવું ને બુરાઈ કરતાં આપણે ભગવાનનો ડર રાખવો; સારાનું અનુકરણ કરવું ને સન્માર્ગે ચાલવું. આંબા વાવવા, બાવળ નહિ. ગીતામાં (અધ્યાય ૬માં) શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે :

ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્દુર્ગતિંતાત ગચ્છતિ !

સત્કર્મ કરનાર કોઈ પણ માણસ દુર્ગતિને પામતો નથી.

તો આપણે સન્માર્ગે ચાલી, સત્કર્મ કરતા રહી આપણું ને અન્યનું કલ્યાણ થાય એવી જીવન રીતિ રાખવી એ જ ઉત્તમ માર્ગ છે.

યાદ રાખીએ : ઝેરનાં પારખાં ન હોય અને અમૃતનો અભાવ ન હોય.

## ૪૦ : જોજો, ફેરો ફોગટ ન જાય

કબીરા ગર્વ ન કીજીયે, રંક ન હસીયે કોય,
અજહૂં નાવમા સમુદ્રમેં, ના જાને ક્યા હોય!

કબીરજી કહે છે કે ‘...અભિમાન કરશો નહિ.’ અનેક પ્રકારનાં અભિમાન હોય છે : કોઇને પૈસાનો ગર્વ હોય તો કોઇને સત્તાનો મદ હોય વળી કોઇને પોતાની વિદ્વતાનો પણ ગર્વ હોય. દરેકની પોતપોતાની સમજ હોય છે અને એ રીતે એ પોતાને ને પારકાંને એ જુએ છે. પણ તમારો ગ્લાસ પાણીથી ભરેલો હોય તો અંદર દૂધ ના સમાય. મનમાં કશા પણ પ્રકારનું અભિમાન હોય તો (મન અભિમાનથી ભરેલું હોવાને કારણે) એમાં ભગવાન ક્યાંથી સમાય? એટલે અભિમાની મનથી ભગવાન વેગળા રહે છે. પછી ભલે આપણે પોપટ - રટણથી ‘હરિઓમ્’ કે ‘જે શ્રીકૃષ્ણ’ કે એવું કાંઇક બબડ્યા કરતા હોય. ‘પ્રેમ ગલી અતિ સાંકરી, તામેં દોનો ન સમાય’ એમ પણ એક ભક્ત કવિએ કહ્યું છે. પ્રેમની ગલી બહુ નાની છે - એક સાથે એક જ જણ એમાં સમાય એટલી, એટલે મનમાં અભિમાન હોય તો પ્રેમને વશ થતા પ્રભુ બહાર જ આંટા માર્યા કરે. જો કે આપણે ભગવાનને સાચા અર્થમાં હૈયામાં વસાવવો જ નથી. એ કામ તો કોઇ નરસિંહ કે કોઇ મીરાંનું. આપણે તો બાહ્યાડંબરથી લોકોને તો લોકોને, ભગવાનને ય છેતરવામાં માનનારા છીએ. પણ આ કિસ્સામાં તો છેતરનારો જ છેતરાઇ જાય છે! આપણી આડંબરી ભક્તિથી છેતરાઇ જાય, તો એ ભગવાન શાના? પૈસાનું, સત્તાનું, બળનું કે બુદ્ધિનું - માણસે કશાયનું અભિમાન ન રાખવું જોઇએ. (આ દરેક ક્ષેત્રમાં આપણાથી ય કોઇ મોટો હોય જ છે એની ખાત્રી રાખવી.)



કોઇની ગરીબાઇની, કોઇની ઓછપની કે કોઇની કશી ખામીની મશ્કરી કરીને એને હલકો ન પાડવો જોઇએ - (રંક ન હસીયે કોય) કારણ કે આપણું જીવનરૂપી નાવ પણ હજી સંસાર રૂપી સમુદ્રમાં જ છે. હમણાં એ સમુદ્ર ભલે શાંત લાગતો હોય, પણ એમાં ક્યારે કેવું તોફાન જાગશે તે કોઇ જાણતું નથી. ભગવાન કરે, વગર તોફાને આપણે સંસાર - સાગરની પાર ઉતરી જઇએ. એમ થાય તો બહુ સારું. બાકી, સાગરમાં કઇ પળે કેટલું મોટું તોફાન જાગશે તે કોઇ જાણતું નથી. પર્વત જેવાં ઊંચા મોજાં ક્યારે આપણી નાવને ક્યા વમળમાં ફસાવી દેશે કે ક્યારે ડૂબાડી દેશે તે કોણ જાણે? અરે, સાગરની ભયાનક ગર્જના નાવ ડૂબતા પહેલાં જ આપણા હાંજા ગગડાવી નાખે! ‘અજહું નાવ સમુદ્રમેં ન જાને ક્યા હોય’, એમ કહેતાં કબીરજી ચેતવણી આપે છે કે આ અસ્થિર જીવનમાં ક્યારે કેવી આંધી આવશે તે કોઇ જાણતું નથી. માટે વિનમ્ર બની, સૌ સાથે પ્રેમથી રહેવું ને નિરાભિમાની બની ભગવાનની દેનનો સદુપયોગ કરવો. આપણી બુદ્ધિનો ઉપયોગ જ્ઞાનના પ્રસાર માટે થઇ શકે, આપણા ધનનો સુપાત્રે દાન કરી સદુપયોગ થઇ શકે અને આપણી શારીરિક શક્તિથી કોઇ નિર્બળનું રક્ષણ પણ થઇ શકે. એ જરૂરી નથી કે આપણાં બળ, બુદ્ધિ ને ધન બીજાને દુઃખ દેવામાં જ વપરાય. સજ્જનો આમ સદુપયોગમાં પોતાનાં બળ, બુદ્ધિ ને ધન વાપરે જ છે.

સંસારમાં નિરાભિમાની બની આપણી નાવને હંકારતા હંકારતા કિનારા તરફ પહોંચવા પ્રયત્નશીલ રહીએ, એટલું જ નહિ, અન્યના પથદર્શક બનીને, એને મદદરૂપ બનીને એની નાવને પણ આપણી સાથે કિનારે લઇ જવામાં સહાય કરીએ એમાં જ સાચી માનવતા છે. બાકી નરસિંહ મહેતાએ તો કહ્યું જ છે -

‘‘હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ખાલી રે.’’

જીવન હંમેશાં પ્રમાણિકતાથી, નિરાભિમાનપણે, ભગવાનને પ્રત્યક્ષ માનીને જીવવા પ્રયત્નશીલ રહીએ કે જેથી આપણો ફેરા ફોગટ ને ખાલી જાય ન જાય.

## ૪૧ : ...સફળતા આપણી રાહ જુએ છે!

મહેલમાં બેઠેલા અંધ રાજા ધૃતરાષ્ટ્રને સંજયે પોતાની આર્ષ દ્રષ્ટિથી મહાભારતના યુદ્ધનો આખો ચિતાર ચાલુ યુદ્ધે વર્ણવી બતાવ્યો. એમાંનો એક અંશ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પણ ખરો.

વડીલો અને સ્વજનો સાથે યુદ્ધ કરવા માટે ભાવાવેશથી અસમર્થ બની ગયેલા અર્જુનને આ લોક અને પરલોક, જીવ અને શિવ કે આત્મા અને પરમાત્માના સંબધ વિષેનું તત્ત્વજ્ઞાન સમજાવવા શ્રીકૃષ્ણે પોતાના શિવસ્વરૂપને અર્જુન સમક્ષ પ્રત્યક્ષ કરી બતાવ્યું ત્યારે અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલા મોહનો નાશ થતાં અર્જુનને સત્ય લાધ્યું અને તેણે ભગવાનને કહ્યું :

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव।।

('મારો મોહ નષ્ટ થયો છે...હવે હું આપની આજ્ઞાનું પાલન કરીશ.')

આમ, અર્જુનના મોહનો નાશ કરવા માટે સ્વયં જગત્પતિ શ્રી કૃષ્ણ ભગવાનને પણ અઢાર અધ્યાયમાં ગીતાનો જ્ઞાનસાગર એની સમક્ષ ઠાલવવો પડ્યો. આમ સંસારના આ મોહનો નાશ થવો ઘણો ઘણો કઠિન છે; અરે, લગભગ અશક્યવત્ છે. હા, આપણા પુણ્યપ્રતાપે કોઇ યોગેશ્વર આપણને મળી જાય તો વાત જુદી છે. એટલે જ આ સમગ્ર ઘટનાનો સાક્ષી એવો સંજય પણ અંતે ગીતામાં ધૃતરાષ્ટ્રને કહે છેઃ

यत्र योगेश्वरः कृष्णा, यत्र पार्थो धनुर्धरः।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम।।



(જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને જ્યાં ધનુર્ધાર અર્જુન હોય ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય અને અચળ નીતિ વસે છે એવો મારો મત છે.)

અર્થાત્, લક્ષ્મીજી, વિજય, સમૃદ્ધિ અને નીતિ હોવા અંગેની પૂર્વ શરત એ છે કે યોગીઓમાં શ્રેષ્ઠ એવા કૃષ્ણ અને શ્રેષ્ઠ ધનુર્ધારી વીર અર્જુન હોવા જોઇએ. તો જ આ બધું પ્રાપ્ત થાય. શ્રેષ્ઠ યોગી એટલે પોતાના તપ, ધ્યાન અને ભક્તિથી જેણે યૌગિક શક્તિઓ પ્રાપ્ત કરી છે તે. એવો યોગી જોઇએ અને અર્જુન પણ જોઇએ. પરંતુ માત્ર અર્જુન નહિ, પણ ધનુર્ધારી અર્જુન જોઇએ, એટલે કે શક્તિ, બળ અને કૌશલ્ય જોઇએ.

જીવનમાં સફળતા મેળવવા કષ્ટસાધ્ય તપ અને ધ્યાનની તથા શક્તિ અને કુશળતાથી જરૂર છે. આટલું હોય તો સફળતા આપણાં ચરણ ચૂમે. મહેનત, શ્રમ અને લગનથી ભિખારી પણ કરોડપતિ થઇ શકે છે. આવા દાખલા આપણી આસપાસ ઓછા નથી. અનેક સામાન્ય માણસો પોતાના તપથી (શ્રમથી) અસામાન્ય બની ગયા છે. જનમથી નહિ, કર્મથી મહાનતા પ્રાપ્ત થાય છે. વળી સફળતા માટે શક્તિ અનિવાર્ય છે. પગ પર પગ ચઢાવી બેસી રહેનાર આળસુ કે પ્રમાદીને સફળતા મળતી નથી. તપે તે પામે. તપશ્ચર્યા, મહેનત અને કશુંક પ્રાપ્ત કરવાની તમન્ના જ સફળતા અપાવે. વળી નિર્બળ, માયકાંગલા, શક્તિહીન લોકો પણ સફળ થવા સર્જાયા નથી. યોગેશ્વર અને ધનુર્ધારીનો સંયોગ જ સફળતા અપાવે. અર્થાત મહેનત અને તાકાત જ માણસને પ્રગતિને પંથે લઇ જાય. नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः (સૂતેલા સિંહના મોઢામાં હરણ આપોઆપ આવીને પડતાં નથી.) જંગલનો રાજા, શક્તિશાળી સિંહ પણ પોતાની ગૂફામાં આળસુ થઇને પડ્યો રહે તો ભૂખે જ મરે. प्रयत्नशील खलु मानवाः (પ્રયત્નથી જ માણસ સફળ થાય છે.) ઉપનિષદ્ પણ કહે છે :

જાગો, ઊઠો , વિરમો નહિ, સાધ્યો ન આશય જ્યાં સુધી. તમારું લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી આરામ ન કરો. યાદ રહે : લક્ષ્ય ઊંચું હોવું ઘટે ને એ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન અસામાન્ય અને અવિરત હોવો જોઈએ. એકલવ્ય તો અર્જુનને પણ ટક્કર મારે એવો બાણાવળી હતો. વગર ગુરુએ પોતાનાં શ્રમ, શ્રદ્ધા અને નિષ્ઠાથી એણે આ સિદ્ધિ હાંસલ કરી હતી. કાર્લાઈલ કહે છે : Work is worship (કામ એ જ પ્રાર્થના.) આપણે આપણો ઉમદા હેતુ સિદ્ધ કરવા સતત પ્રયત્ન કરતા રહીએ તો ભગવાન આપણી પ્રાર્થના જરૂર સાંભળશે.

તો ચાલો, આળસ અને પ્રમાદ છોડી કામે લાગી જઈએ. શિખર પર સફળતા આપણી રાહ જુએ છે. Come on, The Success Awaits you.

## ૪૨ : શ્રીકૃષ્ણથી કબીર...સુધી...

એક ભજનની પંક્તિઓ આ પ્રમાણે છે :

ગર્વ કીયો સોઈ નર હાર્યો,
સીયા રામજીસે – ગર્વ કીયો.

કાવ્યનો સારાંશ સહેલો છે. પહેલી અર્ધી પંક્તિ જ અગત્યની છેઃ ભગવાન પાસે ગર્વ કરનાર હારી જાય છે.

ગર્વ એટલે કે અભિમાન કરશો નહિ એમ કબીરજી પણ આપણને કહે છે.

પણ ત્યાં જ તો મુશ્કેલી છે. કબીરજીએ કે બીજા કોઈ સંતે તો કહી દીધું કે ‘ગર્વ ન કરશો,’ પણ એ સહેલું છે? આપણને તો નાની નાની પ્રાપ્તિથી પણ મોટું અભિમાન થઈ જાય છે : દા.ત.

કાલે બેકાર હતા...પણ આજે સદ્‌નસીબ નાની નોકરી મળી ગઈ...રોટલા ખાતા થયા, એટલામાં તો અભિમાન એવું આવી ગયું કે ‘જોબલેસ’ લોકોને આપણે તુચ્છકારથી ‘હોપલેસ’ કહેવા લાગ્યા ! અભિમાનને આવતાં શી વાર ?

તો વળી ગઈકાલે જે ભાડે ઘર શોધવા ગલી ગલી ભટકતાં હતાં એમને આજે મહામુસીબતે એક નાનકડું ઘર ભાડે મળ્યું, એટલામાં તો એમને ગર્વ થઈ ગયો : ‘ઘર કાંઈ રસ્તામાં પડ્યાં છે?...આપણા જેવી ઓળખાણ હોય તો જ ભાડાનું ઘર મળે !’ એમ કહેવા લાગ્યા. આ ભાઈને કોણ કહે કે ‘ગર્વ કિયો સોઈ નર હાર્યો?’

બીજા એક ભાઈ કોડી કોડી માટે મુહતાજ હતા એ વાતને બહુ લાંબો સમય નથી થયો. ઘણું દેવું થઈ ગયું હતું, પણ કોઈ એક નંબરનો ધંધો હાથ આવી ગયો, જેને એમણે બે નંબરમાં ફેરવી નાખ્યો ને સહેલાઈથી થોડું બેંક બેલેન્સ થઈ ગયું. થોડા પૈસા થયા એ તો સારી વાત છે, પણ સાથે અભિમાન ઘૂસી ગયું એનું શું? ટીકાકારો પાછળ કહેતા હતા : 'આ તો એટલામાં જમીનથી અદ્ધર ચાલવા લાગ્યો!'

જે જગતમાં આપણે રહીએ છીએ એમાં એવા સેંકડો દાખલા છે કે જેમાં રાખનો માણસ જોતજોતામાં લાખનો થઈ જાય છે, રસ્તે રખડતો માણસ રાજા બની જાય છે. મીલ મજૂર મિનીસ્ટર થઈ જાય છે, બેકાર માણસ બે ચાર કારનો માલિક બની જાય છે. હારેલો જીતી જાય છે ને ભાંગી પડેલો ઊભો થઈ દોડવા લાગે છે ! આવું થાય ત્યારે આનંદ જરૂર મનાવો. પ્રગતિથી આનંદ થાય જ. થોડો એશ આરામ પણ ભલે કરો, પણ અભિમાની ન બનશો. ગર્વથી ફુલાઈને માણસાઈ ન ભૂલી જશો : એટલું જ કહેવાનું કે આજના ઉજળા દિવસનો આનંદ જરૂર લૂટો, પણ ગઈકાલની અંધારી રાતને વિસરી ના જશો. કારણ કે ઘણી વાર આનાથી તદ્દન વિરુદ્ધ પણ બનતું હોય છે : દોડનારો પડી જાય...માલિક નોકર બની જાય...મિનીસ્ટર મગતરા જેવો માણસ થઈ જાય છે...રાજા ક્યારેક રંક બની જાય છે ને લક્ષાધિપતિ ખાખી બાવો બની જાય છે !

સામાન્ય માણસોની વાત જવા દો; પણ નળ રાજા સરખો ઉમદા રાજવી અને રાજાની પુત્રી એવી એની રાણી દમયંતી વન વન ભટકતાં થઈ ગયાં હતાં કે નહિ? દશાની કેવી બલિહારી !...દેવો પણ જેના દાસ હતા એવા રાવણના દસ મસ્તક છેદાઈને રણમાં રઝળતાં થઈ ગયાં હતાં ને? લંકાપતિની કેવી અધોગતિ ! આવા દાખલા અપવાદ રૂપ જ નથી, અનેક છે.



માટે જ કબીરજી પણ કહે છે : 'રંક ન હસિયે કોય !' કોઈની આર્થિક, શારીરિક કે માનસિક ગરીબાઈની મજાક ન ઉડાવો. બને તો એને સમભાવપૂર્વક મદદ કરો. 'મારી નાવ તમારે હાથ...' કહેતા આપણેય ક્યાં સાગર પાર ઊતરી ગયા છીએ ? હજી તો સમુદ્રની વચ્ચે હોડકું લઈને ઘૂમીએ છીએ. આ સંસાર રૂપી સમુદ્રમાં શરીર રૂપી હોડી લઈને ઘૂમનારા આપણે એટલું તો વિચારો કે 'ન જાણ્યું જાનકી નાથે.' ક્યારે શું થશે તે કોઈ જાણતું નથી. (અને જાણનારા અભિમાન કરતા નથી.)

સાર એ કે - સુખના રાજમાર્ગ પર ચાલવાનું રાખીએ તો દુઃખ આવશે તોય સહ્ય બનશે. અને સુખનો રાજમાર્ગ કાંઈ સંપત્તિ કે સત્તા નથી,...સુખનો રાજમાર્ગ તો છે નમ્રતા, નિરાભિમાનપણું, સ્નેહ, સહાનુભૂતિ અને સ્વસ્થતા. સુખ હોય તો ભલે ઉપભોગ કરો ને દુઃખ આવે તો શાંતિથી સહી લો. સવારે ઊગતો સૂર્ય સાંજે આથમે છે પણ ખરો અને સંધ્યા સમયનો ઘેરાતો અંધકાર બીજે દિવસે ઉષા બની અજવાસ પણ પાથરે છે. આ તો चक्रवत् परिवर्तन्ते જેવું છે, માટે

'સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી.'
કારણ કે...
'સુખ દુઃખ સદા ટકતાં નથી...એ નીતિ ઉર ઉતારવી...'

બરાબર સમજજો : 'સુખ દુઃખ સદા ટકતાં નથી' એટલે કે સુખ અસ્થાયી છે અને દુઃખ પણ અસ્થાયી છે. સુખ કાયમ નહિ ટકે (અર્થાત્, ક્યારેક દુઃખ પણ આવશે) પણ એથી ઉલટું : દુઃખ પણ સદાને માટે નહિ ટકે (અર્થાત્, આજનું દુઃખ જશે ને બહુ જલદી સુખ આવશે.) માટે બધા સંજોગામાં સ્વસ્થ રહો ને બની શકે તો તટસ્થ રહો. (કિનારે ઊભા રહેલાને - તટસ્થને- પાણી ભીંજવતું નથી.) સંસાર સરિતાને કિનારે ઊભા રહી આપણે તટસ્થ ભાવે એના સંગીતને માણીએ, એના સૌન્દર્યને પહેંચાનીએ ને એની ઉપકારકતાને ઓળખીએ. ગીતાના સાંખ્ય યોગમાં શ્રીકૃષ્ણ ભગવાને તો કહ્યું જ છે :

**सुख दुःखे समे कृत्त्वा लाभालाभौ जयाजयौ ।** સુખ અને દુઃખ, લાભ અને ગેરલાભ, જય અને પરાજયને સમાન ગણી આપણે આપણો ધર્મ બજાવે જવો. આપણી ફરજ આટલી જ છે. બાકી બધું ભગવાન પર છોડો. અર્જુન દ્વારા શ્રીકૃષ્ણ આપણને પણ કહે છે : **अहं त्वां मोक्षयिष्यामि ।** 'હું તારો ઉદ્ધાર કરીશ.'

કૃષ્ણથી માંડી કબીર સુધીનું આજ તત્ત્વજ્ઞાન છે : નમ્ર બનો, નિરાભિમાની બનો...જગતમાં કશું જ અવિચલ નથી.

## ૪૩ : પહેલું સુખ તે જાતે નર્યા

તૈતરિયા ઉપનિષદ્ કહે છે :-

**कुशलात् न प्रमचितव्यम् ।** અર્થાત્ સ્વાસ્થ્ય જાળવવામાં બેદરકાર ન રહેવું. ઉપનિષદે પણ તંદુરસ્તીનો આવો જ મહિમા ગાયો છે. વાત ખોટી પણ નથી. ખૂબ મહેનતથી પ્રાપ્ત કરેલી વસ્તુનો પણ શરીર સારું હોય તો જ ઉપભોગ કરી શકાય. પ્રાગજીભાઈની જ વાત કરીએ. ખૂબ મોટો બંગલો છે, અઢળક પૈસો છે, ત્રણ ચાર મોટર ગાડીઓ બારણામાં પડી છે, નોકર ચાકર આજ્ઞા પાળવા ખડે પગે ઊભા છે...અને આ બધો વૈભવ પ્રાગજીભાઈએ જાતમહેનત (અને કુળકપટ)થી ઊભો કર્યો છે. કહોને, શૂન્યમાંથી સર્જન કર્યું છે એમણે ! પણ આ બધી સાહ્યબી ભોગવવાનું શરૂ કરે એ પહેલાં જ બિચારા પ્રાગજીભાઈ પર ઓચિંતો લકવાનો હુમલો થયો. આખું જમણું અંગ રહી ગયું. અનેક ડૉક્ટરોની વિવિધ ટ્રીટમેન્ટથી પણ કશો ફાયદો ન થયો, એટલે અત્યારે પલંગમાં નિરાધાર જેવા પડેલાં પ્રાગજીભાઈ માટે બાગ, બંગલો, મોટરો અને માનપાન બધું નકામું છે...જાતે ઉઠાતું નથી, ત્યાં ફરવાની તો વાત જ શી? પોતાના હાથથી ખવાતું નથી ને ખાધેલું પચતું નથી! ઘોર નિરાશામાં પડ્યા પડ્યા પ્રાગજીભાઈ વિચારે છે : "આના કરતાં તો ભાડાના ઘરમાં રહેતો હતો અને સાયકલ પર આખા ગામમાં ફરતો હતો ત્યારે કેવો આનંદ મળતો હતો...ક્યાં ક્યાં ફરતો હતો...કેટલા બધા લોકોને આનંદથી મળતો હતો...જાતજાતનું જોતો હતો ને ભાતભાતનું ખાતો હતો...કોઈના સહારાની જરૂર જ ક્યાં હતી? ઉલટું હું જ કોઈકને સહાય કરતો...ત્યારે આકાશમાં વિહરતા પંખી જેવો સુખી હતો હું...અને આજે?

આજે આ મોટા બંગલાના એક રૂમમાં કેદ થઇ ગયો છું ને પલંગને પનારે પડ્યો છું. કોઇ હવે મને કશું પૂછતું ય નથી...અરે, મારી સાથે કોઇને વાત કરવી જ ક્યાં ગમે છે?! નોકર દવા આપે છે ને જે ખવાય તે રસોયો ખવડાવી જાય છે...કેવી લાગણીશૂન્યતા...! કોઇને ક્યાં કશી પડી છે મારી? ગઇકાલ સુધી મારી ખુશામત કરનારા આજે મારી સામેય નથી જોતાં ! બધાં જ સ્વાર્થી?''

કેવળ આરોગ્ય બગડ્યું એ કારણે જ વાઘ જેવા બલિષ્ઠ પ્રાગજીભાઇ બકરી જેવા બિચારા બની આમ વિચારતા હતા ! માટે જ તો કવિ કાલીદાસે પણ કહ્યું છે : शरीरमाध्यम् खलु धर्मसाधनम् । 'જીવનના બધા ધર્મ (ફરજો) નિભાવવા માટે શરીર જ ખરું સાધન છે.' સારાં ને સાચાં માતા કે પિતા બનવા માટે, સારા કર્મચારી બનવા માટે, સારા નાગરિક બનવા માટે-ગમે તે સારો ને સાચો ધર્મ (ફરજ) બજાવવા માટે સારું શરીર જોઇશે જ . બાણ જ બૂઠું હશે તો ધનુષ્ય શું કામ આપશે? માટે જ આયુર્વેદ પણ કહે છે:

> धर्मार्थकाम मोक्षाणाम् आरोग्यं मूलभत्तमम् । એટલે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન આરોગ્ય છે.

ખાવા પીવા, કામ કરવા કે સૂવામાં અનિયમિત લોકો હાથે કરીને પોતાનું આરોગ્ય બગાડે છે. (કુદરતે મફતમાં આરોગ્ય આપ્યું છે માટે શરૂમાં એની કિંમત હોતી નથી!) તમાકુ, દારુ અને અન્ય કેફી વસ્તુને સેવનારા કવખતે રોગગ્રસ્ત થઇ મૃત્યુની નજીક સરકે છે! કેવી નાદાનિયત! ભગવાને બક્ષેલા આરોગ્યને હાથે કરી વેડફી નાખવું એ કેવી મૂર્ખતા છે? છતાં હજારો લોકો આવી મૂર્ખાઇ કરે છે ! બાકી ભાવ પ્રકાશમાં તો કહ્યું છે :

**व्यायाम द्रढ गात्रस्य व्याधिर्नास्ति कदाचन ।** (વ્યાયામથી દૃઢ થયેલા શરીરમાં ક્યારે ય કોઇ રોગ થતા નથી.) માટે જ આપણે શ્રમપૂર્વક શરીરને સ્વસ્થ રાખી એના દ્વારા મળતી અક માપ સેવાનો લાભ લઇ આપણા જીવનને સાર્થક કરીએ તો એથી સમાજની પણ મોટી સેવા થશે.



તન સ્વસ્થ હશે તો મન પણ સ્વસ્થ રહેશે. Sound Mind in Sound Body એમ અમસ્તું નથી કહ્યું. બહુ જુનું સૂત્ર છે : 'પહેલું સુખ તે જાતે નર્યા.' Health is Wealth નો મર્મ સમજનાર પોતાના આરોગ્ય માટે કદી બેદરકાર નહિ રહે.

આટલું વાંચ્યા પછી પણ કોઇને એમ લાગે કે 'વ્યસનોમાં જ જીવનની સાચી મઝા છે,' તો જાણજો કે ભગવાન પણ કોઇની ઉપર વગર કારણે દયા કરતો નથી. ભલે, થાય એટલાં વ્યસન કરો ને આરોગ્ય બગાડો.

ભગવાનની કૃપા રૂપે વરસીને મેઘરાજા ધરતીને ધનધાન્યથી ભરપુર કરવા માટેનું પુણ્ય કર્મ કરી રહ્યા છે, ત્યારે આપણે પણ આપણા તન અને મનના આરોગ્યને સાચવવાનું સત્કર્મ કરવાનો સંકલ્પ કરીએ, કારણ કે ગીતાના 'आत्मसंयमयोग' માં શ્રી કૃષ્ણ ભગવાન કહે છે તેમ **आत्मेवध्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः।** માણસ પોતે જ પોતાનો બંધુ છે અને પોતે જ પોતાનો શત્રુ (પણ) છે. બીજું કાંઇ નહિ તો આપણે આપણા પોતાના જ મિત્ર તો બની રહીએ.

## ૪૪ : અહંકાર

'અહમ્' એટલે હું. જેનામાં 'હું પદ'નો ભાવ આવે તે અહંકારી ગણાય. નાની શી પ્રાપ્તિથી પણ ફૂલાઈ જતા લોકોમાંથી નિરાભિમાની માણસ શોધવો દુષ્કર છે. કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને મત્સર એ છ માનવીના સાચા શત્રુ ગણાય છે. આ છ શત્રુમાંનો એક તે મદ એટલે અહંકાર. અહંકાર જેને થાય તેની બુદ્ધિ નષ્ટ થાય છે. અહંકારીનો અહમ્ ન સંતોષાય એટલે એ ગુસ્સે થાય છે. ગુસ્સો બુદ્ધિને ગ્રહણ લગાડે છે, જેથી તત્કાલ પુરતી બુદ્ધિ સારા - સારનો વિવેક કરવામાં કામ લાગતી નથી. પરિણામે ન ધારેલું કે ન ઈચ્છેલું આપણાથી થઈ જાય છે. પછી પસ્તાવો થાય, પણ तब पछतावे क्या होत है, जब चिडिया चुग गई खेत? પોતાની મર્યાદા છોડીને ધસતી નદીના પુરમાં ઘણું બધું સ્વાહા થઈ જાય છે. રાવણ ભગવાન શંકરનો મહાન ભક્ત હતો. એ જ્ઞાની પણ હતો. છતાં પોતાનાં શક્તિ, સત્તા અને સંપત્તિને કારણે એને જે અહંકાર થયો એણે જ એનો વિનાશ કર્યો. મદાંધ રાવણને ન પોતાની ભક્તિ કામ લાગી કે ન પોતાનું જ્ઞાન કામ લાગ્યું. અહંકારીએ અકારણ સીતાનું હરણ કર્યું ને શ્રી રામ સાથે વેર બાંધ્યું. પોતાની પત્ની મંદોદરી, ભાઈ વિભિષણ કે કુંભકર્ણની - સીતાને માનપૂર્વક શ્રી રામને સોંપી દેવાની - સલાહ રાવણે ન માની એ એના અહંકારને કારણે જ. પરિણામે રામ-રાવણ યુદ્ધ થયું અને રાવણે સોનાની લંકાનો, પોતાના કુટુંબીજનોનો ને પોતાનો પણ સર્વનાશ નોતર્યો!



અહંકારને કારણે કંસ જેવો પ્રતાપી રાજા શ્રી કૃષ્ણને હાથે માર્યો ગયો. દુર્યોધનના અહંકારને કારણે પાંડવોને વિના વાંકે અનેક દુઃખો સહન કરવાં પડ્યાં. છેવટે, પોતાના પુત્રોને થયેલો અન્યાય દૂર કરવા કુંતા માતાને પણ કહેવું પડ્યું : 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ!' આમ કૌરવ-પાંડવોનું ભીષણ યુદ્ધ થયું, જમાં અનેક નરવીરો હોમાઈ ગયા. એમાં શિષ્યને ગુરૂ સામે કે પુત્રને પિતા સામે લડવું પડ્યું. ભિષ્મપિતામહ જેવા ત્યાગીને પણ એથી બાણશય્યા પર સૂવું પડ્યું. આખરે અહંકારી કૌરવોનો નાશ થયો ને સત્યનો જય થયો. પણ એમ થતાં પહેલાં જે મહાવિનાશ થયો એની ખોટ ક્યારેય ન પુરાય એવી હતી.

અહંકારી માણસ હંમેશાં પોતાને જ સાચો માનતો હોય છે. ન્યાયાન્યાય કરવાની કે સત્યાસત્ય સમજવાની એની બુદ્ધિ ખતમ થઈ જાય છે, સારાસારનો વિવેક એનામાં રહેતો નથી ને લાભાલાભ સમજવાની શક્તિ એ ગુમાવી બેસે છે. એ અવિચારી, અવિનયી અને ઉધ્ધત બની જાય છે. અંતે પોતાના પગ પર જ એ કુહાડો મારે છે!

નરસિંહ મહેતાએ સાચું જ કહ્યું છે :

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે!

ગાડા નીચે ચાલતું કૂતરું એમ જ માને છે કે ગાડાનો ભાર હું જ ખેંચુ છું. હકીકતમાં ગાડું ચાલે છે એમાં એનું કશું યોગદાન નથી. તેમ આ સંસારચક્ર ભગવાને ગોઠવ્યા પ્રમાણે ચાલ્યા જ કરે છે. એમાં આપણે કશું જ કરતા નથી, કરી શકતા જ નથી ! પછી અહંકાર શાને ? મિથ્યાભિમાનને કારણે જ ને? ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે : 'યુદ્ધ કરવા થનગનતા આ

લોકોને મેં પહેલેથી મારી નાખેલા જ છે, હે અર્જુન, તું માત્ર નિમિત્તરૂપ જ બન - निमित्त मात्रं भव सव्यसाचिन् । અહંકારી માણસો' ભલે ન સમજે, બાકી સંસારની ગતિવિધિમાં આપણે તો માત્ર નિમિત્ત રૂપ જ છીએ. પ્રભુની ગોઠવણ પ્રમાણે બધું થયા જ કરે છે. તો પછી કર્તૃત્વનો ભાર લઇ આપણે દોષ શા માટે વહોરવો? ભક્તિ યોગમાં શ્રી કૃષ્ણ પણ કહે છે કે પોતાને નિરહંકારી ભક્ત જ પ્રિય છે :

निर्ममो निरहंकारः भक्तः स मे प्रियः । સાધનાના માર્ગની રૂકાવટોને વર્ણવતાં કબીરજી કહે છે : मद मत्सरका मेह बरसत, माया पवन बहे दाट ।

એક વાર ભગવાનને કોઇકે પૂછયું : 'આપ શું ખાવ છો?' ભગવાને જવાબ આપ્યો : 'અહંકાર'. આમ અહંકારી કે અભિમાની વ્યક્તિ ભગવાનનો ખોરાક છે,અર્થાત્ એવા માણસોનો ભગવાન નાશ કરે છે. કબીરજી કહે છે :

ઐસી બાની બોલિયે મનકા આપા ખોય ।
औरनको शीतल करे, आपहुँ शीतल होय ॥

અભિમાન છોડી મીઠી ભાષામાં વાત કરવાનો બોધ આમાં છે.

પોતાને સર્વશક્તિમાન માનતો મનુષ્ય વાવાઝોડા કે ભૂકંપ જેવી કુદરતની એક જ નાની થપાટે કેવો લાચાર બની જાય છે! મહા મહેનતે કરેલા એના એક જ સર્જનનું કુદરત ક્ષણમાત્રમાં વિસર્જન કરી દે છે, છતાં લાચારી અનુભવ્યા સિવાય પામર માણસ કશું જ કરી શકતો નથી! તો પછી અહંકારના નશામાં ફરવાની મૂર્ખાઇ શા માટે કરવી?

આ ક્ષણભંગુર સંસારની આવી અસારતા જોઇને જ કવિ સંદરમ્ જેવા સાધક કવિ સમર્પણભાવથી ભગવાનને કહે છે :



ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા ;
મનના માલિક તારી મોજના હલેસે,
ફાવે ત્યાં એને હંકારી તું જા!

અહંકાર ત્યાગી આવું સમર્પણ કરીએ તો સંસાર-સાગર તરવાની જવાબદારી આપણી ન રહે, આપણને તારવાની ફરજ ભગવાનને શિર રહે.

આટલી સમજ રાખીએ તો નિરહંકારી, નિરાભિમાની બની, આપણો બધો ભાર ભગવાનને સોંપી, હલકા ફૂલ થઇ ફરીએ ને કશીય ચિંતા વગર જીવીએ. No Tension.

સર્વ દુઃખોનું ને બધા રોગોનું મૂળ 'ટેન્સન' છે. એનો ઉપાય એ છે કે આપણી બધી જવાબદારી ભગવાનને સોંપી એમને વિનંતી કરવાની કે - 'મારી નાવ તમારે હાથ હરિ સંભાળજો રે.'

આપણી સાંસારિક ફરજો પ્રમાણિકપણે નિષ્ઠાથી નિભાવીએ અને ફળની અપેક્ષા વિના શ્રદ્ધાપૂર્વક ગાતા રહીએ :

હરિને ભજતાં હજી કોઇની લાજ,
જતાં નથી જાણી રે,
જેની સુરતા શામળિયા સાથે,
વદે વેદ વાણી રે.

# ૪૫ : ગૌરવ

ગૌરવ એટલે મોટાઈ અથવા મહત્તા. આ મોટાઈ કે મહત્તા સહજ પ્રાપ્ય કે સુલભ નથી. પણ વાતવાતમાં કોઈને મહત્તા કે મોટાઈ બક્ષવાની આપણને કુટેવ પડી ગઈ છે. દા.ત. કાળાં બજાર કરી લોકોનું લોહી પીનાર, કૌભાંડો કરી દેશહીતના ભોગે લાખો રૂપિયા ભેગા કરી લેનાર વ્યક્તિ પોતાનાં કુકર્મ ઢાંકવા નાનું મોટું દાન આપે તો એને સન્માની 'દાનેશ્વરી'નું બિરૂદ આપી દઈ એને આપણે સમાજ કે દેશનું ગૌરવ કહીએ છીએ. સોયનું દાન કરીને સોનાની કલ્લી કઢાવી જનારનું ગૌરવ કરી આપણે એને સન્માનીએ છીએ ત્યારે આપણાં સ્વાર્થ, લાલચ, ભિરુતા કે અપરિપક્વતાનાં જ દર્શન થાય છે. હા, સાચા દાનીનું કે સાચી મહાનતા જેનામાં હોય તેનું ગૌરવ જરૂર કરીએ. ધર્મબુદ્ધિથી પુણ્યાર્થે આપવામાં આવે તે દાન કહેવાય. આવા સાચા દાનીજનો દુર્લભ છે. જે દાનમાં સ્વાર્થ છે તેની મહત્તા ઘણી ઓછી છે.

गौरवं प्राप्यते दानात्, न तु वित्तस्य संचयात् અર્થાત્ દાનથી ગૌરવ મળે છે, ધનના સંચયથી નહિ એ વાત સાચી છે, એટલે સાચા દાતાનું ગૌરવ જરૂર કરીએ. પણ કંસને 'કર્ણ' ની ઉપમા આપવાથી તો ગૌરવશાળીનો ઉપહાસ થાય છે.

સાચી મોટાઈ કે સાચા ગૌરવનાં ઘણાં ઉદાહરણો આપણને કુદરતમાંથી ય મળે છે. વૃક્ષને જુઓ : તમે એને પથ્થર મારો છો તો ય એ તમને મીઠાં ફળ કે શોભાયમાન સુગંધભર્યાં ફૂલ આપે છે. એ તમને ચોક્ખી હવા અને શીળી છાયા પણ આપે છે. એને કાપો તો ય બળીને અગ્નિ અને



પ્રકાશ આપે છે ને કોલસા રૂપે જલીને ય રાખ આપે છે. જીવતાં ને મરતાં એ નિઃસ્વાર્થ ભાવે પરોપકાર જ કરે છે. એટલે સાચું ગૌરવ વૃક્ષ જેવા આવા પરોપકારીઓને ઘટે છે. જે જીવે છે બીજા માટે ને મરે છે પણ બીજા માટે. એટલે જ તો શ્રી રામ, કૃષ્ણ, ઈસુ કે પયગમ્બર જેવા મહાપુરુષો કે સુભાષ, ભગતસિંહ યા સરદાર જેવા સપૂતો સમાજ કે દેશનું ગૌરવ ગણાય છે. બીજાને માટે અથવા કોઈ મહાન ધ્યેય પ્રાપ્તિને માટે ખપી જવામાં સાચું ગૌરવ સમાયું છે એ વાત આ મહાપુરુષોએ ચરિતાર્થ કરી બતાવી છે. એટલે જ મહાન સંત, સાહિત્યકાર, સમાજસેવક, ચિંતક, વૈજ્ઞાનિક કે સૈનિક માટે દુનીયા ગૌરવ લે છે. મરીને જીવવાનો મંત્ર આવા લોકો જ શીખવે છે. વ્યાસ, વાલ્મિકી, શેક્સપિયર, કાલીદાસ, ટાગોર, આઈનસ્ટાઈન, બર્નાડ શો કે ગાંધીજી જેવી વિભૂતિઓ પોતાના ક્ષેત્રની અસામાન્ય વ્યક્તિઓ હોવાથી માનવજાત માટે ગૌરવપ્રદ ગણાય છે.

ધ્યેય સિદ્ધિ માટે મથનાર કે મરનાર પણ સાચા ગૌરવનો અધિકારી છે. હજારો વર્ષના તપને અંતે પણ મળે તો મળે એવા પ્રભુને ભક્ત ધ્રુવે પોતાના મનોબળથી બાલ્યવયે જ પ્રાપ્ત કર્યા. એવો જ ઈતિહાસ પ્રહ્લાદનો. પર્વત પરથી પડવાનું હોય કે અગ્નિમાં બળવાનું હોય, ભગવાન સહાય કરશે જ એવા અદ્‌ભૂત આત્મવિશ્વાસે પ્રહલાદને અમરતા બક્ષી. સફળતા આવા શ્રદ્ધાળુઓને જ મળે, ગૌરવ આવા આત્મવિશ્વાસુઓનું જ થાય.

पिबन्ती नद्यः स्वयमेव नाम्भः । નદી પોતે પોતાનું પાણી પીતી નથી. છતાં ય સતત વહેતી રહી, હજારો લોકોની કે અસંખ્ય પશુ કે પંખીઓની પોતાના નિર્મલ જલથી નદી પ્યાસ છીપાવે છે ને વેરાન ભૂમિને હરિયાળી કરી ધાનના ઢગલા કરે છે. માટે જ નદીને 'માતા'ની મહાનતા ને દાતાનું ગૌરવ મળ્યાં છે. સાચું છે : स्वयम् न खादन्ती फलानी वृक्षाः । વૃક્ષો પોતે પોતાના ફળ ખાતાં નથી. છતાં પરાર્થે ફળ આપી એ કૃતાર્થ થાય છે. વૃક્ષોની જેમ પરાર્થે જીવન સમર્પી દેનાર માનવ-રત્નો જ સમાજનું ગૌરવ છે. પછી તે

ગૌતમ બુદ્ધ હોય, મહાવીર સ્વામી હોય કે મધર ટેરેસા હોય. મહાનતાને દેશ કે પ્રાંતની સીમાઓ નડતી નથી. પુણ્યના ખ્યાલ વગરનું દાન કરનાર કે પાપના ભય વગરની પ્રમાણિકતા આચરનાર વ્યક્તિ જ માનવજાતનું સાચું ગૌરવ છે.

આત્મ ગૌરવ પણ અગત્યનું છે. અહીં ગૌરવ એટલે મિથ્યાભિમાન નહિ. આત્મ–ગૌરવ એટલે પોતાપણાનું ભાન, બીજા અર્થમાં સ્વમાન. એક દોહામાં રહીમજી કહે છે :

रहीमन पाणी राखीओ, बीन पानी सब सून ।
पानी गये न उबरे, मोती मानुष चून ॥

પાણી વગરનું મોતી, પાણી વગરનો માણસ અને પાણી વગરનો ચૂનો એ બધાં નકામાં છે. માણસે પાણી રાખવું જોઈએ. આ પાણી એટલે જ આત્મ-ગૌરવ, સ્વમાન.

બંદીવાન હોવા છતાં સિકંદરના દરબારમાં રાજા પોરસે વિજેતા સિકંદરને ગૌરવપૂર્વક કહેલું : 'એક રાજા બીજા રાજા સાથે વર્તે એવી રીતે તમારે મારી સાથે વર્તવું જોઈએ!' અહીં પોરસનું આત્મગૌરવ પ્રગટ થાય છે. આવું ગૌરવ જ માણસને સાચો માણસ બનાવે છે. આવો જવાબ સાંભળી વીર સિકંદરે ભડવીર પોરસને માનપૂર્વક છોડી મૂક્યો.! વીરતાની કદર પણ વીર પુરુષ જ કરી શકે.

ગૌરવ લેવામાં નહિ, દેવામાં છે, ગૌરવ સજામાં નહિ ક્ષમામાં છે; ગૌરવ ભોગમાં નહિ, ત્યાગમાં છે. क्षमा वीरस्य भूषणम् । સુખમાં, લાભમાં કે જીતમાં જે છકી જતો નથી ને દુઃખમાં, ગેરલાભમાં કે હારમાં જે હિંમત હારતો નથી તે જ માણસ સાચો ગૌરવશાળી છે. આવા સ્થિર બુદ્ધિવાળા માણસો જ સમાજને ગૌરવ અપાવી શકે અને પોતે પણ ગૌરવપૂર્વક, સ્વમાન સાથે જીવી શકે. માટે જ કવિ કહે છે : 'હું માનવી માનવ થાઉં તો યે ઘણું.'

('આકાશવાણી' - વડોદરા પરથી પ્રસારિત; ૩-૧૧'૯૮)

## ૪૬ : લોભ

આપણી પાસે જે હોય એથી સંતોષ ન માની વધારે પ્રાપ્ત કરવાની વૃત્તિ એટલે લોભ. સામાન્ય માણસમાં લોભવૃત્તિ હોય એ સ્વાભાવિક છે, કારણ કે લોભી માણસ માત્ર પોતાની અને પોતાનાં બાળકો કે સ્વજનોની જ ચિંતા રાખે છે. સમાજના ભોગે પોતાને જો થોડો પણ લાભ થતો હોય તો એ બહુજન હિતની પરવા કરતો નથી. આવી લોભવૃત્તિમાંથી જ સંગ્રહ કરવાનો મોહ જન્મે છે અને સરવાળે સમાજને નુકસાન થાય છે. માટે જ એક સ્થળે ગોદામમાં અનાજ સડે છે અને બીજે સ્થળે જીવતાં જાગતાં મનુષ્યો અનાજ વિના ટળવળે છે! કાળાં બજારની ઉત્પત્તિ માણસની વધુ પૈસા કમાવાની લોભવૃત્તિમાંથી જ થઈ છે. માત્ર 'સ્વ' નો જ વિચાર કરનારા પામર જીવ પરને માટે કશું જ ત્યાગી શકતા નથી. એવા લોભી લોકો ધોળા દિવસના લુટારા જેવા છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે :

निश्चोः वष्टि शतं शती दश शतं,
लक्षं सहस्राधिपः

જેની પાસે કાંઈ નથી તે સોની આશા રાખે છે, સો વાળો હજારની ઈચ્છા કરે છે અને હજારવાળો લાખ મેળવવા ચાહે છે. આ વાતને લંબાવતાં કવિ કહે છે કે ब्रह्मा शैव पदं, शिवो हरि पदं - બ્રહ્માજી, શિવના પદની આકાંક્ષા રાખે છે તો શિવજી વિષ્ણુપદને ઝંખે છે, માટે જ કવિ અંતે કહે છે : आशावधीं को गतः । આશાનો પાર કોણ પામ્યું છે?

આ અખૂટ આશા એ જ લોભ છે. કહેવત છે કે ‘લોભને થોભ નહિ.’ એક ભિખારી વર્ષોથી ભગવાનના મંદિર પાસી પૈસા બે પૈસાની ભીખ માગતો આખો દિવસ ઊભો રહેતો. એકવાર ભગવાનને એની દયા આવી. એટલે એની સમક્ષ પ્રગટ થઈ ભગવાને ભીખારીને કહ્યું : ‘હું તને થોડી સોના મહોર આપવા ઈચ્છું છું.’ ભિખારીએ તો ખુશ થઈને પોતાની જરી પુરાણી ઝોળી ધરી. ભગવાને સૂચના આપતાં કહ્યું : ‘જો, જે સોનામહોર ધરતી પર પડશે તે પથ્થર બની જશે. માટે લોભ ન કરીશ.’ ભગવાને એમ કહીને એક પછી એક સોના મહોર ઝોળીમાં નાખવા માંડી. પેલો ભિખારી ‘હજી એક, હજી એક’ કરતો જાય અને ભગવાન એક પછી એક સોનામહોર જૂની ઝોળીમાં નાખતા જાય. ઘણી સોનામહોર મળી પણ પેલા લોભીની ભૂખ ન ભાગી. છેવટે એક મહોર પડી અને બધાના વજનથી ઝોળી ફાટી ગઈ, બધી સોનામહોર આથી ધરતી પર પડી અને કાંકરા બની ગઈ! ભગવાન અંતર્ધ્યાન થઈ ગયા અને અવાજ આવ્યો : ‘તારી લોભવૃત્તિને કારણે તું જનમભર ભિખારી રહેવા જ જન્મ્યો છું.’

આમ લોભી ભિખારી કાયમનો ભિખારી રહ્યો. લોભ આમ આપણી પ્રગતિના માર્ગમાં બાધક નિવડે છે.

‘લોભે લક્ષણ જાય ને લોભ પાપનો બાપ’ એ ઉક્તિમાં કહ્યું છે કે લોભથી માણસનાં સુલક્ષણોનો નાશ થાય છે અને એથી પાપ જન્મે છે. માણસ જાતના છ શત્રુઓ - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર છે.

अति लोभो विनाशाय । લોભ છેવટે માણસની માનવતાનો ભોગ લે છે અને એને અમાનુષી કૃત્યો કરવા પણ પ્રેરી શકે છે. ગીતામાં કહ્યું છે તેમ તૃષ્ણા અને આસક્તિમાંથી રજોગુણ ઉત્પન્ન થાય છે અને રજોગુણમાંથી લોભ ઉત્પન્ન થાય છે.



આખા રાજયને હડપ કરી જવાના દુર્યોધનના લોભને કારણે જ મહાભારતનું યુદ્ધ થયું અને કૌરવોનો વિનાશ થયો. દેશને એથી જે નુકસાન થયું એ અકલ્પિત હતું. રાજાઓના કે સત્તાંધોના મોટું રાજ્ય મેળવવાના લોભને કારણે જ આ જગત યુદ્ધની વિનાશકતાથી ઘેરાઈ જાય છે.

સંતોષી માણસને લોભ હોતો નથી. સંતોષી નર ને ‘પરમ સુખી’ કહ્યો છે. માટે માણસે ભગવાનમાં વિશ્વાસ રાખી, એની ઈચ્છાને માન આપી, જે હોય તેમાં, લોભથી પર રહી, સંતોષથી જીવવું એ જ સાચી માનવતા છે.

વૈષ્ણવજનનાં લક્ષણ ગણાવતાં નરસિંહ મહેતા પણ કહે છે: ‘વણલોભીને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે’. ભગવાનના ભક્તે નિર્લોભી રહેવું જોઈએ. લોભથી લાભ નહિ, હંમેશાં નુકસાન જ થાય છે.

## ૪૭ : પ્રેમ

પ્રેમ! માત્ર અઢી અક્ષરના આ શબ્દે જગતના કેટકેટલા ઝંઝાવાત જોયા, જાણ્યા ને જગાવ્યા છે! સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારથી શબ્દ રૂપે નહિ તો ભાવના રૂપે તો જરૂર પ્રેમનું અવતરણ થયું હશે.

છતાં કોઈ પણ વસ્તુનો અતિરેક ભયકારક ગણાય છે. હમણાં 'પ્રેમ' શબ્દને આપણે એટલો સસ્તો બનાવી દીધો છે કે તે બજારુ ચીજ જેવો વર્ણશંકર બની ગયો છે! કોઈ યુવક-યુવતી થોડીવાર માટે ક્યાંક મળે ને એમને પ્રેમ થઈ જાય છે! શાળા-મહાશાળામાં સાથે ભણતાં કે કોઈ ઓફિસમાં સાથે કામ કરતાં હોય ત્યાં એમને પ્રેમ થઈ જાય છે! ઘણા સંસારીઓ ય પ્રેમના આવા માયાવી ફંદમાં ફસાઈ ખરેખર પ્રેમ કરવા જેવાં પોતાની પત્ની અને બાળકોને રઝળતાં કરી દે છે! અરે, લોકો જેને પૂજ્ય માને છે એવા સંત મહંતો વિષે ય આવી વાતો બહાર આવે છે!

વિચારવાનું રહે છે કે આવા કિસ્સાઓમાં ખરેખર સાચો પ્રેમ હોય છે? 'ના'. કારણ કે મોટા ભાગના આ કહેવાતા પ્રેમ કિસ્સાઓ નિષ્ફળતામાં જ પરિણમે છે. સાચો પ્રેમ કદી વિફલ થતો નથી. આજે તો પ્રેમ જેવો નિર્મળ અને પવિત્ર શબ્દ બોલતાં પણ વિચાર કરવો પડે છે. 'પ્રેમ' શબ્દ બોલવાથી રખે ઔચિત્યભંગ થઈ જાય એવા ડરથી સ્તો!

વર્ગમાં શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ આગળ 'પ્રેમ' શબ્દનો ઉચ્ચાર ન થઈ જાય એની કાળજી રાખે છે! આનું કારણ એ છે કે આપણે 'પ્રેમ' શબ્દને અયોગ્ય સ્થાને એટલો બધો વાપરી નાખ્યો છે કે હવે એને એના સાચા સ્થાનેથી પણ તિલાંજલિ આપવી પડે છે! શેક્સપીયરનાં નાટકોમાં હીરો



હીરોઈનને પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમ (Love at first sight) થઈ જાય છે! આપણાં ચિત્રપટનાં નાયક નાયિકાઓ પણ એકબીજાને જોતાં જ પ્રેમમાં પડી લગ્ન કરવાની સ્થિતિએ પહોંચી જાય છે. તો આપણે કેમ પ્રેમ ન કરીએ, એવા કોઈ ભ્રામક ખ્યાલમાં આપણો યુવક વર્ગ ફસાય છે અને પ્રેમનું એકાદ નાટક ભજવાઈ જાય છે. તેમને 'પ્રેમ' થયો લાગે છે. પણ 'લાગવું' અને 'હોવું' માં ફેર છે ને? એટલે વાસના સંતોષાયા પછી થોડા વખતમાં જ પેલો કહેવાતો 'પ્રેમ' પલાયન થઈ જાય છે, અને તેમના જીવનમાં 'દેવદાસીય' કરૂણતા છવાઈ જાય છે! પછી તો 'છોડ ગયે બાલમ' નાં રોદણાં જ રડવાનાં ને? અહીં જ આપણે પ્રેમના સાચા સ્વરૂપને સમજી લેવાની જરૂર છે.

ઉપરના કિસ્સાઓમાં 'પ્રેમ' નહિ પણ, મોહ હોય છે. 'પ્રેમ' શબ્દના અંચળા નીચે વાસના પોષતા લોકો જગતને અને પોતાની જાતને ય છેતરે છે.

જગત કહે છે : 'પ્રેમ આંધળો છે', પણ હકીકતમાં 'પ્રેમ' નહિ, 'મોહ' આંધળો છે. પ્રેમનું સ્વરૂપ તો શુદ્ધ છે. એના સાચા સ્વરૂપમાં પ્રેમ તો પારસમણિ છે. પુત્ર ઈન્દ્રજીતનું મૃત્યુ પથ્થર હૃદયના રાવણને ય રડાવે છે, એ પ્રેમનો જ પ્રભાવ ને? પ્રેયસી માટે પહાડ ખોદતાં ફરહાદના પ્રેમમાં અશુદ્ધિ કે મોહ કોને દેખાય? પ્રેમ તો શ્રી રામે કર્યો સીતા સાથે. પત્નીને ત્યાગી છતાં એને હૃદયમાં સ્થાપી! રામના સીતાત્યાગમાં પ્રેમ હતો, રાવણના સીતા-હરણમાં મોહ હતો! ભાઈ ભાભીની સેવામાં ચૌદ ચૌદ વર્ષ સુધી ભૂખ, બ્રહ્મચર્ય અને અનિંદ્રા સેવનાર લક્ષ્મણ ભ્રાતૃપ્રેમનું ઉત્તમ ઉદાહરણ છે. ભગવાન શ્રી રામ માટે બોર ચાખતી શબરીનું હૃદય પ્રેમ રસથી જ નીતરતું હતું ને? હરિશ્ચન્દ્રનું જીવન ઝળહળે છે એના સત્યપ્રેમને કારણે. 'પ્રાણ જાય અરૂ વચન ન જાઈ' જેવો રઘુકુલનો વચન-પ્રેમ દંતકથા જેવો અદ્ભુત છે. પતિપ્રેમી દમયંતીએ નળના બાહુક સ્વરૂપને ય ચાહ્યું એ સાચા પ્રેમની પરાકાષ્ઠા જ ને? પત્ની અને પુત્ર ગુમાવ્યા છતાં 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ' એવું ગાતા નરસિંહ મહેતાનો પ્રભુપ્રેમ કે ઝેરને પણ

અમૃત જાણી પી જનાર મીરાંનો કૃષ્ણપ્રેમ અદ્વિતીય જ ગણાય. સાચો પ્રેમ આવી અવિચળ શ્રદ્ધા આપે છે. હૈયું નિચોવી બાળકને અમૃત સિંચતી માતાના પ્રેમ માટે તો ‘જનનીની જોડ સખી નહિ જડે રે લોલ’ એવું ગાઈ ભાવવિભોર જ બની જવાય ને? આ બધાં અમર પ્રેમનાં અજોડ ઉદાહરણો છે. નરસિંહ મહેતા તો કહે છે : ‘પ્રેમ રસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટીપણું તુચ્છ લાગે.’ ભગવાનનો આ મહાન ભક્ત ‘પ્રેમરસ’ પીવા ચાહે છે. તો મીરાંબાઈ જેવી સાધ્વી ય કૃષ્ણમય બની ગાઈ ઉઠે છેઃ ‘‘પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની!’’ ઝેરના કટોરા પીનારને પ્રેમની કટારીએ અમરતા અર્પી !

પ્રેમનું સ્વરૂપ શુદ્ધ છે, ઉચ્ચતમ છે. પ્રેમનાં શિખર સર કરવા તો ત્યાગનાં સોપાન ચઢવાં પડે. એ માટે તો સીતાની અગ્નિપરીક્ષાઓ પાર કરવી પડે. પ્રેમ કોઈ ક્રિયા નથી, એ તો એક ઘટના છે. એ કરાતો નથી, થઈ જાય છે! ક્રિયા કરવી પડે,ઘટના આપોઆપ ઘટે.

પ્રેમ બોલે છે ઝાંસીની રાણીએ દેશ માટે કરેલ જાન ફેસાનીમાં. પ્રેમ પડઘાય છે અનિરુદ્ધે કરેલા ઓખાના હિંમતભર્યા અપહરણમાં; પ્રેમ ઘૂંટાય છે બાળકને સ્તનપાન કરાવતી માતાના ધાવણની ધારાઓમાં, પ્રેમ ફોરે છે આરસમાંથી કંડારાયેલી મુમતાઝની તાજમહાલી યાદોમાં!

પ્રેમનાં આ શુદ્ધ સાચાં સન્માનનીય સ્વરૂપોને શત શત વંદન!

## ૪૮ : ભક્તિ

‘ભક્તિ’ શબ્દ કાને પડતાં સૌ પ્રથમ વિચાર આવે તે પ્રભુ પ્રત્યેની માણસની ભક્તિનો. અહીં ભક્તિ એટલે પ્રભુ ભજન. આદિકાળથી ભગવાનને પ્રાપ્ત કરવાની પોતાની ઝંખનાને મૂર્ત કરવા માણસ સમયે સમયે વિવિધ ઉપાયો કરતો રહ્યો છે. એમાં સૌથી જાણીતી રીત છે તપ. ઋષિમુનિઓ સેંકડો કે હજારો વર્ષ તપ કરી પોતાના આરાધ્ય દેવને પ્રસન્ન કરતા અને એમની પાસેથી ઈચ્છિત વરદાન પામતા. આવું તપ કરતી વેળા સ્વાભાવિક રીતે જ તેઓ પોતાની ઈન્દ્રિયોનું દમન કરતા. શાસ્ત્રોએ ગણાવેલી નવધા ભક્તિમાં નવ પ્રકારની ભક્તિ છે : શ્રવણ, કિર્તન, સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, સખ્ય, દાસ્ય અને આત્મ નિવેદનનો આમાં સમાવેશ થાય છે. સાર એટલો જ કે કોઈ પણ પ્રકારે ભગવાનની સેવા કરી એની નિકટતા દ્વારા એને પામવાનો પ્રયત્ન કરવો. નરસિંહ અને મીરાંની પ્રેમલક્ષણા ભક્તિ પણ સમજવા જેવી છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છેઃ

शुभाशुभ परित्यागी भक्तिमान्यहः स मे प्रियः। શુભ અને અશુભને ત્યજનાર તથા ભક્તિવાળો (માણસ)ભગવાનને પ્રિય છે. આમ ભક્તિ આપણને પ્રભુ પ્રેમ પણ અપાવે છે.

ટીલાં ટપકાં કરવાં, દાઢી જટા વધારવી, મુંડન કરાવવું કે ભગવાં ધારણ કરવાં એ ભક્તિ નથી, એ તો બાહ્યાડંબર છે. સાચી ભક્તિ તો માણસના હૃદયમાં પ્રગટે. ‘દિલ શુદ્ધે દીદાર દેખ’ એમ ભક્ત કવિ ધીરો કહે છે તે આ અર્થમાં જ.

ભક્તિમાં પ્રેમ અને આદર પણ સમાય છે. સાચો ભક્ત હંમેશાં માનવતાવાદી હોય છે.જીવ માત્ર પ્રત્યે એના હૃદયમાં પ્રેમ, દયા અને આદર હોય છે. સાચા ભક્તનું ચિત્ર દોરતાં નરસિંહ મહેતા ગાય છેઃ 'વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ કરાઈ જાણે રે' બીજાનાં દુઃખ જાણનાર, પરોપકારી, નિરાભિમાની, નમ્ર, નિર્લોભી, નિષ્કપટી, નિષ્કામી, અક્રોધી, સદાચારી વ્યક્તિ જ ભગવાનનો સાચો ભક્ત કહેવાય છે. આટલા સદ્‌ગુણોનો સરવાળો એટલે સાચી ભક્તિ ! આ વાત સમજાવતાં શ્રી કૃષ્ણ ગીતાના ભક્તિયોગમાં કહે છે :

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुख क्षमी ॥

ભગવાનના પ્રિય ભક્તને પ્રાણી માત્ર પ્રત્યે મમતા અને પ્રેમની લાગણી હોય છે. જે એના ઉત્તમોત્તમ સ્વરૂપમાં ભક્તિનું રૂપ ધારણ કરે છે. એટલે જ પિતૃભક્તિ, માતૃભક્તિ, પતિભક્તિ કે દેશભક્તિ જેવાં પ્રશંસનીય ભાવોનો માનવહૃદયમાં આવિર્ભાવ થાય છે. ભક્તિ માત્ર મનુષ્ય માટે જ શક્ય છે. બીજાં પ્રાણીઓ આવી ભક્તિ કરી શકતાં નથી.

સાચો દેશભક્ત પોતાની માતૃભૂમિ માટે પોતાની જાતનું પણ બલિદાન આપી દે છે. સુભાષચંદ્ર બોઝ, વીર ભગતસિંહ કે મહાત્મા ગાંધીજીની દેશભક્તિ એ માતૃભૂમિ માટે સર્વસ્વનું બલિદાન દેનાર શહીદોની અમર ઈતિહાસ કથાઓ છે.

યમરાજના હાથમાંથી પોતાના પતિ સત્યવાનને છોડાવી લાવનાર સતી સાવિત્રી પતિભક્તિનું એક અવિસ્મરણીય ઉદાહરણ જ નહિ, સૌભાગ્યવંતી સ્ત્રીઓનું ગૌરવવંતુ ઘરેણું છે. અંધ મા-બાપને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવનાર શ્રવણની માતૃભક્તિ ને પિતૃભક્તિ પુત્ર નામને સાર્થક કરતી અદ્વિતીય ગૌરવગાથા છે.



સાચી ભક્તિમાં પ્રેમ, આદર અને શ્રદ્ધા હોય છે. દીકરીનું મોસાળું કરવા ખાલી હાથે ગયેલા નરસિંહ મહેતા રડતી કુંવરબાઈને કહે છે : 'રુડો અવસર આવ્યો દીકરી, તો મોસાળું કરશે શ્રી હરિ !' અને એમના શ્રી હરિએ મોસાળુ એવું કર્યું કે નાગરી નાત પણ જોતી જ રહી ગઈ! નરસિંહ મહેતાની કેટલી બધી શ્રદ્ધા ! કેવી અપૂર્વ ભક્તિ ! સામાન્ય માણસનું આ ગજું નહિ.

'અમૃત જાણી મીરાં પી ગયાં જેને સહાય શ્રી વિશ્વનો નાથ' એમ કહી પતિએ મોકલેલા ઝેરના પ્યાલાને જાણીને પીનાર મીરાંબાઈની કૃષ્ણભક્તિ એના જેવી મેવાડની રાણીને ય સાધુઓ વચ્ચે બેસાડી શકે ને 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ' એમ એની પાસે ગવડાવી શકે. મીરાંએ તો પતિને ય સંદેશો મોકલી કહેવડાવ્યું : 'રાજપાટ તમે છોડી રાણાજી વસો સાધુને પાસ !'

ભક્તિમાં આવી શક્તિ છે. વ્યક્તિ પાસે એ સર્વસ્વ ન્યોછાવર કરાવી શકે અને એને એ સર્વશ્રેષ્ઠ ચીજ અપાવી પણ શકે. નરસિંહ મહેતા સદેહે સ્વર્ગમાં ગયા જ હતા ને?

અશક્યને શક્ય કરવું એ ભક્તિનો પ્રતાપ છે. ભગવાનને પણ ભક્તિમાન મનુષ્ય જ પ્રિય છે. તપ, સમર્પણ અને શ્રદ્ધાપૂર્વકની ભક્તિ હંમેશાં ફળ આપે છે.

અંતે ભક્તિની શક્તિ સમજાવવા ડૉ.ગુણવંત શાહના શબ્દોમાં સમાપન કરું તો –

પ્રવાસમાં ભક્તિ ઉમેરાય ત્યારે તે યાત્રા બને છે,
ભોજનમાં ભક્તિ ઉમેરાય ત્યારે તે પ્રસાદ બને છે,
શ્રમમાં ભક્તિ ઉમેરાય ત્યારે તે યજ્ઞ બને છે,
મકાનમાં ભક્તિ ઉમેરાય ત્યારે તે મંદિર બને છે,
નદીમાં ભક્તિ ઉમેરાય ત્યારે તે માતા બને છે,
અને શબ્દમાં ભક્તિ ઉમેરાય ત્યારે તે પ્રાર્થના બને છે !

## ૪૯ : ઉદ્યમ

આપણી સામે ટેબલ પર સજાવેલી તૈયાર થાળીમાંથી પણ ખાવા માટે આપણે હાથ વડે ભોજન મુખમાં તો મૂકવું જ પડે છે. આપણે માટે બીજાએ બધું જ તૈયાર કર્યું હોય તો પણ ખાવા માટે થોડી સક્રિયતા તો આપણે દાખવવી જ પડે છે. તો જ ખાવા મળે.

ત્યારે જીવનમાં તો કોઇ પણ વસ્તુ સજાવેલી થાળીના જેમ સહજ પ્રાપ્ત નથી કે જે વગર મહેનતે આપણને મળી જાય. કોઈપણ વસ્તુ મેળવવા માટે આપણો પ્રયત્ન તો અનિવાર્ય છે. આ પ્રયત્ન એટલે જ ઉદ્યમ.

આપણું લક્ષ્ય જેટલું ઊંચું હોય, ઉદ્યમ કદાચ એટલો જ કપરો હોય. પાવાગઢ ચઢવો પ્રમાણમાં સહેલો લાગે, પણ હિમાલય ચઢવો હોય તો કેટલી બધી સાહસિકતા ઉપરાંત શ્રમભરી પૂર્વ તૈયારી કરવી પડે ! ચઢવાનો ઉદ્યમ તો એ પછી શરૂ થાય. : (છતાં એ અસાધારણ ઉદ્યમ પછી પણ સફળ થઇએ, નિષ્ફળ પણ જઇએ. નિષ્ફળતાની પૂર્વ તૈયારી સાથે જ હિમાલય ચઢવાના ઉદ્યમની શરૂઆત કરવી જોઇએ.) છતાં આવા ઉદ્યમો કરવા જેવા તો ખરા જ, કારણ કે ઉદ્યમ વિના માણસ કશું જ  પ્રાપ્ત કરી શકતો નથી. વળી ઉદ્યમીનું નિશાન ઊંચું જ હોય.

उद्यमेन ही सिध्यन्ति कार्याणि न मनोरथै ।
नहीं सुप्तस्य सिंहस्य मुखे प्रविशयन्ति मृगाः ॥

ઉદ્યમથી જ કામ થાય છે. સૂતેલા સિંહના મોઢામાં સસલાં આપોઆપ આવીને પ્રવેશ કરતાં નથી. આમ સિંહ જેવા જંગલના રાજાને ય ખાવું હોય તો શિકાર કરવાનો ઉદ્યમ કરવો પડે છે.



એક કવિ કહે છે :

'ઉદ્યમીને બાળ જાણ તું કામધેનુ .'

'કામધેનુ' ગાયની પાસે જે ઇચ્છા કરીએ તે ફળ તે તરત જ આપે. ઉદ્યમ પણ કામધેનુ ગાયની માફક ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત થાય છે. કવિ આગળ કહે છે :

'ઉદ્યમીઓ ધૂળમાંથી સોનું શોધી જાય છે !'

(ધૂળ જેવી નકામી વસ્તુમાંથી પણ ઉદ્યમી માણસ સોના જેવી કિંમતી ધાતુ મેળવી શકે છે.) અર્થાત પ્રયત્ન કરનાર માણસ અશક્યને પણ શક્ય કરી શકે છે.

ભગવતગીતા પણ કહે છે :

स्वै स्वै कर्मण्ये भी रतः ।
संसिद्धि लभते नर : ॥

કર્મમાં લીન માણસ જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આમ કોઇ મોટી પ્રાપ્તિ માટે કર્મ, કાર્ય, મહેનત, શ્રમ અને ઉદ્યમ અનિવાર્ય છે. માત્ર કર્મ કરવાનું નહિ, કર્મમાં આપણી સંપૂર્ણ તલ્લીનતા હોવી ઘટે. તો જ મોટી સિદ્ધિ મળી શકે છે. વૈજ્ઞાનિકોની મોટી શોધખોળો એ ઉદ્યમ અથવા કર્મની આવી તલ્લીનતાનું જ પરિણામ છે. સિદ્ધિની પ્રાપ્તિ આડે વિઘ્નો તો આવવાનાં જ, પરંતુ 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.' મક્કમ નિર્ધાર અને અખૂટ ધૈર્યભર્યો ઉદ્યમ હોય તો હિમાલય પણ આપણા માર્ગમાં વિઘ્નરૂપ નથી બની શકતો ! 'શ્રમયજ્ઞ' શબ્દ દ્વારા તો ઉદ્યમને યજ્ઞનું પવિત્ર સ્વરૂપ આપવામાં આવ્યું છે.

ઉદ્યમ જેવા મોટા ગુણથી વિરુદ્ધ માણસનો મોટો અવગુણ આળસ છે.

आलस्यम् ही मनुष्याणां शरीरस्थो मदारिपु,
नास्त्युद्यम समो बंधु कृत्वा यं ना वसीदति ॥

આળસ માણસના શરીરમાં રહેલો મોટો દુશ્મન છે. ઉદ્યમ જેવો બીજો કોઈ મિત્ર નથી. ઉદ્યમ કરવાથી નાશ થતો નથી.ઉદ્યમથી તો સર્જન થાય છે ને સિદ્ધિ મળે છે. માટે જ કાર્લાઈલ કહે છે : Work is worship. કર્મ એ જ પ્રાર્થના. કામ કરો, ઉદ્યમી બનો, ભગવાન ફળ આપશે જ.આંબો વાવો અને એની માવજત કરો, પછી ભગવાનને પ્રાર્થના કરીને કહેવું નહિ પડે કે 'હે ભગવાન, મારા આંબાને કેરી આવજો.' તમારું કામ, તમારો શ્રમ, તમારી ઉદ્યમભરી કાળજી એ જ તમારી સફળતા માટેની સાચી પ્રાર્થના છે. ભગવાન એનું ફળ અવશ્ય આપે જ છે. આ વાત સમજાવતાં બીજા કવિ જુદી રીતે કહે છે :

'અપના હાથ, જગન્નાથ' અથવા કવિ નિરંજન ભગત કહે છે તેમ : 'આપણા ઘડવૈયા બાંધવ આપણે.'

માટે, ઉદ્યમનું મહત્ત્વ સમજી આપણે સિદ્ધિ માટે શ્રમ કરીએ, કારણ કે સિદ્ધિ હાથની રેખાઓમાં નથી હોતી, આપણા ઉદ્યમમાં હોય છે. 'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય;' સિદ્ધિ માટે શ્રમ કરવો પડે. આપણે પોતે જ આપણા નસીબને આપણા ઉદ્યમ વડે ઘડીએ છીએ. તો ચાલો કામે લાગીએ. 'આરામ હરામ હૈ, ઉદ્યમ રામ હૈ !'

## ૫૦ : દાન

દાનનો મહિમા ઘણો મોટો છે, પણ એની ગરિમા દેનાર અને લેનાર પર આધારિત છે. દાતા ઉદાર, દયાળુ અને નિરાભિમાની હોવો જોઈએ.

બીજા પાસે માગવાના પ્રસંગો જીવનમાં ઘણીવાર આવે છે. ક્યારેક અનિચ્છા છતાં સંજોગોવશાત્ માગવું પડે છે. કોઈકની માંદગીના પ્રસંગે કોઈની પાસે કોઈ દવા કે બરફ જેવી સામાન્ય વસ્તુ ય તાત્કાલિક માગવા જવું પડે છે. આવા ધર્મસંકટના પ્રસંગો જવા દઈએ તો પણ સામાજિક સંસ્થાઓ માટે કે અન્ય કોઈ સમાજોપયોગી કાર્ય માટે પણ કોઈની પાસે માગવા જવું પડે છે. આમ સંસારી માણસ સુદામા જેવું અજાચક વ્રત ન પાળી શકે. છતાં બને ત્યાં સુધી ન માગવું એ શોભાસ્પદ ગણાય. માગનારનું સ્વમાન તો જ સચવાય. જેની તેની પાસે માગવાથી માનહાની થવાનો કે છેવટે માગણી ન સંતાષાતાં નિરાશ થવાનો પુરો સંભવ હોવા છતાં આપવાની ઈચ્છા ન હોય એવા કંજૂસ પાસે હાથ ન લંબાવવો. કવિ ચાતક પક્ષીને એક શ્લોકમાં કહે છે :

रे रे चातक सावधान मनसा, मित्रं क्षणं श्रुयता,
आंभोदा बहवो ही सन्ति गगने, सर्वैंपि नैताद्रशाः ।
केचित् वृष्टिभिः आर्दयन्ति धरणीम, गर्जन्ति केचित वृथा,
यं यं पश्यति तस्य तस्य पुरतो मां ब्रुहि दीनं वचः

વરસાદના પાણી સિવાય બીજું પાણી ન પીતું ચાતક પક્ષી પી...પી...નું રટણ કરી જાણે વાદળો પાસે પાણીની યાચના કરે છે ! આ દ્રશ્યની કલ્પના કરી કવિ કહે છે : 'હે ચાતક, બધાં વાદળ સરખાં હોતાં

નથી, કેટલાંક વરસીને ધરતીની પ્યાસ છિપાવે છે, તો કેટલાંક ખાલી ગર્જના કરીને જતાં રહે છે, માટે દરેકની પાસે પાણીની યાચના ન કર. આનો સાર એ કે પાત્ર જોઈને માગવું. 'સુપાત્રે દાન' એ સૂત્રમાં અનુભવીઓ કહે છે કે સારા માણસને જ દાન આપવું, જેથી એનો સદુપયોગ થાય. (નહિ તો દૂધ પાઈને સાપ ઉછેરવા જેવો કટુ અનુભવ પણ ક્યારેક થાય.) પણ એથી ઉલટું પણ કહી શકાય કે પાત્ર જોઈને જ માગવું. ગમે તેનો ખોટા રસ્તે મેળવેલો પૈસો સારા કામ માટે સ્વીકારવો નહિ. 'અન્ન તેવો ઓડકાર' કહ્યું છે તે આ જ અર્થમાં. કોઈના ખોટા માર્ગે કમાયેલા પૈસા દાનમાં લઈએ તો સરવાળે નુકસાન જ કરે. ક્યારેક તાત્કાલિક દેખીતો લાભ અંતે નુકસાન કરે છે અને દેખીતું નુકસાન અંતે લાભપ્રદ બને છે ! (આવો અનુભવ ઘણી વખત થાય છે!) રવિશંકર મહારાજ તો કહેતા કે અન્ય ચીજની જેમ કોઈનો પૈસો પણ સૂંઘીને લો. અર્થાત્ સદ્માર્ગે પ્રાપ્ત કરેલો પૈસો જ દાનમાં લો.

સુપાત્ર પાસેથી જ દાન લેવાનો બોધ દેવા કબીરજી કહે છે :

કબીરા સીપ સમુદ્રકી રટે પિયાસ પિયાસ,
ઔર બુંદકો ના ગ્રહે, સ્વાતિ બુંદકી આશ.

ભર્યા સાગરમાં તરસે મરતી છીપ માત્ર સ્વાતિ નક્ષત્રમાં વરસેલા વરસાદનાં ટીપાં જ મુખમાં લે છે. માટે જ તો એમાંથી સારાં, સાચાં અને અમૂલ્ય મોતી નિપજે છે ! કદાચ, એક મોતી લાખોનું પણ હોય એવાં અમૂલ્ય! આ મહિમા ઉત્તમ પાત્ર પાસેથી લીધેલા દાનનો છે.

એક રાજા દ્વારા અપમાનજનક રીતે અપાતા દાનનો અસ્વીકાર કરતાં માંગનાર ચારણે કહ્યું : 'तेरे मागन बहोत है, तो मेरे भूप अनेक ।'

'રાજા, તારા આવા દાનની મારે જરૂર નથી, તારી પાસે માગનારા ઘણા છે, તો મને આપનારા રાજાઓનો ય તોટો નથી !' કબીરજી તો કહે છેઃ કબીરા વો નર મર ચૂકે, જો નર માગ જા! ઈનસે પહલે વે મરે, જીન મુખ નિકસત નાહીં !



માગનારને ન આપનાર માણસ યાચકની પણ પહેલાં મરેલો છે એમ જાણવું ! દાનમાં દાતા અને યાચક બંનેનું ગૌરવ સચવાવું જોઈએ. (વળી દાન આપનારનું પણ ગૌરવ વધે જ છે.) गौरवं प्राप्यते दानात, नतु वित्तस्य संचयात । દાનનો સંગ્રહ કરનારનું નહિ, દાન આપનારનું ગૌરવ વધે છે. દાન આપનાર અને લેનાર પર કબીરજીએ ઘણું વિચાર્યું લાગે છે. એ કહે છેઃ

सहज मीला सो दूध सम्, मागा मीला सो पानी.
कहत कबीरा वह रक्त सम, जामें अैंचातानी ॥

પ્રેમથી સહજ ભાવે મળે તે દૂધ જેવું ઉત્તમ ગણાય માગવાથી મળે તે પાણી બરાબર, પણ ના કહીને આનાકાનીથી કોઈ આપે તો એને કબીરજી લોહી સમાન નિમ્ન કોટીનું દાન ગણાવે છે.

એટલે લેનાર જ્યારે નિઃસ્વાર્થપણે વિવેકપૂર્વક માગતો થશે અને આપનાર સામાનું સન્માન સાચવી બંનેનું ગૌરવ વધે એ રીતે આપતો થશે ત્યારે જ દાનનો સાચો મહિમા જોવા જાણવા મળશે. ખાલી ગજવે હુંડી લખનાર નરસૈયો અને શેઠ બની બજાર વચ્ચે બેસી એ હુંડી સ્વીકારનાર શ્રીકૃષ્ણ બંને વંદનને પાત્ર છે. ધન્ય એ માગ્યું, ધન્ય એ દીધું ! વંદન નરસૈયાને, પ્રણામ કનૈયાને ! અને પોતાના પ્રાણની રક્ષા માટે જરૂરી હોવા છતાં એવાં પોતાનાં કવચ અને કુંડલ પણ દાનમાં આપી દેનાર દાનેશ્વરી કર્ણની ઉદારતાનેય સલામ !

## ૫૧ : શાંતિ

કિશોર અવસ્થામાં એક કાવ્ય વાંચ્યું હતું. કવિએ 'શાંતિ' ને સંબોધીને લખેલું એ કાવ્ય છે. એની પ્રારંભની ચાર પંક્તિઓ આવી હતી :

પ્રિય શાંતિ કયહીં વસતી કરતી,
નવ ભાળ જરી તુજની મળતી,
ગિરિ ખીણ ચતુર્દીશ ખોળી વળ્યો,
નવ દર્શનનો કયહીં લાભ મળ્યો.

કવિને શાંતિ બહુ પ્રિય છે. દરેકને હોવી જોઈએ. પણ કવિ કહે છે કે પર્વતો અને ખીણોમાં, અરે જગતમાં ચારે દીશાઓમાં ખોળી વળ્યાં છતાં શાંતિનો અનુભવ તો ન થયો, પણ એના માત્ર દર્શન, અરે, એની જરા સરખી ઝાંખી ય ન થઈ ! એ શાંતિ ક્યાં હશે એની કવિને ખબર પડતી નથી.

શાંતિને શોધનાર માણસની દશા આવી જ છે. પર્વતનાં શિખરો કે ખીણોમાં શાંતિ મળતી નથી, એનો અર્થ એ થયો કે મોટા ઋષિમુનિઓ ત્યાં શાંતિની શોધમાં જાય છે અને મનની શાંતિ માટે તપ કરે છે ; છતાં સાચી શાંતિ એમને ય પ્રાપ્ત થતી હશે કે કેમ એ શંકાસ્પદ છે. જો તપ ને અંતે બધાંને શાંતિ મળતી હોય તો વિશ્વામિત્ર જેવા ઋષિ મેનકાના મોહમાં ફસાઈને સંસારી બનત? અને એ મોહમાંય શાંતિ મળી હોત તો પત્ની મેનકા અને પુત્રી શકુંતલાને ત્યાગીને વળી પાછા એ તપ કરવા જાત? પરશુરામ જેવા તપસ્વીએય ક્રોધને કારણે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રી કરી નાખી ! ક્રોધને કારણે કેટલી બધી અશાંતિ એમના મનને વારંવાર થઈ હશે! શાંતિ જેને પ્રાપ્ત થઈ હોય એને ક્રોધ ન જ થાય, એને મોહ પણ ન જ થાય.



શાંતિનો અર્થ છે ક્લેશ, કંકાસ, સંઘર્ષ કે યુદ્ધનો અભાવ. શાંતિ એટલે માત્ર શારીરિક જ નહિ, માનસિક વિકારનું પણ મટી જવું. શાંતિ એટલે ધીરજ, શાંતિ એટલે વિશ્વાસ કે ખામોશી, શાંતિ એટલે નિવૃત્તિ.

ક્લેશ કંકાસ રહિત જીવન ઉત્તમ ગણાય,પણ એવું જીવન સુલભ છે? લોકો વાતવાતમાં પોતાને માટે કે બીજાને માટે ક્લેસ કંકાસનાં બીજ વાવે છે. પરિણામે ક્યારેક તો ક્લેશનાં ઝાડ થાય છે અને એ પેઢીઓ સુધી ફળે છે! પછી કોઈને શાંતિ ક્યાંથી મળે? શારીરિક અને માનસિક વિકારનું મટી જવું એ કાંઈ સામાન્ય ઘટના છે? એ વિકારો મટે તો તો સાચી શાંતિ મળે. પણ એ મટે તો ને? કોઈ યોગી કે તપસ્વી જ કદાચ એ મેળવી શકે. અરે, કોઈ કટોકટીના પ્રસંગે ધીરજ રાખવી, ખામોશી રાખવી કે પ્રભુમાં વિશ્વાસ રાખવો એ પણ આપણા માટે ક્યાં સરળ છે? પછી, બધી પ્રવૃતિઓમાંથી નિવૃત્તિ લઈ લેવી, શારીરિક અને માનસિક રીતે બધામાંથી નિવૃત્ત થઈ જવું એ તો બહુ જ કપટ સાધ્ય અને સંયમસાધ્ય છે. આટલું થાય તો તો વિશ્રામ કે શાંતિ જરૂર મળે. કોઈ બુદ્ધ, કોઈ મહાવીર કે કોઈ પરમહંસનું જ એ કામ. ગીતામાં આત્મસંયમયોગમાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે :

प्रशांत मनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।

જે યોગી શાંત ચિત્તવાળો હોય તેને જ (ઈશ્વર દર્શનનું) ઉત્તમ સુખ મળે. આમ, ઈશ્વરદર્શન માટે ચિત્તની શાંતિ અનિવાર્ય છે.

સ્વામી શિવાનંદ કહે છે : 'મોટા મહાલયો, જ્ઞાન ભંડાર, સુંદર અપ્સરાઓ, પુત્ર પરિવાર કીર્તિ કે આખા વિશ્વનું રાજ્ય પણ તમને શાશ્વત શાંતિ બક્ષી શકશે નહિ !'

તો સાચી શાંતિ માટે શું કરવું જોઈએ? આપણે એ માટે આપણા અંતરમાં જોવું જોઈએ. તો જે શાંતિ મળશે તે અદ્‌ભુત હશે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર – આ બધા માનસિક વિકારોમાંથી એક પણ વિકાર હોય તો માણસને સાચી શાંતિ મળી શકે નહિ. માટે આ બધા વિકારોને જીતવા પ્રયત્ન કરવો ઘટે.

કવિ ધીરો કહે છે : ''દિલ શુદ્ધે દિદાર દેખ'' શુદ્ધ દિલ દ્વારા જ ભગવાનનાં દર્શન થઈ શકે.

માટે શાંત બની હૃદયની ગુંફામાં પ્રવેશીએ. અંતર્મુખ બની આત્માને ઓળખીએ. ઈશ્વરમાં શ્રદ્ધા રાખી એની કૃપાનો અનુભવ કરીએ. શાંતિ એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. એનું બળ અદ્‌ભુત છે. એ શાશ્વત સુખ અને આનંદ આપે છે.

સ્વામી શિવાનંદજી કહે છે તેમ સાચી શાંતિ પ્રાર્થના, જપ, કિર્તન, ધ્યાન અને ઉચ્ચ વિચારો તથા વિવેકબુદ્ધિ દ્વારા પ્રાપ્ત થાય છે. આપણે એ શાંતિ પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહી વિશ્વશાંતિ પ્રતિ લક્ષ રાખીએ.ૐ શાંતિ શાંતિ શાંતિઃ!

## ૫૨ : રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો!

કુદરતનો ક્રમ નિયમબદ્ધ હોય છે. સિવાય કે કાંઇ અસામાન્ય બને, કુદરત એના કાર્યોમાં અનિયમિત નથી બનતી. દા.ત. પાનખર ઋતુનો ધર્મ છે જૂનાં પાંદડાં ખેરવી નાખવાનો, પોષ મહા માસના વાતાવરણમાં વૃક્ષોનાં જૂનાં પર્ણો એક પછી એક ખરી જાય છે. જાણે સંસારીને વૈરાગ જાગ્યો ! ઝાડ નીચે પીળાં સૂકાં પાંદડાંનો ઢગલો ખડકાય છે. એની ઉપર ચાલો તો ચ..ર...ર...ચ...ર...ર... અવાજ કરે– સ્થાનભ્રષ્ટ થયાની દુઃખદ ચીસો જાણે! વેરાન લાગતાં વૃક્ષો પર પંખીઓના કલરવ પણ ક્યાંથી હોય? દુઃખમાં તો પોતાનો પડછાયો ય સાથ નથી આપતો ! અંધારામાં આપણો છાંયો ક્યાં દેખાય છે? એ તો સુખના સંકેત જેવા પ્રકાશમાં જ પ્રગટે છે! એટલે વેરાન વૃક્ષો પર પંખીના ટહુકાર ક્યાંથી સંભળાય? એમ લાગે કે જાણે ભગવાન પણ દુનિયાને ભૂલી ગયો ! આશા ઓસરતી લાગે.

પણ એમ થોડું જ થાય? ઈશ્વરને ત્યાં તો બધું તંત્ર વ્યવસ્થિત ગોઠવેલું જ છે. સમયે સમયે જે થવું જોઈએ તે થાય જ છે, સિવાય કે માણસ કુદરતી વાતાવરણને પ્રદૂષિત કરી એની ગોઠવણીમાં ગાબડાં પાડે. માણસને આવી કુટેવ છે જ!

માટે જ તો મહા સુદ પાંચમના રોજ 'વસંત પંચમીનો' ત્યૌહાર મનાવીએ છીએ. માણસ માટે એ આશા, ઉત્સાહ અને નવજીવનનો સંદેશ લાવે છે.

વસંત ઋતુ એની શાહી સવારી સાથે આવે છે ને પેલાં બુઢ્ઢાં નિર્જન વૃક્ષોની ટોચો પર નવ પર્ણોના અંકુર ફૂટે છે. જોતજોતામાં તો નિર્વસ્ત્ર લાગતાં

વૃક્ષો નવાં, નાજુક, સુંદર પર્ણોથી નવપલ્લવિત થઈ શોભી ઊઠે છે. પાનખરમાં ફક્ત પાંદડાં ખરી ગયાં હતાં, વૃક્ષો નહોતાં પડીગયાં, એટલે એ ફરી નવજીવન પામી શક્યાં. 'દુઃખને ખમી ખાનાર માણસ ફરી જરૂર સુખ પામે છે' એમ આ વૃક્ષો આપણને કહે છે. ફરી શણગાર સજી ઝાડ શોભી ઊઠે છે. બાગના છોડ પણ રંગબેરંગી પુષ્પોથી ઝૂમી રહે છે. ચારે તરફ સુગંધનો સાગર લહેરાય છે, ભમરા ગુંજારવ કરે છે ને વિવિધ રંગી પતંગિયાં ફૂલોની આસપાસ ઊડી, એના પર બેસી પ્રેમથી રસ ચૂસે છે, છતાં ય પતંગિયું ફૂલને નુકશાન નથી કરતું. જાણે માતાને ધાવતું નિર્દોષ બાળક ! વસંતના આગમનનાં આ એંધાણ જોઈને જ તો વેરાન વગડામાં હતાશ થઈ બેઠેલી પેલી અંગ્રેજ બાળા ઉત્સાહથી ગાઈ ઉઠી : God is in His Heaven and all is right with the World. ભગવાન એના વિશ્વને ભૂલી થોડો જ જાય? ફરજને ભૂલવાની ટેવ તો માણસને હોય છે.

અને પેલાં આમ્રવૃક્ષો તો જુઓ : માત્ર નવાં પાંદડાં જ નહિ, માદક સુગંધભર્યા મોરથી પણ એ લચી પડ્યો છે! ને પેલી કોયલ? બારે માસ મૌન સેવી વસંતની આતુરતાથી રાહ જોતી કોઈ તપસ્વિની જેવી કોયલ વસંત આવતાં જ જાણે કોઈ ગૂફામાંથી પ્રગટીને 'કુ...ઉ, કુ...ઉ' ના કર્ણપ્રિય ટહુકાઓથી નિર્જન સીમને જાગતી ને ગાજતી કરી દે છે ! કવિ દલપતરામ પણ ગાઈ ઉઠેલા :

> જો કોકિલા ગાન રૂડુ કરે છે,
> વસંતના શું જશ ઉચ્ચરે છે !

આંબાની ડાળે ઝૂલતી કેરીઓ ને એના ઝૂંડમાં ક્યાંક લપાઈને બેઠેલી કોયલના મધુર ટહુકા તો જેણે માણ્યા હોય એને જ એની દિવ્યતાનો અને એની અદ્વિતીયતાનો ખ્યાલ આવે! વળી, ખાખર જેવું જરઠ અને અણઘડ લાગતું વૃક્ષ પણ વસંતના સ્પર્શથી ભડકીલાં ફૂલો વડે લચી પડી 'કામણગારો કેસૂડો' બની જાય છે! એની શોભા ય દર્શનીય હોય છે. વેરાન વગડાને એ



શોભાયમાન સીમમાં ફેરવી નાખે છે એ વસંતનો જ મહિમા ! 'વસંત દેખાવ દિલને રિઝાવે...'

અને ત્યારે કવિઓના મનની મોસમનું તો પૂછવું જ શું? એને હૈયે વસંતનાં ગીતો આપોઆપ સ્ફુરે છે ને એ ગાય છે :

> ''આજ નવોઢા ઘુંઘટ ખોલે, કે હૈયાં હરખે ઝૂલે,
> આજ ઋતુઓની રાણી બોલે, કે ફૂલડાં બાગે ખીલે.''

તો વળી બીજો વસંતઘેલો કવિ કહે છે :

> ફૂલ ખીલ્યાં એ રાધા ગોરી, ઉડતા ભમરા કૃષ્ણ મોરારિ;
> મધુર ગૂંજન પ્રેમ છલોછલ, અદ્ભુત શોભા ચિત્ત હરે!
> કોઈ એને 'ઋતુરાજ' કહે તો કોઈ એને 'ઋતુઓની રાણી' કહ!
> મંદિરોમાં વસંતના ફૂલડોલોત્સવ થાય ને અન્નકુટ ભરાય.
> સુસ્વાગતમ વસંત Well come. બધા ભાષાભેદ પણ
> ભૂલાઈ જાય તારા આગમનથી !

વસંત એટલે પ્રિયજનોને મળવાની મોસમ, વસંત એટલે નવજીવનનો શ્વાસોચ્છવાસ! ભગવાનના અસ્તિત્વની ધજા ફરકાવી, એની કૃપામાં વિશ્વાસ રાખવાનો સંદેશ વસંત આપે છેક. કવિ તો આશાવાદી સૂરમાં એમ પણ – કહે છે : 'પાનખરમાં હું વસંત ભાળું.'

વસંત આપણા ભાવિ જીવનમાં છૂપાયેલી ભરપુર સમૃદ્ધિનો અણસાર આપે છે. 'સુખ દુઃખ કદી ટકતાં નથી' એ કવિકથનનું ઉત્તમ ઉદાહરણ એટલે પાનખર પછી વસંતનું પ્રાગટ્ય.

ફૂલ અને આંબાના મોરની માદક સુગંધ લઈ વહેતા પવનનો મ...ર મ...ર ધ્વનિ અણદીઠી કોયલના મધુર કલશોરથી જીવંત બનતી વનશ્રીની વિશાળતા. અને મદહોશ વાતાવરણમાં કોડભરી કન્યાને વરવા માટે જતા વહુઘેલા વરરાજાના વરઘોડાના બેન્ડના સૂર : 'બહારો ફૂલ બરસાવો મેરા

મહેબુબ આયા હે,...મેરા મહેબુબ આયા હે’થી સમગ્ર વાતાવરણને પ્રેમના માહોલ સમું અદ્‌ભુત બનાવી દે એ વસંતની જ બલિહારી! વસંતના પ્રભાવથી પાંડુરાજા એવો તો અભિભૂત થઈ ગયો કે પત્નીનો સહવાસ કરતાં જ પોતે મૃત્યુ પામશે એ શ્રાપનો પણ એણે જાણીને અનાદર કર્યો! મૃત્યુના ડરને પણ રાજાએ અવગણ્યો એ ‘વસંતનો વિજય!’ વસંતના અવતરણનું આવું અદ્‌ભુત મહાત્મ્ય છે.

રંગબેરંગી પતંગિયાં, કોયલના મીઠા ટહુકા અને ફુલોની વિવિધરંગી શોભા ને મદમસ્ત સુગંધ ધરતી પર ‘વસંતોત્સવ’ રચી દે છે ને કૃષ્ણની વાંસળીના મધુર સૂરમાં ઝૂમતાં પ્રેમઘેલાં ગોપ ગોપીઓની યાદ આપી હૈયાં રસભીનાં કરી દે છે ત્યારે કવિ ગાઈ ઊઠે છે :

‘આ નભ ઝૂક્યું તે કાનજી
ને પોયણી ખીલી તે રાધા રે !’

ખરેખર વસંત એટલે જ પ્રેમનો પારાવાર!

એ પ્રેમના પારાવારમાં નહતાં અને વાસંતી ફૂલોની સુવાસને શ્વસતાં જરા સાંભળો પેલી ગ્રામ્ય ગોરીનું હૈયું હલાવતું ગીત :

વસંત આવી ને મારાં હૈયાં હરખે,
અંગે અંગે’લી મારો પિયુ મરકે !

## ૫૩ : ગરબો એટલે ગુજરાતની અસ્મિતા

ગરબો એટલે ગુજરાતનું ગૌરવ, ગરબો એટલે ગુજરાતની આગવી ઓળખાણ, ગરબો એટલે ગુજરાતની અસ્મિતા !

ગરબાની આ ગરવી વાતો આજકાલનાં જુવાનિયાઓને આડંબરભરી અને આપ વડાઈ જેવી લાગે. એમાં એમનો બહુ વાંક પણ નથી. કારણ અસલ ગરબો કદાચ એમણે જોયો જ નથી!

જરા કલ્પના કરો : ગામના ફળિયામાં કે શહેરની શેરીમાં દસ, પંદર કે વીસ ગુજરાતણો આસો માસની સોહામણી રાત્રે નવાં વસ્ત્રોમાં સજી ધજી પોતાના ફળિયામાં ગરબા ગાવા ભેગી મળી છે.

વચ્ચે એક કોરાયેલા સુશોભિત ઘડામાં દીવો બળે છે. એનું આછું અજવાળું આસપાસ આછો ઉજાસ પાથરે છે. એ ટમટમે છે...એની જ્યોત હાલે ડોલે છે ને બહાર પ્રકાશ-અંધકારની રમત રમાય છે.

ત્યારે એની આસપાસ ગોળાકારમાં સજેલી ધજેલી ગરવી ગુજરાતણો ગરબે ઘૂમવા માંડે છે. ત્યાં વાજિંત્રોના ઘોંઘાટ નથી, લાઉડ સ્પીકરની ચીસાચીસ નથી, પુરુષોની ભરમારથી ઉભરાતું સ્ટેજ નથી. અરે, આસપાસ ઉભરાતું માનવ કીડિયારુંય ત્યાં નથી! ત્યાં છે આજુબાજુ બેઠેલાં પચ્ચીસ...પચ્ચાસ...સો સ્ત્રી પુરૂષો ને બાળકો, જેમને ગરબો જોવાની ને માણવાની સાચી ઈચ્છા છે. એવાં ઉત્સુક નરનારીઓનું એક પ્રેક્ષકવૃંદ ત્યાં આતુર નયને બેઠું છે.

અને ત્યારે ગરબે ફરતી પેલી વિનમ્ર નારીના કંઠથી એક મધુર ટહુકો સર્યો : 'મા પાવા તે ગઢથી ઉતર્યાં મા કાળી રે...વસાવ્યું ચાંપાનેર પાવા વાળી રે...' ને લોકોનાં કાન સરવા થયા, ગરબે ફરતી ગુજરાતણોએ એ ગરબો ઝીલ્યો ને મીઠું, મધુરું, શાંત, કર્ણપ્રિય ગુંજન સૌના કાન દ્વારા હૃદય સુધી પહોંચી એને પાવન કરી રહ્યું ! એ ગરબો પુરો થયો ત્યાં તો સૌના આહ્‌લાદ વચ્ચે બીજો સૂર રેલાયો : ''બિરદારી બહુચર માત જોવાને જઈએ...'' ફરી સૌએ એને ભક્તિભાવથી ઝીલ્યો...એ પુરો થતાં વળી ત્રીજી ગુજરાતણ ટહુકી : ''ઘર ઘર દીવડા પ્રગટાવો માના નોરતાં આવ્યાં...!'' જોનારા જોઈ જ રહ્યાં ! ગાનારા ગાતાં રહ્યા ને સાંભળનારા એક ધ્યાન થઈ સાંભળી જ રહ્યાં! ક્યાંય શોર બકોર નહિં, કશી જ ધક્કામુક્કી નહિં. બધાંનાં દિલમાં માં પ્રત્યેનો ભક્તિભાવ, સૌના મનમાં ગરબા ગાતી મા બેનો પ્રત્યે આદરભાવ. ત્યાં વળી મીઠી હલકથી એક નવો જ ગરબો શરૂ થયો : ''આસો માસો શરદ પૂનમની રાત જો, ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં...!'' અને સૌ એક ધ્યાન! શરદ પૂનમની તો હજી થોડા દિવસની વાર છે. પણ લોકોનાં હૈયામાં તો સાચે જ શરદ સોહામણીનો અમૃત વરસાવતો ચાંદો ઉગ્યો જ! અને પછી તો એક પછી એક ગરબાની રમઝટ બોલી રહી : ''મા આરાસુરી ગરબે રમતા'તાં...'' પછી ''અલબેલી અંબા મા...'' કે ''આરા તે સુરથી નીકળ્યાં મા અંબાજી'' ને એવા કેટલાય ભક્તિભાવભર્યા ગરબાની રમઝટ પણ જામી ગઈ...ને અંતે ''જયો જયો મા જગદંબે''ની આરતી સાથે પૂર્ણાહૂતિ થતાં પ્રસાદ વહેંચાયો ત્યારે રાતનો એક વાગ્યો હતો. પણ બધું જ શાંતિથી, બધું જ પ્રેમથી, બધું જ મર્યાદાથી ને બધું જ ભક્તિભાવથી સભર! ક્યાંય આછકલાઈ નહિ, એવિવેક નહિં, કે કોઈની મર્યાદાનો લોપ નહિં. માટે જ કહેવાતું કે ''ગરબો એટલે ગુજરાતની અસ્મિતા...ગરબો એટલે ગુજરાતનો આગવો અમર વારસો...!''



પણ આજે? ગરબા ગાવા અને ગરબા જોવા હજારોની સંખ્યામાં ટોળાં ઉમટે છે, મોંઘા ડ્રેસ પહેરી ગોપ ગોપીઓના પહેરવેશમાં હાથમાં દાંડિયા લઈ ફાવે ત્યાં, ફાવે તેમ બધાં ફરે છે...સ્ટેજ પરથી લાઈટના ડેકોરેશન વચ્ચે પાંચ સાત જુવાનિયા ને પાંચ સાત યુવતીઓ માઈક પરથી વારાફરતી ઘોંઘાટ કરતાં મનઘડંત ગરબા સિનેમાની સ્ટાઈલથી ગાય છે, વાજિંત્રોના બેસુરા અવાજો વચ્ચે જેને જેમ ફાવે તેમ ફરવાની ને કરવાની છૂટ એટલે આધુનિક ગરબો. એમાં લાખો રૂપિયાનો ખર્ચ, લાખોની કમાણી ને લાખોની બરબાદી થાય છે. ગરબાની આડશે યુવક યુવતીઓ રાતભર ફાવે ત્યાં સ્વછંદે ભટકે છે. એક તારણ એવું નીકળ્યું છે કે, નવરાત્રી પછીના નવમા મહિને મેટર્નિટી હોસ્પિટલો ભરપુર હોય છે અથવા એબોર્સનના કેસ નવરાત્રી પછીના ત્રણ-ચાર માસમાં બહુ જ હોય છે!

આવા અસંસ્કારી, ક્લિષ્ટ અને કામોત્તેજક વાતાવરણમાં ક્યાં છે આપણો પેલો ગુજરાતની અસ્મિતા સમો ગરબો? ક્યાં છે? તમે સાચા ગુજરાતી હો અને ગુજરાતનું ગૌરવ તમારે હૈયે હોય તો એ સાચા ગરબાને શોધી ફરી એની માનપૂર્વક, ભક્તિપૂર્વક સ્થાપના કરો. એમ કરશો તો ગુજરાત તમારું ગૌરવ કરશે અને અંબા માઁ તમારું કલ્યાણ કરશે. ગરબા શક્તિની ભક્તિ માટે છે, શક્તિના વેડફાડ માટે નહિ.

## ૫૪ : જીવન

નાનો અમથો જીવન શબ્દ અર્થથી ભર્યો ભર્યો છે. જીવન વિષે વિચારીએ તો એના અનેક સંદર્ભો નજર સમક્ષ આવે છે. વળી જીવન વિષે અનેક દ્રષ્ટીકોણથી વિચારી શકાય, છતાં જીવનનો પૂરો અર્થ તો પામી શકાતો નથી!

છતાં વ્યાવહારિક રીતે એમ કહી શકાય કે જીવન એટલે જીવવાની ક્રિયા અથવા જીવન એટલે આયુષ્ય. આ અર્થમાં જીવન વિષે વિચારતાં મૃત્યુની વિચારણા આપોઆપ કરવી પડે, કારણ દુન્યવી રીતે તો મૃત્યુ એટલે જીવનનો અંત. આ સૃષ્ટિ પર લાખો નાના મોટા જીવ છે એ દરેકને પોતાનું જીવન છે. કીડી મંકોડીથી માંડીને હાથી કે હીપોપોટેમસ જેવાં મહાકાય પ્રાણીઓને પણ જીવન હોય છે. આમાંથી કોઇ અલ્પાયુષી હોય તો કોઇ દીર્ઘાયુષી હોય. કોઇ થોડા કલાક કે થોડા દિવસ જીવે તો કોઇ ઘણાં વર્ષો જીવે. કોઇ પવનના એક ઝોકે ય ઉડીને નાશ પામે એવા જીવ હોય તો કોઇ મહાશક્તિશાળી મગરમચ્છ પણ હોય, જે ઝંઝાવાતમાં ય અડીખમ રહી શકે.

પણ આ બધામાં જેના જીવન વિષે વિચારી શકાય અને જેણે જીવન વિષે વિચાર્યું છે તેવું પ્રાણી છે મનુષ્ય. એટલે મનુષ્યને કેન્દ્રમાં રાખીને જ જીવન વિષે વિગતે વિચારી શકાય.

મનુષ્યનું જીવન એટલે મેઘધનુષી રંગોની અટપટી માયાજાળ! એટપટી છતાં એ ચિત્તાકર્ષક છે. ઘડીમાં દુઃખ, ઘડીમાં સુખ ક્યારેક આનંદ તો ક્યારેક શોક, કદી આશા તો કદી નિરાશા,આજે રાગ તો કાલે વૈરાગ. અરે, આવા તો કેટલાય કલ્પનાતીત અને વિરોધાભાસી ભાવ માણસ પોતાના દૈનિક જીવનમાં અનુભવે છે, 'સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપાય મેડચ્યુત.' હે કૃષ્ણ,



મારો રથ બંને સેનાઓની મધ્યમાં લઇ જઇ ઊભો રાખો કે જેથી યુદ્ધમાં કૌરવોનું પ્રિય ઇચ્છનારા જે અહીં આવેલાં છે તેમને હું જોઇ શકું એમ બહાદૂરીપૂર્વક શ્રીકૃષ્ણને કહેનાર અર્જુન જ્યારે શ્રી કૃષ્ણે ખરેખર બે સેના વચ્ચે રથ લઇ જઇ ઉભો રાખ્યો ત્યારે ભાઇભાંડુઓ, વડીલો અને ગુરુજનોને લડવા આવેલા જોઇ કરૂણાના અત્યંત આવેશમાં આવી ખેદ સાથે બોલ્યો : સિદન્તિ મમ ગાત્રાણિ, મુખં ચ પરિશુષ્યતિ (મારાં ગાત્ર શિથિલ થાય છે ને મુખ સુકાઇ જાય છે)! અરે, એણે તો એમ પણ કહ્યું : ગાંડીવં સ્રંસતે હસ્તાત્, ત્વકચૈવ પરિદહ્યતે. (મારા હાથમાંથી ગાંડીવ ધનુષ્ય સરી પડે છે અને ચામડીમાં દાહ થાય છે!) આવું કહીને એ રથ પર બેસી ગયો ! ગણતરીની પળોમાં જ એની બહાદૂરી, ગુસ્સો ને લડવાનો જુસ્સો બધું જ ગાયબ થઇ ગયું ! મેઘધનુષ્યના સપ્તરંગ ત્યારે સાવ ફિક્કા પડી ગયા! આવા વિરોધાભાસથી માણસનું જીવન ભરેલું છે. પણ જીવન એટલે શું? જીવન એટલે દેહ? જીવન એટલે આત્મા? કે બંને?

પછી શ્રી કૃષ્ણે અર્જુનને દેહ અને આત્માની ભિન્નતા સમજાવી આત્માની અમરતાનો ખ્યાલ આપતાં કહ્યું કે - અજો નિત્યઃ શાશ્વતોડ્યં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે. (આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન હોવાથી શરીર હણાયાથી એ હણાતો નથી).

બીજી રીતે વિચારીએ તો જીવન એ સતત સંઘર્ષમય પ્રક્રિયા છે, માટે એ અવિરત બદલાતું રહે છે. આ લેખકે ક્યારેક લખેલું : આ જીવન છે ઝંઝાવાત, કદી દિન અહીં, કદી છે રાત!

જીવન સરિતાના પલટાતા પ્રવાહો વિષે વિચારતાં ક્યારેક એની ક્ષણભંગુરતાનો ઉલ્લેખ કરતાં ય મેં લખ્યું હતું : 'પાણીનો પરપોટો જીવન, જનમ મરણનો ગાળો જીવન!'

કેટલાકને મતે વર્તમાન જીવન સતત ચિંતાઓથી ભરેલું હોય છે. Tension શબ્દ આજકાલ બહુ સામાન્ય વપરાશનો શબ્દ થઇ ગયો છે, જે માનસિક ભાર નીચે જીવતા માણસની મુશ્કેલીઓને વાચા આપે છે, What is this life if full of care? We have no time to stand and stare ! એમ કહેતા કવિએ પદ, પૈસો કે બીજા કશાની પ્રાપ્તિ માટે સતત દોડધામ કરતા અને પ્રકૃતિની ગોદથી દૂર ભાગેલા માનવીની ઘેલછા જોઇ દુઃખ વ્યક્ત કર્યું છે.

જો કે ક્ષુદ્ર જીવ જંતુઓ કે પ્રાણીઓ કરતાં મનુષ્યનું જીવન અનેક રીતે વિશિષ્ટ છે. બીજા જીવો પાસે જીવનનો કોઇ આદર્શ નથી, કશું ધ્યેય નથી. જીવતાં હોય ત્યાં સુધી ઉંઘ, આહાર અને મૈથુન જેવી ક્રિયાઓ કરવી અને અંતે મરણને શરણ થવું એમાં જ એમના જીવનની ઇતિશ્રી છે. જ્યારે માનવ જીવન અનેક શક્યતાઓથી ભરપુર છે.

માણસ વામનમાંથી વિરાટ બની શકે છે. શૂન્યમાંથી એ સૃષ્ટિ સર્જી શકે છે. મોહનદાસ નામનો એક સામાન્ય શરમાળ વિદ્યાર્થી મહાત્મા ગાંધી બની શક્યો ને ગુલામ ભારતને અંગ્રેજોની નાગચૂડમાંથી છોડાવી ભારતના રાષ્ટ્રપિતાનું એ બિરુદ પામ્યો એ હકીકત માનવ જીવનની સાર્થકતા સિદ્ધ કરે છે. મહાન પુરુષોના આદર્શ પણ સામાન્ય હોતા નથી. જલી જાતી છો ને જીવન ધૂપસળી મહેંકતી મહેંકતી આ એમ ગાતા કવિએ સેવાનો અને સમર્પણનો કેવો મહામૂલો મંત્ર આપ્યો છે!

જીવન એટલે ગતિશીલતા, જીવન એટલે પ્રગતિ. જીવનનાં આ વિલક્ષણ લક્ષણોએ જ દુનિયાને શેકસપિયર જેવો મોટો નાટ્યકાર, અબ્રાહામ લિંકન જેવા માનવતાવાદી પ્રેસિડેન્ટ કે ટોલસ્ટોય જેવા મહાન ચિંતક આપ્યા છે. It is for us to set a great example and not to



follow a wicked one નો લિંકન – કથ્યો બોધ આપણને માનવ જીવનને ઉંચા પદ પર પહોંચાડવાનો સંદેશ આપે છે. Word impossibel is not found in my dictionary કહેનાર નેપોલિયન આપણને દ્રઢ નિશ્ચયથી આદર્શ તરફ આગળ વધવા પ્રબોધે છે.' શિવાજીને નિંદરું નાવે, માતા જીજાબાઇ ઝુલાવે, જેવાં વીર રસનાં હાલરડાં આપણને જીવન ઘડતરમાં માતાનું મહત્ત્વ સમજાવે છે, ને The hand that Rocks the cradle, rules the world ના કથનને સાર્થક કરે છે. 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા,' એમ કહેતા સુભાષચંદ્ર બોઝ કે 'ભારત માતાકી જય' ના નારા સાથે હસતા હસતા ફાંસીએ ચઢી જનાર ભગતસિંહ આપણને માતૃભૂમિની આઝાદી માટે શહીદી વહોરવાની પ્રેરણા આપી માનવ હૃદયમાં સ્વાતંત્ર્યની જ્યોત જલાવી એ માટે 'યા હોમ' કરવાની હાકલ કરે છે. માનવ જીવનનાં આ ઉજળાં પાસાં છે. ત્રાસવાદ, ભ્રષ્ટાચાર કે વિષય-વાસનામાં ડૂબેલાં માનવ-યંત્રોને લૂટેરુંમાંથી ઋષિ બનેલા વાલ્મિકી કે વિષયાક્ત માનવીમાંથી મહાન રામભક્ત બનેલા તુલસીદાસ પ્રેરણા નહિ આપતા હોય? આવું જોઇને જ કવિએ કહેવું પડ્યું હશે : 'હું માનવી માનવ થાઉં તો યે ઘણું છે.'

આપણે દેશપ્રેમથી 'જય ગુજરાત' કે 'જય ભારત' ના નારા ગજવીએ છીએ. પણ એથીય આગળ વધી વિનોબાજીએ 'જય જગત' નું સૂત્ર આપી માનવ જીવનમાં ઐક્યનું મહત્ત્વ સમજાવ્યું છે. માટે જ કવિ કહે છે : વસુધૈવ કુટુંબકમ્. જીવનનું ધ્યેય સતત ઉપર જવાનું હોવું જોઇએ. High, Higher and still Higher. આ ઊર્ધ્વગતિ એ જ સાચું જીવન. પ્રગતિશીલ માનવી માટે તો Sky is the limit. માટે જ કવિ ઉમાશંકર કહે છે : 'વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી, માથે ધરું ધૂળ વસુંધરાની.'

વ્યક્તિમાંથી વિશ્વમાનવી બનવાના આદર્શમાં જ જીવનની સાચી મહત્તા સચવાઈ છે. માણસ કેટલું જીવ્યો એ મહત્ત્વનું નથી, એ કેવું જીવ્યો એ મહત્ત્વનું છે. માટે જ તો કવિ કહે છે : 'લાંબે ટૂંકે જિંદગી ના મપાય.' સ્વામી વિવેકાનંદ જેવું ટૂંકું જીવન પણ મહાનતાના શિખર પર પહોંચી જીવનના સાફલ્યને પ્રત્યક્ષ કરે છે!

વેદ પણ પ્રેરક વાણીમાં સંદેશ આપે છે : 'જાગો, ઊઠો. વિરમો નહિ, સાધ્યો ન આશય જ્યાં સુધી!' આપણો આશય તો આપણા ઉચ્ચ આદર્શને પામવાનો. એ માટે સદાય મથતા રહેવામાં જ જીવનનો સાચો આનંદ છે અને એની જ સાચી મહત્તા છે.'

## ૫૫ : સત્યનો મહિમા

**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।**

सत्यं परं धीमहि
यो ध्रुवाणि परित्यज्य, अध्रुवं परिसेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुवम् नष्टमेव च ॥

યુદ્ધભૂમિમાં ઉભેલા અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે 'જે ધ્રુવને છોડી અધ્રુવને પકડે છે, તેનું ધ્રુવ નાશ પામે છે, અધ્રુવ તો નાશ પામેલું જ હોય છે.'

જીવનમાં સફળતા માટે માણસે ધ્રુવ એટલે નિશ્ચિતને જ પકડી રાખવું જોઈએ. પછી એ ધ્રુવ વિચાર હોય કે વ્યક્તિ હોય. Rolling stone gathers no moss એ ન્યાયે અનિશ્ચિતતાવાળા અને વારંવાર મન, મત કે માન્યતા ફેરવનાર કશું જ પ્રાપ્ત કરી શકતાં નથી.

મારા મતે તો ધ્રુવ એટલે જ સત્ય. સત્ય સિવાય કશું જ નિશ્ચિત નથી. અને સત્ય કદી અનિશ્ચિત હોતું નથી. સત્યને સ્વીકારનાર કદી નિરાશ થતો નથી. પરંતુ સત્યનો સ્વીકાર સરળ પણ નથી જ. અસત્યનાં પરિબળો એટલી પ્રબળતા દાખવે છે કે સત્યનો પરાજય થતો પણ લાગે છે! પરંતુ સત્ય કદી હારતું નથી. રામ-રાવણના યુદ્ધમાં વિજય તો રામનો જ થયો. પણ સત્ય પર એટલી શ્રદ્ધા હોવી જોઈએ. અંધશ્રદ્ધા અને અશ્રદ્ધા બંને આત્મનાશક છે.

સત્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરતા યુધિષ્ઠિરનો રથ અધ્ધર ચાલતો હતો. કટોકટીની પળે નરો વા કુંજરો વા કહ્યું ત્યારે ય એ અસત્ય તો નહોતા જ બોલ્યા. પણ ત્યારે મનમાં થોડું કપટ તો જરૂર હતું. માટે જ એમનો રથ

ધરતી પર ચાલતો થઇ ગયો! સત્યમાં કપટને સ્થાન નથી. સત્યમાં બાંધછોડને અવકાશ નથી. સત્ય એટલે જે અને જેવું હોય તે જ. એમાં Concession (રાહત) ન મળે.

હોંશિયાર વ્યક્તિ સત્યવાદી ન હોય તો ચાલ? નથી જ હોતી! વળી સત્યવાદી હોંશિયાર ન હોય તેથી શું? જુગટામાં તો પુષ્કર જીત્યો હતો, નળ હાર્યો હતો; કૌરવ જીત્યા હતા, પાંડવ હાર્યાં હતા. પણ જીવનમાં કોણ જીત્યું? નળ જીત્યો, પુષ્કર નહિ; પાંડવ જીત્યા કૌરવ નહિ! માટે જ **सत्यं परं धीमही।**

## ૫૬ : જ્યાં ધર્મ ત્યાં જય

**यतः धर्म ततः जय ।**

यतः सत्यम् ततः धर्मः, यतः धर्मः ततः धनम् ।
यतः रुपम् ततः शीलम्, यतः धर्म ततः जयः ॥

જ્યાં સત્ય હોય છે ત્યાં ધર્મ હોય છે અથવા બીજી રીતે એમ કહી શકાય કે સત્ય એ જ ધર્મ. ગાંધીજીએ તો એમ કહ્યું છે કે સત્ય એ જ પરમેશ્વર. સત્યથી જુદો કોઇ ઈશ્વર હોઇ શકે નહિ, તેમ સત્યથી જુદો કોઇ ધર્મ પણ હોઇ શકે નહિ. અસત્ય અને ધર્મનો મેળ કઇ રીતે બેસી શકે ? અંધકાર અને ઉજાસ સાથે શી રીતે હોઇ શકે? અસત્ય અથવા ખોટું કાર્ય કરીએ તો ધાર્મિક કઇ રીતે બની શકીએ?

જ્યાં ધર્મ છે ત્યાં ધન છે. જો કે ધન અને વૈભવની પ્રતિષ્ઠા કરતાં આ સમયમાં ધર્મ હોય ત્યાં ધન નથી પણ હોતું, ઘણું કરીને નથી જ હોતું! અધર્મીઓ અમન-ચમન કરે છે અને ધર્મીને ઘેર ધાડ પાડે છે એમ ઘણી વાર દેખાય છે! પણ આથી સાચો ધાર્મિક માણસ ધર્મ છોડી ધનની પાછળ પડે ખરો? અરે, એને મન તો ધર્મ એ જ ધન છે. નરસિંહ મહેતા પાસે કઇ મૂડી હતી? છતાં સમસ્ત નાગરી નાતને શરમાવે એવું દીકરી કુંવરબાઇનું મોસાળું એ કરી શક્યા ને? જો ધર્મના નામે બાહ્યાડંબર ચલાવ્યા વિના ભક્ત ભગવાનનો જ બનીને રહે તો ભગવાન ભક્તને ક્યારે છેહ દે છે? બાકી, અધર્મનું ધન તો વહેલી પરોઢના ઝાકળ જેવું છે. સત્યનો સૂર્યોદય થતાં જ એ ઊડી જાય છે!

ચારિત્ર્ય એ જ સૌન્દર્યની નિશાની છે. સમાજ સાચી રીતે જેને સન્માને છે તે સૌન્દર્ય તો દિલનું, દેહનું નહિ. મન સુંદર હોય તો તન આપોઆપ સુંદરતા ધરે છે. દિલ સાથે દેહનો સીધો સંબંધ છે.

સંસારમાં સર્વ પ્રયત્નોની પાછળ આકાંક્ષા તો વિજયની, સફળતાની જ હોય છે. અને જ્યાં ધર્મ હોય ત્યાં જય હંમેશાં હોય જ. ધર્મ નિભાવે, કર્તવ્ય બજાવે તે વિજયને વરે જ. ધર્મનો જય અને પાપનો ક્ષય એ તો વિધિ નિર્માણ છે. ઉત્તમ ચારિત્ર્ય અને સત્ ધર્મને નિભાવી આપણે સૌ વિજયને વરીએ!

## ૫૭ : પ્રભુને અર્પણ

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं गतः ।
त्वमेव सर्वपापेभ्यो मोक्षयस्य हि मां प्रभो ॥

છોડીને સઘળા ધર્મો, તારું શરણું ધર્યું,
તું જ સકળ પાપોથી છોડાવ મુજને, પ્રભુ!

'સર્વ ધર્મોને છોડીને મારા જ શરણે આવ' એમ ભગવાને અર્જુનને કહ્યું તેમાં સહેજ ફેરફાર કરી ઉપરની પ્રાર્થના કિશોરલાલ મશરૂવાળાએ લખી છે.

ગીતામાં શ્રીકૃષ્ણે જે સલાહ અર્જુનને આપી તે સલાહનો અહીં ભક્ત અમલ કરે છે. બધી સરિતાઓ છેવટે તો સાગરમાંજ સમાય છે તેમ બધા ધર્મો અંતે તો પરમકૃપાળુ પરમાત્મામાંજ સમાઈ જાય છે. સૂર્ય પ્રગટ થાય છે ત્યારે દીવાની જરૂર રહેતી નથી. તેમ પ્રભુનું પ્રાગટ્ય હૃદયમાં થાય તો ધર્મના વાઘાની જરૂર રહેતી નથી. પ્રભુ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે. એનું દર્શનમાત્ર હૃદયને પવિત્ર કરે, તો એનું શરણું મળે ત્યારે તો પૂછવું જ શું? એ શરણું નરસિંહને મળ્યું અને દિવ્ય રાસનાં એને દર્શન થયાં; એ શરણું મીરાંને મળ્યું અને હળાહળ ઝેર એને પચી ગયાં! ઉકળતા તેલની કઢાઈમાં પણ શીતળ બરફ વચ્ચે સૂતો હોય તેમ સુધન્વા મહાસુખ માણી શક્યો એ આ કરુણાનિધિના શરણનો પ્રતાપને? તત્ત્વજ્ઞાનનાં થોથાં નરસિંહ,-મીરાં કે સુધન્વાએ કઈ કોલેજમાં ઉકેલેલાં? એમની તો પ્રેમલક્ષણા ભક્તિ હતી. ભગવાન પર સાચા દિલનો સ્નેહ અને એનામાં સંપૂર્ણ શ્રદ્ધા એ જ માત્ર મૂડી હતી એમની. સાચા દિલનો સ્નેહ હોય તેમાં શ્રદ્ધા આપોઆપ વસે છે.

અને શ્રદ્ધા હોય તો સંપૂર્ણ સ્વાર્પણ સ્વાભાવિક રીતે જ આવે છે. ભગવાન ભક્ત પાસે આવું સ્વાર્પણ માગે છે. એ પછીની બધી જ જવાબદારી ભગવાન પોતાને માથે લઈ લે છે! ડગલે ડગલે નરસિંહની અને પગલે પગલે મીરાંની જવાબદારી એમણે પાર પાડી છે. ભગવાને ભક્તને કદી છેહ દીધો નથી.

અહિં ભક્ત પ્રાર્થના કરે છે કે 'પ્રભુ ! મને સર્વ પાપમાંથી તું છોડાવ.' ભગવાન શ્રીકૃષ્ણે એવી ખાત્રી આપતાં કહ્યું છે જ કે **अहं त्वाम् सर्व पापेभ्यो: मोक्षयिस्यामि ।**

કરુણાસાગર પ્રભુ આપણને સર્વ પાપોમાંથી છોડવશે જ એવી શ્રદ્ધા સાથે આવો આપણને આપણાં સર્વ કર્મો પ્રભુને અર્પણ કરીએ.

## ૫૮ : પ્રાર્થના

## હે પ્રભુ, સદ્‌બુદ્ધિ આપ

અસમ્ભવ હેમમૃગસ્ય જન્મ તથાપિ રામો લુલુભે મૃગાય.
પ્રાય : સમાપન્નવિપત્તિકાલે ધિયોઽપિ પુસાં મલિની ભવન્તિ.

સોનાના મૃગનો જન્મ જ અસંભવત હતો, તો પણ રામ જેવા મહાપુરુષ પણ કાંચનમૃગ માટે લોભાય. (માટે જ કહ્યું છે કે) સંકટ આવવાનું હોય ત્યારે ડાહ્યા માણસોની બુદ્ધિ પણ ભ્રષ્ટ થાય છે !

શ્રી રામ જેવા પૂર્ણ પુરુષોત્તમની મતિ પણ દુઃખ આવવાનું હોય ત્યારે નષ્ટ થાય છે તો પછી સામાન્ય સંસારીઓનું તો પૂછવું જ શું? સંસારમાં આપણને ડગલે ને પગલે કપટ ભરેલાં કાંચનમૃગો મળે છે. અને ત્યારે તો બુદ્ધિ સત્ય અસત્ય સમજી શકતી નથી. સારાસારનો વિચાર ત્યારે આપણે કરી શકતા નથી. ત્યારે તો આપણા મન પર લોભ સવાર થઈ જાય છે. અને **लोभः पापस्य कारणम्** કારણમાં લોભમાંથી તો અનેક પાપ જન્મે છે.

સત્તાના કાંચનમૃગ પાછળ દોડતાં દેશ અને દુનિયામાં કેવા અનાચાર આચરાય છે એ તો અજાણ્યું નથી. પણ અંતે આવા કાંચનમૃગને સાચું માનનાર પણ કેવી હીન દશાને પામે છે એય નજર સમક્ષ દેખાય એવાં દ્રષ્ટાંતોથી સમજાય છે. મત્તાંધો અંતે તો અધોગતિને જ પામે છે !

માટે જ આપણે ભગવાનને નમ્ર ભાવે પ્રાર્થના કરીએ :

'હે પ્રભુ, મને સદ્‌બુદ્ધિ આપજે. એ સદ્‌બુદ્ધિ એવી હોય જે મારી માનસિક કટોકટી વેળા મને મદદરૂપ થાય. અન્યત્ર ડાહ્યો હું કટોકટીના કામમાં ઘેલો, અસ્થિર કે અશાંત ન બનું એટલું જ હું તારી પાસે માગું છું પ્રભુ. આંધીમાં ધીરજ રાખનારો નાવિક જ નાવને સફળતાપૂર્વક કિનારે લઈ જઈ શકે.

## ૫૯ : નવરાત્રિનો ગરબા-ઉત્સવ

## એક કટાક્ષિકા

લો, હવે નવરાત્રિનો ઉત્સવ આવ્યો. હવે અમે જુવાનિયાઓ ઝાલ્યા નહિ રહીએ. દિવસ જેનો હો તેનો, પણ રાત તો હવે અમારા જ બાપની. હવે તો અમે ય એ...ય...તે મોડી રાત સુધી, અરે પરોઢ સુધી શહેરની ગલીઓ ગજાવીશું ને લોકોની ઊંઘ હરામ કરી દઈશું. અરે, ગલીઓમાં ટોળાબંધ રખડતાં રખડતાં બરાડા પાડશું ને અમારા શહેરને રાતે પણ જીવંત રાખશું. લાઉડ સ્પીકર, ડાન્સ, મ્યુઝીકલ પાર્ટી, ગરબા ને રાસ, વાહ, રોજ રાત્રે હવે તો દસ દિવસ મજા જ મજા અમારે ! ગુસ્સે ના થશો. જુવાનિયા છીએ અમે તો.

શું કહ્યું, તમે માંદા છો? અથવા વૃદ્ધ છો? માંડ માંડ રાતે બાર વાગે તમારી આંખ ઠરી હતી ત્યાં અમારા ઘોંઘાટે તમારી ઊંઘે હરામ કરી દીધી એમ કહો છો? તો નવરાત્રિમાં માંદા પડવાનું કોણે કહ્યું હતું તમને? અને અવસ્થાને કારણે ઊંઘ ઓછી થઈ ગઈ હોય તો તો કાકા, આ ફિલ્મની સ્ટાઈલમાં માના ગરબા સાંભળોને. સૂતાં સૂતાં વગર મહેનતે પુણ્ય મળશે ને કાયાનું કલ્યાણ થશે.

પેલો એક વિદ્યાર્થી કહેતો હતો કે ''પરીક્ષાનો સમય છે અને તમારા ગરબાના ઘોંઘાટથી વાંચવામાં ચિત્ત નથી ચોંટતું.'' અલા ભણશેરીભાઈ, તારે એટલું જ યાદ રાખવાનું કે 'ચિત્ત તું શીદને ચિંતા કરે, અંબામાને કરવું હોય તે કરે.' માતાજીનું ભજન સાંભળીશ એ કાંઈ નકામું તો નહિ જ જાય મારા વિદ્યાર્થી ભાઈ.





એક કારખાનાના કામદાર ભાઈ કહેતા હતા કે 'બીજી પાળી ભરીને ઘેર આવી માંડ રાત્રે એક વાગે સૂતો હતો ત્યાં જ તમારા ગરબાના ઘોંઘાટથી જાગી ગયો...દિવસે કામ ને રાત્રે ઉજાગરો, આ તો ઘડીનોય આરામ નથી મળતો.'

''એ કામદારભાઈએ સમજવું જોઈએ કે જાગતાનું નસીબ જાગે છે ને ઊંઘતાનું ઊંઘે છે, માટે જાગરણથી લાભ થશે. આનંદ કરો ને માના ગરબા ઘરમાં સૂતે સૂતે તદ્દન મફતમાં સાંભળો.''

અમારા ગરબા વિષે ઘણા લોકો ઘણી જાતની ફરિયાદો કરે છે. પણ એમને ખ્યાલ નથી કે આ નવ રાતોમાં અમારા ગાયક કલાકારો જેને તમે રાગડા તાણનારા કહો છો તેમનાં ખિસ્સાં તર થઈ જાય છે એમાંથી. વળી ચણિયા-ચોળી વેચનારા ને રાસના દાંડિયાના વેપારીઓ, ચા-પાણીની લારીવાળાઓ, ફરાસખાના, લાઉડ સ્પીકર કે રોશનીના કોન્ટ્રાક્ટરો કેટલું બધું કમાય છે અમારે કારણે, એનો તમને ખ્યાલ છે? એમની બેકારી શું અમે ઓછી નથી કરતા? અને માના પરમ ભક્ત કાર્યકરો, એટલે કે ગરબાના આયોજકો ને વ્યવસ્થાપકો પોતાની આવડત પ્રમાણે ગરબાના ફંડફાળામાંથી કેટલી આડપેદાશ કરી લે છે એ તમને જાહેરમાં થોડું જ કહેવાય? અને બીજો મોટો લાભ એ કે રાતભર સ્વચ્છંદે વિહરતાં યુવક-યુવતીઓની પ્રેમ પ્યાસ પેટ ભરીને બુઝાય છે, એ જાણો છો? એ માટે તો વળી પાછા અવલોકનકારોએ શોધી કાઢ્યું છે કે નવરાત્રિ પછીના ત્રણ-ચાર મહિનાઓમાં મોટા પ્રમાણમાં એબોર્શન્સના કેસો પ્રાઈવેટ હૉસ્પીટલોમાં જાય છે ને ઓપરેશનો થાય છે! લો કરો વાત. એમાં કોઈના બાપનું શું ગયું? ડૉક્ટરોને એટલી કમાણી થઈ! અમારી પ્રત્યેક ક્રિયામાં સમાજના જુદાજુદા વર્ગના લોકોને લાભ જ લાભ છે. માટે હે વડીલો, અમારા યુવાનોની વાત સાંભળો :

''યૌવનને હિલોળે ચઢેલાં યુવક યુવતીઓના ઉર સાગરમાં ઊમડતી પ્રેમ અને આનંદની આંધીને તમે જોઈ છે? યૌવનના આ ઉન્માદને નાથનારા તમે કોણ? અમે તો પૂરી દસરાતો ગરબે ઘૂમવાનાં ને રાતભર સ્વચ્છંદી વિહરવાનાં. ડાહ્યા હો તો ભારમાં રહેજો અને નહિ તો જે થાય તે કરી લેજો! અમારે કાંઈ અમારી યુવાની તમારી જેમ વેડફી નથી નાખવી, સમજ્યા ?''

## ૯૦ : ગુજરાત–સુખ દુ:ખના સરવાળા

સમગ્ર ગુજરાતને સાચો ‘વિસામો’ મળે એવા માર્ગ સૂચવતો આ લેખ સંદર્ભ લેખોના અભ્યાસને આધારે તૈયાર કર્યો છે. એમાં કશું રાજકારણ નથી.

આઝાદી બાદ આખા દેશમાં ભાષાવાર રાજ્ય રચના થઈ ત્યારે મુંબઈને કારણે ગુજરાત, મહારાષ્ટ્ર અને મુંબઈ સહિત દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના થઈ હતી. પણ મહાગુજરાતની રચના માટે ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાની નીચે ‘મહાગુજરાત જનતા પરિસદ’ની સ્થાપના થઈ અને પ્રચંડ લોક આંદોલનો થયાં, છેવટે પહેલી મે ૧૯૬૦ના રોજ દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને પૂ.રવિશંકર મહારાજના આશીર્વાદ સાથે ગુજરાતના સ્વતંત્ર રાજ્યની રચના થઈ. મુંબઈ સહિત મહારાષ્ટ્ર રાજ્યની રચનાને (૧૯૬૦થી૨૦૦૮) તેતાલીસ વર્ષનાં વહાણાં વાયાં.

આ સમય દરમ્યાન નર્મદામાંથી ઘણાં પાણી વ્યર્થ વહી ગયાં અને રાજકીય ઉથલપાથલો થઈ. આંદોલનો, તોફાનો, કુદરતી આફતો અને માનવસર્જિત મુસીબતોની ગુજરાતના વિકાસ પર અસર પડે એ સ્વાભાવિક છે. આ નાના લેખમાં ગુજરાતની પ્રગતિની શક્યતાઓ અને એમાં આવેલાં વિઘ્નો પર આછી નજર નાખી જવાનો જ હેતુ છે.

પહેલાં કહેવાતું કે India is a rich country inhabited by poor people ! (કુદરતી રીતે સમૃદ્ધ ભારત દેશમાં ગરીબ લોકો વસે છે!) જો કે



ગુલામોની દશા એવી જ હોય એમાં અંગ્રેજોનો ય શો દોષ? પણ આ આઝાદ ભારતમાં એમ કહીએ તો બહુ ખોટા ન કહેવાઈએ કે Gujarat is a rich state inhabited by poor people! આમ કેમ થયું છે, કેમ થાય છે?

અનુભવે જોયું છે કે આઝાદી પછીના વર્ષોમાં રાષ્ટ્રભાવનાને ને દેશભક્તિને લુણો લાગ્યો ને લોકો પણ પોતાના જ રાજ્યનો વિકાસ સાધવાની સંકુચિત વૃત્તિવાળા થઈ ગયા ! એટલે ‘મારે એની તલવાર જેવો ઘાટ થયો.’ દિલ્હીમાં જેનું વધારે ઉપજે તે પોતાના રાજ્ય માટે વધારે લાભ ખેંચી જાય! ગુજરાતે દેશ અને દુનિયાને યુગપુરુષ ગાંધીજી આપ્યા. એ પછી સરદાર પટેલ જેવા દીર્ઘદ્રષ્ટા નેતાએ છસો રજવાડાં એક કરી દેશને ‘અખંડ ભારત’ બનાવી ટૂકડાઓમાં વિભાજીત થઈ વિનાશને પંથે જતો બચાવ્યો. એવા ક્રાંતદૃષ્ટા નેતા ગુજરાતે આપ્યા. પોતાને મળતું વડાપ્રધાનનું પદ સરદારે ગાંધીજીની ઈચ્છાને કારણે ઉદાર દિલે પંડિત નેહરૂને ચરણે ધર્યું અને પોતે નાયબ વડાપ્રધાનપદ સ્વીકાર્યું. એવા શિસ્તબદ્ધ ગુજરાતે પછી પોતાની ઉદારતા, મુર્ખાઈ કે અજ્ઞાનતાને કારણે કાયમ અન્યાય સહન કર્યો. અને બીજા રાજ્યોની સરખામણીમાં એનો વિકાસ થવો જોઈએ તેટલો ન થયો. કમનસીબે સરદાર વહેલા જતા રહ્યા અને ઈતિહાસમાં અજોડ એવી રક્તરહીત ક્રાંતિના કરનાર સરદારના ગુજરાતે આઝાદી પછી ઘણો અન્યાય સહન કર્યો. વ્યવહારુ અભિગમ કે દીર્ઘ રાજકીય દ્રષ્ટિ વિનાના ત્યારના વડાપ્રધાને કાશ્મિરનો પ્રશ્ન પોતાની પાસે રાખ્યો. પરિણામસ્વરૂપ આજે પણ કાશ્મિરનો પ્રશ્ન દેશ માટે માથાનો દુ:ખાવો રહ્યો છે ને વિદેશો માટે દોઢડહાપણ કરી પારકા ચૂલે પોતાનો રોટલો શેકી લેવાનો મોકળો માર્ગ બની રહ્યો છે. કરોડો રૂપિયા ભારતે ખર્ચ્યા અને સેંકડો નિર્દોષ લોકોના જાન ગયા છતાં કાશ્મિર પ્રશ્ને પાકિસ્તાન સાથે ત્રીજા યુદ્ધની નોબત આવી જાય એવી કટોકટી વારંવાર સર્જાય છે. રાજપુરુષ સરદાર પટેલ પાસે એ પ્રશ્ન હોત તો

ક્યારનોય એ પતી ગયો હોત. પણ શાંતિના કબુતરો ઉડાવ્યા કરનાર ખુશામતપ્રિય નેતાએ દેશને માથે આ કાયમની લટકતી તલવાર રાખી છે જે આજે પણ ભારત માતાના દેહ પર સતત ઘસરકા કરે છે!

વિશ્વખ્યાત ગુજરાતી રાજપુરુષ સરદાર પટેલના ગુજરાતને પણ આઝાદી પછી ઘણા અન્યાય સહન કરવા પડ્યા છે. મોરારજીભાઈ જેવા ખમતીધર ગુજરાતી નેતા કેન્દ્રમાં હતા, પણ શિસ્તમાં માનનારા મોરારજીભાઈ સવિશેષ ગુજરાત માટે કાંઈ કરી શક્યા નહિ, કારણ કે મોરારજીભાઈ પ્રાદેશિક નેતા નહોતા, પણ સમગ્ર રાષ્ટ્રના હિતને લક્ષમાં રાખનાર રાષ્ટ્રિય નેતા હતા. કનૈયાલાલ મુનશી તો એ પહેલાં ક્યારના ય ગુજરાતી સાહિત્ય અને દેશના રાજકારણમાં પોતાનો રોલ ભજવી વિદાય થઈ ગયા હતા. એટલે પર પ્રાંતના ખંધા પ્રાદેશિક નેતાઓને કારણે ગુજરાતની અસ્મિતા ઝાંખી પડી. પછી ટૂંકી દ્રષ્ટિના ગુજરાતના નેતાઓ દિલ્હીની ‘હા’ માં ‘હા’ ભણી પોતાની ગાદી ટકાવવાની ચિંતામાં ગુજરાતના હિતની રક્ષા કરી શક્યા નહિ. ગુજરાતને થતા અન્યાયની દિલ્હીમાં રજુઆત કરી ન્યાય મેળવવાનું નહોતું કોઈ ગુજરાતી નેતાનું ગજુ કે નહોતી એમની હિંમત કે નહોતી એમનામાં એવી દીર્ઘદૃષ્ટિ.

આજે ગુજરાતીઓને રોજી અને રોટી માટે ફાંફાં પડે છે. અહીં કોઈ મોટા ઉદ્યોગો વિકસ્યા નથી. ગુજરાતનું માન્ચેસ્ટર ગણાતું અમદાવાદ જે દેશના ટેક્ષસ્ટાઈલ ઉદ્યોગમાં અગ્રેસર હતું ત્યાંની લગભગ સીત્તેર મીલો બંધ થઈ ગઈ અને હજારો કામદારો બેકાર બની ગયા છે. આઈ.પી.સી.એલ. જેવા કોઈ મોટા સંકુલો ગુજરાતમાં એની ખનીજ ઉપલબ્ધિને કારણે નાખવા પડ્યા, પણ એમાં વર્ચસ્વ તો પર પ્રાંતીઓનું રહ્યું છે! કેમ એમ? શું ગુજરાતી પાસે સારા ગુજરાતી વહીવટદારોની અછત છે? શું ખમતીધર નેતાગીરી નથી ગુજરાત પાસે?



ગુજરાતને જરૂર ગર્વ છે એના મહાન સપૂતો મોહનદાસ ગાંધી કે સરદાર પટેલ જેવા રાજપુરુષો પર ગુજરાતની અસ્મિતાની ભાવનાના દર્શક કનૈયાલાલ મુનશી કે ‘ગરવી ગુજરાત’ના ગાયક નર્મદ, કે વિશ્વમાં સ્થાન પામી શકે એવી નવલકથા ‘સરસ્વતીચંદ્ર’ ના સર્જક, ગોવર્ધનરામ ત્રિપાઠી કે ‘ગુજરાત મોરી મોરી’ ના ગાયક કવિ ઉમાશંકર કે અરવિંદસાધક કવિ શ્રી સુંદરમ્ જેવા સપૂતોએ ગુજરાતને જરૂર ગૌરવાન્વિત કર્યું છે, પણ કોઈ દૃષ્ટિસંપન્ન, નિઃસ્વાર્થ અને નીડર ગુજરાતી રાજપુરુષની ખામીને કારણે ‘છતે દીકરે બ્રાહ્મણના સમ ખાવા પડે’ એવા ઘાટ આજ સુધી થયા છે.

**નોંધ** : જો કે આ લેખ લખાયા—છપાયા પછી પરિસ્થિતિમાં જરૂર ફેર પડ્યો છે ને ગુજરાતના સદ્‌નસીબે ઈતિહાસે કરવટ બદલી છે. પણ આ લેખ તો આઠેક વર્ષ પૂર્વેનું ચિત્ર રજુ કરે છે.

**બંદરો** : ગુજરાતની પ્રાકૃતિક અને કુદરતી સમૃદ્ધિ પાર વિનાની છે. લગભગ ૧૬૦૦ કીલો મીટર જેવો લાંબો એનો દરિયા કિનારો છે. પણ સારા બંદરોનો અભાવ ગુજરાતને સાલે છે. મત્સ્ય ઉદ્યોગ, નમક ઉદ્યોગ ખીલવી કે અન્ય રસાયણોની પ્રાપ્તિ દ્વારા દરિયાનો લાભકારક ઉપયોગ આપણે કરી શક્યા નથી. નારિયેળી જેવાં વૃક્ષો દ્વારા પણ લોકોને રોજી મળે એવા નાના ઉદ્યોગ થઈ શકે.

**જંગલ** : બેદરકારીને કારણે આપણા જંગલો ઘટી રહ્યાં છે ને રણ પ્રદેશ વધી રહ્યાં છે. વૃક્ષો વાવીને વરસાદની વૃદ્ધિ થઈ શકે, રણ વધતાં અટકી શકે અને કિંમતી લાકડાનું ઉત્પાદન પણ કરી શકાય, પણ વૃક્ષારોપણના ફોટા પડાવવામાં જ આપણા નેતાઓ ધન્યતા અનુભવે છે!

પંજાબ, હરિયાણા, દિલ્હી વગેરે કરતાં ગુજરાતની માથાદીઠ આવક ઓછી છે. ખંભાત અને અંકલેશ્વરમાં ખનીજ તેલ નીકળ્યું છે. સદ્‌ભાગ્યે વડોદરામાં રીફાઈનરી નંખાઈ અને પેટ્રોકેમીકલ્સ અને રાસાયણિક ખાતરનાં

કારખાનાં થયાં. ખંભાતના દરિયામાં સારકામ થયું, તેમાંથી જે ખનીજ તેલ અને ગેસ મળ્યાં એનું નામ રાખ્યું 'બોમ્બે હાઈ' ! તેલ ક્ષેત્રો ન હોવા છતાં પેટ્રોકેમીકલ અને રાસાયણિક ખાતરોનાં કારખાનાં મુંબઈમાં વધુ છે ! ખનીજતેલની રોયલ્ટીમાં પણ ગુજરાતને ભારોભાર અન્યાય છે. ખનીજતેલ ઉપર તરતું ગુજરાત કેન્દ્રને કે અન્યરાજયો ને તારે છે, પોતાને નહિ. પેટ્રોલિયમ ટેકનોલોજીના અભ્યાસ માટે ગુજરાતમાં સારા અભ્યાસક્રમ શરૂ કરવા ઘટે. વડોદરામાં ડીપ્લોમાં ઈન પેટ્રોકેમીકલ ટેકનોલોજી કોર્સ શરૂ કર્યો છે, પણ તે પૂરતું નથી. ડ્રીલીંગ ટેકનોલોજીની આપણા યુવાનોને તાલીમ આપી હોત તો એમની બેકારી દૂર કરી શકાત.

ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમીશન (ONGC) : આપણે જોઈશું તો મોટા હોદ્દાઓ ઉપર પર પ્રાંતીઓ જ વિરાજ્યા છે. એમ વિચારીએ એ પ્રાંતવાદ નથી, પણ આપણને થતો અન્યાય અને બીજા તરફ રખાતો પક્ષપાત સમજવાની વાત છે. અને કોઈ પણ વાદથી દૂર રહેવાની ફરજ એકલા ગુજરાતીઓની જ છે શું? ઘરના છોકરાને ઘંટી ચાટતા રાખી અન્યને આંટો વહેંચીએ એ તો મૂર્ખાઈની પરાકાષ્ઠા જ કહેવાય ને?

**ઉદ્યોગ** : એક સમય એવો હતો કે જ્યારે ગુજરાતી પોતે વિમા કંપનીઓ, બેંકો, કાપડ ઉદ્યોગ, કોલસાની ખાણો, જર, ઝવેરાત વગેરેમાં તથા આયાત નિકાસમાં વર્ચસ્વ ભોગવતો હતો. 'ધરતીને ખૂણે ખૂણે ગુજરાતી જન વ્યાપાર કરે' એમ કવિઓ ગાય છે, પણ સરકારે ઘણા ઉદ્યોગોનું રાષ્ટ્રિયકરણ કરી નાખ્યું ને અનેક લોકો ધંધા રોજગાર વિનાના, બેકાર થઈ ગયા! જૂની કહેવત સાચી ઠરી કે 'જેની સરકાર વેપારી એની પ્રજા ભિખારી'. ભારતના માન્ચેસ્ટર (અમદાવાદ)ની લગભગ ૬૦ મિલો બંધ થઈ ગઈ. ગુજરાતના સંસદ સભ્યોએ આ ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે કશો જ રસ ન લીધો! આથી, રંગ, રસાયણ અને મિલજીન સ્ટોરના ધંધા ભાંગી પડ્યા. ૮૦ થી ૯૦ ટકા મીઠું ગુજરાતમાં પાકે, પણ 'સોલ્ટ કમિશ્નર'ની ઓફિસ



જયપુરમાં હોય! હીરા ઘસવાનો ઉદ્યોગ સુરતમાં, પણ એની ટ્રેઈનીંગ જયપુરમાં લેવી પડે! 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' એવો કવિ કથિત સંતોષ લઈએ. બીજું શું?

જળ સંપત્તિ બાબતમાં તો ગુજરાતને થતો અન્યાય જગ જાહેર છે. ગુજરાતની જીવાદોરી જેવી નર્મદા નહેરનું ખાતમૂહુર્ત પં. જવાહરલાલે ચાલીસ વર્ષ પહેલાં કરેલું, પણ હજી માંડ હમણા એનું ઠેકાણું પડવા આવ્યું છે. નર્મદા યોજનામાં રોડા નાખવામાં તો બહુ ગણતરીપૂર્વક માત્ર રાષ્ટ્રિય નહિ, પણ આંતરરાષ્ટ્રિય પરિબળો ભાગ ભજવી રહ્યા છે! એ ચળવળીયા કયા ખીલાને બળે કુદે છે? હવે નર્મદાનો થોડો લાભ ગુજરાતને મળતો થયો છે. અને સૌરાષ્ટ્રમાં અને ભાવનગર સુધી એ નીર વહેતા થયાં છે એ શુભ સમાચાર છે. પણ સમય પસાર થઈ જવાને કારણે મૂળ અંદાજીત ખર્ચથી કેટલો બધો ખર્ચ આ યોજનામાં વધી ગયો! છતાં ગાઈએ 'નમામિ દેવી નર્મદે'. નહેરો, બંધો કે તળાવો સિવાય જમીનની અંદર જ પાણી સીધું પહોંચાડીને સંગ્રહ કરવાની રીત પરદેશમાં ઉપયોગમાં લેવાય છે. આપણે ત્યાં પણ અકારણ વહી જતા પાણીને આ પ્રમાણે જમીનમાં સંગ્રહી શકાય તો પાણીના વોટર ટેબલો ઘણાં વર્ષો સુધી સચવાઈ રહે. દુનિયામાં હવે પાણીની જ કટોકટી થવાની છે!

**રેલ્વે** : આઝાદી મળી ત્યાં સુધી ગુજરાતમાં રેલ્વેનું માળખું સુદ્રઢ હતું. રેલ્વે, (બોમ્બે, બરોડા એન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા રેલ્વે,) જી.બી.એસ.આર. રેલ્વે (ગાયકવાડ બરોડા સ્ટેટ રેલ્વે), આર.એસ.રેલ્વે (રાજપીપલા સ્ટેટ રેલ્વે) અને આવી બીજી રેલ્વેની જાળગૂંથણીથી લોકસંપર્ક અને સુવિધા સચવાઈ રહ્યાં હતાં. આમાં દેશી રજવાડાઓનો પણ ફાળો હતા. પરંતુ પછી આ માળખાના કાર્યક્ષમ વહીવટ અને વિકાસ માટે ખાસ કશું થયું નહિ. ઉલટું અંકલેશ્વર રાજપીપલા જેવી કેટલીક નેરોગેજ રેલ્વે બંધ થઈ ગઈ! હા, બસ વ્યવહાર ઘણો વધ્યો છે.

**માર્ગ વ્યવહાર** : રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૮ અને જળમાર્ગમાં પણ ધાર્યો વિકાસ થયો નથી. એ માર્ગ વ્યવહારમાં ધ્યાન અપાઇ રહ્યું છે અને ઘણા ડબલ ટ્રેક બની રહ્યા છે એ નવી નેતાગીરીને આભારી છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં બિસ્માર બસો ફાળવાય છે અને ક્રોસીંગ પર દરવાજા કે પહેરેગીર હોતા નથી, જેથી અકસ્માતો વધી ગયા છે. વિકાસ સાથે માનવ જીવનની સલામતી પણ સચવાવી ઘટે.

દેશનું સૌથી વધુ રાસાયણિક ખાતર ગુજરાત ઉત્પન્ન કરે છે. કૃષિ સંશોધન ક્ષેત્રે પણ આપણે ત્યાં સારું કામ થયું છે. છતાં વર્લ્ડ બેંકનાં નાણાંની સહાયથી રાષ્ટ્રીય બીજ પ્રોજેક્ટમાં આપણે વિશેષ લાભ લઇ શક્યા નથી.

**મહાનુભવોની કદર** : ગુજરાત બીજી એક બાબતમાં પણ ગરીબ છે, અને એ બાબત છે પોતાના મહાનુભવોની સાચી રીતે ઓળખવી એમની કદર કરવાની વાત. સ્વામી દયાનંદ સરસ્વતી, રણજીતસિંહ (રણજી ટ્રોફી જેમના નામે ખેલાય છે તે), ઓમકારનાથ ઠાકુર, કનૈયાલાલ મુનસી, મોરારજી દેસાઇ, ડૉ. જીવરાજ મહેતા, વગેરેમાંથી ઘણાંએ તો પોતાની પ્રવૃત્તિઓ ગુજરાત બહારથી જ કરી છે. શું આપણે આપણા બૌદ્ધિકોને પચાવી શકતા નથી?

**શિક્ષણ** : ધો.૮ થી અંગ્રેજી દાખલ કરીને અંગ્રેજીના વર્ચસ્વવાળા રાષ્ટ્રીય પ્રવાહમાંથી આપણે આપણા યુવાનોને જાણે પાછા ખેંચી લીધા! ગુજરાત પર મોગલો, મરાઠા, બ્રિટિશરો વગેરેએ વર્ષો સુધી રાજ્ય કર્યું. હવે અંગ્રેજી ભાષાના નિષ્ણાત ન હોવાને કારણે જાહેર ક્ષેત્રોની નોકરીઓમાં પર પ્રાંતના યુવાનોએ ગુજરાત પર આક્રમણ કર્યું અને ગુજરાતી યુવાનો પાછા પડ્યા. ચાવી રૂપ નોકરીઓમાં મોટા સ્થાનો પર બીન ગુજરાતીઓ ગોઠવાઇ ગયા ! તો ય ગુણવંતા ગુજરાતીઓ ચૂપ રહી સહન કરે છે!



**આપણાં બંદરો** : આપણી કુદરતી સમૃદ્ધિનો પુરતો ઉપયોગ પણ ગુજરાત કરી શક્યું નથી. ગુજરાતના બંદરો છિછરાં છે, પણ એમાંથી માર્ગ કાઢી મોટાં બંદરો વિકસાવી શકાય. બંદરોના વિકાસ માટે 'ગુજરાત મેરી ટાઇમ બોર્ડ'ની સ્થાપના થઇ છે. પિપાવાવ, બેડી, દહેજ, દીવ વગેરે બંદરોને મોટાં બંદરો તરીકે વિકસાવી શકાય.

**પ્રવાસધામો** : આપણાં પ્રવાસનાં સ્થળોનો વિકાસ થવો પણ જરૂરી છે. અંબાજી, બહુચરાજી, ડાકોર, સોમનાથ, દ્વારકા, ગઢડા, પાવાગઢ જેવાં સ્થળોએ પ્રવાસીઓ માટે રહેવાની સારી સગવડ કરવી જરૂરી છે. લોકોને હવાફેર, સ્થળ ફેર, વાતાવરણ ફેર થાય અને સરકારને આવક થાય.

**વીજ ઉત્પાદન** : વીજ ઉત્પાદન અને વપરાશમાં પણ કરકસરને ઘણો અવકાશ છે. આપણને મળેલા કુદરતી ગેસનો વધારેમાં વધારે ઉપયોગ થાય અને એનો બળતણ કરીકે વધુ વપરાશ થાય એ માટે સરકારે પ્રયાસ કરવા ઘટે. નેચરલ ગેસથી વાહનો ચલાવી પેટ્રોલ બચાવી શકાય અને મુસાફરી સસ્તી કરી શકાય. સુરતનો સિલ્ક ઉદ્યોગ પણ ઘણો વિકસ્યો, પણ હવે એ ઉદ્યોગ પણ જોખમમાં છે. હીરાઘસુઓ બેકાર ન થઇ જાય તે સરકારે જોવું રહ્યું.

**પ્રકાશન ક્ષેત્રે** : છેલ્લે આપણા સાહિત્યકારોની વાત કરીએ. પ્રકાશકો પોતે મલાઇ ખાઇ લોકોને છાસ આપે છે અને એ રીતે સર્જકોનું શોષણ કરે છે. પ્રકાશકોની દયા પર નભતા હોય એમ લેખકો લાચાર છે. સારી કલમોને પોતાનું સ્થાન બનાવવું આ ક્ષેત્રમાં પણ સરળ નથી. સ્થાપિત હિતો બધે જ કામ કરે છે! ચંદ્રકો અને એવોર્ડો કે ઇનામોની વહેંચણીમાં સાહિત્યક્ષેત્ર પણ પક્ષપાતથી બાકાત રહ્યું નથી!

ગુજરાતના વિકાસ અને એના સાધક બાધક પરિબળો વિષે એક નાના લેખમાં કેટલું લખી શકાય? છતાં ગુજરાત વિષેનાં વિશેષાંકોના ખાસ લેખો અને જુદી જુદી દિશાઓએથી એને જુદા જુદા એંગલોથી જોવાની તક પુરી પાડે છે અને એ રીતે આવા અંકો ખૂબ ઉપયોગી પુરવાર થાય છે.

અંતમાં, આપણું ગુજરાત ખરેખર 'આગવું ગુજરાત' બને અને દેશની વિકાસયાત્રાના પુણ્યધામ સમા ગુજરાતમાં સુપ્રભાત ઉગે ને સૌ સંપે, સ્નેહ, સુખ, સમૃદ્ધિભર્યાં ગુજરાતની યશોગાથા સુવર્ણ અક્ષરોમાં લખીએ એ દિવસો હવે બહુ દૂર ન હોવા જોઈએ. આપણી સીમાઓની પણ રક્ષા કરવી જોઈએ. વિદેશી (ખાસ કરીને પાકિસ્તાની) ઘૂસણખોરો અહીં ધામા નાખી કોમી તનાવ ઊભો કરી ગુજરાતને બરબાદ અને બદનામ કરે છે. આર.ડી.એક્સ. જેવાં દ્રવ્યો અહીં ઘુસાડી યુવાનોને અવળે રવાડે ચઢાવી દેશદ્રોહી અને સમાજદ્રોહી પ્રવૃત્તિઓ કરાવતા વિદેશીઓને સૌએ સાથે મળી, એક સંપ થઈ, સાચી રાષ્ટ્રભાવનાથી ઉઘાડા પાડી, ગુજરાત માટે સાચાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનાં દ્વાર ખોલી ગુજરાતનો જય જયકાર વિશ્વમાં ગજાવવો જોઈએ. આ અશક્ય નથી અને શુદ્ધ બુદ્ધિથી કામ કરીએ તો દિલ્હી પણ દૂર નથી.

**નોંધ** : આ લેખને એ લખાયેલા સમયના સંદર્ભમાં જોવો ઘટે.

## ૬૧ : જરા વિચારીએ

સવારના પહોરમાં વર્તમાનપત્ર ખોલીએ છીએ ત્યારે અનેક જગાએ ઠેર ઠેર પથ્થરો, છરાબાજી, આગચંપી, લાઠીમાર, ટીયર ગેસ અને ગોળીબાર થયાના ભરપુર સમાચાર વાંચવા પડે છે તથા અનેક ગોઝારાં કૃત્યોની તસ્વીરો વર્તમાનપત્રોને પાને દેખાય છે. આવું બધું વાંચીને ને જોઈને હૃદયને ઠેસ લાગે છે. શા માટે આ બધું? કોને હાથે આવાં કૃત્યો? ક્યારેક કોઈ રાજકીય મડાગાંઠ હોય તો ચર્ચાઓ દ્વારા ઉકેલી શકાય. કાયદાકીય આંટી હોય તો વિધાનસભા દ્વારા એ પણ દૂર કરી શકાય, અન્યાય થયો હોય તો ન્યાયાલયો છે અને છતાં ય ઉકેલ ન આવે તો ન્યાય માટે ગમે તેની સામે-સરકાર સામેય-લડવાનો દિવ્ય માર્ગ પૂજ્ય બાપુજી બતાવી ગયા છે. સત્યને સાથે રાખી શાંત અહિંસક સત્યાગ્રહ દ્વારા એમણે બ્રિટિશ સલ્તનતના પાયા આ દેશમાંથી ઉખાડી નાખ્યા! જ્યારે એમના વારસો એવા આપણે આજે ક્ષુલ્લક પ્રશ્નો પર ઉલ્કાપાત મચાવીએ છીએ!

નિર્દોષ માનવીના જીવનદીપ અકાળે અકારણ ક્રૂર રીતે ઓલવી નાખતાં આપણને કશો ખચકાટ થતો નથી! જો કે આ માટે દોષિત બહુ ઓછા હોય છે. પણ લાંછન અકારણ આપણને સૌને લાગે છે.

આપણે શું સામાન્ય માનવીનાં સંતાન છીએ? નિર્દોષ અને નિર્બળની રક્ષા માટે સુદર્શન ચક્ર ધારણ કરનાર શ્રીકૃષ્ણના આપણે વારસ છીએ. પરાઈ પીર જાણનાર ભક્ત નરસિંહ આપણા પૂર્વજ છે, દેશની આઝાદી માટે જીવનભર ઝઝૂમનાર અને પ્રખર બુદ્ધિ પ્રતિભાથી છસો રજવાડા દૂર કરી એક અને અખંડ આઝાદ ભારતના શિલ્પી એવા ચાણક્ય બુદ્ધિ સરદાર

વલ્લભભાઈનાં આપણે ઉત્તરાધિકારી છીએ, રવિશંકર મહારાજ અને ઠક્કર બાપા જેવા ભેખધારી સેવકો વચ્ચે આપણે જીવ્યા છીએ અને સત્ય અહિંસાના મહામંત્ર દ્વારા અન્યાયને પડકારનાર, દીન દલિતોના ઉદ્ધારક, અંગ્રેજ સલ્તનત સામે લડવાં છતાં અંગ્રેજો પર પ્રેમ રાખનાર, કોમી એકતા માટે શહીદી વહોરનાર મહામાનવ ગાંધીજીને હાથે આપણું લાલન પાલન, ઘડતર અને ચણતર થયું છે. પછી આપણે સામાન્ય કેવી રીતે હોઇ શકીએ? આપણે કશું પણ અમાનવીય કઇ રીતે કરી શકીએ? થોડુંક મોટું મન રાખીએ તો ઘણું બધું હલ થઇ જાય.

જરા વિચારીએ. દુઃખદ ભૂતકાળ ભૂલી જઇએ, ક્ષણિક આવેશને વશ ન થઇએ. પ્રેમથી એક બીજા સાથે હળીમળી, ભ્રાતૃભાવથી સૌને ગળે લગાવીએ અને ખંત ઉત્સાહથી કામ કરી નૂતન ગુજરાતનું નિર્માણ કરીએ જે ભારતના નકશામાં ગુર્જર ભૂમિને વિશિષ્ઠ માન અપાવે.

નાત, જાત, ધર્મ, કોમ એ બધું તો કૃત્રિમ છે. કુદરતી એટલું જ છે કે આપણે સૌ માનવ છીએ. નર્મદના શબ્દોમાં આપણી ભાવના વ્યક્ત કરી સૌ સાથે ગાઇએ :

ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી, પ્રેમ શૌર્ય અંક્તિ,
તું ભણવ ભણવ નિજ સંતતી, સૌને પ્રેમ ભક્તિની રીત,
ઊંચી તુજ સુંદર જાત, જય જય ગરવી ગુજરાત!

## ૬૨ : નારીની વાણી

ઇતિહાસ પર નજર નાખતાં કેટલાંક નારી રત્નો નજર સમક્ષ આવે છે. એ નારીરત્નો પોતાની સ્ત્રી જાતિને એના હિત માટે વગર બોલે જે કહે છે તે એમના જ શબ્દોમાં સાંભળીએ :

**કૌશલ્યા** : પતિના સમગ્ર પરિવાર માટે સમાન પ્રેમ અને વાત્સલ્ય ભરી નજર રાખી સ્વસ્થ ચિત્તે સંસાર નિભાવજો. સુખી થશો ને યશ મળશે.

**સીતા** : પતિ એ જ પરમેશ્વર. સુખ કરતાં ય દુઃખમાં એને તમારા સહવાસની વધુ જરુર છે. પતિ વિનાનો મહેલ પણ જેલ જેવો. પતિનું સાનિધ્ય હોય તો જંગલમાં ય મંગલ થઇ રહે. પતિભક્તિ સાચી હશે તો પતિ તમને કદી નહિ ભૂલે, તમારા માટે એ રાવણ જેવા મહારથી સામે ય લડશે. વળી તમારાં સંતાનોને સારું ને સાચું શિક્ષણ આપજો. સાચી પત્ની બનજો, સાચી માતા બનજો. સ્ત્રીત્વ એથી જ શોભશે.

**ઊર્મિલા** : પતિના કર્તવ્યપથમાં કદી વિઘ્નરૂપ ન બનશો. વિરહનું દુઃખ વેઠીને ય તમારા પતિને એની ફરજ બજાવવામાં સહકાર આપજો. ત્યાગથી જ મહત્તા મળે છે. વળી જે કર્યું હોય એને માટે કીર્તીની લાલસા ન રાખશો.

**કુંતા** : કૌમાર્ય અવસ્થામાં કદી તમારા માતૃત્વને જાગૃત ન થવા દેશો. નહિં તો કર્ણ જેવો વીર નર પણ જીવનભર 'દાસીપુત્ર'ના મહેણાં ખાઇ અપમાનિત થશે. કૌમાર્ય શોભે છે શીલથી. શીલ જ સ્ત્રીનો સાચો શણગાર છે.

**કૈકેયી** : ઘરના નોકરો તમારા કુટુંબીજનોની વિરૂદ્ધ કાન ભંભેરે ત્યારે એને જરા ય પ્રોત્સાહન આપ્યા વિના બોલતાં જ બંધ કરી દેશો. નહિ તો દિવાળી હોળીમાં પલટાઇ જશે.

**મંદોદરી** : પતિ ભક્તિનો અર્થ એની આંધળી ખુશામત નહિ જ. ગમે તેવો શક્તિશાળી પતિ હોય અને તમને ગમે એટલું સુખ એણે આપ્યું હોય પણ એ ખોટું કરે ત્યારે એને એની ભૂલ સમજાવજો. પત્નીએ પતિના મિથ્યાભિમાનને કદી પોષવું ન જોઇએ.

**દમયંતિ** : ગમે તેવા સારા પતિના મનમાં ય ક્યારેક કળિ પ્રવેશી શકે છે. ત્યારે કદાચ એટલો વખત એ તમારો તિરસ્કાર પણ કરે! પણ એમાં એનો વાંક નથી એ જાણી પતિને ચાહતા રહેશો તો ફરી સંસાર સુખી ને સ્નેહભીનો બનશે.

**તારામતી** : પતિ કસોટીએ ચઢ્યો હોય ત્યારે બધુંય સહીને એને સાથ દેજો. પોતાનો પતિ વચનનિષ્ઠ અને ટેકીલો હોય તેનો ગર્વ રાખજો. વિપત પડે તો ય પતિનો વટ ન જાય તે જોજો.

**દ્રૌપદી** : 'પત્ની પતિનું જુગાર રમવાનું ઘરેણું નથી' એમ ભરસભામાં જણાવી દેજો. સાચી પતિભક્તિ અને દ્રઢ પ્રભુશ્રદ્ધા હશે તો દુઃશાસનો તમારા ચીર નહિં જ ખેંચી શકે. સાચી આર્ય નારીની લાજ કોઇ લૂંટી શકતું નથી.

**જીજાબાઇ** : તમારાં સંતાનોને ઘોડિયામાંથી જ ઘડજો. એને પ્રેમ, શૌર્ય અને સ્વાતંત્ર્યનાં હાલરડાં ગાજો. યાદ રાખજો : 'જે કર ઝૂલાવે પારણું, તે જગત પર શાસન કરે.'

**ઝાંસીની રાણી** : રણમેદાન કાંઇ એકલા પરુષો માટે જ નથી. પતિનું રાજ સાચવવા માટે, સ્વદેશની રક્ષા માટે, સ્વાતંત્ર્યની જ્યોત જલતી રાખવા માટે અંગના પણ વીરાંગના બની શકે છે. કંકણ મઢ્યા હાથ જો ખાંડાના ખેલ ખેલે તો ભલભલા મહારથીઓને ય મહાત કરી નાખે. રસોડાની રાણી જરૂર પડે ત્યારે સમરાંગણમાં દુશ્મનોના દાંત ખાટા કરી શકે છે. સ્વદેશના સ્વાતંત્ર્ય ખાતર આર્યનારી બધાં જ સુખ ત્યજી શકે છે.

## ૬૩ : દુ:ખમાં ન હિંમત હારવી

પાનખર ઋતુમાં બધું કેવું ઉજ્જડ લાગે છે. વૃક્ષો જાણે શોકમાં ગરકાવ હોય તેમ પાન ખેરવી નાખી જીવવા ખાતર ઊભાં રહે છે. ફળ ફૂલ તો ક્યાંય દેખાય જ શેનાં? વગડો વેરાન લાગે છે. પંખીઓ ય ક્યાંય ખુણામાં લપાઇ જાય છે. ઉદાસીન કુદરત જાણે ભગવાનના અસ્તિત્વ માટે જ આપણને સાશંક બનાવે છે! પાનખરનો પ્રભાવ કેવો પ્રબળ છે!

પણ પાનખરના આ પ્રભાવને પ્રથમ પડકારે છે બારે માસ વેરાન રહેતો પલાશ. કેસરી ફૂલોની કલગીઓ ધારણ કરી એ વસંતનાં વધામણાં આપે છે. પછી કોયલનો 'કુઉ રવ વસંતના આગમનની છડી પોકારે છે અને પેલા વેરાન વૃક્ષોને કુપળો ફૂટે છે, ધીરે ધીરે એ એવું તો નવપલ્લવિત થઇ જાય છે, જાણે સાસરે સોઢતી નવવધુ! ઉજ્જડ બાગ ફૂલોથી રળિયામણો બની જાય છે. આંબાના મોરની સોડમ વાતાવરણને સુગંધિત કરે છે. થોડા દિવસ પહેલાં ખાવા ધાતી કુદરત હવે હર્ષોલ્લાસે ઘુમવા જેવી લાગે છે.

અને પછી યૌવન હેલે ચઢે છે. હોળી ધુળેટીનાં રંગછાંટણાં અંતરને ભીજવે છે. રંગે રંગાયેલી શર્મીલી નવોઢા નયનોમાં વસી જાય છે. જાણે પાનખર આવી જ નથી એમ મનુષ્ય અને કુદરત હેલે ચઢે છે!

પાનખર પછી વસંત આવે જ. કુદરતનો એ ક્રમ છે. When autumn comes, spring is not far Behind, એમ કવિએ કહ્યું જ છે. દુઃખ પછી સુખ આવે જ. અથવા બીજી રીતે એમ કહેવાય કે દરેક દુઃખ સુખના આગમનનો સંદેશો લઇને જ આવે છે. દરેક કાળા વાદળની આસપાસ સોનેરી કિનાર હોય જ છે. જરૂર છે ધીરજની, વિશ્વાસની, જીવનની

વિટંબણાઓથી ત્રાસી આપઘાતને પંથે વળેલા માનવીને તણખલાનો આધાર મળતાં ઉગરી જાય છે અને કદાચ પછી એ મહાન વિભૂતિ બને છે એવા દાખલા ઈતિહાસમાં ઓછા નથી.પૂ. મોટા ક્યારેક જીવનથી આવા જ ત્રાસેલા માનવી હતા જે ગયા હતા મૃત્યુને ભેટવા પણ પાછા આવ્યા નવજીવન લઈને. અને પછી તો એ સેંકડોના પ્રેરણાદાતા બની ગયા, એ સમાજ સેવાના જ્યોતિર્ધર સાબિત થયા.

માટે જ કહ્યું છે :

सुखमापतितं सेव्यं, दुःखमापतितं तथा । चक्रवत् परिवर्तन्ते, दुःखानि च सुखानि च ॥ અને નરસિંહ મહેતાએ તો એથી ય આગળ જઈને કહ્યું :

'સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી, સુખ દુઃખ સદા ટકતાં નથી, એ નીતિ ઉતારવી.'

## ૬૪ : નહિ માફ નીચું નિશાન

આપણા બધા મનોરથ પુર્ણ થતા નથી. મનની બધી મુરાદો બર આવતી નથી. ઘણીવાર તો એવું ય બને છે કે ધારીએ કે ઈચ્છીએ એક અને થાય બીજું. અંગ્રેજીમાં એ મતલબની કહેવત છે કે જો ઈચ્છાઓ ઘોડા હોત તો ભિખારીઓ એના પર ક્યારના સવાર થઈ ગયા હોત. જો ધાર્યું બધું જ થતું હોત તો કોઈ માણસ ગરીબ ન રહેત, કોઈ કુટુંબ ઘર વિહોણું ન રહેત, કોઈ વ્યક્તિ દુઃખી ન રહેત. અરે, આપણું ધાર્યું થતું હોત તો કોઈ માણસ પોતાના વિરોધીને જીવવા પણ ન દેત. સાચું છે કે ધાર્યું ધરણીધરનું થાય છે. અને એ સારું પણ છે, બાકી જો માણસનું ધાર્યું થતું હોત તો દુનિયામાં ઘણી બધી અવ્યવસ્થા અને અંધાધૂધી ફેલાત. જેના રાજ્યાભિષેકની તડામાર તૈયારીઓ ચાલતી હતી એ રામને પોતાને ય ખબર ન હતી કે રાજગાદીને બદલે એ જ સમયે વિકટ વનની વાટ પકડવી પડશે. 'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે!' તો પછી સામાન્ય મનુષ્યની તો વાત જ ક્યાં? છતાં, એકવીસમી સદીના ઉપાસકો આજના યાંત્રિક યુગમાં ય તાંત્રિકોનો સહારો લે છે એ બધી આશ્ચર્યકારક આડંબરી વાત! બાકી, બધા મનોરથ સિદ્ધ થતા હોત તો રાજા રામના પિતા બની નિશ્ચિંતપણ જીવવાને બદલે દશરથ રાજા પુત્ર વિયોગથી મરત કે? વિધિની વિડંબનાની ચોટ કેવી હોય એ જાણવું હોય તો રામ-કાળના અયોધ્યાવાસીઓને મળવું પડે. માણસની મશ્કરી કરવાની, એનો ઉપહાસ કરવાની ટેવ છે આ વિધિને. 'સોચા થા ક્યા, ક્યા હો ગયા?' જેવાં કરુણ ગીતો સાંભળવાં ગમે છે એને. 'પાસા ફેંકે જનો સર્વે, દા દેવો હરિ હાથ છે.' આપણે તો પાસા ફેંકવાના, દાણા કેટલા ને કેવા પડશે તે उपरवाला जाने!

છતાં એનો અર્થ એવો પણ નહિ કે આપણે કશી જ ઈચ્છા ન કરવી કશા મનોરથ જ નહિ સેવવા. उद्यमेन ही सिध्यन्ति कार्याणि, न मनोरथैः। (ઉદ્યમથી જ કાર્ય સિદ્ધ થાય છે, મનોરથથી નહિ)એ વાત સાચી, પણ સાથે સાથે એ પણ સાચું કે 'બીજ જો અંતરમાં હશે તો પાંગરી કદી પુષ્પ થાશે.' વાવ્યું હશે તો ક્યારેક લણવાનો વખત આવશે કદાચ. માટે ઉચ્ચ ધ્યેય નજર સમક્ષ રાખવું, ઊંચી અભિલાષાઓ સેવવી. કવિ બળવંતરાય ઠાકોરે તો કહ્યું છે :

'નિશાન ચૂક માફ
નહિ માફ નીચું નિશાન'

નિષ્ફળતાઓ મળવા છતાં ઊંચાં નિશાન તાકી પ્રયત્ન કરતા રહીએ તો ક્યારેક સફળતા મળે ય ખરી.

સિદ્ધિ તેને જઈ વરે
જે પરસેવે નહાય.

સિદ્ધિ માટે આપણે ખંતપૂર્વક પરિશ્રમ કરતા રહીએ એજ આપણું કર્તવ્ય.

## ૯૫ : મારો વૈભવ

વૈશાખ માસ હતો. સૂર્ય એના સંપૂર્ણ વૈભવ સાથે વિહાર કરતો હતો. ધરતી પર આગ વરસે છે એવું માનતા મહાનુભાવો એમની એરકન્ડિશન્ડ ઓરડીઓમાં પૂરાઈ રહ્યા હતા. ત્યારે હું પડ્યો હતો આમ્રકુંજોમાં. શી શીતળતા ! અંગે અંગને શાતા આપતી આમ્રવૃક્ષોની હારમાળામાં હું એકલો આળટતો હતો.મંજરીની મીઠી સુગંધ હતી. કોયલનું મધુર સંગીત હતું. વસંત એના પૂર્ણ વૈભવ સાથે મારું મન રિઝવતી હતી ! મેં આંખ મીંચી. હું ઊંઘી ગયો.

જાગીને જોયું તો આકાશમાં મેઘાડંબર છાયો હતો. મેઘરાજાની સવારીના ડંકા-નિશાન વાગતાં હતાં. વાદળ ગર્જતાં હતાં. ફ્લેશ લાઈટથી ફોટા ય પડતા હતા ! એટલે જ તો થોડી થોડી વારે વીજ ચમકારા થતા હશે ને? પણ ત્યાં તો અમૃત વરસવા લાગ્યું. આકાશ અવનિને ભેટી રહ્યું. વર્ષાનાં વધામણાંનાં એ પ્રસંગે ધરતીએ મીઠી સોડમ પ્રસરાવી. હું ઘેલો બન્યો. ઊઠ્યો, સરવર પારે દોડ્યો, નદી-નાળે ય જોઈ આવ્યો. બધું જ બે કાંઠે. હંસ તરે છે, મોર ટહૂકે છે. આંખ મીંચીં આનંદમાં લીન થયો. કેટલી વાર, કોણ જાણે? આંખ ઉઘાડી ત્યારે સામે આકાશમાં સપ્તરંગી સાથિયો વર્તુલાકારમાં રચાયો હતો. હું દોડ્યો હરિયાળાં ખેતરોમાં-મા ધરતીના લીલુડા સાડુમાં લપાઈ જવા, વર્ષાના વૈભવને અંતરમાં ઉતારી લેવા !

કેવી મીઠી એ ગોદ હતી ! તલ્લીન થઈ હું પડ્યો હતો. કોઈકના શીતલ સ્પર્શે જાગ્યો. આંખ ઊંચી કરી તો શરદનો ચંદ્ર સોળે કળાએ ખીલ્યો જોયો. સ્વર્ગમાં ફૂલવાડી ખીલી હતી, અને ધરતી પર મોતી પાકતાં હતા. આનંદ

ઘેલો હું નાચવા લાગ્યો. કેટલીવાર એ તો કોને ખબર? પણ પગ થંભ્યા ત્યારે ઘઉંથી લચેલાં ખેતરો ઝૂમતાં હતાં, કપાસનાં ખેતરોમાં હસતી ધરતી માતાની શ્વેત દંતાવલિ દેખાતી હતી. શિશિરની શીતળતા અંગને આલ્હાદક લાગતી હતી. ધરતીએ નવો વૈભવ ધારણ કર્યો હતો !

ઋતુએ ઋતુએ, પર્વે પર્વે, અરે, પ્રત્યેક પળે નવો વૈભવ ધરતી આ ધરતી માતાનો ખોળો ખૂંદવાનું મૂકી મારે આપના આલીશાન બંગલાઓની તોતીંગ દીવાલોમાં પુરાવા નથી આવવું; સરવાણીઓમાં સંગીતની સુરાવલિ રેલાવતી સરિતાના કિનારાની સંધ્યાનો સ્વર્ગીય આનંદ લૂંટવાનું મૂકી અંધારામાં બેસી પડદા પરનાં પ્રતિબિંબો જોવા નથી આવવું; નિર્દોષ ભોળાં પશુ પક્ષીઓનો સ્નેહભર્યો સંગ છોડી છલ કપટથી છલકાતાં સમાજની સોબતમાં મારે નથી આવવું. આપના ધન માનની મને તમા નથી, મારો વૈભવ વસુંધરાનો ખોળો છે. હું એમાં સુખે સ્વૈરવિહાર કરું છું.

## ૯૬ : 'મોહન' માંથી 'મહાત્મા'

પિતાની છેલ્લી ચોથી પત્નીનું છેલ્લું સંતાન તે મોહન. એની છેલ્લી ત્રણ પેઢીએ રાજ્ય કારભારું કરેલું. અડગ, ટેકીલા ને હિંમતવાન દાદા, સત્ય પ્રિય, શુરા ને ઉદાર છતાં ક્રોધી પિતા; ચૂસ્ત ધાર્મિક વૃત્તિની, સાધ્વી છતાં વ્યવહારકુશળ માતા-ગુણાવગુણનો આ વારસો, છતાં બાળક મોહન કાંઈક મંદબુદ્ધિ અને અતિશય શરમાળ પ્રકૃતિના!

વડીલોના દોષ ન જોવાનો ગુણ એ બાળકમાં હતો. પણ એની 'મૂર્ખાઈ' તો જુઓ : માસ્તરની સૂચના થતાં નિશાળમાં એને બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં કદી ન આવડ્યું ! અને ક્યાંથી આવડે? એ તો થવાનો હતો સત્યનો પ્રયોગક, પૂજારી અને પ્રવર્તક!

બધાને હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી કરવાની એને હોંશ. અને હરિશ્ચંદ્ર, શ્રવણ એના આદર્શ !

તેર વર્ષના બાળ મોહનનાં લગ્ન થયાં. નાની ઉંમરે જ વિષય વાસનામાં એ ખોવાયો. છતાં એક પત્નીવ્રતનો આદર્શ એણે સેવ્યો. અને તે પછી કસોટીના ત્રણ ચાર પ્રસંગો આવ્યા છતાં એ આદર્શ એનાથી સચવાયો. નિષ્ઠા સાચી હોય ત્યાં પ્રભુ મદદ કરે જ ! અરે, ઉત્તરાવસ્થાના આરંભકાળે તો એણે બ્રહ્મચર્યવ્રત લીધું!

કુમિત્રના સંગે કરીને પાંચ છ વાર માંસાહાર પણ એણે કર્યો. પણ માતાને છેતરવાના દુ:ખને કારણે તે છોડ્યો. નાનપણમાં એણે ચોરી પણ કરી. પણ પિતા પાસે સત્ય કબૂલી પ્રાયશ્ચિત કર્યું.

બાળપણથી એ બીકણ. ચોર, ભૂત, સર્પ આદિના ડરથી એ ઘેરાયેલો રહે. અને ત્યારે 'રામ રક્ષાસ્તોત્ર' ના મંત્રો બાળકને બળ આપતાં.

છૂતાછૂતનો નાનપણથી તિરસ્કાર. છતાં માતાનું મન રાખવા બાળક કાંઈક અંશે તે પાળે.

૧૮ વર્ષની ઉંમરે એ વિલાયત ગયો-બેરિસ્ટર થવા. માતા પાસે એણે ત્રણ પ્રતિજ્ઞા લીધી–દારુ નહિ પીવો, માંસ નહિ ખાવું, પરસ્ત્રીગમન નહિ કરવું. અને અનેક મુસિબતો વેઠીને તેણે તે પાળી. અહીં એનાં માતૃભક્તિ અને વચન પ્રેમ પ્રત્યક્ષ થયાં!

વિલાયતમાં તે નારણ હેમચંદ્રના પરિચયમાં આવ્યો.

બેરિસ્ટર થઇ દેશમાં આવ્યા બાદ રાયચંદભાઇને એના મન પર ઊંડી અસર કરી.

પણ નવો બરિસ્ટર વકીલાત ન કરી શક્યો–શરમાળપણાને કારણે.

ત્યાં જ પોરબંદરની એક મેમણ પેઢીનો કેસ લડવા દક્ષિણ આફ્રિકા જવાની તેને તક મળી.

આફ્રિકામાં ‘રંગ દ્વેષ’ના મહારોગનો તેને પરિચય થયો. પહેલા વર્ગની ટિકિટ છતાં ગોરાઓના ધક્કા ખાઇને રેલવે ટ્રેઇનમાંથી નીચે ઉતરવું પડ્યું ! સિગરામ (ઘોડાગાડી)માં તો એથી ય કપરો અનુભવ થયો. માર પણ ખાવો પડ્યો!

ત્યાં ખ્રિસ્તીઓના સંબંધમાં આવ્યા છતાં સ્વધર્મ ન છોડ્યો, વૈષ્ણવની કંઠી ન તોડી, એ તો ‘માતુશ્રીની પ્રસાદી’ હતી ને?

કૂલીપણાનો અનુભવ પણ થયો.

નાતાલની ધારાસભામાં સભ્યો ચૂંટવાનો હિંદીઓનો હક્ક લઇ લેવાનો હતો. તેને માટે લડત કરવા એક માસ આફ્રિકામાં વધુ રોકાવાનું તેણે નક્કી કર્યું. આમ ‘સ્વમાનની લડતનું બીજ રોપાયું.’

ત્યાં ગિરમિટિયાઓના કેસ પણ યુવાન બેરિસ્ટર લડ્યો–

ત્યાં તેણે ધર્મમંથન અનુભવ્યું. ધર્મ નિરીક્ષણ પણ કર્યું. કવિ નર્મદ, મેક્સમુલર, કર્લાઇલ અને ટોલ્સ્ટોય જેવા લેખકોનાં પુસ્તકોના અભ્યાસ વડે એની વિશ્વપ્રેમની ભાવના વિકસી!

ત્રણ વર્ષ પછી એ સ્વદેશ આવવા રવાના થયો. મુસલમાનોના સંસર્ગમાં આવવા એ ઉર્દુ શીખ્યો ને મદ્રાસીઓના પરિચયમાં આવવા તામિલ!



દેશમાં એને માટે કામ તૈયાર જ હતું. મુંબઇમાં ત્યારે મરકી ફાટી નીકળ્યો. યુવાન બેરિસ્ટરે તેમાં પોતાની સેવા આપી. બોઅર યુદ્ધમાં ય તેણે ઘાયલોની શુશ્રુષા કરી.

દેશની ગરીબાઇ જોઇ તેણે સાદગી સ્વીકારી. ભોગી મટી એ ત્યાગી બન્યો. દુ:ખી દેશબંધુઓને જોઇ તે માનવ જાતનો સેવક બન્યો. તેણે મોટાઇ છોડી, ધનનો મોહ છોડ્યો, કુટુંબની ફિકર છોડી, જાહેર જીવનમાં ઝંપલાવી મોહને રેંટચક્ર હસ્ત ધર્યું. સર ફીરોજશા મહેતા, ગોખલે, ટિળક, સુરેન્દ્રનાથ બેનરજી, મદન મોહન માલવિયા વગેરે નેતાઓના સંસર્ગમાં એ આવ્યો.

વળી એ સહકુટુંબ દક્ષિણ આફ્રિકા ગયો. પોતાનાં ગોરા વિરોધી ભાષણોને કારણે ત્યાં ફરી કટુ અનુભવ થયો. ઘેરામાંથી સંતાઇને નાસવું પડ્યું. એણે હુમલાખોરો પર કેસ ન કર્યો. ઉદાર દિલે તેમને માફી આપી!

ફરી એ દેશમાં આવ્યો. થોડો સમય વકીલાત કરી. ત્યાં જ દક્ષિણ આફ્રિકાથી અણધાર્યો તાર આવ્યો : ‘ચેમ્બરલેન આવે છે. તમે જલદી આવો.’- અને બાંધેલો માળો ત્યાગી એ ત્રીજી વાર આફ્રિકા ગયા.

ત્યાં હિંદુઓ માટે કાળો કાયદો ઘડાયો હતો. સ્ત્રી-પુરૂષોનાં આંગળાંની છાપ લેવાની હતી. તે સામે લડતની તૈયારીઓ કરી. અને ઇશ્વરના કસમ ખાઇ સૌએ પ્રતિજ્ઞા કરી. લડત શરૂ થઇ અને પ્રથમવાર ‘સત્યાગ્રહ’ નો ત્યાં જન્મ થયો. શરૂમાં ‘પેસીવ રેઝીસ્ટન્સ’ નામથી ઓળખાતી એ લડતને અંતે ‘સત્યાગ્રહ’નું નામ અપાયું.

પછી દેશમાં આવી તે રાજકારણમાં સંપૂર્ણપણે ડૂબી ગયો.

સત્ય અને અહિંસા એનાં શસ્ત્ર બન્યાં. ‘સત્યાગ્રહ’ દ્વારા એણે અંગ્રેજ સલ્તનત સામે યુદ્ધ આદર્યું. અંગ્રેજી સત્તા સાથે વેર, અને તોય અંગ્રેજો સાથે એને પ્રેમ ! કોંગ્રેસનો એ પ્રાણ બન્યો. એણે અનેક સફળ લડતો કરી. જેલને એણે મહેલ માન્યો.

બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોએ ખમીર બતાવ્યું. એ ચંપારણ પહોંચ્યો, જલીયાનવાલા બાગના હત્યાંકાંડ સામે એણે વિરોધનો વંટોળ જગાવ્યો, ગોળમેજી પરિષદોમાં ભાગ લીધો. ૧૯૩૦ ની દાંડીકૂચમાં એણે મીઠું લુટાવ્યું. એણે 'સવિનય કાનુનભંગ' અને 'અસહકાર'ની લડતો આદરી.

'એની એક હાકે માટીમાંથી માણસો બનવા લાગ્યા, લાખો નવ લોહિયા એના એક હાકલે ખપી જવા થનગની રહ્યા ! દેશમાં એનો શબ્દ એ જ પ્રમાણ મનાયું. લોકોએ એને 'મહાત્મા' કહ્યો, એ કરોડોનો 'બાપુ' બન્યો, વસુધાને એણએ કુટુંબ માન્યું. સત્યને ખાતર, ન્યાયને કાજે એણે એક-બે દિવસના નહિ, એકવીસ દિવસના ઉપવાસ અનેકવાર કર્યા. લોક હૃદયમાં એણે આઝાદી માટેની આગ ફેલાવી, 'અંગ્રેજો ચલે જાઓ' નો નાદ એણે ગાજતો કર્યો ! દેશ-સેવકોની સેના એણે ઊભી કરી. સુભાષ, સરદાર અને જવાહર જેવા અનેક ધીર-વીર અનુયાયીઓ એને મળ્યા.

એણે અંગ્રેજ સલ્તનતના પાયા હચમચાવી નાખ્યા. અંતે ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે-૧૫૦ વર્ષને અંતે એ મહાત્માના તપને કારણે અંગ્રેજોએ ભારત છોડ્યું ! વિશ્વના ઈતિહાસમાં આ બનાવ નાનો સૂનો નહોતો !

સ્વશાસન આવ્યું છતાં એને શાંતિ નહોતી. જ્યાં દુઃખ જુએ ત્યાં એ દોડી જાય. બાળપણના બીકણ છોકરાનું હવે अभयं સૂત્ર હતું. હિંસાની જ્વાલા શમવવા એ કલકત્તા ગયો, નોઆખલી ય ગયો.

આઝાદીની રોશનીથી શહેરો ઝગમગતાં હતાં ત્યારે દુઃખીઓ વચ્ચે ફરી, પરનાં ઝેર પોતે પી, પ્રેમામૃત વહેંચતો એ લોક-હૃદયનાં અંધારાં પોતાના દિવ્ય તેજથી ઉલેચતો હતો! જનતા આઝાદીના રંગ-રાગમાં મસ્ત હતી ત્યારે એ 'યુવાન ડોસો' નોઆખલીનાં જંગલમાં દુઃખીઓ વચ્ચે ઘૂમતો હતો !

દેશ અને દુનિયાને એણે આઝાદીનો માર્ગ બતાવ્યો, સત્ય-અહિંસાનો આદર્શ આપ્યો, શાંતિનો એણે પયગામ આપ્યો.કોમ કોમ વચ્ચે એકતાનો અનુભવ કરાવતાં એણે આત્મસમર્પણ કર્યું. અહિંસાનો આજીવન પૂજારી 'રામ નામ' સાથે હિંસાની વેદી પર ચઢી ગયો-શાંતિથી, નિર્ભયતાથી !



જીવીને એણે ઘણું શીખવ્યું, મરીને એથીય અદકું ! એને જીવતાં આવડ્યું, મરતા ય આવડ્યું એને! માનવ જાતિના ઈતિહાસમાં એનું નામ સુવર્ણાક્ષરે લખાઈ ગયું !

એ ઘૂમ્યો-સામાજિક ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે!

એણે સમાજસેવા કરી, સાહિત્યસેવા કરી, દેશસેવા કરી!

એણે દલિતની સેવા કરી,પીડિતની સેવા કરી, હરિજનોની સેવા કરી!

એ સ્ત્રીઓનો, દુઃખીઓનો, માનવજાતનો સાચો સેવક બન્યો!

નરમાંથી એ નારાયણ બન્યો! વ્યક્તિમાંથી એ વિશ્વમાનવી બન્યો!

વામનમાંથી એ વિરાટ બન્યો!

'મોહન'માંથી એ 'મહાત્મા' બન્યો!

એના ભવ્ય જીવન પર આ તો માત્ર આછેરો દ્રષ્ટિપાત! બાકી એના દીર્ઘ જીવનના પ્રત્યેક દિવસનાં કામ કો મહાપુરુષના - જીવનભરનાં કાર્ય જેટલાં મહત્ત્વનાં છે! પોતાને 'અલ્પાત્મા' ગણતા એ 'મહાત્મા'નું જીવન હિમાલય શું ઉત્તુંગ અને સાગર સરખું વિશાળ છે. એમાંથી એક અંશ માત્ર ગ્રહણ કરતાં માણસનું જીવન ધન્ય બને !

'યુગે યુગે જન્મ લેવાનાં' ગીતાભાખ્યા કૃષ્ણવચન પર શ્રદ્ધા હોય તો મહાત્મા ગાંધીજી સરખી વિભૂતિના જીવન વિના કોઈનુંય જીવન પ્રભુ જન્મની પ્રતીતિ નહિ કરાવી શકે !

જનકલ્યાણની, ભાવનાવાળો એ મહાત્મા સાચેજ—

શાંતિનો ફિરસ્તો હતો !

પ્રભુનો એ પયગંબર હતો !

લાખ લાખ વંદન હો એ વિભૂતિને! ! !